પાનાં : ૨૨+૧૬ કિંમત : રૂા. ૫-૦૦** તા. ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ શનિવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૨ શકે ૧૯૪૮ આસો વદ - ૬ વર્ષ : ૯૪, અંક : ૨૯૬ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1-2-3-4

દુનિયાની સૌથી મોટી ક્રિપ્ટો ચોરી : બાયનાન્સના ૬૩૦ કરોડ ડોલર સાફ વાંચો પાના નં. ૧૭



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બે દિવસીય પ્રવાસનો શુક્રવારથી પ્રારંભ થયો છે. જેમાં તેમના દ્વારા બનાસકાંઠાના ભીલડી ખાતે ૧૪ હજાર કરોડથી વધુના વિવિધ પ્રોજેક્ટસનું લોકાર્પણ-શિલાન્યાસ કરવામાં આવ્યું હતું. રોડ શો બાદ તેઓ ભીલડી ખાતે ભારત બોવાઈન બ્રીડિંગ એન્ડ રિસર્ચ સેન્ટરમાં પહોંચ્યા હતા જ્યાં તેમણે ગાયને વ્હાલ કરીને ઘાસ ખવડાવ્યું હતું. એકતા પરેડમાં ઉપસ્થિતિ આપવા સાંજે તેઓ કેવડિયા પહોંચ્યા હતા જ્યાં તેમણે નર્મદા આરતીમાં પણ ભાગ લીધો હતો. શનિવારે વડાપ્રધાનના હસ્તે એકતાનગર ખાતેથી રૂપિયા ૪૨૬.૭૧ કરોડથી વધુના ૩૧ વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવશે.

બનાસકાંઠા ખાતે ખેડૂતો સાથે 'ખાટલા સભા'માં વડાપ્રધાનનું ઉદ્‌બોધન

જીવનની અંતિમ ક્ષણ સુધી જનતાની સેવામાં સમર્પિત રહીશ : મોદી

અમદાવાદ, શુક્રવાર

દેશની પ્રગતિ અને વિકાસથી કેટલાક તત્ત્વોને મુશ્કેલી થાય છે, દેશ પર સંકટ આવે ત્યારે તેઓ આનંદ અનુભવે છે. પશ્ચિમ એશિયામાં સર્જાયેલી યુદ્ધની પરિસ્થિતિના પડકાર

સામે ભારત એકજૂથ થઈને લડી રહ્યું હતું ત્યારે કેટલાક તત્ત્વો દ્વારા ખેડૂતોમાં ખાતરની-મહિલાઓમાં ગેસની અછત અંગે અફવાઓ ફેલાવીને ભયનું વાતાવરણ ઊભું કરવાનો પ્રયાસ કરાયો હતો.

દેશને અસ્થિર કરીને સરકારને બદનામ કરવાનો તેમનો ઈરાદો હતો. પરંતુ સરકારે સંકટના સમયમાં પણ ખેડૂતોને ખાતર સહિતની કૃષિ જરૂરિયાતની કોઈ અછત પડે નહીં તેની સંપૂર્ણ તકેદારી રાખી છે તેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બનાસકાંઠાના ભીલડી ખાતે તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું છે.

વડાપ્રધાન મોદીએ બે દિવસીય ગુજરાતપ્રવાસના પ્રથમ દિવસે બનાસકાંઠા ખાતે રૂપિયા ૧૪ હજાર કરોડથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સના શિલાન્યાસ, લોકાર્પણ કર્યા હતા. ખેડૂતો સાથેની 'ખાટલા બેઠક' માં તેમણે જાહેરજીવનમાં સરકારના વડા

જેના પૂર્વજોએ ક્યારેય ગામના સરપંચ બનવાનું પણ સપનું જોયું નહોતું, તેને પહેલાં ગુજરાત અને ત્યારબાદ દેશની સેવા કરવાની તક આપી તે માટે હું ગુજરાતનો આજીવન ઋણી રહેવાનો છું

તરીકેની પોતાની ૨૫ વર્ષની સેવાયાત્રા પૂર્ણ કરી હોવાનો ઉલ્લેખ કર્યો હતો અને ઉમેર્યું કે, શરૂઆતમાં સરકારી કચેરીઓ કે સરકારી ફાઈલો અંગે મને કોઈ અનુભવ નહોતો, પરંતુ ગુજરાતની જનતાએ મને જે પ્રેમ, માર્ગદર્શન અને હૂંફ આપ્યા તે મારા માટે અમૂલ્ય છે.

એક ગરીબ પરિવારમાં જન્મેલી એવી વ્યક્તિ, જેના પૂર્વજોએ ક્યારેય ગામના સરપંચ બનવાનું પણ સપનું જોયું નહોતું, તેને પહેલાં ગુજરાત અને ત્યારબાદ દેશની સેવા કરવાની તક આપી તે માટે હું ગુજરાતની જનતાનો આજીવન ઋણી રહીશ. ગુજરાતના દરેક નાગરિકે મને શીખવ્યું છે અને સાચો માર્ગ બતાવ્યો છે. દેશની સેવા અને ગુજરાતના વિકાસ દ્વારા રાષ્ટ્રના વિકાસના બે જ સંકલ્પ સાથે મેં જાહેરજીવનની શરૂઆત કરી હતી. આજે મેં જે કંઈ પ્રાપ્ત કર્યું છે તેનો શ્રેય દેશની જનતાને જાય છે. હું જીવનભર આપ સૌનો ણી રહેવાનો છું અને જીવનની અંતિમ ક્ષણ સુધી આપ સૌની સેવામાં સમ પત રહીશ.'

ખેડૂતોને ભારતના સૌથી મજબૂત આધારસ્તંભ ગણાવતાં તેમણે જણાવ્યું કે, ' અમારી સરકારે હંમેશાં ખેડૂતોના કલ્યાણ અને સશક્તીકરણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે. વર્ષ ૨૦૧૩-૧૪ની સરખામણીએ દેશનું કૃષિ બજેટ પાંચ ગણાથી વધુ વધારવામાં આવ્યું છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ નાના ખેડૂતોના જીવનનો અભિન્ન હિસ્સો બની છે. ગુજરાતના ૫૦ લાખથી વધુ ખેડૂતોના ખાતામાં રૂપિયા ૧,૦૦૦ કરોડથી વધુની રકમ જમા કરવામાં આવી છે. આજે દેશના આશરે ૧૦ કરોડ ખેડૂતોના ખાતામાં રૂપિયા ૧૮ હજાર કરોડથી વધુની રકમ જમા કરવામાં આવી છે.' બનાસકાંઠા અને ઉત્તર ગુજરાતમાં ૨૫ વર્ષ પહેલાં પાણી અને વીજળીની ગંભીર અછત હતી તેની યાદ અપાવતાં વડાપ્રધાને જણાવ્યું હતું કે, તે સમયે પાણી અને વીજળી બચાવવા માટે કરેલી અપીલને લોકોએ સ્વીકારી અને પોતાની મહેનતથી પરિસ્થિતિ બદલી નાખી. આજે તે મુશ્કેલીઓ માત્ર સ્મૃતિ બની રહી છે.' તેમણે ફરી એકવાર લોકોને પાણી અને વીજળી બચાવવાનો સંકલ્પ કરવા અનુરોધ કર્યો હતો.

આઈવીએફ જેવી ટેક્નોલોજીથી પશુપાલકોને લાભ

વડાપ્રધાને વધુમાં જણાવ્યું કે, ' બનાસકાંઠામાં નિ મત નવું સંશોધન કેન્દ્ર ગીર, સાહિવાલ અને કાંકરેજ જેવી દેશી ગાયોની ઓલાદો તેમજ મહેસાણા, મુર્રાહ અને જાફરાબાદી જેવી ભેંસોની ઓલાદોના સંવર્ધન અને ગુણવત્તા સુધારણામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપશે. કાંકરેજ ઓલાદ માટે આ દેશનું પ્રથમ આવું સંશોધન કેન્દ્ર બનશે. ખેડૂતને પોતાની વધુ દૂધ આપતી, ઓછી જાળવણી માગતી અને સ્વસ્થ ગાયનાં ઉત્તમ ગુણો આગામી પેઢી સુધી પહોંચાડવામાં મદદ મળે તે માટે આઈવીએફ જેવી આધુનિક ટેક્નોલોજી ઉપયોગી બની રહી છે. તેનાથી પશુપાલકોને સીધો લાભ મળશે.'

'મોદી કહીં નહીં જાએગા...' થી રોડ શૉ ગૂંજી ઉઠ્યો

ડીસા તાલુકાના ભીલડી ખાતે જનસભા અગાઉ વડાપ્રધાન મોદીનો રોડ શો યોજાયો હતો. આ રોડ શોનો રૂટ 'મોદી કહીં નહીં જાએગા' ના નારા સાથે ગૂંજી ઉઠ્યો હતો.

હવામાનમાં આવતા પરિવર્તનો ખેડૂતો માટે મોટો પડકાર બન્યા

વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, 'હવામાનમાં આવતા પરિવર્તનો ખેડૂતો માટે મોટો પડકાર છે. જેના કારણે સરકાર ખેડૂતોને આબોહવા પરિવર્તન સામે ટકી શકે તેવાં નવીન બિયારણો ઉપલબ્ધ કરાવી રહી છે. છેલ્લા કેટલાંક વર્ષોમાં ખેડૂતોને આશરે ૩ હજાર જેટલી નવી બિયારણની જાતો ઉપલબ્ધ કરાવવામાં આવી છે. '

દેશ પર સંકટ આવે ત્યારે કેટલાક તત્ત્વો આનંદ અનુભવે છે : ગેસ-ખાતરની અછતની અફવા ફેલાવી દેશને અસ્થિર કરવાનો પ્રયાસ કરાયો

વિદ્યાર્થીઓ છેલ્લા બે વર્ષથી મળેલો પ્રવેશ જતો કરી રહ્યા છે

મેડિકલ-ડેન્ટલમાં બેઠકો ખાલી રહેતાં આ વર્ષે પણ ખાસ રાઉન્ડ કરવા મંજૂરી

અમદાવાદ,શુક્રવાર

ધો.૧૨ સાયન્સ પછીના યુજી મેડિકલ અને યુજી ડેન્ટલ કોર્સીસમાં પ્રવેશ માટેની ઓલ ઈન્ડિયા ક્વોટા અને સ્ટેટ ક્વોટાની ઓનલાઈન કેન્દ્રિય પ્રક્રિયામાં નિયત ચાર રાઉન્ડ પુરા થઈ ગયા હતા અને પ્રવેશ મુદત પણ પુરી થઈ ગઈ હતી. પરંતુ ઓલ ઈન્ડિયા ક્વોટામાં ૯૦૦થી વધુ અને ગુજરાત સહિતના વિવિધ રાજ્યોના સ્ટેટ ક્વોટામાં પાંચ હજાર જેટલી બેઠકો ખાલી રહી હતી.જેથી કેન્દ્ર સરકારને પ્રવેશ મુદત વધારવા માટે અને ખાસ રાઉન્ડ કરવા માટે રજૂઆત કરાઈ હતી.જેને પગલે કેન્દ્ર સરકારની પ્રવેશ મુદત વધારાની મંજૂરી બાદ મેડિકલ કાઉન્સેલિંગ કમિટીએ ઓલ ઈન્ડિયા ક્વોટામાં સ્પેશ્યલ-વધારાનો એક રાઉન્ડ જાહેર કરી દીધો છે.જે મેડિકલ માટે સ્પેશ્યલ રાઉન્ડ અને ડેન્ટલ માટે પાંચમો રાઉન્ડ ગણાશે.

સતત બીજા વર્ષે પ્રવેશ મુદત વધારી પાંચમો રાઉન્ડ કરવા કેન્દ્રની મંજૂરી : ઓલ ઈન્ડિયા ક્વોટામાં કાર્યક્રમ જાહેર

એમબીબીએસ અને બીડીએસમાં ગુજરાતની કુલ ૮૮૦૦થી વધુ બેઠકોમાંથી ઓલ ઈન્ડિયા ક્વોટાની બેઠકોને બાદ કરતા બાકીની કુલ ૮૪૫૨ બેઠકોમાંથી ચાર રાઉન્ડના અંતે ૮૮ બેઠકો ખાલી રહી છે.જેમાં એમબીબીએસની ૫૬ અને ડેન્ટલની ૩૨ બેઠકો છે.જ્યારે ઓલ ઈન્ડિયા ક્વોટામાં પણ ચાર રાઉન્ડ બાદ ૯૦૦થી વધુ બેઠકો ખાલી છે. તમામ રાજ્યોની સ્ટેટ ક્વોટાની પણ પાંચ હજાર જેટલી બેઠકો ખાલી રહી હતી. મહત્વનું છે કે છેલ્લા બે વર્ષથી મેડિકલ-ડેન્ટલમાં અભ્યાસનો ક્રેઝ વિદ્યાર્થીઓ-વાલીઓમાં વિવિધ કારણોસર ઘટી રહ્યો છે.જેમાં ખાસ કરીને લાખો રૂપિયાની તોતિંગ ફી પણ એક કારણ છે.

ગત વર્ષે પણ કેન્દ્ર સરકારે પ્રવેશ મુદત વધારીને ૨૦ નવેમ્બર સુધી કરી હતી અને ચાર રાઉન્ડ બાદ પાંચમો રાઉન્ડ કરવાની મંજૂરી આપી હતી.જેના પગલે ઓલ ઈન્ડિયા ક્વોટામાં અને સ્ટેટ ક્વોટામાં પાંચમો રાઉન્ડ થયો હતો. ગત વર્ષે ગુજરાતમાં મેડિકલ-ડેન્ટલની ચાર રાઉન્ડ બાદ ૯૦ બેઠકો ખાલી રહી હતી. હવે આ વર્ષે પણ કેન્દ્ર સરકારે પ્રવેશ મુદત વધારવાની મંજૂરી આપી છે.જેથી ઓલ ઈન્ડિયા ક્વોટામાં પાંચમો રાઉન્ડ જાહેર કરી દેવાયો છે.એમબીબીએસ-બીડીએસ માટે ઓલ ઈન્ડિયા ક્વોટાનો આ ખાસ રાઉન્ડ બીજી નવેમ્બરથી શરૂ થશે.જેમાં ૨થી૪ નવેમ્બર નવું રજિસ્ટ્રેશન અને પાંચ નવેમ્બર સુધી ચોઈસ ફિલિંગ થશે.જ્યારે ૭ નવેમ્બર સીટ એલોટમેન્ટ જાહેર કરાશે. વિદ્યાર્થીએ ૧૬ નવેમ્બર સુધીમાં કોલેજ રિપોર્ટિંગ કરી દેવાનું રહેશે.જ્યારે બીડીએસ અને બીએસસી નર્સિંગ ઓલ ઈન્ડિયા ક્વોટા માટે છઠ્ઠો રાઉન્ડ પણ જાહેર કરાયો છે.૧૭મીથી શરૂ થશે. મેડિકલ અને ડેન્ટલમાં સ્ટેટ ક્વોટા માટે સ્પેશ્યલ રાઉન્ડનો કાર્યક્રમ હવે એક-બે દિવસમાં જાહેરક રાશે.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, (૧) મહંમદ આદમભાઈ, (૨) ઈસ્માઈલ આદમભાઈ, (૩) અકબર આદમભાઈ, (૪) ઐયુબ આદમભાઈ, (૫) ઈસ્માઈલનુરનથ્થુ, (૬) અમીનાબીબી નુરનથ્થુ, (૭) હલીમાબીબીનુરનથ્થુ, (૮) લીલીબેન તે નુરનથ્થુની વિધવા, (૯) મરીયમબેન અબ્દુલભાઈ, (૧૦) જેબુબેન અબ્દુલભાઈ, (૧૧) માજીબેન અબ્દુલભાઈ, (૧૨) મહંમદભાઈ અબ્દુલભાઈ, (૧૩) અહેમદભાઈ અબ્દુલભાઈ, (૧૪) મહેમુદભાઈ આદમભાઈ, (૧૫) જાવેદભાઈ ઈબ્રાહીમભાઈ વ્હોરા, (૧૬) નફીસાબાનુ ઈબ્રાહીમભાઈ વ્હોરા, (૧૭) રૂમાનાબાનુ ઈબ્રાહીમભાઈ વ્હોરા, (૧૮) મીનાઝ ઈબ્રાહીમભાઈ વ્હોરા, (૧૯) વારીસભાઈ ગુલામમહંમદ વ્હોરા, (૨૦) રફીકભાઈ ગુલામમહંમદ વ્હોરા, (૨૧) મકબુલભાઈ ગુલામમહંમદ વ્હોરા, (૨૨) હુડજીબેન ઉસ્માનભાઈ વ્હોરા, (૨૩) નજમાબેન ઉસ્માનભાઈ વ્હોરા, (૨૪) ફરજાનાબેન ઉસ્માનભાઈ વ્હોરા, (૨૫) ઝાકીરહુસેન ઉસ્માનભાઈ વ્હોરા તથા (૨૬) નાઝીમમીંયા ઉસ્માનભાઈ વ્હોરા, સર્વે ઠેકાણું-ગામ રૂપાલ (તા.બાવળા) નાએ જીલ્લા અમદાવાદના તાલુકા બાવળાના ગામ મોજે રૂપાલના રી-સર્વે મુજબ મળેલા નવા બ્લોક/સર્વે નંબર-૭૧૧ (જુના સર્વે નંબર-૨૯૦) ની ખાતા નંબર-૧૩૫ ધરાવતી કુલ ૧૭૧૯૩ ચોરસમીટરના ક્ષેત્રફળની જમીન તેઓની સંપૂર્ણ, સ્વતંત્ર, સંયુકત માલીકી અને કબજા ભોગવટાની બોજારહીત હોવાનુ જણાવી અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલુ છે અને અમારા અસીલે સદરહુ જમીન પરત્વેના ઉપરોકત જમીનમાલીકોના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે. તો સદરહુ જમીન ઉપર જો અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે, તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય, તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો ટાઈટલ્સ કલીયરન્સનું સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહીં તથા અમારા અસીલ ધ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ : ૩૦-૧૦-૨૦૨૬.

જાની એન્ડ કંપની.
સોલીસીટર્સ, એડવોકેટસ એન્ડ કોર્પોરેટ એટર્નીઝ,
હાઉસ "એમ", મોન્ડીયલ રીટેઈલ પાર્ક, ઈસ્કોન મંદિર અને રાજપથ કલબની વચ્ચે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯. ફોન નંબર : ૨૯૭૧૦૧૦૦, ૨૯૭૧૦૨૦૦,

અમદાવાદ શહેરમાં આગામી સપ્તાહથી ઠંડીનું પ્રમાણ વધશે

અમદાવાદ, શુક્રવાર

ગુજરાતમાં ઠંડીના ચમકામાં ધીરે-ધીરે વધારો થઈ રહ્યો છે. ગત રાત્રિના નલિયામાં ૧૭.૪ ડિગ્રી સાથે સૌથી નીચું તાપમાન નોંધાયું હતું. અમદાવાદમાં ગત રાત્રિના ૨૪.૬ ડિગ્રી સાથે સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં ૫.૫ ડિગ્રીનો વધારો થયો હતો જ્યારે આજે સરેરાસ મહત્તમ તાપમાન ૩૩.૭ ડિગ્રી નોંધાયું હતું. આગામી ૩ દિવસ મહત્તમ તાપમાન ૩૫ જ્યારે લઘુતમ તાપમાન ૨૩ની આસપાસ રહેવાની હવામાન વિભાગની આગાહી છે. આગામી પાંચ નવેમ્બર બાદ અમદાવાદમાં ઠંડીનું પ્રમાણ વધી શકેછે.

કિસાન અધિકાર ધરણામાં કોંગ્રેસનો આક્ષેપ

ખેડૂતોનો ખર્ચ બમણો થયો જ્યારે આવક અડધી થઈ ગઈ

અમદાવાદ,શુક્રવાર

એક તરફ મોદી સરકાર વર્ષમાં ખેડૂતને ૧ હેક્ટરે પ્રતિ વર્ષ રૂપિયા ૬ હજાર આપવાની ચાલ રચીને વાહવાહી લૂંટે છે તો બીજી તરફ ખેડૂતના ખિસ્સામાંથી દર વર્ષે પ્રતિ હેક્ટર રૂપિયા ૭૧૫૦૦ ટેક્સ લગાવીને વસૂલાત કરાઈ રહી છે તેમ ગુજરાત કોંગ્રેસે જણાવ્યું છે.

સરકાર ઉદ્યોગપતિઓના દેવા માફ કરે છે પણ ખેડૂતો પ્રત્યે ઓરમાયું વર્તન ધરાવે છે

રાજ્યભરમાં ખેડૂતોના પ્રશ્ન મુદ્દે સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં કિસાન અધિકાર ધરણાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજકોટ ખાતે કોંગ્રેસે જણાવ્યું કે, ' અછત અને દુષ્કાળની સ્થિતિ વચ્ચે જગતના તાત દેવાના બોજ તળે પિસાઈ રહ્યા છે.

છતાં સંવેદનહીન ભાજપ સરકાર માત્ર તાયફા અને ખોટી જાહેરાતોમાં વ્યસ્ત છે. જે સરકાર ઉદ્યોગપતિઓના કરોડોના દેવા માફ કરે છે, તે જ સરકાર ખેડૂતોના સંપૂર્ણ દેવા માફ કરવા, પાક વીમા યોજના ફરી શરૂ કરવા અને જમીન માપણીના છબરડા રદ કરી ખેડૂતોને ન્યાય આપવા તૈયાર નથી. આ અન્યાય સામે સડકથી લઈને સંસદ સુધી કોંગ્રેસ પક્ષની લડાઈ ચાલુ રહેશે.

મોદી સત્તામાં આવ્યા પહેલા ખેડૂતોને વચન આપ્યું હતું કે, ૨૦૨૨માં ખેડૂતોની આવક બમણી થશે. ખેડૂતોની આવક તો બમણી ના થઈ પણ, ખર્ચ બમણો થયો, આવક અડધી થઈ, આ મોટી મોટી જાહેરાતો અંગે વડાપ્રધાન ક્યારે જવાબ આપશો ? ' ગુજરાત કોંગ્રેસે જે જિલ્લા-તાલુકાઓમાં પૂરતો વરસાદ થયો નથી ત્યાં તાત્કાલિક દુષ્કાળ જાહેર કરવા, ખેતરોમાં વીજળીના થાંભલા નાખવાના કારણે થયેલા નુકસાનનું પૂરતું વળતર ચૂકવવા, પાક વીમા યોજના તાત્કાલિક અમલમાં મૂકવા સહિતની માગણી પણ મૂકી હતી.

મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા આદેશ

મતદારયાદી સુધારણા માટેના સ્ટાફની બદલીઓ પર પ્રતિબંધ

અમદાવાદ,શુક્રવાર

ભારતીય ચૂંટણી પંચ દ્વારા ૧-૧-૨૦૨૭ની લાયકાતની તારીખના સંદર્ભમાં ફોટવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા માટે કાર્યક્રમનો આદેશ આપ્યો છે.જે મુજબ ૧૭ નવેમ્બરથી સુધારણા પ્રવૃત્તિઓ શરૂ થનાર હોઈ રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા મતદાર યાદી સુધારણા સાથે સંકળાયેલા સ્ટાફ નની ખાલી જગ્યાઓ ભરવા અને તેમની બદલીઓ પર પ્રતિબંધ મુકવા આદેશ કર્યો છે.

રજા પર જતાં પહેલાં જિલ્લા ચૂંટણી અધિકારીએ મુખ્ય ચૂંટણી અધિકારીની મંજૂરી લેવાની રહેશે

ચૂંટણી પંચના આદેશથી જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ ૧૮ જાન્યુઆરીએ મતદારયાદીની આખરી પ્રસિદ્ધી થનાર છે.જે પહેલા ૧૭ નવેમ્બર સુધીમાં મતદાન મથકોની પુનઃગોઠવણી થનાર છે અને ૨૭ નવેમ્બરે મતદારયાદી ડ્રાફ્ટ જાહેર કરાશે. ૨૭ નવેમ્બરથિ ૨૬ ડિસેમ્બર સુધી હક-દાવા અને વાંધા અરજીઓ મંગાવાશે. આમ મતદાર યાદીની સુધારણાની કામગીરીને લઈને નિમાયેલા કોઈ પણ અધિકારી કે સ્ટાફની બદલી પર પ્રતિબંધ મુકવામા આવ્યો છે. જિલ્લા ચૂંટણી અધિકારીથી માંડી મતદાર નોંધણી અધિકારીઓ સહિતના તમામ અધિકારી અને સ્ટાફની બદલી મતદાર યાદીના મુસદ્દાની પ્રસિદ્ધીની તારીખથઈ લઈને અંતિમ યાદીની પ્રસિદ્ધી સુધી નહીં થઈ શકે. આ ઉપરાંત મતદારયાદીની કામગીરી માટે અધિકારી સહિતના સ્ટાફની ખાલી જગ્યાઓ પણ ભરવા માટે આધેશ કરાયો છે. જો બદલી થાય તો મતદારયાદી સુધારણા કાર્યક્રમ પર વિપરીત અસર પડે તેથી પ્રતિબંધ મુકાયો છે. આ ઉપરાંત સુધારણા કામગીરીનું યોગ્ય સંકલન અને સુપરવિઝન થાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારીએ લાંબી રજા પર જતા પહેલા મુખ્ય નિર્વાચન અધિકારીની તેમજ મતદાર નોંધણી અધિકારીએ રજા પર જતા પહેલા જિલ્લા ચૂંટણી અધિકારીની ફરજીયાત મંજૂરી લેવાની રહેશે.

સુપ્રસિધ્ધ યાત્રાધામ સોમનાથ મંદિર પાસેના વિસ્તારોમાં

નોનવેજ વેચાણ પર પ્રતિબંધના કેસમાં સરકાર તૈયારી વિના સિંગલ જજમાં હારી

અમદાવાદ,શુક્રવાર

અમદાવાદ - ગીર સોમનાથ જિલ્લાના ઐતિહાસિક અને પવિત્ર શ્રી સોમનાથ મહાદેવ મંદિર તથા તેના શ્રદ્ધાળુઓના યાત્રાધામ માર્ગો પર માંસાહારી ખોરાકના વેચાણ પરના પ્રતિબંધ અંગેના ગુજરાત હાઈકોર્ટમાં આજે ચાલેલા બહુ મહત્ત્વના કેસમાં ગુજરાત સરકારની કોઈ આગોતરી તૈયારી કે, અભ્યાસ(લેસન) જ ન હતો, જેના કારણે સરકાર આટલો મહત્ત્વનો કેસ સીંગલ જજમાં હારી ગઈ અને જસ્ટિસ નિશા એમ.ઠાકોરે નોન વેજના વેચાણ પર પ્રતિબંધ ફરમાવતાં સરકારના જાહેરનામાને જ ગેરકાયદે ઠરાવી તેને રદબાતલ કરી દીધુ હતું. જો કે, સરકાર સીંગલ જજના હુકમ સામે તાત્કાલિક ખંડપીઠ સમક્ષ જઈને ત્યાંથી સીંગલ જજના હુકમ સામે સ્ટે લઈ આવી તે અલગ વાત છે પરંતુ આટલા મોટા કેસમાં સરકાર કોઈપણ પ્રકારની મજબૂત તૈયારી કે અભ્યાસ કર્યા વગર કેસ હારી ગઈ તેને લઈને અનેક સવાલો સાથે ભારે ચર્ચા ચાલી છે.

સિંગલ જજના હુકમને પગલે સરકાર દોડતી થઈ ગઈ, નોનવેજ માલિકોને રાહત અપાતાં સરકારને ખંડપીઠમાંથી સ્ટે મેળવતા ફાંફા પડી ગયા

ગીર સોમનાથના કલેક્ટર અને ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ દ્વારા એક જાહેરનામું જારી કરી, સોમનાથ મંદિરના ૫૦૦ મીટરના વિસ્તારમાં તથા ભાલકા તીર્થ, ભિડીયા સર્કલ, શંખ સર્કલ, સફારી સર્કલ, ગીતા મંદિર અને હમીરજી સર્કલ જેવા ધાર્મિક સ્થળોને જોડતા છ મુખ્ય યાત્રાધામ માર્ગો પર માંસાહારી ખોરાક બનાવવો, તેનો સંગ્રહ કરવો અને તેનું વેચાણ કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ પ્રતિબંધને સ્થાનિક બિન-શાકાહારી હોટેલ અને રેસ્ટોરન્ટના માલિકોએ ગુજરાત હાઈકોર્ટમાં પડકાર્યો હતો. અરજદારોની મુખ્ય દલીલ એ હતી કે આ પ્રતિબંધથી તેમના બંધારણીય અને વ્યાપાર કરવાના મૂળભૂત અધિકારનું હનન થાય છે. સામે પક્ષે, રાજ્ય સરકારે દલીલ કરી હતી કે સોમનાથ માત્ર એક સામાન્ય વ્યવસાયિક શહેર નથી, પરંતુ દેશ અને દુનિયાભરના લાખો શ્રદ્ધાળુઓ માટે અત્યંત પવિત્ર સ્થળ છે. ભગવાન શિવના ૧૨ જ્યોતિર્લિંગોમાં પ્રથમ એવા સોમનાથ મંદિર અને પ્રભાસ ક્ષેત્રની ધાર્મિક પવિત્રતા અને મર્યાદા જાળવી રાખવી અનિવાર્ય છે.આ કેસમાં હાઈકોર્ટના સીંગલ જજ નિશા એમ. ઠાકોરે નોનવેજ હોટલ માલિકોની અરજી ગ્રાહ્ય રાખતો ચુકાદો આજે જાહેર કર્યો હતો અને સરકારના નોનવેજના વેચાણ પરના પ્રતિબંધને ગેરકાયદે ઠરાવી આ અંગેના જાહેરનામાને રદબાતલ ઠરાવ્યું હતું. આ ચુકાદાથી સરકારને જોરદાર લપડાક પડી હતી અને સરકાર માટે આ કેસમાં ઈજ્જતનો સવાલ હતો, એટલે સરકારપક્ષના વકીલો રીતસરના દોડતા થઈ ગયા હતા. સીંગલ જજમાં કેસ હારી જતાં સરકારની તૈયારી, અભ્યાસ અને આગોતરા આયોજનને લઈને ગંભીર સવાલો અને ચર્ચા ઉઠયા હતા. બીજા બધા કેસો પડતા મૂકી સરકારી વકીલોએ તાબડતોબ અરજન્ટ ધોરણે એક્ટીંગ ચીફ જસ્ટિસ માનસ રંજન પાઠક અને જસ્ટિસ નિર્ઝર એસ.દેસાઈની ખંડપીઠ સમક્ષ લેટર્સ પેટન્ટ અપીલ દાખલ કરી હતી અને માત્ર અઢી થી ત્રણ કલાકના સમયગાળામાં જ ભારે દોડાદોડ અને સુપ્રીમકોર્ટના ચુકાદા અને લાખો લોકોની ધાર્મિક આસ્થાની દુહાઈ આપીને ખંડપીઠમાંથી સીંગલ જજના હુકમ સામે સ્ટે મેળવ્યો હતો. જેને પગલે સોમનાથ મંદિરની આસપાસના વિસ્તારોમાં નોન વેજના વેચાણ પરનો પ્રતિબંધ અને સરકારનું જાહેરનામું યથાવત્ રહ્યું હતું.

સરકાર જાહેરનામાં જ એવા બહાર પાડે છે જે કોર્ટમાં ટકતા નથી

દરમ્યાન આ કેસ પરથી વધુ એક ચર્ચાએ પણ બહુ જોર પકડયુ હતું કે, સરકાર જાહેરનામાં જ એવા બહાર પાડે છે કે કોર્ટોમાં ટકતા નથી અને તેની કાયદેસરતાઓને છાશવારે કોર્ટોમાં પડકારવામાં આવતા હોય છે. ખરેખર તો જાહેરનામું જારી કરતાં પહેલા તે માટેનો જરૂરી અભ્યાસ કે તેને સંબંધિત પાસાઓ વિચાર્યા વિના જ આડેધડ જાહેરનામાં બહાર પાડી દેવાતા હોય છે..પરિણામ એ આવે છે કે, કોર્ટોમાં સરકારના આવા જાહેરનામા ટકતા જ નથી..ખુદ હાઈકોર્ટ પણ તેની કાયદેસરતા નકારી કાઢે છે અને તેને રદ કરી નાંખે છે.

ગુજરાત યુનિ.ના પૂર્વ કુલપતિ સામે જાહેર ફરિયાદ મંચમાં પાંચ ફરિયાદો યુનિ.ને મળી

અમદાવાદ,શુક્રવાર

ગુજરાત યુનિ.ના ઈતિહાસમાં પ્રથમવાર પૂર્વ કુલપતિ સામે જાહેર ફરિયાદ મંચ સરકારની મંજૂરીથી ઉભુ કરવામા આવ્યુ હોઈ પૂર્વ હાઈકોર્ટ જજની તપાસ હેઠળ કોઈને પણ નિરજા ગુપ્તા સામે આધાર-પુરાવા સાથે ફરિયાદ અરજી કરવાની મુદત આજે પુરી થઈ ગઈ છે.જો કે જે રીતે પૂર્વ કુલપતિ સામે એક પછી એક નાણાકીય ગેરરીતિની ફરિયાદો આવી છે તે જોતા લાગતુ હતુ કે અનેક ફરિયાદો-અરજી આવશે.પરંતુ પૂર્વ હાઈકોર્ટ જજ સમક્ષ પાંચ ફરિયાદ અરજી આવી છે. આંતરિક રાજકારણની બલીહારી રૂપે શરૂ થયેલા આ વિવાદમાં સરકારના દોરીસંચાર બાદ ઈન્ચાર્જ કુલપતિ દ્વારા પૂર્વ હાઈકોર્ટ જજને તપાસ સોંપવામાં આવી હતી. ત્યારબાદ થોડા દિવસો પહેલા પૂર્વ કુલપતિ સામે કોઈને પણ કોઈ પણ જાતની ફરિયાદ આપવી હોય તો તે ફરિયાદ કરી શકશે તેવી જાહેર નોટિસ પણ ઈન્ચાર્જ કુલપતિ દ્વારા આપવામા આવી હતી. ફરિયાદ અરજી તપાસ કચેરીમાં આપવાની મુદતનો આજે છેલ્લો દિવસ હતો ત્યારે પાંચ જેટલી ફરિયાદ અરજીઓ જાહેર ફરિયાદ મંચ સમક્ષ આવી છે.પરંતુ હવે તપાસનો વિષય એ પણ છે કે આ ફરિયાદ કરનાર યુનિ.ના સ્ટાફમાંથી જ કોઈ છે કે પછી કોઈ બહારની વ્યક્તિ મામ ફરિયાદો-આક્ષેપોને લઈને તપાસ કરવામા આવશે અને ત્યારબાદ સંપૂર્ણ રીપોર્ટ કુલપતિ કચેરીમાં જમા થશે. જો કે રિપોર્ટ પણ આખરી નિર્ણય તો સરકારનો જ રહેશે.

SMART BAZAAR

ખુશીઓ હજાર

— સ્માર્ટ પરિવારનો —

સ્માર્ટ બજાર

દિવાળી ગિફ્ટ્સ

₹101 થી ₹2100

521 ગિફ્ટ ઓફરો માટે હમણાં જ સ્કેન કરો

BUY 1 GET 1 FREE

એમઆરપી ₹549 અને વધુ

BUY ANY 1 GET ANY 1 FREE

325 g અને વધુ

એમઆરપી ₹299 અને વધુ

BUY ANY 2 GET ANY 1 FREE

150 g અને વધુ

એમઆરપી ₹275 અને વધુ

પરફ્યુમ 75 ml અને વધુ

ફ્લેટ 50% છૂટ

સ્માર્ટ કિંમત ₹325 અને વધુ

cello

ઓપલવેર ડિનર સેટ (10 નંગ)

સ્માર્ટ કિંમત ₹699

ઓફર્સ સ્માર્ટ સુપરસ્ટોર અને ફ્રેશ સિગ્નેચરમાં પણ ઉપલબ્ધ

ચોમાસાની વિદાયને હજુ માંડ એક મહિનો થયો છે અને શિયાળો દ્વારે ટકોરા મારી રહ્યો છે ત્યાં જ ગુજરાતમાં દુષ્કાળના ડાકલાં વાગવાનું શરૂ થઇ ગયું છે.મંત્રીઓના ચશ્મા પહેરીને જોવામાં આવે તો રાજ્યમાં ચાર જિલ્લાને બાદ કરતાં ક્યાંય જળસંકટ સર્જાવવાનું જ નથી. પરંતુ મંત્રીઓ જેમાં માત્ર આભાસી વિશ્વ દેખાય છે તેવા આ ચશ્મા તેઓ ઉતારે તો માલૂમ પડે કે ગુજરાતના અનેક જિલ્લામાં અત્યારથી જ દુષ્કાળની સ્થિતિ સર્જાઇ ચૂકી છે. ૫૦ જેટલા જળાશયોમાં તો ૧૦ ટકાથી પણ ઓછું જળસ્તર છે. આ પ્રકારની ચિંતાજનક સ્થિતિમાં ખેડૂતોની વેદના સમજવામાં ધારાસભ્યો-અધિકારીઓ નિષ્ફળ રહ્યા છે. હાલના સમયે ખેડૂતોની તરફેણમાં કોઈ બોલે તો દેશવિરોધી અને નહીં તો દેશભક્ત તેવી વ્યાખ્યા આપી દેવામાં આવે છે. ખેર, હાલ ગુજરાતના અનેક એવા જિલ્લા છે જ્યાં ઓછા વરસાદથી પાકને ભારે નુકસાન પહોંચ્યું છે. પાકને યોગ્ય સમયે જરૂરી પાણી જરૂરી માત્રામાં નહીં મળતાં ખરીફ પાકો નિષ્ફળ નીવડ્યા છે. સૂકા ઘાસચારાની કૃત્રિમ અછત શરૂ થવા સાથે છૂટકમાં એક પૂળાનો ભાવ ૩૦થી ૪૦ રૂપિયા બોલાઈ રહ્યો છે. એસી ચેમ્બરમાં રહેતા નેતાઓ-બાબુઓ વાસ્તવિક સ્થિતિનો ઝડપથી તાગ નહીં મેળવે તો જળસંકટ શિયાળા અગાઉ જ ઘેરું બને તેવી ભીતિ છે અને ઉનાળામાં શું સ્થિતિ હશે તેની તો કલ્પના જ કરવી રહી.... (તસવીર : સુરેશ મિસ્ત્રી)

‘વિકાસનું નવું મોડલ’

કોમનવેલ્થ અને ઓલિમ્પિકના આયોજનોની તૈયારી સામે શરમજનક સત્ય

૧૪ વોર્ડમાં ટેન્કરથી પાણી વિતરણ! અમદાવાદની પ્રગતિ કે અધોગતિ

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદમાં એક તરફ કોમનવેલ્થ ગેમ્સ-૨૦૩૦ના આયોજન અને ઓલિમ્પિકની યજમાની લેવાની તૈયારીઓ થઈ રહી છે. સામાપક્ષે સત્ય એવું છે કે, સ્માર્ટસિટીના ૪૮માંથી ૧૪ વોર્ડમાં લોકોને પીવાનું પાણી પૂરું પાડવા ટેન્કર દોડાવવા પડે છે. અમદાવાદમાં શિયાળાની શરૂઆતથી જ પાણીની સંભવિત કટોકટી ચર્ચાના ચકડોળે ચડી છે. મ્યુનિ.નો ઈજનેર વિભાગ અને શાસકો પાણીની ગંભીર સ્થિતિ છુપાવવા સબ સલામત હોવાનો દાવો કરે છે. પરંતુ વાસ્તવિકતા કંઈક જુદા જ સંકેત આપી રહી છે. શહેરના ચાર ઝોનમાં રૂ. ૧.૭૧ કરોડના ખર્ચે ટેન્કરના ૩૫ હજારથી વધુ ફેરા દોડાવવા તૈયારી ચાલી રહી છે. વિકાસનું આ તે કેવું મોડલ છે? તે સમજાતું નથી. અમદાવાદ શહેરને એક તરફ દુબઈ જેવા વૈશ્વિક શહેરોની હરોળમાં મુકવાની વાતો ચાલે છે. બીજી તરફ અહીં હજારો લોકોને પીવાનું પાણી મળતું નથી. ગામડાઓમાં પાણી વિતરણની વ્યવસ્થા ન હોય તે સમજી શકાય, પરંતુ ગુજરાતના આર્થિક પાટનગર ગણાતા શહેરમાં પણ લોકોને પીવાનું પાણી ન મળતું હોય, તે બાબત શરમજનક છે.

ટેન્કરના ફેરા માટે ૧.૭૧ કરોડ રૂપિયા ખર્ચાશે

વોર્ડ	રકમ		
બોપલ-ઘુમા	૯.૯૮ લાખ	સરસપુર-રખિયાલ	૧૦ લાખ
સરખેજ	૯.૯૮ લાખ	રામોલ- હાથીજણ	૧૯.૬૯ લાખ
વેજલપુર	૬.૨૫ લાખ	ગોમતીપુર	૧૫.૧૭ લાખ
ઠક્કરનગર	૨૦ લાખ	નિકોલ	૯.૯૯ લાખ
સૈજપુર	૨૦ લાખ	શાહપુર	૯.૯૯ લાખ
બાપુનગર	૧૦ લાખ	ખાડિયા	૯.૯૯ લાખ
ઈન્ડિયા કોલોની	૧૦ લાખ	દરિયાપુર	૯.૯૯ લાખ

નળથી નર્મદાનું જળ આવતું હોવાની ગુલબાંગો વચ્ચે મેગા સિટીમાં પણ કેટલાક વિસ્તારમાં સવાર-સાંજ લોકોને ગામડાની માફક ટેન્કરની સામે ડોલ, બેડાં લઈને પાણી ભરવા માટે કતારોમાં ઉભા રહેવાની નોબત આવી છે. અમદાવાદના દક્ષિણ-પશ્ચિમ, ઉત્તર, પૂર્વ અને મધ્ય ઝોનના વિવિધ વિસ્તારોના લાખો રહીશોને પાણી પૂરું પાડવા નિયમિત ટેન્કર દોડાવવા પડે છે. પાણીની લાઈનોમાં બ્રેકડાઉન, રિપેરિંગ, પ્રદૂષણ અને ઓછા પ્રેશરથી પાણી આવતું હોવાની ફરિયાદોના લીધે ટેન્કર મોકલાય છે, તેવો જવાબ આપી મ્યુનિ.ના અધિકારીઓ દ્વારા લૂલો બચાવ કરાયો છે. જ્યારે હકીકતમાં કેટલાક

અમદાવાદમાં પાણીની સ્થિતિ વિશે કોણ શુ કહે છે?

- ઈજનેર વિભાગ (વોટર પ્રોજેક્ટ) : આખા શહેરમાં ક્યાંય નિયમિત પાણીના ટેન્કર ચાલતા નથી. ફક્ત લાઈનના બ્રેકડાઉન સમયે સમારકામ ચાલતું હોય તેટલા સમય માટે જ વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે ટેન્કરથી પાણી પૂરું પડાય છે.
- વોટર સપ્લાય અને સુઅરેજ કમિટીના ચેરમેન : શહેરના તમામ વિસ્તારોમાં નર્મદાનું પાણી પહોંચે છે. પાણીનો કોઈ પ્રશ્ન નથી અને નવા બોરવેલની પણ હાલ જરૂર નથી.
- સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન : ઉનાળાને ધ્યાને લઈ સર્વિસ સ્ટેશન, પીજી, હોસ્ટેલ જેવા મોટા સંકુલોમાં નિયંત્રણ વગર પાણીનો વપરાશ અને ગેરકાયદેસર જોડાણ સામે કાર્યવાહી કરાશે.

વિસ્તારોમાં બારેમાસ લોકો ટેન્કરોના સહારે જીવી રહ્યા છે. પાંચ હજાર લિટરના ટેન્કરના એક ફેરા માટે મ્યુનિ.દ્વારા એજન્સીઓને રૂ.૪૫૦ ચૂકવવામાં આવે છે.

જ્યારે ૧૪ વોર્ડમાં વર્ષે રૂ. ૧.૭૧ કરોડના ખર્ચે ૩૫ હજારથી વધુ ફેરા દોડાવવા પડે છે. એટલે ચોવીસ કલાક પાણી મળવાની વાત તો દૂર રહી, શહેરીજનોને પૂરતું પાણી મળે તે પણ નસીબની વાત છે! આગામી દિવસોમાં પાણીનો પ્રશ્ન વધુ ગંભીર બની શકે તેવા એંધાણ લાગે છે.

પાણીની લાઈનમાં બ્રેકડાઉન, રીપેરિંગ, પ્રદૂષણ, લો પ્રેશરના નામે બારેમાસ ટેન્કર દોડાવવાની નોબત : નળથી જળની ગુલબાંગો વચ્ચે સ્માર્ટ સિટીમાં રોજ ટેન્કર આગળ ડોલ અને બેડાં લઈ કતારોમાં ઉભા રહેવાની નોબત

પોક્સો કેસમાં ટ્રાયલ દરમિયાન પીડિતા પુખ્ત હોય તો પણ

પોક્સો કોર્ટે પીડિતાની જુબાની ઈન-કેમેરામાં જ નોંધવી પડે : હાઈકોર્ટ

અમદાવાદ,શુક્રવાર

પોક્સો કાયદા હેઠળના એક કેસમાં ગુજરાત હાઈકોર્ટે મહત્ત્વનો ચુકાદો આપતાં ઠરાવ્યું હતું કે, ગુનો બન્યો ત્યારે સગીર વયની રહેલી પીડિતા ટ્રાયલ શરૂ થાય તે પહેલાં ૧૮ વર્ષની થઈ જાય તો પણ તેની જુબાની ઈન-કેમેરા એટલે કે બંધ બારણે જ અદાલતે નોંધવાની રહે. માત્ર ટ્રાયલ શરૂ થવાના સમયે પીડિતા પુખ્ત વયની થઈ ગઈ હોવાના આધારે પોક્સો કાયદા હેઠળ જુબાની નોંધવા માટેની વિશેષ પ્રક્રિયા ટાળી શકાય નહીં. જસ્ટિસ મૂળચંદ ત્યાગીએ પ્રસ્તુત કેસમાં પોક્સો એકટની કલમ-૩૩(૨), ૩૬ અને ૩૭ અન્વયે પીડિતાની જુબાની ઈન-કેમેરા રેકોર્ડ કરવા અમદાવાદ ગ્રામ્યની સ્પેશ્યલ ડેઝીગ્નેટેડ પોક્સો કોર્ટને હુકમ કર્યો હતો.

પીડિતાની જુબાની નોંધતી વખતે કાયદા દ્વારા નિર્ધારિત વિશેષ પ્રક્રિયાનું પાલન કરવું ખૂબ જ આવશ્યક છે

હાઈકોર્ટે પીડિતાની જુબાની સામાન્ય કાયદાકીય પ્રક્રિયા મુજબ, રૂટીન કોર્ટ રૂમમાં જ લેવા અંગેનો પોક્સો સ્પેશ્યલ કોર્ટનો હુકમ રદબાતલ ઠરાવ્યો હતો. હાઈકોર્ટના આ ચુકાદાથી પોક્સો કેસમાં પીડિતાની ઓળખ અને ગોપનીયતાના રક્ષણ અંગે મહત્ત્વપૂર્ણ કાનૂની સ્પષ્ટતા થઈ છે.ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ મૂલચંદ ત્યાગીની ખંડપીઠ સમક્ષ આ મામલે અરજી કરવામાં આવી હતી.

અરજદારપક્ષ તરફથી પોક્સો કોર્ટના ઉપરોક્ત હુકમને પડકારતી હાઈકોર્ટ સમક્ષ કરાયેલી રિટ અરજીમાં જણાવાયું હતું કે, કથિત ગુનો બન્યો ત્યારે પીડિતાની ઉંમર ૧૭ વર્ષ અને ૧૧ મહિના હતી અને ગુનો પોક્સો એક્ટ હેઠળ નોંધાયેલો હતો., તેથી જુબાની નોંધવાની પ્રક્રિયા પણ આ કાયદાની જોગવાઈ હેઠળ જ હાથ ધરવી જરૂરી છે. ટ્રાયલ શરૂ થવા સમય પીડિતા પુખ્તવયની થઇ ગઇ હોવાના કારણે ગુનો બન્યો ત્યારે લાગુ પડતી કાયદાકીય સ્થિતિ બદલાતી નથી.

હાઈકોર્ટે પોક્સો કોર્ટનો હુકમ રદબાતલ ઠરાવતાં જણાવ્યું હતું કે, કેસનો ટ્રાયલ શરૂ થયો ત્યારે પીડિતાની ઉંમર ૧૮ વર્ષથી વધુની થઇ જવા માત્રથી તેની જુબાની નોંધવા સંબંધિત પોક્સો કાયદાની જોગવાઈઓ લાગુ પડતી બંધ થઇ જતી નથી.

બાપુનગરમાં મિત્રો સાથે બિયરની પાર્ટી કરી હતી

બિયરના નશામાં ઓગણજ નજીક કાર ટ્રક સાથે અથડાવી, એકનું મોત

અમદાવાદ,શુક્રવાર

અમદાવાદના એસ પી રીંગ રોડ પર ઓગણજથી ભાડજ જવાના રસ્તા પુરઝડપે જતી કાર ધડાકાભેર ટ્રક સાથે અથડાતા થયેલા અકસ્માતમાં કારમાં સવાર યુવકનું મોત નીપજ્યું હતું. જ્યારે તેના બે મિત્રોને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

કાર ઓવરસ્પીડમાં હોવાથી બમ્પ કૂદીને ટ્રકમાં ઘૂસી ગઈ, પતરૂં કાપી બે ઈજાગ્રસ્ત-મૃતકને બહાર કઢાયા

ગોધાવીમાં રહેતા ભગીરથસિંહ ઝાલા અને ભદોરિયા અને તેમજ અન્ય મિત્રો સાથે પોતાની અર્ટીગા કારમાં બાપુનગરથી વહેલી પરોઢે ગોધાવી જતા હતા ત્યારે એસ પી રીંગ રોડ પર ઓગણજથી ભાડજ જવાના રસ્તા પર પસાર થતા સમયે કાર પુરઝડપે હોવાથી બમ્પ કુદીને આગળ જઇ રહેલા ટ્રકની પાછળ અથડાઇ હતી. જેથી કાર ટ્રકમાં ફસાઇ ગઇ હતી. આ સમયે અન્ય વાહનચાલકોએ સ્થાનિક પોલીસને જાણ કરીને કારમાં ફસાયેલા લોકોને બહાર કાઢ્યા હતા. જેમાં ભગીરથસિંહ ઝાલા અને સમરસિંહને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જ્યારે કારમાં સવાર અશોક ઠાકોરનું સ્થળ પર જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. આ અંગે એ ડીવીઝન ટ્રાફિક પોલીસે વધુ તપાસ કરતા જાણવા મળ્યું હતું કે ભગીરથસિંહ ઝાલા, પ્રેમ ભદોરિયા, અશોક ઠાકરે, સમરસિંહ સહિતના મિત્રોએ રાતના એક વાગે બાપુનગરમાં બિયરની પાર્ટી કરી હતી. બાદમાં કારમાં ગોધાવી જતા અકસ્માત થયો હતો. ભગીરથસિંહે બિયરના નશામાં કાર પરથી કાબુ ગુમાવતા અકસ્માત થયો હતો.

વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- જાહેરખબર મેનેજર

Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah Regd.NI.GAMC 28

તહેવારમાં સાયબર ક્રાઈમમાં વધારો

દિવાળીમાં ડિસ્કાઉન્ટ અને ગ્રીટિંગ્સના નામે આવતી લિંકથી સાવધાન રહેજો

અમદાવાદ,શુક્રવાર

દિવાળીના તહેવારમાં વિવિધ સાઈટ પરથી મળતા ડિસ્કાઉન્ટ કે ગ્રિટિંગ્સના શંકાસ્પદ મેસેજ ધરાવતી લીંક કે એપીકે ફાઇલ તમારા મોબાઇલ કે ઇ-મેઇલમાં આવે તો સાવચેત રહેવા માટે સાયબર ક્રાઇમ સેલ દ્વારા સુચના આપવામાં આવી છે. તહેવારો દરમિયાન આસાનીથી આ પ્રકારની લીંકથી સાયબર ક્રાઇમ કરીને મોટા પ્રમાણમાં નાણાંકીય છેતરપિંડીની શક્યતા વધારે રહે છે.

સાયબર ક્રિમિનલ વાયરસ વાળી લિંક અને ઈમેજ મોકલી કોમ્પ્યુટર અને ફોન હેક કરીને છેતરપિંડી આચરી શકે છે

દિવાળીના તહેવારો દરમિયાન વિવિધ શોપીંગ સાઇટના નામે આવતા મેસેજ દ્વારા કે તહેવારની શુભેચ્છાઓ આપવાના નામે ગ્રિટિંગ્સની એપીકે ફાઇલ કે લીંક મોકલીને સાયબર ક્રિમીનલ્સ આસાનીથી ટારગેટ કરે છે. ત્યારે સાયબર ક્રાઇમના ડીસીપી લવીના સિંહાએ જણાવ્યું હતું કે શોપીંગ સાઇટના ભળતા નામે વિવિધ લીંક મોકલવામાં આવે છે. જેમાં ૭૦ ટકા સુધીનું ડિસ્કાઉન્ટ કે બાય વન ગેટ વન ફ્રીની ઓફરની લીંક હોય છે. જે ડાઉનલોડ કરવાથી ફોન હેક થઇ શકે છે અને નાણાં ગુમાવવાનો વારો આવી શકે છે. તેમજ અજાણ્યા મોબાઇલ નંબરથી આવતા ગ્રિટિંગ્સના મેસેજની એપીકે ફાઇલથી પણ સાવચેત રહેવું. ખાસ કરીને સોશિયલ મિડીયાની સાઇટનો પણ સાયબર ક્રિમીનલ્સ ઉપયોગ કરે છે. જેના પરથી ક્લીક કરવાથી બનાવટી વેબસાઇટથી છેતરપિંડી થઇ શકે છે. જેથી કંપનીની ઓફિશિયલ વેબસાઇટ અને એપથી જ શોપીંગ કરવી.

વપરાયેલા ખાદ્ય તેલનો યોગ્ય નિકાલ નહીં કરાતા

શાહીબાગ અને ગાંધી રોડ પર ફરસાણની ચાર દુકાનો સીલ

અમદાવાદ, શુક્રવાર

દિવાળી નજીક આવતા મીઠાઈ અને ફરસાણની દુકાનો ધમધમી ઉઠી છે. તેવામાં મ્યુનિ.ના ફૂડ વિભાગ દ્વારા આજે શહેરના વિવિધ એકમોમાં તપાસ હાથ ધરાઈ હતી. આ દરમિયાન ગંદકી તેમજ વપરાયેલા ખાદ્ય તેલનો યોગ્ય રીતે નિકાલ ન કરવા બદલ શાહીબાગ અને ગાંધી રોડ પર ફરસાણ બનાવતા ચાર એકમ સીલ કરાયા હતા.

ગંદકી તેમજ પેકિંગ-લેબલિંગમાં ખામીઓ મળી, વપરાયેલું તેલ નિયત એજન્સીને આપવું ફરજિયાત

અમદાવાદ મ્યુનિ. દ્વારા આજે ફરસાણની દુકાનોમાં તપાસ હાથ ધરી શાહીબાગના દૂધેશ્વર રોડ અને ગાંધી રોડ પર આવેલા ચાર એકમો સીલ કરાયા હતા. ફૂડ વિભાગના જણાવ્યા અનુસાર, આ ચારેય એકમો દ્વારા વપરાયેલું ખાદ્ય તેલ નિયમ મુજબ ચોક્કસ એજન્સીઓને આપી તેનો નિકાલ કરવામાં આવતો ન હતો. તેમજ ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન કરાતું હતું, ત્યાં ગંદકી જોવા મળી હતી. જ્યારે દૂધેશ્વરના શ્યામ સુંદર ફૂડ પ્રોડક્ટ્સ દ્વારા પેકેજિંગ અને લેબલિંગ યોગ્ય રીતે ન કરાતું હોવાનું ધ્યાને આવ્યું હતું. આવી વિવિધ ખામીઓના લીધે ચારેય એકમ સીલ કરાયા છે. ચાર દિવસ અગાઉ નરોડામાં તેલના સંગ્રહ અને નિકાલની વ્યવસ્થાના અભાવે નમકીનની દુકાન સીલ કરી ૧૨૫ કિલો વપરાયેલું ખાદ્ય તેલ અને નમકીનનો એક હજાર કિલો જથ્થો સીઝ કરાયો હતો. ઉલ્લેખનીય છે કે, કેટલાક એકમો દ્વારા એક ને એક તેલમાં ફરસાણ તળી તેનું બેરોકટોક વેચાણ કરાતું હોય છે. ખાસ કરીને તહેરવારો સમયે આવું જોખમ વધુ રહે છે. ત્યારે ફરસાણ તળવા દાઝિયા તેલનો ઉપયોગ ન થાય માટે દૈનિક ૫૦ કિલોથી વધુ તેલનો વપરાશ કરતા એકમો માટે નિયત એજન્સીને તેલ આપી તેનો નિકાલ કરવો ફરજિયાત છે. જેને બાદમાં બાયોફ્યુલ તરીકે ઉપયોગ કરાય છે.

કયા એકમો સીલ કરાયા?

* સ્વસ્તિક ફૂડ્સ, શાહીબાગ
* શ્યામ સુંદર ફૂડ પ્રોડક્ટ્સ, દૂધેશ્વર રોડ
* અમરતલાલ કુબેરદાસ નમકીનવાલા, ગાંધી રોડ
* પ્રકાશકુમાર કનૈયાલાલ નામની દુકાન, ગાંધી રોડ

સત્તાવાર જાહેરાતની જાણ શાસક પક્ષને નહોતી !

અમદાવાદ સિટી સ્ક્વેર પ્રોજેક્ટમાં મેયરે અધિકારીઓનો ક્લાસ લીધો

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદ શહેરના ઉત્તર પશ્ચિમ ઝોનમાં સિંધુ ભવન રોડ પર રૂ.૫૭૦ કરોડના ખર્ચે સિટી સ્ક્વેર બનાવવાના આયોજનની સત્તાવાર જાહેરાતના બીજા જ દિવસે, પ્રોજેક્ટ બાબતે અત્યારની શાસક પાંખને કંઈ ખ્યાલ ન હોવાની વિગતો સામે આવી છે. મેયરે અધિકારીઓને બોલાવી આ બાબતે ક્લાસ પણ લીધો હોવાની ચર્ચા છે. જોકે સાંજ સુધીમાં સ્થિતિ થાળે પડી જતા મ્યુનિ.ના ઈજનેર વિભાગ દ્વારા સબ સલામત હોવાનો સૂર વ્યક્ત કરાયો છે.

રૂ.૩૦ કરોડથી વધારે રકમના કોઈ પણ કામના ટેન્ડર બહાર પાડતા પહેલાં કમિટીને ધ્યાન દોરવાની સૂચના આપી હતી

અમદાવાદના સિંધુ ભવન રોડ પર ૧૭૫ મીટરની ઉંચાઈના ટાવર સાથે રૂ.૫૭૦ કરોડના ખર્ચે સિટી સ્ક્વેર સેન્ટર બનાવવાનું આયોજન મ્યુનિ. કોર્પોરેશન દ્વારા કરવામાં આવ્યું છે. જેના માટેનું ટેન્ડર પણ ૨૫ ઓક્ટોબરના રોજ બહાર પાડી દેવામાં આવ્યું છે. ગઈકાલે મ્યુનિ. દ્વારા આ અંગે સત્તાવાર જાહેરાત કરાઈ હતી. દરમિયાનમાં આ પ્રોજેક્ટથી ભાજપના હાલની ટર્મના સત્તાધીશો અજાણ હોવાની વાત આજે સવારે સામે આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર મેયરે આજે ઈજનેર વિભાગના અધિકારીઓને પોતાની ચેમ્બરમાં બોલાવીને ક્લાસ લઈ લીધો હતો. તેમજ પ્રોજેક્ટ અંગે જરૂરી વિગતો મેળવી હતી.

અગાઉ સ્થાયી સમિતિના ચેરમેન દ્વારા પણ રૂ.૩૦ કરોડથી વધુની રકમનું કોઈ કામ હોય તો ટેન્ડર બહાર પાડતા પહેલાં કમિટી સાથે સંકલન કરવાની સૂચના આપવામાં આવી હતી. જેથી કરીને વારંવાર દરખાસ્તો પરત કરવામાં સમયનો ખોટો બગાડ થાય નહીં. પરંતુ આ પ્રોજેક્ટ બાબતે હાલની શાસક પાંખને કોઈ જ જાણકારી આપવામાં આવી નથી. દરમિયાનમાં મોડી સાંજે આ બાબતે કોઈ વિવાદ ન હોવાનું સિટી ઈજનેરે જણાવ્યું છે.

સિટી સ્ક્વેર પ્રોજેક્ટ બાબતે કોણ શું કહે છે?

‘આ પ્રોજેક્ટમાં હાલ વિવાદની કોઈ વાત નથી. શહેરના વિકાસ માટે બધા સાથે મળીને આયોજનને સાકાર કરીશું. અમદાવાદને વૈશ્વિક હરોળમાં મુકવામાં આ પ્રોજેક્ટ મહત્વનો સાબિત થશે.’ - હિતેશ બારોટ, મેયર

‘કમિટી સમક્ષ આયોજન આવશે ત્યારે તેનો અભ્યાસ કરીને અમદાવાદ શહેરના હિતમાં હોય તેવા જરૂરી સુધારા-વધારા સૂચવવામાં આવશે. તેનાથી પ્રોજેક્ટમાં સોનામાં સુગંધ ભળશે અને વધુ સારુ કામ થશે.’ - કમલેશ પટેલ, ચેરમેન(સ્થાયી સમિતિ)

ચાર વર્ષથી બજેટમાં આ પ્રોજેક્ટ માટે જોગવાઈ

અમદાવાદ મ્યુનિ.ના બજેટમાં વર્ષ ૨૦૨૩-૨૪થી આ પ્રોજેક્ટ માટે રકમ ફાળવવામાં આવે છે. એટલે કે આ વખતે સતત ચોથા વર્ષે રકમ ફાળવવામાં આવી હતી. ભાજપની જ ગત ટર્મની બોડીમાં આ પ્રોજેક્ટની મંજૂરી સહિતની પ્રકીયા કરવામાં આવી હતી.

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ
Regd. NI. GAMC 28

વિદ્યાર્થીઓ માટે ફરિયાદ એપ લોન્ચ કરાશે

ગુજરાત યુનિ.માં ભવનોની સુરક્ષા અને સલામતી હવે પ્રોફેસરોના શિરે

અમદાવાદ,શુક્રવાર

ગુજરાત યુનિવર્સિટીમાં આવેલા વિવિધ ડિપાર્ટમેન્ટ-ભવનોની સુરક્ષા અને સલામતી માટે ઈન્ચાર્જ કુલપતિ દ્વારા બિલ્ડીંગ ઈન્ચાર્જ નિમવાની જાહેરાત કરાઈ છે.આમ હવે પ્રોફેસરોના શીરે ભવનોની સુરક્ષા,રિપેરિંગ,સલામતી અને સ્વચ્છતા સહિતની જવાબદારી આવશે. આ ઉપરાંત યુનિ.દ્વારા વિદ્યાર્થીઓને કોઈ પણ જાતની મુશ્કેલી માટે ફરિયાદ કરવા એક એપ લોન્ચ કરવા અને ડેશબોર્ડ ઉભુ કરવાની પણ જાહેરાત કરવામા આવી છે.

ઈન્ચાર્જ વીસીએ તમામ ૬૦ ભવનો માટે બિલ્ડીંગ ઈન્ચાર્જની નિમણૂંક કરીઃ ડેશબોર્ડ ઊભું કરાશે

ગુજરાત યુનિવર્સિટીમાં વિવિધ ફેકલ્ટી હેઠળના અને વિવિધ કોર્સ માટેના કુલ મળીને ૬૦ જેટલા ભવનો-ડિપાર્ટમેન્ટ છે. જેમાં છાશવારે રીપેરિંગ,ગંદકી અને સુરક્ષાને લઈને આવતી ફરિયાદોના નિવારણ માટે ઈન્ચાર્જ કુલપતિ દ્વારા તમામ ભવનો માટે બિલ્ડીંગ ઈન્ચાર્જ અધિકારી નિમવાનો નિર્ણય કરાયો છે.

જેમાં ૬૦ જેટલા વિવિધ ભવનોની દેખરેખ અને સુરક્ષા માટે જવાબદારી અધિકારીઓ અથવા પ્રોફેસરોને બિલ્ડીંગ ઈન્ચાર્જ તરીકે નિયુક્ત કરવામા આવ્યા છે.

જેઓએ સ્વચ્છતા, રિપેરિંગ, રીનોવેશન, સુરક્ષા-સલામતીના કાર્યોની અંગત દેખરેખ રાખવાની રહેશે.આ ઉપરાંત યુનિ.દ્વારા વિદ્યાર્થીઓની ફરિયાદના નિવારણ માટે એન્ડ્રોઈડ એપ્લિકેશન તૈયાર કરવામા આવી છે.

જેમાં ડિસેમ્બરમાં લોન્ચ કરાશે. યુનિ.ના કેમ્પસમાં ભણતા અને હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ તેમની આસપાસની ગંદકી, સિક્યુરિટીને લગતા પ્રશ્નો કે અન્ય કોઈ પણ બાબતે ફોટો પાડીને એપ્લિકેશનમાં અપલોડ કરી ફરિયાદ નોંધાવી શકશે.આ ફરિયાદોના કલેકશન-નિવારણ માટે એક ડેશબોર્ડ ઉભુ કરાશે.

જેનું એક્સેસ એસ્ટેટ વિભાગ,રજિસ્ટ્રાર ઓફિસર અને કુલપતિ ઓફિસમાં રહેશે. જે બાબતની ફરિયાદ હશે તે બાબત માટે સંબંધીત સિક્યુરિટી, હાઉસ કિપિંગ અને સફાઈ એજન્સી કે કોન્ટ્રાક્ટ એજન્સીને પણ ફરિયાદ પહોંચશે અને નિરાકરણ લાવવા નિશ્ચિત સમય અપાશે.

83 83 000 000

thetodaygroup.in

20 YEARS Of Building Navi Mumbai

ONE GLOBAL CELEBRATION

NEW YORK

CELEBRATING IN TSX TIMES SQUARE

LONDON



CELEBRATING IN LEICESTER SQUARE

NEW YORK

CELEBRATING IN NASDAQ

LONDON

CELEBRATING IN OUTERNET

ACTUAL PHOTOGRAPHS

2 decades of trust, growth, and excellence! Together, we've built a remarkable journey, and the best is yet to come.

RAJESH SHAH
CHAIRMAN , TODAY GROUP

Today
BHADRESH & BHAVESH GROUP

SCAN TO WATCH THE GLOBAL CELEBRATIONS

30+ PROJECTS COMPLETED, 7 GROWTH LOCATIONS
1.5 CR. SQ.FT. UNDER DEVELOPMENT

બિલીમોરામાં પ્રથમ સબસ્ટેશનનું કામ પૂર્ણતાના આરે

બુલેટ ટ્રેનને વીજ પુરવઠો પૂરો પાડવા ગુજરાતમાં ૯ સબસ્ટેશન બનાવાશે

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન દોડાવવામા માટે જરૂરી વીજ પુરવઠાનું માળખું તૈયાર કરવાની કામગીરી આગળ વધારવામાં આવી છે. હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ અંતર્ગત ૫૦૮ કિમીના કોરિડોર પર ટ્રેનને સતત વીજળી મળી રહે તે માટે કુલ ૧૪ ટ્રેક્શન સબસ્ટેશન બનાવવામાં આવશે. જેમાં ગુજરાતમાં નવ અને મહારાષ્ટ્રમાં પાંચ સબસ્ટેશન તૈયાર કરાશે. હાલ નવસારી જિલ્લાના બિલીમોરા ખાતે બુલેટ ટ્રેન પ્રોજેક્ટનુ પ્રથમ સબસ્ટેશનનું બાંધકામ અંતિમ તબક્કામાં પહોંચ્યું છે. જેમાં લગાવાયેલા સાધનોનું હાલ પરીક્ષણ શરૂ કરવામાં આવ્યું છે.

અમદાવાદ-મુંબઈ વચ્ચે ૫૦૮ કિલોમીટરના કોરિડોરમાં ૧૪ સબસ્ટેશન બનશે, બિલીમોરામાં વીજ ઉપકરણોનું પરીક્ષણ શરૂ

અમદાવાદ- મુંબઈ વચ્ચે હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ હેઠળ બુલેટ ટ્રેન દોડાવવા માટે વીજળી પૂરી પાડતી વ્યવસ્થા તૈયાર કરવાની કામગીરી તેજ ગતિએ આગળ વધી રહી છે. બુલેટ ટ્રેનના ગુજરાત-મહારાષ્ટ્ર વચ્ચેના ૫૦૮ કિમીના કોરિડોર રૂટ પર ટ્રેનને જરૂરી વીજળી મળી રહે તે માટે બંને રાજ્યોમાં કુલ ૧૪ ટ્રેક્શન સબસ્ટેશન બનાવવામાં આવી રહ્યાં છે. જેમાં ખાસ કરીને ગુજરાતમાં વાપી, બિલીમોરા, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, મહેમદાબાદ, અમદાવાદ અને સાબરમતી ડેપો ખાતે સબસ્ટેશનો બનાવાશે. જ્યારે મહારાષ્ટ્રમાં મુંબઈ, થાણે, વિરાર, બોઈસર અને થાણે ડેપો ખાતે કુલ પાંચ સબસ્ટેશનો તૈયાર કરવામાં આવશે. હાલ નવસારી જિલ્લાના બિલીમોરામાં બનાવવામાં આવી રહેલું બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હેઠળ દેશનું પ્રથમ સબસ્ટેશન લગભગ તૈયાર થઈ ગયું છે. અહીં વીજ ઉપકરણોનું પરીક્ષણ અને તેને કાર્યરત કરવાની કામગીરી ચાલી રહી છે. બાદમાં ટ્રેક્શન ગ્રીડમાંથી વીજળી મેળવી તેને બુલેટ ટ્રેન ચલાવવા યોગ્ય બનાવાશે.

ગુજરાતના સબસ્ટેશનને અંભેઠા ગ્રીડમાંથી વીજળી મળશે

ગુજરાતમાં બનનારા નવેય ટ્રેક્શન સબસ્ટેશનને ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડના ૨૨૦ કેવી અંભેઠા ગ્રીડ સબસ્ટેશનમાંથી વીજળી પૂરી પાડવામાં આવશે. અહીંથી ૨*૨૫ કેવી સિસ્ટમ દ્વારા એલિવેટેડ વાયડક્ટ પર લગાવેલા ઓવરહેડ ઈક્વિપમેન્ટ સુધી વીજળી પહોંચાડવામાં આવશે. આ વ્યવસ્થા હાઈસ્પીડ ટ્રેનની કામગીરી માટે જરુરી વીજ શક્તિ પૂરી પાડશે.

કંટ્રોલ સેન્ટરથી વીજ પુરવઠા પર નજર રખાશે

બુલેટ ટ્રેન કોરિડોરમાં વીજ પુરવઠામાં કોઈ ખામી સર્જાય તો તેની જાણકારી મેળવીને જરૂરી પગલાં લઈ શકાઈ તેમજ ટ્રેનનું સંચાલન સુરક્ષિત રીતે જાળવી શકાય તે માટે સમગ્ર વીજ પુરવઠા નેટવર્કનું મોનિટરિંગ એક કેન્દ્રીય કંટ્રોલ સેન્ટરથી કરવામાં આવશે. આ વ્યવસ્થાથી તમામ સબસ્ટેશન અને વીજ પુરવઠાની સ્થિતિ પર રિયલ ટાઈમમાં નજર રાખી શકાશે.

એક યુવક પાસેથી બેંક એકાઉન્ટની ૩૦ કીટ મળી આવી

અમદાવાદના ૯૮ લાખની ઓનલાઈન છેતરપિંડી કેસમાં ચાર આરોપી ઝડપાયા

અમદાવાદ,શુક્રવાર

શહેરના પશ્ચિમ વિસ્તારમાં રહેતા એક વ્યક્તિને શેરબજારમાં ઝીરો બ્રોકરેજથી રોકાણ કરવાની લાલચ આપીને ૯૮ લાખની છેતરપિંડી કરવાના કેસમાં સંડોવાયેલા ચાર આરોપીઓની અમદાવાદ સાયબર ક્રાઈમ સેલ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. જેમાં વડોદરામાંથી એક અને અમદાવાદમાંથી ત્રણ યુવકોને ઝડપીને બેંકની કીટ અને અન્ય મુદ્દામાલ જપ્ત કર્યો છે. સાથેસાથે દુબઈ કનેકશન પણ સામે આવ્યું છે.

જમાલપુરમાં રહેતો યુવક મ્યૂલ બેંક એકાઉન્ટ એકઠા કરીને દુબઈમાં મોકલતો હતોઃ બેંકની સંડોવણીની પણ શક્યતા

અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં રહેતા એક વ્યક્તિને શેરબજારમાં ઝીરો બ્રોકરેજની ડીલ આપીને તેમને બોગસ એપ્લીકેશન અને સેબીના બનાવટી સર્ટિફિકેટ બનાવીને રોકાણના નામે સારા વળતરની લાલચ આપીને ૯૮ લાખની છેતરપિંડી કરવામાં આવી હતી. આ અંગે સાયબર ક્રાઈમ સેલ દ્વારા ગુનો નોંધીને ટેકનીકલ એનાલીસીસના આધારે તપાસ શરૂ કરી હતી. જેમાં નાણાંકીય ટ્રાન્જેક્શનના આધારે ઈરફાન શેખ (રહે. બાવમપુરા, પાણીગેટ, વડોદરા), સોહેબ જોજાવરવાલા (રહે. રહે. શાલીમાર પાર્ક , ગોરવા, વડોદરા), શેહઝાદ અજમેરવાલા (રહે. મોટી સોદાગરની પોળ, જમાલપુર) અને ઈસ્તિયાક રીયાવાલા (રહે.રૂકનપુરા, જમાલપુર)ની ધરપકડ કરી હતી.

પોલીસને ઈસ્તિયાક પાસેથી ૩૦થી વધુ બેંક એકાઉન્ટની વિગતો મળી આવી હતી. જે મ્યૂલ એકાઉન્ટની વિગતો દુબઈ મોકલતો હતો અને ભારતમાં જમા થતા નાણાં ઓનલાઈન ટ્રાન્જેક્શનથી ક્રિપ્ટોની મદદથી ટ્રાન્સફર કરતા હતા. તેમદ મ્યૂલ બેંક એકાઉન્ટના બદલામાં આરોપીઓ કમિશન મેળવતા હતા.

અમદાવાદમાં દિવાળી સંદર્ભે દિવસમાં બે વાર કચરો એકત્ર કરાશે

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનની હેલ્થ એન્ડ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ મેનેજમેન્ટ કમિટીની આજે બેઠક મળી હતી. જેમાં દિવાળીના તહેવારો સંદર્ભે શહેરમાંથી દિવસમાં બે વખત કચરો એકત્ર કરવાની સૂચના ચેરમેન દ્વારા આપવામાં આવી છે. આ ઉપરાંત જાહેર આરોગ્યને ધ્યાને લઈને ખાદ્ય પદાર્થોના સેમ્પલ વધારે લેવા તેમજ ખાદ્ય તેલના ટીપીસી ટેસ્ટની સંખ્યા વધારવા પણ ફૂડ વિભાગને તાકીદ કરાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, દશેરામાં ફાફડા જલેબી તપાસ મામલે પણ માત્ર કાગળમાં જ મોટાપાયે જાહેરાત કરાઈ હતી.

એક મહિનામાં ૮૮ કેસોનો નિકાલ, ૩૯ નવા ઉમેરાયા

મ્યુનિ.ની કાયદાકીય આંટીઘૂંટી, વિવિધ કોર્ટમાં ૩૮૪૫ કેસ પેન્ડિંગ

અમદાવાદ, શુક્રવાર

અમદાવાદ મ્યુનિ. જાણે કાયમી માટે કાયદાકીય આંટીઘૂંટીમાં અટવાઈ ગયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

આજે મળેલી લીગલ કમિટીની બેઠકમાં રજૂ કરાયેલી વિગતો અનુસાર, સપ્ટેમ્બર મહિનામાં મ્યુનિ. દ્વારા કરાયેલા અને તંત્ર સામે થયેલા ૩૯ નવા કેસ ઉમેરાયા છે. જો કે ૮૮ કેસનો નિકાલ કરાયો હતો. જે પૈકી ૬૬ જેટલા કેસ એસ્ટેટ વિભાગને સંબંધિત હતા. જેમાં કેટલાક કેસ ૫૦ લાખથી એક કરોડનો મિકલત વેરો બાકી હોય તેવા મિલકતધારકો સામેના હતા. બીજી તરફ કેસનો નિકાલ મંથરગતિએ કરાતો હોવાથી હજી ૩૮૪૫ કેસ પેન્ડિંગ છે.

જેમાં સૌથી વધુ ૧૮૯૧ ગુજરાત હાઈકોર્ટમાં, ૧૨૨૧ સિટી સિવિલ કોર્ટમાં, ૨૫૯ લેબર કોર્ટમાં, ૧૬૭ ગ્રામ્ય કોર્ટમાં, ૬૪ મેટ્રોપોલિટન કોર્ટમાં અને ૫૨ સુપ્રિમ કોર્ટમાં પેન્ડિંગ છે. જૂના કેસનો નિકાલ ઝડપથી કરાતો નથી, અને નવા કેસ વધી રહ્યા છે.

વાત વાતમાં

શબ્દો અંગ્રેજી.... સ્વભાવ ગુજરાતી!

આપણે ભલભલા અંગ્રેજી શબ્દો બોલચાલની ગુજરાતીમાં અપનાવી લીધા છે. પરંતુ તમે માર્ક કરજો અમુક અંગ્રેજી શબ્દો ગુજરાતીઓની જીભે ચડ્યા પછી 'સ્વભાવે' પણ ગુજરાતી બની ગયા છે !

* * *

ફ્રી (FREE)

દરેક ગુજરાતીનો સૌથી પ્રિય શબ્દ થોડાં વરસો પહેલાં ત્રણ અક્ષરનો હતો... મ-ફ-ત... ! પણ હવે એ દોઢ અક્ષરનો બની ગયો છે... ફ્રી !

એમાંય હવે 'એક પર એક' ફ્રી મળે છે. બોલો.

* * *

બીપી (B.P.)

થોડાં વરસો પહેલાં આ બે ટુંકાક્ષરી શબ્દનો અર્થ 'બ્લુ-પ્રિન્ટ' થતો હતો. (જાહેરમાં બોલતાં પણ અચકાતા હતા !) પણ જ્યારથી દર ત્રીજા ગુજરાતીને હાર્ટમાં પ્રેશર થવા લાગ્યું ત્યારથી 'બીપી' પુરેપુરો ગુજરાતી શબ્દ બની ગયો છે.

* * *

એટેક (ATTACK)

આર્મીના જવાનો માટે, આતંકવાદીઓ માટે કે ખુદ અંગ્રેજો માટે જે શબ્દનો અર્થ 'હૂમલો' જ થાય છે એનો અર્થ ગુજરાતીઓ માટે એક જ છે : 'હાર્ટ એટેક' !

હવે તો આ શબ્દ આપણા માટે સ્ટેટસ સિમ્બોલ બની ગયો છે ! 'મને તો બબ્બે એટેક આવી ગયા છે, બોલો !'

* * *

પાસ (PASS)

ગરબાના હોય, ક્રિકેટ મેચના હોય, નાટકના હોય કે પેલી કોલ્ડ પ્લેની કોન્સર્ટના હોય... એ આપણને દોઢ અક્ષરવાળા શબ્દ 'ફ્રી'માં જ મળેલા હોવા જોઈએ, તો જ એની વેલ્યુ છે !

અને હલો, 'એટેક' પછી શું આવે ?... 'બાય-પાસ' !

* * *

શુગર (SUGER)

બિચારા અંગ્રેજો પોતાની પ્રેમિકાને કે પત્નીને 'શ્યુગર' કહે છે. જ્યારે આપણે ડાયાબિટીસ જેવી ખતરનાક બિમારીનું મીઠડું નામ 'શુગર' પાડી દીધું છે !

અને હલો, 'શુગર-ફ્રી'માં પણ પેલો દોઢ અક્ષરી 'ફ્રી' તો આવે જ ને ?

* * *

ચેક (CHEQUE)

અચ્છા, બીપી અને શુગરને વારંવાર શું કરવાનું 'ચેક' (CHECK) ! અને પેમેન્ટમાં શું વધારે સારું ? 'ચેક' કે 'કેશ' ? બ્લેક કે વ્હાઈટ ?

જોયું ? વધુ બે શબ્દો પાકા ગુજરાતી નીકળ્યા !

- મન્નુ શેખચલ્લી

હુક્કા અને નિકોટીનયુક્ત ફ્લેવરનો જથ્થો જપ્ત કરાયો

ઝુંડાલમાં કાફેની આડમાં ધમધમતા હુક્કાબારમાં દરોડો

અમદાવાદ,શુક્રવાર

શહેરના ઝુંડાલ ગરનાળા પાસે કાફેની આડમાં ચાલતા હુક્કાબાર પર દરોડો પાડીને હુક્કા, નિકોટિનયુક્ત ફ્લેવર સહિતનો મોટો જથ્થો જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી કરી છે. આ હુક્કાબારમાં સ્થાનિક પોલીસની સંડોવણીને લઈને સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

ત્રણ ગણા નાણાં વસુલીને હુક્કાની વ્યવસ્થા કરાતી હતીઃ સ્થાનિક પોલીસની સંડોવણી અંગે તપાસ

ઝુંડાલમાં માધવ પાર્ટી પ્લોટની બાજુમાં આવેલા ચેરીસ કાફેની આડમાં મોટા પ્રમાણમાં હુક્કાબાર ચલાવવામાં આવતું હોવાની બાતમી સ્ટેટ મોનીટરીંગ સેલના અધિકારીઓને મળી હતી. જેના આધારે ગુરૂવારે સાંજના સમયે દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં પોલીસને કાફેનો મેનેજર અબ્દુલ શેખ (રહે.સરખેજ) અને કાફેમાં રહીને નોકરી કરતા ચાર યુવકો મળી આવ્યા હતા.

તપાસ દરમિયાન પોલીસને કાફેમાં બનાવેલા ચોક્કસ હિસ્સામાં ૧૦થી વધારે હુક્કા, વિવિધ ફ્લેવર સહિતનો મુદ્દામાલ મળી આવ્યો હતો.

વધુ તપાસમાં જાણવા મળ્યું હતું કે ચેરીસ કાફેના સંચાલક બહારથી આવતા ખાસ ગ્રાહકો પાસેથી બે થી ત્રણ ગણી કિંમત વસુલીને હુક્કાની વ્યવસ્થા કરતા હતા.

આ હુક્કાબારના ગેરકાયદે સંચાલનને સ્થાનિક પોલીસ સંડોવણીની શક્યતાને આધારે મોનીટરીંગ સેલ દ્વારા સમગ્ર મામલે તપાસ શરૂ કરવામાં આવી છે.

રાજકોટમાં સૌરાષ્ટ્ર ઝોનની ખાનગી શાળાઓનાં મહાસંમેલનમાં લડતનો નિર્ણય

રાજ્યની ૧૭ હજાર ખાનગી શાળાઓના પડતર પ્રશ્નો નહીં ઉકેલાય તો આંદોલન

રાજકોટ, શુક્રવાર

રાજ્યની ૧૭ હજાર ખાનગી શાળાઓના લાંબા સમયથી પડતર પ્રશ્નોનો નિકાલ નહીં થતા આજરોજ રાજકોટમાં સૌરાષ્ટ્ર ઝોનના ૧૦ જિલ્લાના શાળા સંચાલકોના મહાસંમેલનમાં રાજ્ય સરકાર સામે લોકશાહી પ્રણાલી મુજબ લડતના મંડાણ કરવાનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો હતો. દિવાળી બાદ ખાનગી શાળાના પ્રશ્નો ઉકેલવા માટે રાજ્ય સરકારને રજૂઆત કર્યા બાદ ઉકેલ નહીં આવે તો તા. ૯ અને ૧૦ ડીસે.ના રાજ્યવ્યાપી ખાનગી શાળાઓ બંધ રાખવાનું એલાન આપવામાં આવ્યું હતું.

સરકારમાં દિવાળી બાદ રજૂઆત પછી નક્કર ઉકેલ નહીં આવે તો આગામી તા. ૯ અને ૧૦ ડીસે.ના રાજ્યવ્યાપી શાળા બંધનું એલાન

સમગ્ર રાજ્યની સ્વનિર્ભર શાળાઓના પડતર પ્રશ્નો અંગે અગાઉ અનેકવખત સરકારમાં રજૂઆત કરવામાં આવી હોવા છતાં રાજ્યની ચારે'ય ફિ નિર્ધારણ સમિતિઓની નિર્ણય પ્રક્રિયામાંથી વિસંગતતાઓ દૂર કરવામાં આવી નથી. ફિ નિર્ધારણની દરખાસ્તોના નિકાલમાં વિલંબ થાય છે. બિનજરૂરી સરકારી નિયંત્રણો, શાળાઓની સ્વાયતતા અને વધુ પડતાં સરકારી હસ્તક્ષેપને દૂર કરવા સહિતના પ્રશ્નો અંગે ઉકેલ આવ્યો નથી. રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ જે વિદ્યાર્થીઓને ખાનગી શાળામાં પ્રવેશ આપવામાં આવે છે. તેની સરકાર માત્ર ટોકન ફી ચુકવે છે. વાસ્તવિકતા ખર્ચ ઘણો મોટો હોય છે. શાળાની મંજૂરી, વર્ગવધારો, જેવી બાબતોમાં મોડુ થાય છે. આ સ્થિતિમાં સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના અધ્યક્ષ જતીનભાઈ ભરાડે જણાવ્યું હતું કે ખાનગી શાળાઓ દરેક પ્રશ્નોને સહકારથતી ઉકેલવા ઈચ્છે છે તેથી દિવાળી બાદ ગાંધીનગર ખાતે સરકારમાં રજૂઆત કરાશે તેમ છતાં નક્કર ઉકેલ નહીં આવે તો તા. ૯ અને તા. ૧૦ ડીસે.ના રાજ્યવ્યાપી બે દિવસ શાળા બંધ રાખી લડતને આગળ વધારવાની રણનીતિ જાહેર કરવામાં આવશે.

દ.ગુજરાત ઉપર સાયક્લોનિક સર્ક્યુલેશન,રાજ્યમાં ત્રિવિધ ઋતુ

સૌરાષ્ટ્રમાં માવઠાં : ખાંભામાં વીજળી પડતા મહિલાનું મોત, પાકને નુક્શાન

રાજકોટ,શુક્રવાર

દેશમાં એક તરફ છત્તીસગઢ અને મધ્યપ્રદેશ ઉપર વાવાઝોડાના અવશેષ જેવું લો પ્રેસર, પંજાબ ઉપર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને આજે સવારે દક્ષિણ ગુજરાત ઉપર સમુદ્ર સપાટીથી ૯૦૦ મી. ઉંચાઈએ હવાનું સાયક્લોનિક સર્ક્યુલેશન સહિત સીસ્ટમની અસરથી એક માસ સાવ કોરો વિત્યા બાદ અને ૨૫ દિવસ પહેલા ચોમાસાએ વિદાય લીધા બાદ આજે સૌરાષ્ટ્રમાં હવામાન પલટાયું હતું અને રાજકોટ,અમરેલી અને જૂનાગઢ જિલ્લામાં તેમજ પોરબંદર,કોડીનાર સ્થળે માવઠાં વરસ્યા હતા. ખાંભા તાલુકાના સકરાવા ગામે ખેતમજુરી કરતા ૬૦ વર્ષીય માધુબેન આતુભાઈ મકવાણા ઉપર અચાનક વિજળી પડતા તેમનું મોત નીપજ્યું હતું. સૌરાષ્ટ્રમાં જ્યાં અચાનક માવઠાં વરસ્યા ત્યાં કપાસ,મગફળી,સોયાબીન સહિતના તૈયાર કૃષિપાક ભીંજાતા તેને નુક્શાન થયાના અહેવાલો મળ્યા છે. જૂનાગઢ શહેર-તાલુકામાં આજે રાત્રે કમોસમી વરસાદ વરસ્યો હતો. જ્યારે વિસાવદરમાં ધોધમાર દોઢ ઈંચ તથા ભેસાણ તાલુકામાં એક ઈંચ અને મેંદરડા સહિત વિસ્તારોમાં વરસાદી ઝાપટા વરસ્યા હતા.અમરેલી જિલ્લામાં ખાંભા,બગસરા, કુંકાવાવ, વડિયા તાલુકા સહિત જિલ્લામાં કમોસમી વરસાદ ખાબક્યો હતો. ખાંભા ગીર વિસ્તાર તથા બગસરા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદથી શેરીઓ અને બજારોમાં પાણી વહેતા થયા હતા. મગફળી,સોયાબીન, કપાસ સહિત પાક પલળ્યાના અહેવાલો છે. કોડીનાર તાલુકાના આલીદરમાં તીવ્ર પવન અને વિજળીના કડાકા સાથે ભારે વરસાદ ખાબક્યો હતો અને આશરે એક ઈંચ વરસાદ વરસી ગયાનુ જણાવાયું છે. ખેતરોમાં તૈયાર પાકને નુક્શાન થયું છે. આઉપરાંત આજે સાંજે પોરબંદર શહેર તથા રાણા કંડોરણા અને બિલેશ્વરમાં તેમજ કોડીનારના વલીદર, સાંઢણીધાર, પાવટી, કંટાળા, અરણેજ, ઘાટવડ સહિત ગામોમા પણ ઝાપટાં વરસ્યા હતા.

ED દ્વારા સલીમખાન પઠાણ સહિત પાંચ જણાં વિરૂધ્ધ કોર્ટમાં ફરિયાદ

અમદાવાદ,શુક્રવાર

ગુજરાત સ્ટેટ વક્ફ બોર્ડ હેઠળ નોંધાયેલા જમાલપુરમાં આવેલા બે ચેરિટેબલ ટ્રસ્ટો કાચની મસ્જિદ ટ્રસ્ટ અને શાહ બડા કાસમ ટ્રસ્ટની મિલકતોના ગેરકાયદેસર વહીવટ અને કબજા મામલે અમદાવાદ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા અમદાવાદ (ગ્રામ્ય) કોર્ટમાં સલીમખાન જુમ્માખાન પઠાણ, સાહિદહમદ યાકૂબભાઈ શેખ, મોહમ્મદ યાસર અબ્દુલ્લા મિયાં શેખ, ફૈઝમોહમ્મદ પીરમહોમ્મદ ચોબદાર અને મહમૂદખાન જુમ્માખાન પઠાણની સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

કંપનીના સંચાલકોની જાણ બહાર ડીમેટમાં લોગઈન કરીને

મકરબામાં બ્રોકર કંપનીના ઈન્વેસ્ટમેન્ટ મેનેજરે રૂ.૧૭ કરોડની ઉચાપત કરી

અમદાવાદ,શુક્રવાર

શહેરના મકરબા વિસ્તારમાં આવેલી એક કંપનીમાં નોકરી કરતા સિનિયર ઈન્વેસ્ટમેન્ટ મેનેજરે કંપનીના ડીમેટ એકાઉન્ટમાંથી કંપનીના સંચાલકોની જાણ બહાર લોગ ઈન કરીને ૯૭ લાખની કિંમતના શેરનું ટ્રેડિંગ અને કેટલીક મિલકતોનું વેચાણ કરીને કુલ ૧૭ કરોડ જેટલી માતબર રકમની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ આર્થિક ગુના નિવારણ શાખામાં નોંધવામાં આવી છે.

ડીમેટ એકાઉન્ટમાં લોગ ઈન કરીને મોટા પ્રમાણમાં શેરનું ટ્રેડિંગ અને મિલકતોનું વેચાણ કરી પલાયન થઈ ગયો

વસ્ત્રાપુરમાં રહેતા હર્ષ ઠક્કરે નોંધાવેલી ફરિયાદની વિગતો એવી છે કે તેમની કંપની એરોન ઈન્સ્યોરન્સ બ્રોકર્સ લીમીટેડમાં સિનિયર ઈન્વેસ્ટમેન્ટ મેનેજર તરીકે કામ કરતા કપિલ કિડેચા (રહે.ઉપવન રેસીડેન્સી, ચાંદખેડા) ગત ૧૬મી મે બાદ શંકાસ્પદ રીતે લાપતા થઈ ગયો હતો અને તેનો મોબાઈલ સ્વીચ ઓફ આવતો હતો. તેમજ ઘરે મળી આવ્યો નહોતો. બીજી તરફ કંપનીના અધિકારીઓને જાણવા મળ્યું હતું કે તેણે તેમના ઉચ્ચ અધિકારીઓની પરવાનગી વિના ઝેરોધા ડીમેટ એકાઉન્ટમાંથી કુલ ૯૭ લાખની કિંમતના શેરનું ટ્રેડિંગ કરીને ઠગાઈ કરી હતી. તેમજ કંપની મિલકતોનું પણ વેચાણ કરી દીધું હતું. જેથી ઓડિટ કરવામાં આવતા છેતરપિંડીનો કુલ આંક ૧૭ કરોડ સુધી પહોંચ્યો હતો. આ અંગે આર્થિક ગુના નિવારણ શાખામાં ફરિયાદ નોંધવામાં આવતા પોલીસે અલગ અલગ ટીમ બનાવીને તપાસ શરૂ કરી છે.

ઉચ્ચ વર્ગ માટે વધારાના પૈસા ચૂકવાના રહેશે

રેલ કર્મીઓને રાજધાની, દુરંતોમાં હાયર ક્લાસમાં મુસાફરીની છૂટ

અમદાવાદ, શુક્રવાર

રેલવે કર્મચારીઓ, નિવૃત્ત કર્મચારીઓને મળતા મફત મુસાફરીના પાસ અંગે રેલવે બોર્ડે મહત્વની સ્પષ્ટતા કરી છે. હવે આ પાસના આધારે રાજધાની, દુરંતો અને શતાબ્દી જેવી પ્રીમિયમ ટ્રેનોમાં પણ પાસમા મળેલી પાત્રતા કરતાં ઊંચા વર્ગમાં મુસાફરી કરી શકાશે. આ માટે મુસાફરે પોતાના પાસમાં મળતા વર્ગ કરતાં ઉપરના વર્ગમાં જવું હોય તો માત્ર વધારાનું ભાડૂં ચૂકવવાનું રહેશે.

અત્યાર સુધી રેલવે કર્મચારીઓ અને નિવૃત કર્મચારીઓમાં એવી મૂંઝવણ હતી કે મફત મુસાફરીના પાસ પર પ્રીમિયમ ટ્રેનોમાં ઊંચા વર્ગની ટિકિટ માટે વધારાનું ભાડું ચૂકવી શકાય કે નહીં. જે બાબતે રેલવે બોર્ડે સર્વન્ટ્સ પાસ રૂલ્સ, ૧૯૮૬ હેઠળ આ અંગે હવે સ્પષ્ટતા કરી છે. જેમાં પ્રિવિલેજ પાસ, નિવૃતિ બાદ મળતા કોમ્પલિમેન્ટરી પાસ અને વિધવા પાસ ધરાવતા લોકોને આ સુવિધા પ્રાપ્ત થશે. જેમકે, કોઈ કર્મચારીને પાસમાં સ્લીપર વર્ગમાં મુસાફરીની પાત્રતા હોય અને તે રાજધાનીમાં થર્ડ એસીમાં જવાં માગતો હોય તો બંને વર્ગના ભાડા વચ્ચેનો તફાવત ચૂકવીને મુસાફરી કરી શકશે.

બેસણું



બેસણું

સ્વ. **શ્રી વિપુલભાઈ શાહ** (શેરબ્રોકર) શુક્રવાર તા. ૩૦.૧૦.૨૦૨૬ ના રોજ અરિહંત શરણ થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૩૧-૧૦-૨૦૨૬ શનિવારના રોજ સવારે ૮.૩૦ થી ૧૦.૩૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ :- (GICEA) નિર્માણ ભવન (ગજ્જર હોલ) લો ગાર્ડન પાસે, અમદાવાદ.

પિયુષાબેન વિપુલભાઈ શાહ

ટવીન્કલ સુજલભાઈ શાહ	**સુજલ ગૌતમભાઈ શાહ**
પૂજા મૃણાલભાઈ શાહ	**મૃણાલ તરૂણભાઈ શાહ**
દિયા	**પીહુ**

પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

સ્વ. ચીમનલાલ જેમલભાઈ શાહ તથા પરિવાર

(સફેદ વસ્ત્રો પહેરવા નહીં)

બેસણું



સ્વ. નરેશભાઈ બાબુભાઈ અમીન

દુઃખદ અવસાન

બેસણું



દુઃખદ અવસાન

સ્વ. મનન પરીખ

પાંચમી વાર્ષિક પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ

સ્વ. કીર્તિકુમાર લાલભાઈ શાહ

બેસણું - વિશાનીમા મહુધા અમદાવાદ

(એક્સ P&SB બેંક)

બેસણું

ચિ. રિતેશ (પપ્પુ) નરેન્દ્રભાઈ દવે

બેસણું



મહેન્દ્રભાઈ ચંદુલાલ દોશી (કપડવંજવાળા)

નવાયા ગેઝેટા (નવું અખબાર) હવે ભૂતકાળ બની જશે

સરકારી દબાણ વધતા રશિયાનું ૩૦ વર્ષ જૂનું અખબાર બંધ થશે

મોસ્કો, તા. ૩૦

રશિયન સરકારના દબાણને પગલે રશિયાનું ટોચનું સમાચારપત્ર નવાયા ગેઝેટાએ બંધ કરવાની જાહેરાત કરી છે. ત્રણ દસકાથી વધુ સમય સુધી આ સમાચારપત્ર સ્વતંત્ર રીતે ખોટી નીતિઓ સામે રિપોર્ટિંગ કરતું રહ્યું છે. જોકે અંતે તેને બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

અખબારના છ પત્રકારોની હત્યા, પૂર્વ તંત્રી અને શાંતિનો નોબેલ મેળવનાર પુરાટોવ પર હુમલો થયો હતો

સમાચારપત્રમાં પ્રકાશિત એક અહેવાલમાં જાહેરાત કરવામાં આવી છે કે રશિયન સરકારે અમારી હત્યા કરી છે. ૯ નવેમ્બરથી સમાચારપત્ર પ્રકાશિત કરવાનું બંધ કરી રહ્યા છીએ, રશિયન સરકાર અને રશિયન સિક્યોરિટી સર્વિસે અમારી તંત્રી ટીમને પ્રકાશન બંધ કરવા માટે મજબુર કરી દીધા છે. આ જાહેરાત બાદ રશિયન સરકાર દ્વારા કોઇ જ નિવેદન જાહેર કરવામાં આવ્યું નથી.

સોવિયેત યુનિયનના પૂર્વ પ્રમુખ મિખાઇલ ગોર્બોચેવની મદદથી ૧૯૯૩માં નવાયા ગેઝેટા લોન્ચ કરવામાં આવ્યું હતું. આ એક સ્વતંત્ર સમાચારપત્ર હતું કે સરકારની ખોટી નીતિઓને જાહેર કરવા માટે જાણીતું હતું. યુક્રેન પર રશિયાએ હુમલો કર્યો તે બાદથી રશિયામાં લગભગ તમામ સ્વતંત્ર અખબારો અને વેબસાઇટને સરકારે બંધ કરી દીધા છે.

નવાયા ગેઝેટા રશિયાનું અંતિમ સ્વતંત્ર અખબાર છે જેને નવે નવમી તારીખે બંધ કરી દેવામાં આવશે. આ સમાચારપત્રના છ પત્રકારોની હત્યા કરી દેવામાં આવી છે. આ સમાચારપત્રના સાચા પત્રકારોને વિદેશી એજન્ટ જાહેર કરીને તેમને બદનામ કરવાનો પ્રયાસ થયો, ૨૦૨૧માં શાંતિનો નોબેલ મેળવનારા મિટ્રી મુરાટોવ આ સમાચારપત્રના લાંબા સમયથી એડિટર ઇન ચીફ હતા, તેમના પર હુમલો થયો હતો. રશિયન શબ્દ નોવાયા ગેઝેટાનો અર્થ થાય છે નવુ અખબાર જે હવે ભૂતકાળ બની જશે.

ઝારખંડના પાવર પ્લાન્ટ કેસમાં ઈડીના કોલકાતામાં ૮ સ્થળે દરોડા

પ.બંગાળમાં અનેક સ્થળોએ એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટની ટીમે દરોડા પાડ્યાં છે. આ દરોડા નાદારીની કાર્યવાહીના કથિત દુરુપયોગ સાથે સંકળાયેલ મની લોન્ડરિંગ કેસની તપાસના ભાગરુપે પાડવામાં આવ્યાં છે.આ તપાસ ગુનામાથી મળેલી રકમ ના શંકાસ્પદ ઉપયોગ અને નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ સમક્ષની કાર્યવાહીના કથિત દૂરઉપયોગ પર કેન્દ્રિત છે. ઝારખંડમા પાવર પ્લાન્ટ માટે લેવામા આવેલી લોનની રકમ કથિત રીતે કોલકાતામા વાળવામા આવેલી હોવાના મામલે કુલ આઠ સ્થળે દરોડા પાડવામાં આવ્યાં છે. આ કેસમાં ખાસ બે ચાર્ટડ એકાઉન્ટન્ટની ભૂમિકાની તપાસ કરવામાં આવી રહી છે.

એચઆરે કોપીપેસ્ટની ભૂલ પકડી લીધી

એઆઈ પાસે રજાચિટ્ઠી લખાવી પણ કોપીપેસ્ટમાં ભૂલ કરી !

નવી દિલ્હી, તા.૩૦

નોકરીમાં રજા લેવી હંમેશા અઘરી હોય છે. તેથી જો રજા લેવાની આગવી લાક્ષણિકતા ન હોય તો રજા મેળવવી પણ અઘરી પડે છે. તમે રજા લેવા માટે બીમાર હોવ કે ન હોવ પરંતુ સારો મેઈલ લખીને બોસ તથા એચઆરને સંતુષ્ટ કરી શક્યા તો રજા પાક્કી, પરંતુ એક જણે રજા લેવાની ચિટ્ઠી લેવા માટે એઆઈની મદદ લીધી,

માંદગીમાં આરામ માટે રજા લેવા જતાં કાયમ માટે રજા માંગી લીધી

એઆઈએ મેઈલનો ડ્રાફ્ટ તો તૈયાર કર્યો, પરંતુ તેની સાથે તેણે કરેલી રિકવેસ્ટ પણ રજા લેનારી કોપી કરીને મેઈલમાં પોસ્ટ કરી દીધી અને મેઈલ કરી પણ દીધો. અહીં આવી જે એક પોસ્ટનો સ્ક્રીનશોટ છે, જે પહેલી નજરે તો સામાન્ય લાગે છે, તેમા કહેવાયું છે કે મેઈલ કરનાર વ્યક્તિ બીમાર છે અને તેથી તેને બેથી ત્રણ દિવસ રજા જોઈએ. ડોક્ટરે તેને આરામની સલાહ આપી હતી. પરંતુ હવે અહીં જ મોટો વળાંક આવે છે. આ પ્રકારનો પત્ર મેઈલ કરવા માટે લખાવવા દરમિયાન તે વ્યક્તિએ તે પણ કોપી કરી લીધું જે કોપી કરવાનું ન હતું. બસ આ તેની કોપી પેસ્ટની આદતે તેની પોલ ખોલી દીધી. આ શખ્સને એઆઈએ મેઈલ લખાવ્યા પછી પૂછ્યુ હતું કે તમે બીમાર તો છો નહી, તમે કહો તો બીજું કંઈક લખી દઉ. આ પોસ્ટને વાંચનારા કર્મચારીઓ તેને કર્મચારીની મોટી ભૂલ માને છે. એક યુઝરે તો ત્યાં સુધી જણાવ્યું કે આ માંદગીની રજાની નહીં પણ નોકરીમાંથી કાયમ માટે રજા લેવાની અરજી છે.

જ્યારે બીજાએ લખ્યું કે આ તો

વિવાદ વચ્ચે યુવા વકીલોને અલ્લાહાબાદ હાઈકોર્ટની સલાહ

સોશિયલ મીડિયા લાઈક્સ વધારવા નહીં કારકિર્દી પર ધ્યાન આપો : હાઈકોર્ટ

પ્રયાગરાજ, તા. ૩૦

અલ્લાહાબાદ હાઈકોર્ટે યુવા વયના વકીલોને સલાહ આપતા કહ્યું હતું કે તેમણે સોશિયલ મીડિયા પર લાઈક્સ વધારવા પર ધ્યાન આપવાના બદલે પોતાની કારકિર્દી પર ધ્યાન આપવું જોઈએ. હાઈકોર્ટની કામગીરી પર યુવા વયના વકીલોએ સોશિયલ મીડિયા પર કેટલીક પોસ્ટ કરી હતી જેને લઈને આ ટિપ્પણી કરવામાં આવી હતી.

વકીલો સોશિયલ મીડિયા પર હાઈકોર્ટ અંગે પોસ્ટ કરી રહ્યાની જાણ થતા જજ અરુણ કુમારની ટકોર

અલ્લાહાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ અરુણ કુમારે અવલોકન કરતા કહ્યું હતું કે યુવા વયના વકીલોએ કેસોની તૈયારી કરવા પોતાની કારકિર્દીને આગળ લઇ જવા અને વાંચન પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ નહીં કે સોશિયલ મીડિયા પર લાઇક્સ વધારવા પર. મોટા ભાગના જજો અને સીનિયર વકીલો યુવા વયના વકીલો માટે સારુ વાતાવરણ તૈયાર કરવા પ્રયાસ કરી રહ્યા છે. કેમ કે યુવા વયના વકીલો હાઇકોર્ટનું ભવિષ્ય છે. તેઓ ભવિષ્યમાં વરીષ્ઠ વકીલ કે જજ બનશે.

તાજેતરમાં અલ્લાહાબાદ હાઇકોર્ટમાં જજ અજય ભનોટની વકીલ સામેની એક ટિપ્પણીને કારણે વકીલો વિફર્યા છે અને વિરોધ પ્રદર્શનો કરી રહ્યા છે એવા સમયે વકીલો સોશિયલ મીડિયા પર હાઇકોર્ટ અંગે પોસ્ટ કરી રહ્યા છે. મંગળવારે બાર એસોસિએશને જજ અજય ભનોટ સામે કાર્યવાહીની માગ કરી હતી નહીં તો તેમની કોર્ટમાં કોઇ વકીલ હાજર નહીં રહે તેવી ચેતવણી આપી હતી.

ગુજરાત સમાચાર ક્લાસિફાઈડ્સ

ટચુકડી જાહેરખબર CLASSIFIEDS Call : 8799236001/2/3

નોકરી વિષયક ટચુકડી જાહેરખબર

સેલ્સ માર્કેટીંગ — સેલ્સ એક્ઝિક્યુટીવ

જોઈએ છે સેલ્સ એક્ઝીક્યુટીવ, ફ્રેશર, ગોડાઉન માટે, ચાંદલોડીયામાં. Mo. 9824310198

જોઈએ છે એક્ઝીક્યુટીવ કેમિકલ ક્ષેત્રે ફિલ્ડ વર્ક/ માર્કેટિંગ કરી શકે તેવા અનુભવી/ ફ્રેશર્સ. સેટેલાઈટ, અમદાવાદ. 7878797611

સ્ટાફ — એકાઉન્ટ

જોઈએ છે દેશી એકાઉન્ટ લખવા માટે એકાઉન્ટન્ટ, સાડીના શોરૂમ માટે, રૂબરૂ મળો- શાંતા સિલ્ક પેલેસ, 5, અગ્રવાલ ટાવર, ગુરુકુળ ચાર રસ્તા, સોલા રોડ, અમદાવાદ.

Require Accountant (Freshers can also apply) for CA. firm at Navrangpura. 9825944848

Required: Accounts Executive At Narol For Reputed Garment Manufacturing Unit: B. Com With 2- 3 Year Experience, Below 40 Years Age Preferred, MIS/ Computer Basic Word, Excel Knowledge Is Must. Send Your Resume To: accounts@chanemerchants.com/ 9879278100

ઓફિસસ્ટાફ

જોઈએ છે યુવક, બીલીંગ તથા ડિસ્પેચ માટે, કોમ્પ્યુટર જાણકાર, 9825576109

જોઈએ છે અનુભવી મહિલા, પાર્ટ ટાઈમ ઓફિસ માટે, પાલડી વિસ્તારમાં, સમય- સવારે 9.00થી 1.00, સંપર્ક- 9313165527

જોઈએ છે ઓફિસ સ્ટાફ, વેરહાઉસના કામ માટે, પોતાનુ વાહન ફરજિયાત, નારોલ 9831433374

જોઈએ છે. લેડીઝ સ્ટાફ (ઉંમર 25થી 40) રાયપુર અને આશ્રમરોડ એડવોકેટની ઓફિસ માટે. 9374465666

જનરલ

જોઈએ છે ભાઈ / બહેન, સોલ્ડરિંગ કામના અનુભવી, વટવા GIDC સ્થિત ઈલેક્ટ્રોનિક્સ કંપની માટે- સંપર્ક- 98989 96306

જોઈએ છે સ્ટાફ, સ્ટેશનરી દુકાનમાં કામ કરવા માટે સારા પગારે. M. 9898726139.

Requirement For Stock Broking Company (1) Back Office Person (2) Relationship Manager (3) Tele Caller. Fresher can also apply. Send CV to: ravindrashah@bpwealth.com, Contact: 9327124976, 9327990401. Stoxbox, 501/502, Abhijit -3, Above Pantaloon Show Room, Near Mithakhali Six Road, Ahmedabad.

મેડીકલ — ડોક્ટર-નર્સ

Require- Receptionist and Nursing Staff For Hospital, Location: Opp Manav Mandir, Memnagar, Contact: 9925842977

ટેકનીકલ — જનરલ

જોઈએ છે ઓટોમોબાઈલ મોબિલ ફિટર, અનુભવ- 3થી 5 વર્ષ, હર્ષ એન્જિનિયરિંગ. 9184006922

કોમ્પ્યુટર — કોમ્પ્યુટર ઓપરેટર

જોઈએ છે 10 કોમ્પ્યુટર ઓપરેટરો પુરુષો અજંતા કોમ્પલેક્ષ ઈન્કમટેક્ષ 9429691974

ઓટોકેડ

જોઈએ છે અનુભવી ઓટોકેડ ડિઝાઈનર, ગીયરબોક્ષ બનાવતી કંપનીને, ઉંમર- 22થી 40, આકર્ષક પગાર. 9328735215

જનરલ

Required Person For Data Entry, Full time in Bapunagar. Salary 12000 9898143745

જનરલ — ગૃહ કાર્ય

Required Female Cook/ helper for a trustworthy and experienced for a family of 4 person in California. Must hold valid US Green card or valid tourist visa. Please call Varshaben on 9537925426.

જોઈએ છે ઘરકાં બા/ દાદાને સાચવવા માટે બહેનો/ ભાઈઓ દિવસ માટે કાયમી ધોરણે, અમદાવાદમાં. 9904809959, 9904809987

પ્રાઈમ પ્રોપર્ટી ટચુકડી જાહેરખબર

આશ્રમરોડ — વેચવાનું છે

For Sale Flat 2 B H K in Usmanpura, Ashramroad. Rohit Makhija 9879433643

સી.જી. રોડ — ભાડે આપવાનું છે

ભાડે આપવાની છે ઓફિસ ફુલી ફર્નિશ્ડ 300 Sq. Ft સીજી રોડ 9824550073

નવરંગપુરા — વેચવાનું છે

વેચવાનો છે. બંગલો 4 B H K, 119 ચોરસ ફૂટ, વિજયવિહાર સોસાયટી, વિજય ચારરસ્તા, નવરંગપુરા Mobile: 7977949236.

આંબાવાડી — વેચવાનું છે

વેચવાનો છે ફ્લેટ 3 બી. એચ. કે પંચવટી સર્કલ પાસે, આંબાવાડી. 8160469889- 9925074211

પાલડી — ભાડે આપવાનું છે

ભાડે/ વેચાણ આપવાનો છે ફ્લેટ 2 બેડનો પાલડી બ્રોકર 9327655864

વાસણા — ભાડે આપવાનું છે

ભાડે આપવાની છે દુકાન, વાસણા- બેરેજ રોડ, ગ્રાઉન્ડ ફ્લોર, પ્રાઈમ લોકેશન, મેડીકલ સ્ટોર લાયક- 9712218647

વેચવાની છે

હંમેશ આઈસ્ક્રીમની નફો કરતી ૧૨ વર્ષ જૂની ચાલુ ફેકટરી

ગોમતી - સુભાષ

M : 9824012358

M : 9426724856

સરખેજ — ભાડે આપવાનું છે

ભાડે આપવાની છે દુકાન રોડટચ 550 ફૂટ કાર્પેટ શિવમ એસ્ટેટ ઉજાલા સર્કલ સરખેજ 9427710268

સેટેલાઈટ — વેચવાનું છે

For Sale Shop 1st floor 1200 sq ft carpet Prenatirth Derasar main Road Satellite 9825009319

વેચવાનો છે, ફ્લેટ, 3 બેડરૂમનો, ફર્નિશ્ડ, 1044 Sq. Ft. કાર્પેટ, પ્રેરણાતીર્થ દેરાસર, સેટેલાઈટ- 9428599223, 9427959468

નારણપુરા — ભાડે આપવાનું છે

ભાડે/ વેચાણ આપવાનો છે ફ્લેટ 4 બેડનો નારણપુરા બ્રોકર 9327655864

સાયન્સસીટી — ભાડે આપવાનું છે

ભાડે આપવાનો છે ફ્લેટ અન ફર્નિશ્ડ science city gruhsetu Realty 9974686655

મણિનગર-ઘોડાસર — વેચવાનું છે

For Sale Duplex, Ghodasar Ahmedabad - Contact - 98247 45664

પ્રોપર્ટી જનરલ — વેચવાનું છે

વેચવા નો છે ખુલ્લો પ્લોટ, 875 સ્કે. ફીટ, મોજે કમોડ .જીલ્લો- અમદાવાદ એસ. પી. રીંગ રોડ ટચ તથા પાલડી ના રોડ ટચ, ગાય સર્કલ નજીક- હોટલ, શો રૂમ, ગોડાઉન બેંક અને બોક્સ ક્રિકેટ લાયક, આશરે 120 ફૂટ ફ્રન્ટેજ વાળો. મો. 82383 83223

અર્જન્ટ વેચવાનો છે પ્લોટ 5000 વાર રોડ ઉપરનો સ્વતંત્ર કેલાણીયા 9574000935

વેચવાનો છે પ્લોટ 800 વાર ઈમેરેલ્ડ ગ્રીન શિલ્પગ્રામ 3ની પાછળ સાંતેજ 9825095505

વેચવાનો છે બંગલો 5 B H K, પ્લોટ- 483 Sq. Yd, બાંધકામ- 536 Sq. Yd, કાકિન્દ્રા, અમદાવાદ. 9512012006

વેચવાનો છે બંગલો 5 B H K, પ્લોટ- 700 Sq. Yd, બાંધકામ- 767 Sq. Yd, કાકિન્દ્રા, અમદાવાદ. 9909076276.

વેચવાનો છે બંગલો 3 B H K, પ્લોટ- 138 Sq. Yd, બાંધકામ- 223 Sq. Yd, કાકિન્દ્રા, અમદાવાદ. 9978078022.

વેચવાનો છે બંગલો 4 B H K, પ્લોટ- 342 Sq. Yd, બાંધકામ- 444 Sq. Yd, કાકિન્દ્રા, અમદાવાદ. 9978078023.

વેચવાનો છે બંગલો, 5 B H K પ્લોટ- 381 Sq. Yd, બાંધકામ- 537 Sq. Yd, કાકિન્દ્રા, અમદાવાદ. 9978078023.

વેચવાનો છે બંગલો 5 B H K, પ્લોટ- 618 Sq. Yd, બાંધકામ- 573 Sq. Yd, કાકિન્દ્રા, અમદાવાદ. 9512012005.

વેચવાનો છે બંગલો 5 B H K, પ્લોટ- 926 Sq. Yd, બાંધકામ- 767 Sq. Yd, કાકિન્દ્રા, અમદાવાદ. 9909076276.

વેચવાનો છે બંગલો 5 B H K, પ્લોટ- 650 Sq. Yd, બાંધકામ- 573 Sq. Yd, કાકિન્દ્રા, અમદાવાદ. 9512012005.

વેચવાનો છે બંગલો 3 B H K, પ્લોટ- 187 Sq. Yd, બાંધકામ- 253 Sq. Yd, કાકિન્દ્રા, અમદાવાદ. 9978078022.

વેચવાનો છે બંગલો 4 B H K, પ્લોટ- 264 Sq. Yd, બાંધકામ- 382 Sq. Yd, કાકિન્દ્રા, અમદાવાદ. 9512345275.

ભાડે આપવાનું છે

ભાડે આપવાનો છે. શેડ 2814 વાર, Industrial લાયક, રાણેસર, અતુલ ઓઈલની બાજુમાં. 9998099246, 7359706031

ગુજરાત સમાચાર ક્લાસિફાઈડ્સ ટચુકડી જાહેરખબર

ઘરનું ઘર... એક સપનું સિદ્ધ કરો.

પ્રાઈમ પ્રોપર્ટી ટચુકડી જાહેરખબર

ગુજરાત સમાચાર ટચુકડી જાહેરખબર લગ્ન વિષયક MATRIMONIALS

લગ્ન વિષયક — બ્રાહ્મણ

લગ્ન વિષયક. અમદાવાદ સ્થિત બ્રાહ્મણ અપરણિત, ઉંમર 31 વર્ષ, Central Government માં જોબ કરતા યુવક માટે બ્રાહ્મણ યુવતીઓના વાલીઓએ સંપર્ક કરવો. Mo.8128452909

વૈષ્ણવ

લગ્ન વિષયક- વૈષ્ણવ યુવક વર્ષ 27 B TECH IT હાઈટ 5' 8" બેંગલુરુમાં સોફ્ટવેર એન્જિનિયર 65,00,000+ મુંબઈ પરિવાર, કાર્યરત શિક્ષિત કન્યા આવકાર્ય. કાસ્ટ નો બાર 9224449011.

લગ્ન વિષયક. ઓસ્ટ્રેલિયા PR નડિયાદ ખડાયતા વૈષ્ણવ યુવક, ઉંમર વર્ષ 30, ઊંચાઈ 6' 0", BE. (Mechanical), MBA. (Aus.), MNC કંપનીમાં મેનેજર, વેલસેટ હાલ 2- વીક માટે ભારત આવેલ યુવક માટે સુંદર, સુશીલ, સંસ્કારી, સમકક્ષ / ઉચ્ચ અભ્યાસ ધરાવતી યુવતીના વાલીઓ તરફથી ફોટોગ્રાફ્સ, જન્માક્ષર સહિત બાયોડેટા આવકાર્ય છે. (નોંધ- વાણીયા, બ્રાહ્મણ, પટેલ). WhatsApp: 9687091919

લગ્ન વિષયક, વૈષ્ણવ યુવક, કુંવારા, જન્મ- 1981, ગ્રેજ્યુએટ, વેલસેટ માટે ઉચ્ચ જ્ઞાતી યુવતી આવકાર્ય. 7284054532

લગ્ન વિષયક અમદાવાદ સ્થિત વૈષ્ણવ જન્મ 1988, 5' 9" MCom CA Inter LLB સ્વતંત્ર GST કન્સલટીંગ વ્યવસાય સ્માર્ટ આવક ધરાવતા સાધન સંપન્ન યુવક માટે સર્વ ઉચ્ચજ્ઞાતિની યુવતી તરફથી આવકાર્ય 9725517975

CDSLને રૂ.એક કરોડની પેનલ્ટી

મુંબઈ તા.૩૦

મૂડી બજાર નિયામક તંત્ર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ ડિપોઝિટરી સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસિઝ (ઈન્ડિયા) લિમિટેડ (સીડીએસએલ)ને વિવિધ નિયમનકારી અને ઓપરેશનલ ક્ષતિઓ-ખામીઓ બદલ રૂ.એક કરોડનો દંડ ફટકાર્યો છે.

છેલ્લા ભાવ

મુંબઈ ચાંદી ૧૮૧૩૪૪
મુંબઈ સોનું (૯૯.૫) ૧૩૯૪૯૩
મુંબઈ સોનું (૯૯.૯) ૧૪૦૦૫૪
અમ. ચાંદી ૧૮૬૦૦૦
અમ. સોનું (૯૯.૯) ૧૪૫૦૦૦
અમ. સોનું (૯૯.૫) ૧૪૪૭૦૦
અમ. સિંગતેલ નવો ડબો ૩૧૮૦
અમ. કપાસિયા નવો ૨૭૫૦

સોના-ચાંદી બજાર

અમદાવાદ

ચાંદી ચોરસા ૧૮૪૦૦૦-૧૮૬૦૦૦
ચાંદી રૂપુ ૧૮૩૮૦૦-૧૮૫૮૦૦
ચાંદી સિક્કા જુના ૨૫૦૦-૨૮૦૦
સોનું (૯૯.૯) ૧૪૩૦૦૦-૧૪૫૦૦૦
સોનું (૯૯.૫) ૧૪૨૭૦૦-૧૪૪૭૦૦
હોલમાર્ક ૧૪૨૧૦૦

મુંબઈ

ચાંદી ૧૮૧૩૪૪
સોનું (૯૯.૫) ૧૩૯૪૯૩
સોનું (૯૯.૯) ૧૪૦૦૫૪

રાજકોટ

ચાંદી ૧૮૮૩૦૦
૨૪ કેરેટ ૧૦ ગ્રામ ૧૪૭૫૦૦
સીકકા (૧ ગ્રામ)૧૪૮૦૦
૨૨ કેરેટ ૧૦ ગ્રામ ૧૩૧૨૦૦

અમદાવાદના બજારો

તેલતેલીબિયા

સિંગતેલ નવો ડબો (૧૫ કિલો) ૨૯૫૦-૩૧૫૦
સિંગતેલ નવો ડબ્બો (૧૫ લીટર) ૨૯૫૦
કપાસીયાતેલ નવો ડબો (૧૫ કિલો) ૨૫૮૦-૨૭૮૦
રાઈસ બ્રાન્ડ (૧૫ કિલો) ૨૫૦૦
સોયાબીન નવો ડબો ૨૬૦૦
દિવેલ ૨૮૫૦
પામોલીન જુનો ડબો ૨૩૨૦
પામોલીન નવો ડબો ૨૪૫૦
કોપરેલ ૪૪૦૦
વનસ્પતિ ૨૦૦૦-૨૨૦૦
મોળું સરસીયું ૨૯૫૦
તીખું સરસીયું ૩૧૦૦
સનફ્લાવર ૨૬૮૦
મકાઈ તેલ ૨૪૫૦

રાજકોટ છેલ્લા ભાવ

રાજકોટ સીંગતેલ લુઝ ૧૭૨૫-૧૭૫૦
રાજકોટ મગફળી ૧૭૮૦-૧૭૯૦
સોનુ ૨૪ કેરેટ ૧૪૭૫૦૦
૧ કિલો ચાંદી ૧૮૮૩૦૦

ચીમનભાઈ માર્કેટ

૨૦ કિલો

બટાકા દેશી ૧૦૦-૧૬૦
બટાકા ડીસા ૧૫૦-૩૨૦
ડુંગળી મહારાષ્ટ્ર ૮૦૦-૧૧૦૦
ડુંગળી એમપી ૭૦૦-૯૦૦

જાહેર નોટિસ

મોજે - લાંભા

ડીસ્ટ્રીકટ અમદાવાદ રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ - ૧૧ (અસલાલી) વટવા તાલુકાના મોજે - લાંભા ગામની સીમના બ્લોક નં. ૪૦૫ ની હે.આરે.ચો.મી. :૦-૧૧-૧૩ની ખેતીની જમીન (૧) મુકેશભાઈ કાંતીભાઈ પટેલ તથા (૨) રાજેશભાઈ પરસોત્તમભાઈ ઉર્ફે પસાભાઈ પટેલની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૩૧-૧૦-૨૦૨૬.

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર,
એસ. જી. બીઝનેશ હબ,
ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, જીલ્લે અમદાવાદ તથા તાલુકા વેજલપુરના સિટી સર્વે ઓફીસ નગર રચના અમદાવાદના સિટી સરવે વોર્ડ સરખેજ (બીનખેતી)ના સિટી સરવે નંબર (NA139/2/p2) ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર ૨૦૧ (સરખેજ- ઓકાફ- ફતેવાડી- સનાથલ)નાં ફાઈનલ પ્લોટ નંબર ૬૩/૨ની કુલ્લે આશરે ૯૭૧ ચોરસમીટરની બીનખેતીની જમીન પૈકી પ્રેમચંદ રામલાલ કુમાવત રહેવાસી ૫૭૮, વાડ ફલીયા, મહુડી, નવસારી ૩૯૬૪૬૬નાએ તેમની કુલ સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની કુલ્લે આશરે ૩૯૧ ચોરસમીટરની બીનખેતીની જમીન અમદાવાદ- ૪ (પાલડી)નાં મહેરબાન સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં તારીખ ૨૮/૦૪/૨૦૨૩ના રોજ અનુક્રમ નંબર ૭૧૯૯થી નોંધવામાં આવેલ વેચાણ દસ્તાવેજથી નરોત્તમભાઈ નારાયણભાઈ પટેલ, રહેવાસી સી/૦૦૧ સનસીટી સેક્ટર-૧, સોબો સેન્ટર પાસે, સાઉથ બોપલ, અમદાવાદ ૩૮૦૦૫૮નાને વેચાણ આપેલી છે, જે વેચાણ દસ્તાવેજમાં મદનલાલ ધીસુજી કુમાવત, મીઠાલાલ માંગીલાલ કુમાવત, ઓમપ્રકાશ અમરચન્દ્ર કુમાવત તથા રાજેશકુમાર અમરચન્દ્ર કુમાવત કનફરમીંગ પાર્ટી તરીકે સામેલ થયેલા છે, અને એ રીતે સદરહુ જમીન પૈકી કુલ્લે આશરે ૩૯૧ ચોરસમીટરની બીનખેતીની જમીન નરોત્તમભાઈ નારાયણભાઈ પટેલે તેમની કુલ સ્વતંત્ર માલિકી કબ્જા ભોગવટાની તેમજ સરવે પ્રકારના બોજાઓથી મુક્ત આવેલી હોવાનું જણાવીને તેઓએ સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. તેમજ તેઓએ સદરહુ જમીનના ટાઈટલ્સ ક્લીયરન્સ સર્ટીફિકેટની અમારી પાસે માંગણી કરેલી છે.

તો સરવે શખ્સો કે જેઓ સદરહુ સિટી સરવે નંબર (NA139/2/p2) ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર ૨૦૧ના ફાઈનલ પ્લોટનંબર ૬૩/૨ની જમીન પૈકી કુલ્લે આશરે ૩૯૧ ચોરસમીટરની જમીન ઉપર વેચાણ, ગીરો, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, ભરણપોષણ, ઈઝમેન્ટ કે ગણોત હક્કે કે વારસાઈ હક્કે કે બીજી કોઈપણ રીતેહક્ક, દાવો કે અલાખો ધરાવતા હોય તેમણે તેની લેખિત જાણ પુરાવા સાથે (પુરાવા સિવાયના વાંધાઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં) આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિવસ સાતની અંદર નીચેના સરનામે કરવી, નહીતર આવા હક્ક, દાવા કે અલાખા ઉપર કોઈપણ જાતનું લક્ષ આપ્યા સિવાય સદરહુ જમીનનું ટાઈટલ્સ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે, તેમજ અમારા અસીલ સદરહુ જમીનનું વેચાણ પૂરું કરાવી લેશે, અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં, તેની નોંધ લેશો.

તારીખ : ૨૯/૧૦/૨૦૨૬

પી.પરીખ એન્ડ કંપની
એડવોકેટ્સ, સોલીસીટર એન્ડ નોટરી
પરિમલ બિપીનચંદ્ર પરીખ,
દિપાંગ પિયુષ પરીખ,
તરંગ પરિમલ પરીખ,
ઉત્સવ પિયુષ પરીખ
ત્રીજો માળ, સત્ય કોમ્પલેક્સ, આઈઓસી પેટ્રોલ પંપની સામે, અશ્વમેઘ ચાર રસ્તા પાસે, ૧૩૨ ફૂટ રીંગ રોડ, સેટેલાઈટ, અમદાવાદ- ૩૮૦૦૧૫

જાહેર નોટિસ

ડિસ્ટ્રીકટ ગાંધીનગર, તાલુકો : દહેગામના મોજે ગામ : નાંદોલની સીમના સર્વે/બ્લોક નંબર : ૪૧૮ (જુનો સર્વે/બ્લોક નંબર : ૨૧૭) ની હે.આરે.ચો.મી. ૦-૬૫-૭૧ વાળી જુની શરતની ખેતીની જમીન નારણભાઈ દાનાભાઈ રાતડીયા રહેવાસી : ગાંધીનગરનાએ પોતાની સ્વતંત્ર માલિકી, કબજા ભોગવટાની, બોજા રહીત અને માર્કેટેબલ હોવાનુ જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા અંગેના અભીપ્રાય/સર્ટીફીકેટની માંગણી કરેલ છે. : તો સદર જમીનમાં કોઈનો હક્ક, હિત, હિસ્સો આવેલ હોય તો દિન-૭ (સાત) ની અંદર પ્રમાણીત પુરાવા સહીત રજી.એ.ડી.થી જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો કોઈનો સદર જમીનમાં હક્ક, હિત, સંબંધ નથી અને હોય તો તે વેવ કરેલ છે તેમ માનીને સદરહુ જમીનનુ ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ અમારા અસીલને આપવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

તારીખ :- ૩૧/૧૦/૨૦૨૬,
અમદાવાદ.

Shreyanshi Associates
મનિષ.એસ.આહિર, એડવોકેટ
મોબાઈલ : ૯૭૨૩૫૨૮૯૫૪
ઓફિસ:- ૪૦૧, The Edge, Opp Malbar Royal, Bhakti Circle Road, Nikol,Ahmedabad.

જાહેર નોટિસ

મોજે ગામ : છારોડી

જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ, સબ ડીસ્ટ્રીકટ સાણંદ તથા તાલુકો સાણંદ ના મોજે ગામ - છારોડીની સીમના ખાતા નં. ૬૫૮ ના બ્લોક/સર્વે નં. ૫૨૬ ની કુલ ૨૧૪૪૯ ચો.મી. વાળી ખેતીની જમીનના માલિકો (૧) હતિષ પ્રભુદાસ ચૌધરી (૧૧૯૩૭ ચો.મી. ના ભાગીદાર) (૨) નટવરભાઈ શનાભાઈ પટેલ (૯૫૧૨ ચો.મી. ના ભાગીદાર) નાઓની સંયુકત માલિકી કબજા ભોગવટાની જમીન તમામ પ્રકારના બોજા ઓ રહીત હોવાનું જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને સદરહુ જમીનના ટાઈટલ કલીયર સર્ટીફિકેટ/અભિપ્રાયની અમારી પાસેથી માંગણી કરેલ છે. ઉપરોકત જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો બોજો યા હક્ક દાવો આવેલો હોય તો લેખિત પુરાવાની સર્ટીફાઈડ નકલ સહિત દિન - ૭ (સાત) માં રજી. એ.ડી. પોસ્ટ દ્વારા જાણ કરવી જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો કોઈ હક્કો આવેલા નથી અને આવેલ હોય તો જતા કરેલ છે તેમ સમજી ટાઈટલ કલીયર સર્ટીફિકેટ આપવામાં આવશે ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહિ.

તા. ૩૦/૧૦/૨૦૨૬
સ્થળ : અમદાવાદ

MAHESH THAKOR ASSOCIATES
મહેશ આર. ઠાકોર (એડવોકેટ)
રાહુલ એસ. ઠાકોર (એડવોકેટ)
વિજય કે. ઠાકોર(એડવોકેટ)
કિસ્મત જે. ઠાકોર (એડવોકેટ)
ઓફીસ : ૫૦૮, શીલ્પ ધ એડ્રેસ, એસ.પી. રીંગ રોડ, શીલજ સર્કલ, શીલજ, અમદાવાદ - ૩૮૦૦૫૯

જાહેર નોટિસ

આથી અમો એડવૉકેટ ભરત એચ ઓઝા તે અમારા અસીલો ૧ દર્શેષભાઈ ગુણવંતભાઈ ૨ શાલીનભાઈ ગુણવંતભાઈ બંને રહે અમદાવાદ નાઓની સુચના અને ફરમાઈશથી જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદના માંડલ તાલુકાના મોજે ગામ સીતાપુરની સીમમાં આવેલ ખાતા નંબર ૨૫૬૮ ના બ્લોક/સર્વે નં ૧૬૮૨ (જુનો સર્વે નંબર ૯૬૮) ક્ષેત્રફળ ૪-૩૩-૭૪ ની આકાર રૂ ૧૫ ૪૨ પૈસા વાળી જુની શરતની ખેતીની જમીન અમારા અસીલોની પોતાની સંયુક્ત માલિકી કબજા ભોગવટાની હોવાનું જણાવીને સદરહું જમીનના ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી અમો પાસે કરેલ હોઈ સદરહું જમીન પરત્વે કોઈપણ વ્યક્તિ સંસ્થા કે બેંકનો કોઈપણ પ્રકારનો વેચાણ ગીરો બક્ષીસ વારસાઈ વિગેરે જે લાગભાગ હક્ક અધિકાર હિસ્સો પોષાતો હોય તો તેમણે તે અંગેના દસ્તાવેજી પુરાવા સહીતના લેખિત વાંધાઓ અમોને દિન ૭ માં લખી મોકલાવા અન્યથા મુદ્દત વિતે કોઈનો વાંધો ધ્યાને લેવામાં આવશે નહી અને અમો એડવોકેટ દ્વારા સદરહું જમીનનો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે જેની નોંધ લેશો.

અમદાવાદ
Date.30/10/2026.

બી એચ ઓઝા એસોસીએટ્સ
ભરત એચ. ઓઝા
જીગર બી. ઓઝા
એડવોકેટ્સ
મો. ૯૮૨૫૦ ૬૯૨૪૦
ઓફીસ: એ/૪ ન્યુ વૈભવ એપાર્ટમેન્ટ સમર્પણ ફ્લેટ સામે આઈ ડી બી આઈ બેન્ક પાછળ ગુલબાઈ ટેકરા અમદાવાદ ૩૮૦ ૦૦૯

જાહેર નોટિસ

અમો એડવોકેટ ઈરફાન આઈ, બંગાલી તે આથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ ગાંધીનગરના તાલુકે માણસાના વોર્ડ માણસા (બીનખેતી)ના સીટી સર્વે નં.NA1692 ની ૭૫૦૪ ચો.મી. ક્ષેત્રફળની બીનખેતીની જમીન (મોજે માણસાના જુના સર્વે નં. ૧૬૯૨ તથા ૧૬૯૩ની જમીન)ના હાલ માલીક Shree Hari Krishna Infra છે. સદરહુ સર્વે નં.૧૬૯૨ તથા ૧૬૯૩ની જમીનના અગાઉના માલીક નથ્થુભાઈ અમીરચંદે તા.૧૩-૭- ૨૦૦૫ના રોજ વેચાણ દસ્તાવેજ રજી.નં.૫૧૮૦ કનૈયાલાલ ભીખાલાલને કરી આપેલ તે અસલ વેચાણ દસ્તાવેજ તથા કનૈયાલાલ ભીખાલાલે તા.૧૮-૮-૦૫ના રોજ વેચાણ દસ્તાવેજ રજી.નં.૬૨૦૪ દશરથભાઈ હરગોવીંદભાઈ પટેલને કરી આપેલ તે અસલ વેચાણ દસ્તાવેજ તથા કનૈયાલાલ ભીખાલાલે તા.૨૧-૧૧-૦૬ના રોજ વેચાણ દસ્તાવેજ રજી.નં.૧૧૮૦૮ હસમુખભાઈ માધવલાલ પટેલને કરી આપેલ તે અસલ વેચાણ દસ્તાવેજ અગાઉના માલીક પાસેથી ખોવાઈ ગયેલ છે અને પુરતી તપાસ કરવા છતાં મળી આવેલ નથી. સદરહુ અસલ તમામ વેચાણ દસ્તાવેજોના આધારે સદરહુ જમીન ઉપર કોઈનો કોઈ હકક, દાવો, કલેઈમ હોય કે કોઈ બેંક કે નાણાંકીય સંસ્થાનો કોઈ બોજો ઉપસ્થિત કરેલ હોય કે અસલ વેચાણ દસ્તાવેજો કોઈ કંપની, બેંક કે વ્યકિત પાસે હોય અને તેના આધારે મીલકતમા કોઈ હકક દાવો પોષાતો હોય તો તેની લેખીત જાણ દિન-૧૦માં અમોને સ્પીડ પોસ્ટથી કરવી. સદરહુ મુદત વીતે સદરહુ જમીન ઉપર કોઈ હકક દાવો કલેઈમ નથી કે કોઈ બોજો નથી અને હોય તો તે જતો યાને વેવ કરેલ છે તેમ સમજી અમો ટાઈટલ કલીયરન્સની આગળની કાર્યવાહી કરીશુ જેની નોધ લેશો.

અમદાવાદ
તા.૩૦-૧૦-૨૦૨૬

ઈદરીશ એમ.બંગાલી
B.A., LL.M., એડવોકેટ
ઈરફાન આઈ.બંગાલી
B.Sc., LL.B. એડવોકેટ
ઈદરીશ બંગાલી એન્ડ એસોસીએટસ
એડવોકેટસ-Law firm since 1980
ઠે. IB Law Chambers
સીટી ગોલ્ડ સીનેમાની પાછળ, રેલ્વે લાઈન પાસે, નવરંગપુરા, આશ્રમ રોડ, અમદાવાદ-૯
ફોન નં.૨૬૫૮૬૬૫૭, ૨૬૫૮૬૬૫૮

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, (૧) રમેશભાઈ ગોવિંદલાલ (૨) ગીતાબેન અશોકભાઈ પટેલ (૩) મિલન અશોકભાઈ પટેલ તથા (૪) રાજ અશોકભાઈ પટેલ, સર્વે રહેવાસી- અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ- ૯(બોપલ)ના તાલુકા ઘાટલોડિયાના ગામ મોજે શીલજની સીમના સર્વે/બ્લોક- ૫૭૨ની ૨૪૨૮ ચોરસમીટરની જમીન કે જેનો સમાવેશ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર- ૫૩-A (શીલજ-થલતેજ- હેબતપુર)માં થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર-૧૨૩ની ૧૪૫૭ ચોરસમીટરની બહુહેતુક સારૂની બિનખેતીની જમીન તેઓની સંપૂર્ણ, સંયુક્ત, સહિયારી માલિકી તથા કબજા ભોગવટાની હોવાનુ જણાવી સદરહુ જમીન અંગેના ઉપરોકત જમીનમાલિકોના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન હોય કે સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૨૦(વીસ.)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન કે કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ જમીનના ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખ ૨૯-૧૦-૨૦૨૬

હિતેષ એમ. રાવલ
એડવોકેટ,
એચ. એમ. રાવલ એન્ડ કંપની,
એડવોકેટ્સ,
ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફલોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ- ૩૮૦૦૫૪. ફોન: (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

જાહેર નોટિસ

મોજે ગામ : છારોડી

જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ, સબ ડીસ્ટ્રીકટ સાણંદ તથા તાલુકો સાણંદ ના મોજે ગામ - છારોડીની સીમના ખાતા નં. ૬૫૭ ના બ્લોક/સર્વે નં. ૫૨૫ ની કુલ ૨૨૫૬૧ ચો.મી. વાળી ખેતીની જમીનના માલિક પટેલ હીતેશકુમાર પ્રભુદાસ નાઓની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની જમીન તમામ પ્રકારના બોજા ઓ રહીત હોવાનું જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને સદરહુ જમીનના ટાઈટલ કલીયર સર્ટીફિકેટ/અભિપ્રાયની અમારી પાસેથી માંગણી કરેલ છે. ઉપરોકત જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો બોજો યા હક્ક દાવો આવેલો હોય તો લેખિત પુરાવાની સર્ટીફાઈડ નકલ સહિત દિન - ૭ (સાત) માં રજી. એ.ડી. પોસ્ટ દ્વારા જાણ કરવી જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો કોઈ હક્કો આવેલા નથી અને આવેલ હોય તો જતા કરેલ છે તેમ સમજી ટાઈટલ કલીયર સર્ટીફિકેટ આપવામાં આવશે ત્યારબાદ કોઈની તકરાર ચાલશે નહિ.

તા. ૩૦/૧૦/૨૦૨૬
સ્થળ : અમદાવાદ

MAHESH THAKOR ASSOCIATES
મહેશ આર. ઠાકોર (એડવોકેટ)
રાહુલ એસ. ઠાકોર (એડવોકેટ)
વિજય કે. ઠાકોર(એડવોકેટ)
કિસ્મત જે. ઠાકોર (એડવોકેટ)
ઓફીસ : ૫૦૮, શીલ્પ ધ એડ્રેસ, એસ.પી. રીંગ રોડ, શીલજ સર્કલ, શીલજ, અમદાવાદ - ૩૮૦૦૫૯

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ ગાંધીનગરના સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા દહેગામના ગામ મોજે દહેગામની સીમના{A} (એ/૧) રી-સર્વે અનુસાર સર્વે નંબર-૨૨૯૪ (જુના સર્વે નંબર-૫૩ પૈકી) ની ૪૧૪૨ ચોરસમીટર (ટી.પી. કપાતવાળી) જમીન તથા (એ/૨) રી-સર્વે અનુસાર સર્વે નંબર-૨૨૯૪/પૈકી ૧ (જુના સર્વે નંબર-૫૩ પૈકી) ની ૬૨૭૯ ચોરસમીટર (ફાઈનલ પ્લોટવાળી) જમીન એમ મળીને કુલ્લે ૧૦૪૨૧ ચોરસમીટર જમીનનો ટી.પી. સ્કીમ નંબર-૨ (દહેગામ) માં સમાવેશ થતા તેને ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર-૩૧૪ની કુલ ૬૨૭૯ ચોરસમીટર બિનખેતીની જમીનનો સીટી સર્વે રેકર્ડમાં સમાવેશ થતા તેને સીટી સર્વે વોર્ડ- દહેગામના શીટ નંબર-૩૮ અન્વયે ફાળવવામાં આવેલ સીટી સર્વે નંબર- ૪૩૦૦/૨ ની કુલ ૬૨૭૯ ચોરસમીટરના ક્ષેત્રફળની મલ્ટીપર્પઝના હેતુની બિનખેતીની જમીન તથા {B} (બી/૧) રી-સર્વે અનુસાર સર્વે નંબર-૨૨૯૫ (જુના સર્વે નંબર-૫૪ પૈકી) ની ૩૮૬૨ ચોરસમીટર (ટી.પી. કપાતવાળી) જમીન તથા (બી/૨) રી- સર્વે અનુસાર સર્વે નંબર-૨૨૯૫/પૈકી ૧ (જુના સર્વે નંબર-૫૪ પૈકી) ની ૫૮૫૧ ચોરસમીટર (ફાઈનલ પ્લોટવાળી) જમીન એમ મળીને કુલ્લે ૯૭૧૩ ચોરસમીટર જમીનનો ટી.પી. સ્કીમ નંબર-૨ (દહેગામ) માં સમાવેશ થતા તેને ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર-૩૧૩ ની કુલ ૫૮૫૧ ચોરસમીટર બિનખેતીની જમીનનો સીટી સર્વે રેકર્ડમાં સમાવેશ થતા તેને સીટી સર્વે વોર્ડ- દહેગામના શીટ નંબર-૩૮ અન્વયે ફાળવવામાં આવેલ સીટી સર્વે નંબર- ૪૨૯૯/૨ ની કુલ ૫૮૫૧ ચોરસમીટરના ક્ષેત્રફળની મલ્ટીપર્પઝના હેતુની બિનખેતીની જમીન એમ {A} + {B} વાળી બંને સીટી સર્વે નંબરોની મળીને કુલ્લે ૧૨૧૩૦ ચોરસમીટરના ક્ષેત્રફળની મલ્ટીપર્પઝના હેતુની બિનખેતીની જમીન "SHIVAY DEVELOPERS" એ નામની ભાગીદારી પેઢીની સંપૂર્ણપણે સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી ભાગીદારી પેઢીના ભાગીદારોએ અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહી.

ફાઈલ નંબર-૧૦૨૦૨
તારીખ : ૩૧-૧૦-૨૦૨૬

શરદ એન. દરજી (એડવોકેટ એન્ડ નોટરી)
(એમ.કોમ., એલ.એલ.બી.)
ઓફીસ : બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦
ફોન નંબર : ૦૭૯-૨૬૪૬૯૮૦૦

શાકભાજી, કરિયાણા બાદ હવે જ્વેલરીની ડિલીવરી પણ મિનિટોમાં

બાસ્કેટ વેલ્યૂ વધારવા ક્વિક કોમર્સ પ્લેટફોર્મ્સ હવે જ્વેલરી તરફ વળ્યા

અમદાવાદ, તા. ૩૦

કરિયાણા અને ઘરગથ્થુ જરૂરી ચીજવસ્તુઓથી આગળ વધીને, ક્વિક કોમર્સ પ્લેટફોર્મ્સ હવે ઈયરિંગ્સ (બુટ્ટી), ગોલ્ડ-પ્લેટેડ પેન્ડન્ટ્સ અને અન્ય સસ્તી એક્સેસરીઝનો સમાવેશ કરવા માટે પોતાની પ્રોડક્ટ શ્રેણીનો વિસ્તાર કરી રહ્યા છે. 'ડેમી-ફાઈન' (સેમી-પ્રેશિયસ) જ્વેલરી તરફનો આ વિસ્તાર ગ્રાહકો પાસેથી દરેક ઓર્ડરમાં વધુ ખર્ચ કરાવવાના વ્યાપક પ્રયાસને દર્શાવે છે, સાથે જ પરંપરાગત ઓનલાઈન ડિલિવરીની રાહ જોયા વિના તાત્કાલિક ખરીદી કરવાની માંગને પણ પહોંચી વળે છે.

આ પ્લેટફોર્મ્સ પર જાણીતી કંપનીઓની ઓછામાં ઓછી ૭૦થી વધુ પ્રીમિયમ જ્વેલરી બ્રાન્ડ્સ લિસ્ટેડ



હાલ કાર્યરત વિવિધ ક્વિક કોમર્સ પ્લેટફોર્મ્સ પર ઓછામાં ઓછી ૭૦થી વધુ પ્રીમિયમ જ્વેલરી બ્રાન્ડ્સ લિસ્ટેડ છે. આ બ્રાન્ડ્સ જાણીતી કંપનીઓની છે, જેમની પ્રોડક્ટ્સ સામાન્ય રીતે રૂ. ૧,૬૯૯ થી રૂ. ૧૫,૦૦૦ વચ્ચેની કિંમત ધરાવે છે. ડેમી-ફાઈન જ્વેલરીમાં ૯૨૫ સ્ટર્લિંગ સિલ્વર, સ્ટેનલેસ સ્ટીલ અને પિત્તળ (બ્રાસ) જેવી ધાતુઓનો ઉપયોગ થાય છે, જેના પર ગોલ્ડ કે રોડિયમ પ્લેટિંગ કરવામાં આવે છે.

આ પ્લેટફોર્મ્સ માટે મુખ્ય આકર્ષણ એ છે કે ડિલિવરી ખર્ચમાં મોટો વધારો કર્યા વિના વર્તમાન ગ્રાહકો પાસેથી વધુ આવક ઊભી કરી શકાય છે. જ્વેલરી વજનમાં હલકી હોય છે, તેને સ્ટોરેજ માટે પ્રમાણમાં ઓછી જગ્યા જોઈએ છે અને તે ઓર્ડરનું મૂલ્ય નોંધપાત્ર રીતે વધારી શકે છે. ઉદાહરણ તરીકે, રૂ. ૫૦૦ના ગ્રોસરી બાસ્કેટમાં રૂ. ૧,૫૦૦ નું પેન્ડન્ટ ઉમેરવામાં આવે તો ઓર્ડર વેલ્યૂ વધીને રૂ. ૨,૦૦૦ થઈ જાય છે, જોકે નફો ડિસ્કાઉન્ટ, કમિશન, ઈન્વેન્ટરી ખર્ચ અને રિટર્ન પર નિર્ભર રહે છે.

ક્વિક કોમર્સ પ્લેટફોર્મ્સનું ધ્યેય એ છે કે પહેલેથી તૈયાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા હાલના ગ્રાહક પાસેથી વધુ કમાણી કરવી. જ્વેલરી વધુ ડિલિવરી વજન કે સ્ટોરેજ સ્પેસ ઉમેર્યા વગર ઓર્ડરની કિંમતમાં વધારો કરી શકે છે. રોજિંદી ઘણી કેટેગરીઓ કરતાં જ્વેલરીમાં ઊંચા ગ્રોસ માર્જિન હોવાથી ઓર્ડર દીઠ યોગદાનમાં પણ સુધારો થઈ શકે છે.

ગ્રાહકોની ખરીદીના પ્રસંગો પણ વધુ એક તક પૂરી પાડે છે. જ્વેલરીની ખરીદી ઘણીવાર ગિફ્ટિંગ, તહેવારો, ઓફિસ સેલિબ્રેશન અને છેલ્લી ઘડીએ બનતા સામાજિક આયોજનો સાથે જોડાયેલી હોય છે, જ્યાં કિંમત કરતાં ઝડપ અને સુવિધા વધુ મહત્વપૂર્ણ બની જાય છે. બહુવિધ બ્રાન્ડ્સ અને ડિઝાઈનની ઉપલબ્ધતા ગ્રાહકોને પરંપરાગત ઈ-કોમર્સ કે ડાયરેક્ટ-ટુ-કન્ઝ્યુમર પ્લેટફોર્મ્સ પરથી ડિલિવરી માટે એક કે તેથી વધુ દિવસ રાહ જોવાનો સારો વિકલ્પ આપે છે.

જેમ જેમ ગ્રાહકો ઝડપી ડિલિવરી પ્લેટફોર્મ્સ દ્વારા આવી પ્રોડક્ટ્સ ખરીદવામાં વધુ સહજ બનશે, તેમ આ તક ભવિષ્યમાં વધુ ઊંચી કિંમત ધરાવતી જ્વેલરી સુધી પણ વિસ્તરી શકે છે.

દિવાળી સમયે સૂકામેવાની બજારમાં પીસ્તા તથા બદામના ભાવમાં વૃદ્ધિ

મુંબઈ,તા.૩૦

દેશમાં દિવાળીના તહેવારો હવે નજીક આવ્યા છે ત્યારે વિવિધ બજારોના વેપારીઓની નજર તહેવારોમાં નિકળતી મોસમી માગ પર રહી છે. દિવાળીના તહેવારોમાં સામાન્યપણે મીઠાઈઓ તથા વિવિધ સૂકામેવાની માગ વધતી હોય છે. તાજેતરના વર્ષોમાં જો કે ચોકલેટોની માગ પણ તહેવારોમાં વધતી જોવા મળી છે.

પીસ્તાના ભાવ ૩૦થી ૪૦ ટકા ઉંચા : બદામના ભાવ ૨૦ ટકા વધ્યા

ડ્રાયફ્રૂટ બોક્સમાં આ વર્ષે કાજુ તથા કિસમીસનું પ્રમાણ વધવાની શક્યતા!

દરમિયાન, આ વર્ષે બજારોમાં વિવિધ સૂકામેવાના ભાવ ઉંચા ગયાનું વેપારી વર્ગે જણાવ્યું હતું. ખાસ કરીને બદામ તથા પીસ્તાના ભાવ નોંધપાત્ર વધ્યા છે. આવા સંજોગોમાં હવે દિવાળીમાં ભેટ તરીકે અપાતા ડ્રાયફ્રૂટના બોક્સમાં આ વર્ષે હવે બદામ તથા પિસ્તાનું પ્રમાણ ઘટશે તથા કાજુ, કિસમીસ તથા મખાનાનું પ્રમાણ વધુ જોવા મળશે એવી શકયતા જાણકારો બતાવી રહ્યા હતા. આ વર્ષે શરૂઆતમાં અમેરિકાનું ટેરીફ યુદ્ધ તથા ત્યારબાદ ઈરાન યુદ્ધના પગલે વિશ્વના વિવિધ બજારોમાં પ્રવાહો પલ્ટાતા જોવા મળ્યા છે.

આ વર્ષે પીસ્તા બજારમાં ભાવ સરેરાશ ૩૦થી ૪૦ ટકા વધી ગયા હોવાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. દરમિયાન, બદામના ભાવમાં આશરે ૨૦ ટકાની વૃદ્ધી નોંધાઈ છે. આની સરખામણીએ ખજૂર તથા અખરોટ જેવા ગણાતા પેકાન્સના ભાવ ઓછા વધ્યા છે. આ ચીજોના ભાવ ૫થી ૧૦ ટકા વધ્યા છે. જો કે કાજુ, અખરોટ, કિસમીસ તથા મખાનાના ભાવ ગયા વર્ષની સરખામણીએ મોટાભાગે જળવાઈ રહ્યા હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. એકંદરે વિવિધ સૂકામેવાની બાસ્કેટના ભાવ આ દિવાળીએ ૧૦ ટકા જેટલા ઉંચા જવાની ગણતરી નટસ એન્ડ ડ્રાયફ્રૂટસ કાઉન્સિલના સૂત્રોએ દર્શાવી હતી. જોકે અમુક વર્ગ આ ભાવ વૃદ્ધીની ટકાવારી ૧૫ ટકા સુધી જવાની૪ શક્યતા પણ દર્શાવતો જોવા મળ્યો છે.

વૈશ્વિક સ્તરે આ વર્ષે પીસ્તાના ઉત્પાદનમાં ૪૦થી ૫૦ ટકાનો ઘટાડો નોંધાયો છે જ્યારે બદામનું ઉત્પાદન આશરે ૧૦ ટકા ઘટયું હોવાનું કોમોડિટી ટ્રેડિંગ કોર્પોરેશનના સૂત્રો જણાવી રહ્યા હતા. ઈરાન તથા અફઘાનિસ્તાનથી સપ્લાય ઘટી છે. આ ઉપરાંત ઈરાન યુદ્ધના પગલે જહાજી ભાડામાં પણ વૃદ્ધી થઈ છે. હવાઈ ભાડા પણ વધ્યા છે. હવાઈ ભાડા કિલોના ૨૦૦થી ૩૦૦ સુધી પહોંચ્યા છે આની અસર પણ સૂકામેવાની બજાર પર દેખાઈ છે. ઈરાન તથા અમેરિકામાં પીસ્તાના ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડો થયાના સમાચાર મળ્યા હતા.

જો કે કાજુ તથા કિસમીસના ભાવ એકંદરે જળવાઈ રહ્યા ઠે તથા ભાવ વૃદ્ધી પણ નજીવી રહી છે.

વર્તમાન નાણાં વર્ષના પ્રથમ છ મહિનામાં ફાર્મા નિકાસમાં છ ટકા વૃદ્ધિ

મુંબઈ, તા. ૩૦

વર્તમાન નાણાં વર્ષના પ્રથમ છ મહિનામાં ફાર્માસ્યૂટિકલ નિકાસ વાર્ષિક ધોરણે ૪.૯૦ ટકા વધી ૧૬.૧૪ અબજ ડોલર રહી હોવાનું ફાર્માસ્યૂટિકલ એકસપોર્ટ પ્રમોશન કાઉન્સિલે એક નિવેદનમાં જણાવ્યું હતું.અમેરિકા સિવાયની બજારોમાં ઊંચી નિકાસને કારણે આ શકય બન્યું છે. અમેરિકા ખાતે નિકાસમાં ઘટાડો જોવા મળ્યો છે.

યુરોપમાં નિકાસ ૯.૬૫ ટકા વધી ૩.૨૯ અબજ ડોલર રહી છે જે ફાર્માની કુલ નિકાસના વીસ ટકા જેટલી છે. ફ્રાન્સ, જર્મની તથા નેધરલેન્ડસમાં મજબૂત વૃદ્ધિ જોવા મળી છે. આ બજારોમાં નિકાસ વૃદ્ધિ યુરોપમાં ભારતની દવાઓ માટે સારી બજાર હોવાનું સૂચવે છે.

સોનામાં ઘટાડો : ચાંદીમાં રૂ.૯૦૦૦નો કડાકો : ક્રૂડ ઉછળી ૧૧૮ ડોલર બોલાયું

(વાણિજય પ્રતિનિધિ) મુંબઈ,શુક્રવાર

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદી તથા પ્લેટીનમના ભાવમાં ઘટાડો ઝડપથી આગળ વધ્યો હતો. તૂટતી બજારે નવી માગ ધીમી પડી હતી તથા દિવાળી પૂર્વે ગ્રાહકો ભાવમાં વધુ ઘટાડાની રાહ જોઈ રહ્યા હતા. વિશ્વ બજારમાં ભાવ તૂટતાં તથા ઘરઆંગણે કરન્સી બજારમાં રૂપિયા સામે ડોલરના ભાવ ગબડતાં દેશમાં કિંમતી ધાતુઓની ઈમ્પોર્ટ કોસ્ટ નીચી ઉતરી હતી તથા તેના પગલે ઝવેરી બજારોમાં ભાવ તૂટતા જોવા મળ્યા હતા.

યુએસમાં ફુગાવો વધતાં સોનાના ભાવ તૂટી ૪૦૦૦ ડોલરની અંદર ઉતરી ગયા

વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંસના ૪૦૩૨થી ૪૦૩૩ વાળા તૂટી નીચામાં ભાવ ૩૯૬૫ થઈ ૩૯૬૭થી ૩૯૬૮ ડોલર રહ્યા હતા. વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે આજે અમદાવાદ ઝવેરી બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામના વધુ રૂ.૧૫૦૦ તૂટ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના વધુ રૂ.૭૦૦૦ ગબડ્યા હતા. વિશ્વ બજારમાં અમેરિકામાં ફુગાવો વધતાં ત્યાં આગળ ઉપર વ્યાજના દર વધવાની શક્યતા વધતાં વિશ્વ બજારમાં સોનામાં ફંડોનું સેલીંગ વધ્યું હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. વિશ્વ બજારમાં સોના પાછળ ચાંદીના ભાવ ઔંસના ૫૨.૮૦ વાળા ઘટી ૫૦.૨૦ થઈ ૫૦.૨૪થી ૫૦.૨૫ ડોલર રહ્યા હતા. મુંબઈ બુલિયન બજારમાં આજે જીએસટી વગર સોનાના ભાવ આજે વધુ રૂ.૨૨૦૦ તૂટી ૯૯૫ના રૂ.૧૩૯૪૯૩ તથા ૯૯૯ના રૂ.૧૪૦૦૫૪ બોલાયા હતા જ્યારે મુંબઈ ચાંદીના ભાવ આજે જીએસટી વગર વધુ રૂ.૯૦૦૦ તૂટી રૂ.૧૮૧૩૪૪ બોલાયા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા. દરમિયાન, મુંબઈ બજારમાં પ્લેટીનમના ભાવ ૧૦ ગ્રામના રૂ.૫૮૨૮૩ વાળા ગબડી રૂ.૫૩૫૯૭ બોલાતા થયા હતા.

દરમિયાન, વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ઔંસના ૧૪૯૭ વાળા ઘટી ૧૪૩૩ થઈ ૧૪૩૫થી ૧૪૩૬ ડોલર રહ્યા હતા. પેલેડીયમ ના ભાવ ૧૦૦૩ વાળા નીચામાં ભાવ ૯૭૫ થઈ ૯૭૬ ડોલર રહ્યા હતા. અમદાવાદ બજારમાં આજે સોનાના સોનાના ભાવ ઘટી ૯૯૫ના રૂ.૧૪૪૭૦૦ તથા ૯૯૯ના રૂ.૧૪૫૦૦૦ રહ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ તૂટી રૂ.૧૮૬૦૦૦ બોલાયા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં આજે ક્રૂડના ભાવ ફરી ઉંચકાયા હતા. અમેરિકા દ્વારા ઈરાન પર ફરી હુમલો કરશે એવી શક્યતા વધતાં ક્રૂડના ભાવ ફરી ઉંચકાયા હતા. વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડ તેલના ભાવ બેરલના ૧૧૩.૮૧ વાળા ઉછળી ૧૧૮ થઈ ૧૧૭.૫૫ ડોલર રહ્યા હતા. યુએસ ક્રૂડના ભાવ વધી ૧૦૪.૯૯ થઈ ૧૦૪.૦૭ ડોલર રહ્યા હતા.દરમિયાન, વૈશ્વિક કોપરના ભાવ આજે ૧.૩૬ ટકા વધ્યા હતા.

ગિફ્ટ સિટીમાં બેંકિંગ એસેટ્સમાં નોંધાયેલો ૬૦ ટકાનો ઉછાળો

અમદાવાદ, તા. ૩૦

ભારતના આંતરરાષ્ટ્રીય નાણાકીય હબમાં બેંકિંગ એસેટ્સ જૂન મહિનાથી અત્યાર સુધીમાં લગભગ ૬૦% વધી છે, તેમ જાણકાર વર્તુળોએ જણાવ્યું છે. દેશના ક્રેડિટ માર્કેટમાં થયેલા વિકાસથી ગિફ્ટ સિટી (ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી)ને મોટું પ્રોત્સાહન મળ્યું છે, જે વિદેશી મૂડી આકર્ષવામાં સિંગાપોર અને હોંગકોંગ સાથે સ્પર્ધા કરી રહ્યું છે.

આ હબમાં બેંકો પાસે રહેલી એસેટ્સ સપ્ટેમ્બરના અંત સુધીમાં આશરે ૧૯૩ અબજ ડોલર પર પહોંચી ગઈ

ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસીસ સેન્ટર્સ ઓથોરિટી એ જણાવ્યું હતું કે આ હબમાં બેંકો પાસે રહેલી એસેટ્સ સપ્ટેમ્બરના અંત સુધીમાં આશરે ૧૯૩ અબજ ડોલર પર પહોંચી ગઈ છે. અગાઉ જાહેર કરાયેલા આંકડા અનુસાર, જૂનમાં આ આંકડો ૧૨૦.૬૯ અબજ ડોલર હતો.

આ વર્તુળોએ જણાવ્યું હતું કે, આ સતત વૃદ્ધિ ક્રેડિટ માર્કેટ્સ અને બેંકો દ્વારા આવી છે. બેંકિંગ એસેટ્સમાં આ ઉછાળો મુખ્યત્વે ફોરેન કરન્સી ડિપોઝિટ્સ અને એક્સટર્નલ કોમર્શિયલ બોરોઈંગ્સ (બાહ્ય વ્યાવસાયિક ઉધાર)ને આભારી છે.

આ હબમાં આવેલી બેંકો ભારતીય કંપનીઓ માટે તેમની સ્થાનિક કામગીરી તેમજ વૈશ્વિક વિસ્તરણ માટે ભંડોળ પૂરું પાડવાના સૌથી મોટા સ્ત્રોતોમાં સ્થાન બનાવવા માટે સજ્જ છે.

જૂનથી ઓગસ્ટના અંત સુધી ચાલેલી ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ (FCNR) ડિપોઝિટ્સ માટેની ભારતની વિશેષ સ્વેપ ફેસિલિટીએ ગિફ્ટ સિટીમાં પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવામાં મદદ કરી હતી. સત્તાવાળાઓ ગિફ્ટ સિટીમાં ડ્યુઅલ લિસ્ટિંગ દ્વારા ભારતીય કંપનીઓને વૈશ્વિક રોકાણકારો સુધી પહોંચવાની તક આપવાની યોજના પર પણ કામ કરી રહ્યા છે.

નાણાં મંત્રાલયે FY27 માટે વૃદ્ધિ દરનો અંદાજ વધારીને ૭.૩% કર્યો

અમદાવાદ, તા. ૩૦

નાણાં મંત્રાલયે તેના તાજેતરના માસિક અહેવાલમાં જણાવ્યું છે કે, અસ્થિર ઊર્જાના ભાવો, ભૌગોલિક-રાજકીય તણાવ અને ખાદ્ય પુરવઠાની અનિશ્ચિતતાઓ ફુગાવાનું જોખમ ઊભું કરે છે છતાં, મજબૂત સ્થાનિક માંગ, રોકાણ અને માળખાકીય સુધારાઓના ટેકાથી નાણાકીય વર્ષ ૨૭માં અર્થતંત્ર ૭.૩% ના દરે વૃદ્ધિ પામી શકે છે.

પ્રથમ વખત મંત્રાલયનું વૃદ્ધિ મૂલ્યાંકન ૨૯ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ આર્થિક સર્વેક્ષણમાં દર્શાવેલા ૬.૮-૭.૨% ના અંદાજથી આગળ નીકળી ગયું છે.

અપેક્ષા કરતાં વધુ મજબૂત વૃદ્ધિ અને અંદાજોમાં કરવામાં આવેલો સુધારો અર્થતંત્રની સ્થિતિસ્થાપકતા દર્શાવે છે, તેમ છતાં આ ગતિ જાળવી રાખવાનો આધાર ઊભરતા ખર્ચના દબાણ અને બાહ્ય અનિશ્ચિતતાઓના સંચાલન પર રહેશે, તેવી મંત્રાલયે ચેતવણી આપી હતી.

મંત્રાલયના ઓક્ટોબર મહિનાના અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે, નાણાકીય વર્ષ ૨૭ ના પ્રથમ ક્વાર્ટરમાં વાસ્તવિક જીડીપી ના અપેક્ષા કરતાં વધુ મજબૂત ૭.૮% વૃદ્ધિ દર પછી, બીજા ક્વાર્ટરમાં પણ આર્થિક પ્રવૃત્તિઓનો વિસ્તાર ચાલુ રહ્યો છે.

૧ નવેમ્બરથી મ્યુ. ફંડ ક્ષેત્રે રોકાણના નિયમો બદલાશે

અમદાવાદ, તા. ૩૦

તા. ૧ નવેમ્બરથી મ્યુચ્યુઅલ ફંડ ક્ષેત્રે રોકાણના નિયમો બદલાશે. એસેટ મેનેજમેન્ટ કંપનીઓ ડિજિટલ પ્લેટફોર્મ પર ડાયરેક્ટ મ્યુચ્યુઅલ ફંડ યોજનાઓને ડિફોલ્ટ વિકલ્પ બનાવવા માટે તૈયાર છે. આનો અર્થ એ છે કે જો કોઈ રોકાણકાર નિયમિત યોજના પસંદ કરે છે, તો તેમને તેના ઊંચા ખર્ચ ગુણોત્તર (ખર્ચ) વિશે અગાઉથી જાણ કરવામાં આવશે.

ડિજિટલ પ્લેટફોર્મ પર ડાયરેક્ટ મ્યુચ્યુઅલ ફંડ આપમેળે પસંદગીનો વિકલ્પ બનશે

સેબીના ચેરમેન તુહિન કાંત પાંડેએ કહ્યું હતું કે નિયમોને સરળ બનાવવાના પ્રયાસોના ભાગ રૂપે, સેબી લિસ્ટિંગ અને ડિસ્ક્લોઝર નિયમોની સમીક્ષા કરી રહી છે. વધુમાં, મ્યુચ્યુઅલ ફંડ વ્યવહારો માટે નેટ સેટલમેન્ટ પર વિચારણા કરવામાં આવી રહી છે. પાંડેએ લિસ્ટેડ કંપનીઓની દેખરેખ અને ભંડોળ ઊભું કરવાની પ્રક્રિયાઓને મજબૂત બનાવવા માટે લેવામાં આવતા પગલાંની રૂપરેખા આપી. તેમણે જણાવ્યું હતું કે કેટલીક લિસ્ટેડ કંપનીઓ, જેમાં ઓછી અથવા કોઈ આર્થિક પ્રવૃત્તિ નથી, શેલ કંપનીઓ તરીકે કાર્ય કરે છે, જેનાથી બજારનું જોખમ વધે છે. ૧ નવેમ્બરથી, ડાયરેક્ટ મ્યુચ્યુઅલ ફંડ ડિજિટલ પ્લેટફોર્મ પર આપમેળે પસંદગીનો વિકલ્પ બની જશે. રેગ્યુલર પ્લાન પસંદ કરવાથી ખર્ચ ગુણોત્તરની ચેતવણી મળશે.



ગુજરાત સમાચાર

અમેરિકાનું ચકડોળ નીતિશાસ્ત્ર

એમાં કોઈ શંકા નથી કે અમેરિકા, જે હવે એક કથિત વૈશ્વિક મહાસત્તા છે, તેના મનમાં અનેક ગહન ભ્રમ છે. ચાકૂની અણીએ દુનિયા ચલાવવાના ખુશનુમા ખયાલ ધરાવતા મિસ્ટર ટ્રમ્પ અમેરિકાના બૌદ્ધિક પતનનો ચહેરો બની ગયા છે. સંશોધનની અબજો ડોલરની ગ્રાન્ટ કપાઈ જતાં હવે જાપાન અને જર્મની રેસમાં આગળ દેખાવા લાગ્યા છે. અમેરિકાને ટેકનિકલ પછાત થતાં બહુ વાર નહિ લાગે. આમ પણ ઔદ્યોગિક ઉત્પાદનોમાં તો છેલ્લા પચીસ વરસથી અમેરિકા ચીનથી બહુ પાછળ રહી ગયું છે. બળિયાના બે ભાગના સિદ્ધાંત સાથે વિશ્વ પર રાજ કરનારા ટ્રમ્પે રશિયન ડિઝલ ખરીદવાના નિર્ણય દ્વારા ફરી એકવાર અમેરિકાની આયોજન, વહીવટ અને વિદેશનીતિની નિષ્ફળતાનો પર્દાફાશ કર્યો છે. શત્રુને ઘરે જઈ ભિક્ષાવૃત્તિ કરવી એને શાસ્ત્રોમાં નરકથી પણ ખરાબ દશા તરીકે આલેખવામાં આવી છે.

રશિયા પાસેથી પેટ્રોલિયમ પેદાશ ખરીદવાના ટ્રમ્પ શાસનના નિર્ણયની દુનિયાના કાર્ટૂનિસ્ટોએ બહુ ઠેકડી ઉડાવી છે. ટ્રમ્પે રશિયન તેલ ખરીદવા માટે ભારત પર ૨૫% ટેરિફ વેરો લાદ્યો તે વિડંબના છે. હવે, સ્થાનિક રાજકીય મુશ્કેલીઓમાં ફસાયેલા, તેમણે યુક્રેન યુદ્ધ વિશેની તમામ નૈતિક દલીલોને બાજુ પર રાખીને, રશિયા પાસેથી ડિઝલ ખરીદવાનો નિર્ણય લીધો. એ પણ વિદિત છે કે ટ્રમ્પે તાજેતરમાં એક કાયદો મંજુર કર્યો હતો જેમાં તો ભારત અને ચીન દ્વારા રશિયા પાસેથી ક્રૂડ તેલની ખરીદી પર ૧૦૦ ટકા ટેરિફ લાદવામાં આવ્યો હતો. આ ફક્ત અમેરિકાના બેવડા અને મૂર્ખતાપૂર્ણ વલણને જાહેર કરે છે. ટ્રમ્પ પર વોશિંગ્ટન પોસ્ટે હમણાં જ ટકોર કરી છે કે જર્મનીનો કુખ્યાત શાસક હિટલર ક્રૂર અને ઘાતકી હતો પણ મૂર્ખ ન હતો. એ વાત જાણીતી છે કે અમેરિકાની બધી નીતિઓ અમેરિકાથી શરૂ થાય છે અને અમેરિકા સાથે સમાપ્ત થાય છે. ટ્રમ્પના એક ક્ષણમાં એક તોલા, એક ક્ષણમાં લાખ ખાંડીના નિવેદનો પર વિશ્વાસ કરવો મુશ્કેલ છે.

તે ક્યારે પોતાના શરૂઆતના નિવેદનો પાછા ખેંચી લેશે તે આગાહી થાય એમ નથી. તેમના ભ્રામક નિવેદનોએ વિશ્વભરમાં અમેરિકાની વિશ્વસનીયતા ખલાસ કરી દીધી છે. ટ્રમ્પે અગાઉ દલીલ કરી હતી કે રશિયા પાસેથી પેટ્રોલિયમ ઉત્પાદનો ખરીદવાનો અર્થ યુક્રેનિયનોના વિનાશ માટે સંસાધનો પૂરા પાડવાનો છે. હવે, જો અમેરિકા ખુદ રશિયા પાસેથી ડિઝલ ખરીદે છે, તો શું તે રશિયન આક્રમણને પ્રોત્સાહન નહીં આપે? હવે તેઓ ઝેલેન્સ્કીને શાંતિમાં અવરોધ ગણાવી રહ્યા છે. ટ્રમ્પે તો એમ પણ કહ્યું છે કે યુક્રેનને તેના રાષ્ટ્રપતિ બદલવા જોઈએ. તેમના નિવેદનથી વિશ્વમાં અને નાટોમાં ખળભળાટ મચી ગયો છે. આનો અર્થ એ છે કે ટ્રમ્પ યુક્રેન પર યુદ્ધનો અંત લાવવા માટે દબાણ કરી રહ્યા છે જેથી અમેરિકન ડિઝલની જરૂરિયાતો પૂરી કરી શકાય. હકીકતમાં, ટ્રમ્પ દ્વારા રશિયા પાસેથી તેલ ખરીદવાની તેમની નીતિમાં ફેરફાર પાછળનું વાસ્તવિક કારણ આવતા મહિને યોજાનારી આગામી યુએસ મધ્યાવધિ ચૂંટણીઓ છે. યુએસમાં ડિઝલના ભાવમાં વધારો જાહેર થતાં રાજકીય સમર્થનને તેમની વિરુદ્ધ કરી રહ્યો છે.

ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધે વૈશ્વિક ક્રૂડ ઓઈલ સપ્લાયને ગંભીર અસર કરી છે. માત્ર ભારત જ નહીં, પરંતુ ઘણા યુરોપિયન દેશો પણ આ કટોકટીનો સામનો કરી રહ્યા છે. પરંતુ ટ્રમ્પ ફક્ત પોતાના દેશમાં આગામી મધ્યસત્ર ચૂંટણીઓ જીતવાની ચિંતા કરે છે. યુએસમાં તેમની લોકપ્રિયતામાં તીવ્ર ઘટાડો થયો છે. છેવટે, વૈશ્વિક તેલ સંકટને કારણે ભારત જેવા દેશો પણ આવી જ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે. ઈરાન કટોકટીને કારણે પેટ્રોલિયમના ભાવમાં અભૂતપૂર્વ વધારો થયો છે. પ્રશ્ન એ છે કે, કોઈ સાર્વભૌમ રાષ્ટ્રે પોતાની સ્થાનિક જરૂરિયાતો પૂરી કરવા માટે રશિયા અથવા તેની પસંદગીના દેશ પાસેથી ક્રૂડ ઓઈલ કેમ ન ખરીદવું જોઈએ? પેટ્રોલિયમ ખરીદી અંગે અમેરિકા અને અન્ય દેશો માટે અલગ અલગ ધોરણો કેમ નક્કી કરવામાં આવી રહ્યા છે? ભારત, ચીન વગેરેની ઉર્જા સુરક્ષા ચિંતાઓને કેમ અવગણવામાં આવી રહી છે? દેખીતી રીતે, પેટ્રોલિયમના વધતા ભાવનું દબાણ ભારત માટે પણ એટલું જ સંકટ નોંતરનારું છે. ભારત જેવા દેશ માટે આ પડકાર વધુ મોટો છે, કારણ કે આપણે ઉર્જા જરૂરિયાતોનો ૮૮ ટકા ભાગ તો વિદેશથી આયાત કરીએ છીએ.

જોકે, આ નવા ઘટનાક્રમનું એક સકારાત્મક પાસું એ છે કે વૈશ્વિક બજારમાં રશિયન પેટ્રોલ અને ડિઝલની ખરીદી પરનો પ્રતિબંધ હટાવવાથી વૈશ્વિક ઉપલબ્ધતામાં વધારો થશે, જેના કારણે કિંમતો સ્થિર થશે. આનાથી ભારતના અર્થતંત્રને પણ રાહત મળશે. જો કે, એ પણ હકીકત છે કે અમેરિકાના તમામ દબાણ છતાં, ભારતે ક્યારેય તેના લાંબા સમયથી વિશ્વસનીય મિત્ર, રશિયા પાસેથી પેટ્રોલિયમ ખરીદવાનું બંધ કર્યું નથી. ભલે ટકાવારીમાં થોડો ફેરફાર થયો હોય. ભારત અને રશિયાની મૈત્રીનો જે ઈતિહાસ છે એની મિસ્ટર મોદી અને તેમની સરકારે અવગણના કરી છે.

વી.પી. મેનનઃ સરદારના સાથી... સરદારના સારથિ

વાત-વિચાર

શિશિર રામાવત

આજે સરદાર વલ્લભભાઈની જન્મજયંતી છે. જો તેઓ જીવિત હોત તો આપણે એમનો ૧૫૨મો બર્થડે ઊજવતા હોત. પણ આજે આપણે માત્ર સરદાર પટેલની સાથે ખાસ તો એમના સમર્થ સેનાપતિને યાદ કરવા છે. તેમનું નામ હતું વાપ્પલા પંગુન્ની મેનન. ઇતિહાસ તેમને વી.પી. મેનન તરીકે ઓળખે છે. સરદાર પટેલના એ જમણો હાથ. એમનો જન્મ ૧૮૯૩માં કેરળના મલબાર જિલ્લાના ઓટ્ટપાલમ નામના નાનકડા ગામમાં થયો હતો. પિતા સામાન્ય હેડમાસ્તર. માતા મક્કમ સ્વભાવની સ્ત્રી. નાનો વાપ્પલા કંઈ ભણેશરી છોકરો નહોતો. એક દિવસ શાળામાં શિક્ષકની ઠપકો અસહ્ય લાગતાં તે હઠીલો છોકરો પૈસા વગર ઘરેથી ભાગી ગયો. કોલસાના ધુમાડાવાળી ટ્રેનોમાં બેસીને એ ભારતની મુસાફરીએ નીકળી પડ્યો. મૈસૂરની કોલાર સોનાની ખાણોમાં તેણે પાવડો

સરદાર પટેલ વી.પી. મેનન

ચલાવ્યો. ક્યારેક ટ્રેનના એન્જિનમાં કોલસા નાખ્યા, ક્યારેક રેલવે ક્લાર્ક તરીકે તો ક્યારેક તમાકુની દુકાનમાં મદદનીશ તરીકે કામ કર્યુ. આવી મુશ્કેલ પરિસ્થિતિમાંય તેમણે અંગ્રેજી, ટાઈપિંગ અને શોર્ટહેન્ડ જાતે શીખી લીધા.

૧૯૧૪ સુધીમાં ઉત્તમ શોર્ટહેન્ડ ઝડપ અને અદ્‌ભુત યાદશક્તિના બળે તેમને ભારત સરકારના ગૃહ વિભાગમાં એક સામાન્ય કારકૂનની નોકરી મળી. બ્રિટિશ અમલદારોનું ધ્યાન તરત જ તેમના પર ગયું. જ્યાં અંગ્રેજ બાબુઓને કાયદાકીય કાગળો સમજવામાં કલાકો લાગતા, ત્યાં મલબારનો આ શાંત કારકૂન બપોર પહેલાં ૩૦૦ પાનાની ફાઈલનો માત્ર બે પાનામાં સચોટ સારાંશ તૈયાર કરી દેતો.

તેઓ સતત આગળ વધતા રહ્યા- આસિસ્ટન્ટ સેક્રેટરી, જોઈન્ટ સેક્રેટરી, અને પછી રિફોર્મ્સ કમિશનર. જ્યારે વાઈસરોય લોર્ડ લિનલિથગો અને લોર્ડ વેવેલ ભારતના રાજકીય કોયડાઓ ઉકેલવામાં અટવાતા, ત્યારે મેનન સુધારણા કાર્યાલયનું સૌથી મહત્વનું મગજ ગણાતા. તેઓ ૧૯૩૫ના ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટને એટલો ઊંડાણથી સમજતા હતા કે બ્રિટિશ વાઈસરોય સુધ્ધાં કોઈ નિર્ણય લેતાં પહેલાં પૂછતા, 'મેનન આ વિશે શું વિચારે છે?'

મે ૧૯૪૭માં લોર્ડ માઉન્ટબેટન જવાહરલાલ નેહરુ સાથે શિમલા પહોંચ્યા. બ્રિટિશ કેબિનેટની સત્તા-હસ્તાંતરણની યોજના 'પ્લાન બાલ્કન' લગભગ તૈયાર થઈ ચૂકી હતી. નેહરુને આ યોજનાના કાગળિયા ખાનગીમાં બતાવવામાં આવ્યા. તે વાંચીને નેહરુ ગુસ્સાથી લાલચોળ થઈ ગયા. આ યોજના મુજબ દરેક પ્રાંત અને રજવાડાને ભારત સંઘમાં જોડાવા કે અલગ સ્વતંત્ર દેશ બનવાની છૂટ મળતી હતી. આ તો ભારતના અસંખ્ય નાના-મોટા ટુકડા કરવાનું ષડયંત્ર હતું. માઉન્ટબેટનનું મિશન નિષ્ફળ જવાની અણી પર હતું. હતાશ થઈને વાઈસરોય તે એકમાત્ર માણસ તરફ વળ્યા, જેના પર અંગ્રેજો અને કોંગ્રેસ બંને પૂર્ણ વિશ્વાસ રાખતા હતા.

'સર, આ કામ મારા પર છોડી દો,' મેનને શાંતિથી માઉન્ટબેટનને કહ્યું.

શિમલાના પોતાના રૂમમાં બેસીને, કાળી કોફી અને સિગારેટના સહારે, મેનને માત્ર ચાર કલાકમાં ભારત-પાકિસ્તાનના ભાગલા અને સત્તા-હસ્તાંતરણની એક નવી વૈકલ્પિક યોજના તૈયાર કરી નાખી. તેમણે 'ડોમિનિયન સ્ટેટસ' (સંસ્થાનિક સ્વરાજ્ય) હેઠળ સત્તા સોંપવાનું સૂચન કર્યું, કે જેથી નવું બંધારણ ન બને ત્યાં સુધી ૧૯૩૫નું માળખું ચાલુ રહે અને વહીવટી તંત્ર કે સેનામાં અંધાધૂંધી ન ફેલાય.

નેહરુ સંમત થયા. સરદાર પટેલે મંજૂરી આપી. લંડને પણ તેના પર મહોર મારી દીધી. ૩ જૂન ૧૯૪૭ની જે ઐતિહાસિક યોજના દ્વારા આજના ભારત અને પાકિસ્તાનનો જે પાયો નખાયો, તે વી.પી. મેનના મગજની ઉપજ હતી.

અંગ્રેજોએ જાહેર કર્યું હતું કે ૧૫ ઓગસ્ટે તેમની સત્તા ખતમ થતાં તમામ રાજાઓ કાયદાકીય રીતે સ્વતંત્ર થઈ જશે. ત્રાવણકોર, હૈદરાબાદ અને ભોપાલ જેવાં રાજ્યો તો અલગ દેશ બનાવીને વિદેશોમાં દૂતાવાસો ખોલવાના સપના જોવા લાગ્યાં હતાં. જો આ રજવાડાં અલગ રહેત, તો ભારત દેશ અંદરથી જ છિન્નભિન્ન થઈ જાત. આ સંકટ ટાળવા જુલાઈ ૧૯૪૭માં રિયાસતી મંત્રાલય (મિનિસ્ટ્રી ઓફ સ્ટેટ્સ) રચાયું. સરદાર વલ્લભભાઈ પટેલ મંત્રી બન્યા અને તેમણે તાત્કાલિક શરત મૂકી કે વી.પી. મેનન જ તેમના સચિવ રહેશે.

આ જોડી અદ્‌ભુત હતી. 'હું તો એક સરકારી સેવક છું. મારું કામ સરકારની નીતિનો અમલ કરવાનું છે,' મેનન નમ્રતાથી કહેતા. પણ સરદાર પટેલ પોતાના સાથીઓને સ્પષ્ટ કહેતા કે, 'જો વી.પી. ન હોત, તો ભારતના રજવાડાંઓનું એકીકરણ ક્યારેય શક્ય બન્યું ન હોત.'

બંનેએ મળીને એક રસ્તો કાઢ્યો - સ્ટેન્ડસ્ટિલ એગ્રીમેન્ટ (યથાસ્થિતિ કરાર) અને ઈન્સ્ટ્રુમેન્ટ ઓફ એક્સેસન (જોડાણખત). રાજાઓ પાસેથી માત્ર ત્રણ વસ્તુઓ માંગવામાં આવી - સંરક્ષણ, વિદેશ નીતિ અને સંચાર (કમ્યુનિકેશન). મેનને દસ્તાવેજ એવી ચતુરાઈથી બનાવ્યા કે રાજાઓને લાગ્યું કે તેઓ દેશહિતમાં મોટું બલિદાન આપી રહ્યા છે. મેનન તેમને સમજાવતાઃ 'આજે ત્રણ વસ્તુઓ આપીને દેશ સાથે જોડાઈ જાવ, તો જ આવતીકાલે તમારું અસ્તિત્વ ટકી શકશે.'

પછીના દોઢ વર્ષ સુધી મેનનનું જીવન વિમાનો અને રેલવે ડબ્બાઓમાં જ વીત્યું. તેઓ માંડ બે કલાક ઊંઘતા. ડાયાબિટીસની બીમારી છતાં તેઓ માત્ર ફરજના જોરે દોડતા રહ્યા.

સરદાર પટેલ અને વી.પી. મેનનની જોડી અદ્‌ભુત હતી. સરદાર પટેલ પોતાના સાથીઓને સ્પષ્ટ કહેતા કે, 'જો વી.પી. ન હોત તો ભારતના રજવાડાંઓનું એકીકરણ ક્યારેય શક્ય બન્યું ન હોત.'

૧૯૪૭ના ઉનાળામાં જોધપુરના યુવાન મહારાજા હનવંત સિંહ પાકિસ્તાન તરફ ઢળી રહ્યા હતા. મોહમ્મદ અલી ઝીણાએ તેમને પોતાની સહીવાળો કોરો કાગળ આપી દીધો હતો કે, 'તમારી જે શરતો હોય તે લખી દો, હું મંજૂર કરીશ.' જો જોધપુર પાકિસ્તાનમાં ગયું હોત, તો પાકિસ્તાનની સરહદ સીધી દિલ્હીના દરવાજા સુધી પહોંચી જાત. મેનન સમયસર પહોંચ્યા અને મહારાજાને માઉન્ટબેટન પાસે લઈ ગયા. માઉન્ટબેટનનું દબાણ આવ્યું એટલે હનવંત સિંહે જોડાણખત પર સહી તો કરી આપી, પણ જેવી માઉન્ટબેટન રૂમની બહાર ગયા અને એ મેનન સાથે એકલા પડ્યા, કે તરત જ ગુસ્સામાં ધૂંધવાયેલા મહારાજાએ સોનાની ઢોળ ચડાવેલી પિસ્તોલ કાઢી મેનનના કપાળ પર તાકી દીધી. કહે, 'તમારા જેવા જૂના કારકૂનોનું શાસન હું નહીં સ્વીકારું! જો આડા આવ્યા તો કૂતરાની જેમ ગોળી મારી દઈશ...'

મેનનની પાંપણ પણ ન ઝપકી. પિસ્તોલની નાળ સામે જોતાં તેમણે શાંતિથી કહ્યુંઃ 'મહારાજા સાહેબ, તમે મને ગોળી મારી શકો છો. પણ તેનાથી તમારી મુશ્કેલી ઘટશે નહીં, ઊલટાનું ભારત સરકારનો ક્રોધ તમારા પર ઉતરશે અને તમને ન તો ભારતમાં જમીન મળશે કે ન તો પાકિસ્તાનમાં.' એટલામાં માઉન્ટબેટન પાછા આવ્યા અને મામલો થાળે પડ્યો. મેનન સહી થયેલો દસ્તાવેજ બ્રીફકેસમાં મૂકીને એ રીતે બહાર નીકળ્યા જાણે કશું બન્યું જ ન હોય! કાશ્મીર અને હૈદરાબાદને ભારત સાથે શી રીતે જોડવામાં આવ્યાં એ તો ખૂબ જાણીતી કથા છે.

સરદાર પટેલના અવસાન પછી મેનન એકલા પડી ગયા હતા. નહેરુની સરકારમાં ખુશામતખોરોને પ્રોત્સાહન મળી રહ્યું હતું અને ભ્રષ્ટાચાર પણ થવા માંડ્યો હતો. ૧૯૫૧માં વી. પી. મેનનના ધ્યાનમાં એક કૌભાંડી ચેક આવી ગયો, જેમાં સર પ્રતાપસિંહ અને નહેરુના જમાઈ ફિરોઝ ગાંધીની સ્પષ્ટ સંડોવણી હતી. પરંતુ આ કૌભાંડ દબાવી દેવામાં આવ્યું. કૌભાંડ બહાર લાવવાની સજારૂપે મેનનને ઓરિસ્સાના રાજ્યપાલ બનાવી દેવામાં આવ્યા. જો કે આ નિયુક્તિ પણ બે મહિના પૂરતી જ રહી. મેનનની અવગણના અંગે માઉન્ટબેટને લખ્યું છે કે 'એ બાબત કરુણ છે કે સરદારના ગયા પછી વી.પી. મેનન જેવા મહાન સરકારી અધિકારીની સેવાનો ફરીથી ઉપયોગ ન થયો.'

સરદાર પટેલ અને વી. પી. મેનન પ્રત્યે નહેરુ પરિવારને કેટલો પૂર્વગ્રહ હતો એ મેનનના 'ઈન્ટિગ્રેશન ઓફ ઈન્ડિયન સ્ટેટ્સ' પુસ્તકમાંથી જાણી શકાય છે. તેમાં લખ્યું છે કે '૧૯૬૦માં 'ઈન્ડિયન એક્સપ્રેસ' દૈનિકમાં ગૃહસચિવ એચ. વી. આર. આયંગરે એક લેખમાં સરદાર પટેલનાં વખાણ કર્યા ત્યારે શું બન્યું? બીજે જ દિવસે તંત્રી ફ્રેન્ક મોરાઈસ દોડતા આયંગરને ઘરે ગયા અને બોલી ઉઠ્યાઃ 'આયંગર સાહેબ, હવે તમે વડાપ્રધાનના શ્વાનઘરમાં રહેવાના. હું અત્યારે સીધો નાસ્તાના ટેબલ પરથી આવ્યો છું. ટેબલ પર જવાહર, ઈન્દિરા અને વિજયાલક્ષ્મી પંડિત સાથે હતાં. જવાહર શાંત હતા, કારણ કે હૃદયરોગના હુમલા પછી સારવાર લઈ રહ્યા હતા. ઈન્દિરા ગાંધીએ આ લેખ વાંચ્યો હતો. એમના ગુસ્સાનો કોઈ પાર નહોતો. તેમણે ઉગ્ર સ્વરે કહ્યુંઃ 'આ આયંગર વળી કઈ બલાનું નામ છે?'

પછી વી.પી. મેનન આગળ લખે છેઃ 'નેહરુએ ખંતપૂર્વક અને ઊંડી ગણતરીપૂર્વક સરદાર પટેલની છબી લોકોના મનમાંથી ભૂંસાઈ જાય એવો પ્રયત્ન શરૂ કર્યો હતો... હું આ વાત જાણું છું. મારી સાથે પણ વારંવાર આવું બનતું હતું. કદાચ સરદાર પ્રત્યેની જબરી ઈર્ષા તે માટે જવાબદાર હતી. જો સરદારના જીવનકાળ દરમિયાન દેશના એકીકરણનું કામ પૂર્ણ થયું ન હોત તો પછી હું એકલો એ કામ પૂરું કરી શક્યો ન હોત. જ્યારે કામ ચાલતું હતું ત્યારે હાર્ટ એટેકની પરવા કર્યા વિના તેમાં ગળાડૂબ હતા. મને ખબર છે કે સરદાર પટેલ કેવા પાવરફુલ હતા! તેઓ એવા મનુષ્ય હતા કે તેમની સામે પડવાની કોઈની હિંમત નહોતી.'

સરકારી નોકરીમાંથી નિવૃત્ત થઈને મેનન બેંગલોર રહેવા આવી ગયા હતા. થોડો સમય 'સ્વતંત્ર પાર્ટી'માં જોડાયા, પરંતુ વધારે સમય તો તેમણે લેખન પાછળ જ ફાળવ્યો. ૩૧ ડિસેમ્બર, ૧૯૬૫ના રોજ વી. પી. મેનનનું અવસાન થયું.

શાસનને શું વળગે ભૂર, રેલીઓ કાઢી જાણે એ જ સરકારી શૂર

અગડમ્ બગડમ્

બાબા આદમ

મંત્રીશ્રીએ તાબડતોબ અધિકારીઓને આદેશ છોડ્યો. 'આપણે હવે નવી સ્ટાઈલથી સરકારી વહીવટનો દાખલો બેસાડવાનો છે.'

એક અધિકારી મંત્રીશ્રીને વહાલા થવા કહે, 'સર, આપ જે સ્ટાઈલથી વહીવટ ચલાવી રહ્યા છો એ એકદમ નવી જ સ્ટાઈલ છે. આપની પહેલાં અગાઉ કોઈ મંત્રીએ આટલા બધા ફોટા પડાવ્યા નથી કે રીલો બનાવ્યાં નથી, અને તમારા જેટલું તો બીજા કોઈએ ફેરવી તોળ્યાનું ઈતિહાસમાં નોંધાયું જ નથી.'

મંત્રીશ્રી કહે, ' છોડો કલ કી બાતેં... કલ કી બાત પુરાની. હવે અમે નક્કી કર્યું છે કે અમે આખેઆખી સરકારને જમીન પર ઉતારી દઈશું.'

બીજા અધિકારી કહે, 'વાહ સર, શું તમારા ઉચ્ચ વિચારો છે! સરકારો સાતમા આસમાને ઉડે તેના કરતાં જમીન સાથે જોડાયેલી રહે તેમાં જ લોકશાહીની શોભા છે.'

'બરાબર છે, પરંતુ આપણી લોકશાહીની સોનાની થાળીમાં આ વિપક્ષો લોઢાની મેખ જેવા છે. એ લોકો રેલીઓ કાઢી કાઢીને પબ્લિકને ભરમાવ્યા કરે છે. આમ પણ આપણા દેશની પબ્લિક સાવ ભોટ, નાસમજ અને ઝડપથી ગેરમાર્ગે દોરવાઈ જાય તેવી છે. તે વિપક્ષની રેલીથી ગેરમાર્ગે દોરવાય તે પહેલાં અમે જ જાતભાતની રેલીઓ યોજીને એ કામ પતાવી દઈશું. અબ કી બાર રેલી સરકાર...' મંત્રીશ્રીએ લલકાર્યું.

મોંઘવારી, ભ્રષ્ટાચાર કે ગુનાખોરીને હવે દરેક સરકારી ખાતું રેલી કાઢીને જ નિપટાવશે

જોકે અધિકારીઓ માથું ખંજવાળવા લાગ્યા. એટલે મંત્રીશ્રી ચિઢાઈને કહે, 'લ્યા સમજો. હવેથી આપણે દરેક સરકારી કામકાજને રેલીમાં ફેરવી નાખીશું. જેમ કે ક્યાંય હત્યા, લૂંટ, અકસ્માત થાય તો પોલીસખાતાંવાળા રેલી કાઢશે એટલે ગુનેગારો ડરી જશે. જમીનોના દાખલામાં ભ્રષ્ટાચાર થાય તો મહેસૂલ ખાતાવાળા રેલી કાઢશે એટલે બોગસ દસ્તાવેજો ઊભા કરનારા આપોઆપ શરણે આવશે. ચીજવસ્તુઓના ભાવ વધશે તો નાગરિક પુરવઠાખાતું રેલી કાઢશે એટલે દુકાનદારો ભાવ ઘટાડશે. રસ્તાઓ પર ખાડાઓ પડી જશે તો તેના વિરોધમાં મ્યુનિસિપલ કમિશનરો ને એન્જિનીયરો પણ પ્લેકાર્ડ લઈને રેલી જ કાઢશે એટલે કોન્ટ્રાક્ટરો ખાડા પૂરી દેશે. પાણીની બૂમો પડશે તો પાણી પુરવઠા ખાતાવાળા તત્કાળ રેલી કાઢશે એટલે લોકો જાતે કૂવો ખોદવા માંડશે.'

એક દોઢ ડાહ્યા અધિકારી કહે, 'સર, એકાદી વિપક્ષ-જોડો રેલી પણ કાઢી જ નાખો. એટલે દૂધપાક તરફ માખીઓ બણબણતી આવે તેમ તમામ વિપક્ષી નેતાઓ ટપોટપ સરકારી છાવણીમાં બેસી જશે.'

મંત્રીશ્રી હાથ જોડીને કહે, 'ભલા ભાઈ, અમને પણ આરોપો કરવા, વગોવવા માટે અને ક્યારેક રોદણાં રડવા માટે કોઈ તો જોઈએને. રહેવા દોને ભાઈ.'

આદમનું અડપલું

સરકારી હાઈકુઃ
રેલીની હેલી
પ્રજાને બનાવી દો,
ગાંડી ને ઘેલી

વેપારી વર્ગની ફરિયાદઃ પૈસો ફરતો નથી

દિવાળીની ખરીદી માટે ગ્રાહકોની રાહ જોતાં બજારો : મંદીની અસર વર્તાય છે

પ્રસંગપટ

દિવાળીના તહેવારોની આડે માંડ અઠવાડિયું રહ્યું છે. આવતા ગુરુવારે અગિયારસ છે. ત્યારથી શરૂ થનારા દિવાળીના ઉત્સવો દેવદિવાળી સુધી ચાલશે. દિવાળીની ખરીદીનાં બજારો સૂમસામ છે. વેપારી વર્ગ પૈસો ફરતો નથી તેની બૂમો પાડી રહ્યો છે, તો નોકરિયાત વર્ગ પૈસો હાથમાં આવે તેની રાહ જોઈને બેઠો છે. કહે છે કે બોનસ અને પગાર બંને આ વખતે એકસાથે આવશે, માટે ૧લી તારીખ પછી દિવાળીની ખરીદીની મોસમમાં તેજી જોવા મળી શકે છે.

દિવાળીની ખરીદીના બજેટમાં ઈ-કોમર્સ થોડો ભાગ પડાવી લે છે. લોકોને રૂબરૂ જઈને દિવાળીની ખરીદી કરતા જોવા હોય તો અમદાવાદના ગાંધી રોડ કે રિલીફ રોડની લટાર મારવાનો પ્લાન કરવો જોઈએ. ત્યાં ખરીદી માટે પગ મૂકવાની પણ જગ્યા નથી હોતી. જોકે વેપારી વર્ગ આવી સ્થિતિને ભૂતકાળ કહી રહ્યો છે, કેમ કે શહેરોની ભીડ અને પાર્કિંગની સમસ્યાના કારણે લોકો ભીડભાડમાં જવાનું ટાળે છે અને કેટલીક છૂટક ખરીદી પણ કરતા નથી.

દિવાળી પહેલાં આવતી બોનસની મોસમ શરૂ થઈ છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર સાથે જોડાયેલી સંસ્થાઓએ બોનસ જાહેર કરવાં શરૂ કર્યાં છે. મુંબઈ મહાનગરપાલિકાના હજારો કર્મચારીઓ માટે આ વર્ષની દિવાળી વધુ ખાસ બની રહી છે, કારણ કે ૨૦૨૬ માટે રૂપિયા ૩૩,૦૦૦ના બોનસની જાહેરાત કરવામાં આવી છે. બોનસની ચર્ચા ઘેર-ઘેર થતી આવી છે. બોનસ એ એક પ્રકારની આર્થિક ભેટ છે.

આપણી આસપાસ કામ કરતા લોકો પણ દિવાળી બોનસની અપેક્ષા રાખતા હોય છે. મુંબઈમાં અગાઉના વર્ષે આ બોનસની રકમ રૂ. ૩૧,૦૦૦ હતી, જેમાં આ વખતે રૂ. ૨,૦૦૦નો સીધો વધારો કરવામાં આવ્યો છે.

મોટાભાગે ઉપરી વર્ગ તેમની નીચે કામ કરતા લોકોને બોનસ આપીને તેમને ખુશ કરતો હોય છે. ઘરકામ કરતા લોકો માટે બોનસ આર્થિક ગિફ્ટ છે. ખાનગી કંપનીઓ, ખાસ કરીને મલ્ટીનેશનલ કંપનીઓ બોનસમાં માનતી નથી. જ્યાં ભારતીય કર્મચારીઓ વધુ હોય છે એવી કંપનીઓ બોનસ આપતી હોય છે.

કર્મચારીઓને પરંપરાગત દિવાળીમાં મળતા બોનસની વહેંચણી પછી બજારોમાં રોનક આવી શકે છે. ઈ-કોમર્સ ગમે તેટલી સસ્તી ચીજો વેચે, પરંતુ ઓફલાઈન ખરીદીનો આનંદ, ભાવતાલ કરવાની મજા ગજબની હોય છે. તેમ છતાં ઈ-કોમર્સે દિવાળીની ખરીદીમાં ગાબડું પાડ્યું છે તે હકીકત ભૂલવી ન જોઈએ. જેનઝી તરીકે ઓળખાતી નવી પેઢીને અમદાવાદના ગાંધી રોડ-રિલીફ રોડ પર જામતો ખરીદીનો માહોલ જોવા મોકલવાની જરૂર છે.

બ્લિંકઈટ અને ઝોમેટો જેવી ક્વિક ડિલિવરી પર જીવતો બહુ મોટો વર્ગ છે. લોકો ચપટી વગાડતાં જ પોતાની ઈચ્છિત વસ્તુ મંગાવી લે છે અને એન્જોય કરે છે. ક્વિક ડિલિવરીના કારણે લોકો ભીડભાડમાં જવાનું ટાળે છે. જો આવો જ ટ્રેન્ડ ચાલુ રહેશે તો બે-પાંચ વર્ષ પછી લોકો દિવાળીની ખરીદી માટે ઓનલાઈન પ્લેટફોર્મને જ પસંદ કરશે.

સરકારી વિભાગો જેવાં કે ઈન્ડિયન રેલવે, ઈન્ડિયા પોસ્ટ વગેરેમાં બોનસની રકમ જાહેર થઈ ગઈ છે. બોનસના કારણે બજારોમાં પૈસો ફરતો થાય છે. દિવાળી એ આનંદ અને ઉલ્લાસનો તહેવાર છે, માહોલ ઉત્સાહપૂર્ણ છે અને દરેક વ્યક્તિ આગામી તહેવારો માટે ખરીદી કરવામાં વ્યસ્ત છે. આ બધાની વચ્ચે, કર્મચારીઓ પરંપરાગત 'દિવાળી બોનસ'ની પણ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, જેનું મહત્ત્વ આજે પણ અકબંધ છે.

કેટલીક સંસ્થાઓ બોનસ ઉપરાંત દિવાળી એલાઉન્સ આપે છે, જેના કારણે બજારોમાં ખરીદી વધે છે. દિવાળીના છૂટક બજારોમાંથી ખરીદી કરવાના કારણે અનેક શ્રમજીવીઓને ત્યાં પણ દિવા બળતા રહે છે. દિવાળીનો પરંપરાગત માહોલ હવે મંદ પડતો જાય છે. લોકોના ઘેર જઈને સાલમુબારક કહેવાના રિવાજની જગ્યાએ હવે સંયુક્ત રીતે નવું વર્ષ ઉજવવાનો ટ્રેન્ડ વધ્યો છે. દિવાળીની મજા સોશિયલ મિડીયાએ પણ બગાડી છે. ઓનલાઈન દિવાળી ઉજવનારા વોટ્સએપ મેસેજ મોકલીને સંતોષ માની લે છે.

બોનસ અને પગાર એક સાથે આવશે, તેથી પહેલી તારીખ પછી ખરીદીની મોસમમાં તેજી આવી શકે છે

અઠવાડિક ભવિષ્ય

અગ્નિદત્ત પદ્મનાભ
(અગ્નિહોત્રી)

તા. ૧-૧૧-૨૦૨૬ રવિવારથી
તા. ૭-૧૧-૨૦૨૬ શનિવાર સુધી

મેષ (અ.લ.ઈ.)

સપ્તાહના પ્રારંભમાં આપને કામકાજમાં પ્રતિકૂળતા જણાય. ઉચાટ ઉદ્વેગ રહ્યા કરે. પરંતુ જેમ સપ્તાહ પસાર થતું જાય તેમ આપને રાહત થતી જાય. આપના કામમાં સરળતા થતી જાય. નોકરી ધંધાના કામની સાથે બીજું કોઈ કામ આવી જતાં અન્ય સહકર્મીનું કામ આવી જતાં આપના કાર્યભાર દોડધામ શ્રમમાં વધારો જણાય. કોર્ટ કચેરીના કામકાજમાં વ્યસ્ત રહે. ખર્ચ ખરીદી જણાય. તા. ૧ બેચેની વ્યગ્રતા અનુભવો. ૨ કામકાજમાં પ્રતિકૂળતા જણાય. ૩ આપના કામમાં વ્યસ્ત રહો. ૪ મહત્ત્વના નિર્ણય લઇ શકાય. ૫ કામકાજ અંગે વ્યસ્તતા જણાય. ૬ ખર્ચ ખરીદી જણાય. ૭ મધ્યમ. સ્ત્રીવર્ગને કામકાજના લીધે દોડધામ શ્રમ રહે. વિદ્યાર્થીવર્ગને મધ્યમ.

વૃષભ (બ.વ.ઉ.)

સપ્તાહ દરમ્યાન આપને સાનુકુળતા મળી રહે. આપના રૂકાવટ વિલંબમાં અટવાઈ પડેલા કાર્યનો ધીરે ધીરે ઉકેલ આવતો જાય. સીઝનલ ધંધામાં આકસ્મિક ઘરાકી આવી જવાથી લાભ-ફાયદો જણાય. વાણીની મીઠાશથી કામમાં સરળતા રહે. આપની બુધ્ધિ-અનુભવ આવડત મહેનતથી અગત્યના કામનો ઉકેલ લાવી શકો. સંયુક્ત ધંધામાં ભાઈભાંડુનો સહકાર મળી રહે. પરદેશના કામકાજ અંગે મિલન-મુલાકાત થાય. પરંતુ જમીન-મકાન-વાહનના કામમાં ધ્યાન રાખવું. તા. ૧ યાત્રા-પ્રવાસ, મિલન-મુલાકાત થાય. ૨ સારી. ૩ કામમાં પ્રતિકૂળતા જણાય. ૪ વાહન ચલાવવામાં ધ્યાન રાખવું. ૫ કામકાજમાં સાનુકુળતા રહે. ૬ સીઝનલ ધંધામાં લાભફાયદો જણાય. ૭. આપના કામમાં વ્યસ્ત રહો. સ્ત્રીવર્ગને સંતાનથી હર્ષ લાભ રહે. વિદ્યાર્થીવર્ગને સાનુકુળતા રહે.

મિથુન (ક.છ.ઘ.)

સપ્તાહનો પ્રારંભ આપના માટે સારો રહે. કામમાં સરળતા રહે. કામનો ઉકેલ આવતો જાય. સામાજિક વ્યવહારિક કામ જણાય. અડોશ-પડોશના કામમાં આપે વ્યસ્ત રહેવું પડે. પરદેશના કાર્યમાં પ્રગતિ જણાય. પરંતુ સપ્તાહના અંતમાં આપ હરો-ફરો કામકાજ કરો પરંતુ આપના હૃદય મનને શાંતિ-રાહત જણાય નહીં. આપના કાર્યમાં કોઈ ને કોઈ રૂકાવટ મુશ્કેલી જણાય. ઘર પરિવારની ચિંતા અનુભવાય. તા. ૧ ધંધામાં આવક જણાય. ૨ કામકાજમાં સાનુકુળતા મળી રહે. ૩ બઢતી-બદલીના કામમાં પ્રગતિ જણાય. ૪ સારી. ૫ ઉચાટ ઉદ્વેગ રહ્યા કરે. ૬ કામકાજમાં પ્રતિકૂળતા જણાય. ૭ ધીરજ અને શાંતિથી દિવસ પસાર કરી લેવો. સ્ત્રીવર્ગને વ્યગ્રતા બેચેની રહ્યા કરે. વિદ્યાર્થી વર્ગને મિત્રવર્ગની ચિંતા જણાય.

કર્ક (ડ.હ.)

સપ્તાહ દરમ્યાન આપને કામકાજમાં ન ધારેલી સાનુકુળતા સફળતા મળી રહે. આપના યશ-પદ-ધનમાં વધારો થાય તેવું કામકાજ થવાથી આનંદ અનુભવો. આપના કામમાં ઉપરીવર્ગ સહકાર્યકર વર્ગ નોકર-ચાકરવર્ગનો સાથ સહકાર મળી રહે. મહત્ત્વના કામનો ઉકેલ લાવી શકો. ધંધામાં આવક જણાય. પરદેશના કામ થઇ શકે. ધર્મકાર્ય શુભકાર્ય થવાથી આનંદ રહે. તા. ૧આપના કામમાં વ્યસ્ત રહો. ૨ મહત્ત્વના નિર્ણય લઇ શકાય. ૩ બેંકના વીમા કંપનીના, શેરોના કામમાં સરળતા રહે. ૪ ધંધામાં આવક જણાય. ૫ કામમાં સાનુકુળતા રહે. ૬ ધર્મકાર્ય શુભકાર્ય થાય. ૭ યાત્રા પ્રવાસમાં ધ્યાન રાખવું. સ્ત્રીવર્ગને કાર્યસફળતા રહે. વિદ્યાર્થીવર્ગને હર્ષ લાભ.

સિંહ (મ.ટ.)

સપ્તાહના પ્રારંભે આપને ઉચાટ ઉદ્વેગ જણાય. કામકાજમાં ઉતાવળ કરવી નહીં. પરંતુ સપ્તાહ પસાર થાય તેમ આપને શાંતિ થતી જાય. આપના કાર્યમાં વ્યસ્ત થતાં જાવ. અગત્યના કામનો ઉકેલ લાવી શકો. આપના કાર્યની સાથે કૌટુંબિક પારિવારીક, સામાજિક વ્યવહારિક કામમાં વ્યસ્ત રહેવાનું બને. સીઝનલ ધંધામાં આકસ્મિક ઘરાકી આવી જવાથી લાભ ફાયદો જણાય. તા. ૧ ચિંતા-બેચેની રહે. ૨ કામકાજમાં રૂકાવટ-મુશ્કેલી જણાય.૩ મિલન-મુલાકાત થઇ શકે. ૪ રાજકીય સરકારી કામમાં સરળતા રહે. ૫. કામકાજમાં સાનુકુળતા મળી રહે. ૬ સીઝનલ ધંધામાં આવક જણાય. ૭ સામાજિક વ્યવહારિક કામ રહે. સ્ત્રીવર્ગને કુટુંબ પરિવારનો સહકાર રહે. વિદ્યાર્થીવર્ગને સાનુકુળતા રહે.

કન્યા (પ.ઠ.ણ.)

સપ્તાહ દરમ્યાન આપના ગણત્રી ધારણા પ્રમાણેનું કામકાજ થવાથી કામ કરવાનો ઉત્સાહ રહે. આપના અગત્યના કામનો ઉકેલ આવતો જાય. મહત્ત્વના નિર્ણય લેવાતા હોય તો લઇ શકાય. સંતાનના પ્રશ્ને આપની ચિંતા-પરેશાની ઓછી થાય. રાજકીય સરકારી કામકાજ અંગે મિલન-મુલાકાત થઇ શકે. પરંતુ નાણાંકીય લેવડ-દેવડની બાબતમાં આપે સાવધાની રાખવી પડે. તા. ૧ ધંધામાં લાભ-ફાયદો જણાય. ૨ સારી. ૩ આવેશ-ઉશ્કેરાટમાં આવ્યા વગર કામ કરવું. ૪ કામમાં પ્રતિકૂળતા જણાય. ૫ આપના કામમાં વ્યસ્ત રહો. ૬ મહત્વના કામનો ઉકેલ આવતા આનંદ રહે. ૭ માનસિક પરિતાપ વ્યગ્રતા જણાય. સ્ત્રીવર્ગને પતિ-સંતાનનો સાથ સહકાર મળી રહે. વિદ્યાર્થીવર્ગને આનંદ-ઉત્સાહ રહે.

તુલા (ર.ત.)

સપ્તાહના પ્રારંભથી કામકાજમાં વ્યસ્ત રહો. પરંતુ આપના કામનો ઉકેલ આવતો જવાથી આનંદ રહે. મિત્રવર્ગના કામકાજ અંગે દોડધામ રહે. પરંતુ સપ્તાહના અંતમાં આપને કામમાં કોઇને કોઈ રૂકાવટ મુશ્કેલીનો અનુભવ થયા કરે. રાજકીય સરકારી કામમાં, ખાતાકીય કામમાં આપે ઉતાવળ કરવી નહીં. આપની ગણત્રી ધારણા અવળાં પડતાં આપની મુશ્કેલીમાં વધારો થાય. ઉચાટ-ઉદ્વેગ જણાય. તા. ૧ આપના કામમાં વ્યસ્ત રહો. ૨ મધ્યમ. ૩ કામકાજમાં સાનુકુળતા મળી રહે. ૪ ધંધામાં લાભ ફાયદો જણાય. ૫ કોર્ટ કચેરીના કામમાં મુશ્કેલી રહે. ૬ ખર્ચ ખરીદી જણાય. ૭ ઉચાટ-ઉદ્વેગ રહે. સ્ત્રીવર્ગે નાણાંકીય લેવડ-દેવડમાં ધ્યાન રાખવું. વિદ્યાર્થીવર્ગે વાદ-વિવાદથી સંભાળવું.

વૃશ્ચિક (ન.ય.)

આપનું આ સપ્તાહ એકંદરે સારું રહે. પરદેશના કામમાં પ્રગતિ જણાય. સંયુક્ત ધંધામાં ભાઈભાંડુનો સહકાર જણાય. કામ અંગેની દોડધામ રહે.પરંતુ સપ્તાહ પસાર થાય તેમ આપને કામકાજમાં આકસ્મિક સાનુકુળતા મળી રહેતાં આપના કામનો ઝડપથી ઉકેલ આવતો જાય. આપના કામની કદર પ્રશંસા થવાથી આનંદ રહે. સીઝનલ ધંધામાં આકસ્મિક ઘરાકી આવી જવાથી આવક થાય. ધર્મકાર્ય શુભકાર્ય થાય. તા. ૧ યાત્રા પ્રવાસ થઇ શકે. ૨ નોકરી ધંધાર્થે બહાર કે બહારગામ જવાનું બને. ૩ કામમાં વ્યસ્તતા રહે. ૪ મધ્યમ. ૫ કામમાં સાનુકુળતા થતી જાય. ૬ સીઝનલ ધંધામાં લાભ ફાયદો જણાય. ૭ સારી. સ્ત્રીવર્ગને પતિ-સંતાનથી હર્ષ લાભ રહે. વિદ્યાર્થીવર્ગને સારું.

ધન (ભ.ધ.ફ.ઢ.)

સપ્તાહના પ્રારંભે આપે સીઝનલ વાયરલ બીમારીથી સંભાળવું પડે. આપને કામકાજમાં પ્રતિકૂળતા જણાય. પરંતુ જેમ સપ્તાહ પસાર થતું જાય તેમ આપને રાહત થતી જાય. આપના કામમાં વ્યસ્ત થતાં જાવ. ઘર-પરિવાર-સગા સંબંધી વર્ગ મિત્રવર્ગના કામને લીધે દોડધામ શ્રમ જણાય. જમીન મકાન વાહનના કામ થઇ શકે. અડોશ-પડોશના કામ જણાય. પરદેશના કામકાજ અંગે મિલન-મુલાકાત થઇ શકે. તા. ૧ તન-મન ધનથી વાહનથી સંભાળવું પડે. ૨ કામકાજમાં ઉતાવળ ન કરવી. ૩ સારી. ૪ કામકાજનો ઉકેલ આવતો જાય. ૫ આપના કામમાં વ્યસ્ત રહો. ૬ ઘર પરિવારનો સહકાર મળી રહે. ૭ મધ્યમ. સ્ત્રીવર્ગને કૌટુંબિક પારિવારીક કામકાજ રહે. વિદ્યાર્થીવર્ગને મિત્રવર્ગનો સાથ મળી રહે.

મકર (ખ.જ.)

આપનું આ સપ્તાહ આરોહ અવરોહમાં પસાર થાય. એક બે મહત્ત્વના કામ ઉકેલાય તો એક-બે કામમાં આપને મુશ્કેલી જણાય. કામમાં વિલંબ જણાય. સામાજિક વ્યવહારીક કામ રહે. દેશ પરદેશના કામમાં, આયાત-નિકાસના કામમાં સાનુકુળતા મળી રહે. અગત્યના કામકાજ અંગેની મિલન-મુલાકાત થઇ શકે. નોકર-ચાકર વર્ગ સહકાર્યકર વર્ગનો સાથ સહકાર રહે. ધર્મકાર્ય શુભકાર્ય થવાથી હૃદય-મન પ્રસન્નતા અનુભવે. તા. ૧ સંસ્થાકીય કામ જાહેરક્ષેત્રના કામમાં વ્યસ્ત રહો. ૨ સારી. ૩ તબીયતની કાળજી રાખવી પડે. ૪ વાહન ધીરે ચલાવવું. ૫ કામકાજમાં સાનુકુળતા થતી જાય. ૬ ધર્મકાર્ય શુભકાર્ય થઇ શકે. ૭ યાત્રા-પ્રવાસમાં ધ્યાન રાખવું. સ્ત્રીવર્ગને પતિનો સહકાર રહે. વિદ્યાર્થીવર્ગને નવી ઓળખાણ મિત્રતા થાય.

કુંભ (ગ.સ.શ.ષ.)

સપ્તાહ દરમ્યાન આપે તન-મન-ધનથી વાહનથી સંભાળીને શાંતિથી દિવસો પસાર કરી લેવા. આપના કામના દબાણ તણાવ દોડધામ શ્રમની અસર આપના સ્વાસ્થ્ય પર ના પડે તેનું ધ્યાન રાખવું પડે. આપના ગણત્રી ધારણા અવળાં પડતાં આપની મુશ્કેલીમાં વધારો થાય. નાણાંકીય લેવડ-દેવડમાં ધ્યાન રાખવું. તેમ છતાં આપના એક-બે મહત્ત્વના કામનો ઉકેલ આવતાં રાહત જણાય. તા. ૧ સીઝનલ ધંધામાં ગ્રાહકવર્ગનું ધ્યાન રાખવું. ૨ હરિફવર્ગ ઈર્ષ્યા કરનાર વર્ગની મુશ્કેલી રહે. ૩ સારી. ૪ આપના કામમાં વ્યસ્ત રહો. ૫ કામકાજમાં પ્રતિકૂળતા જણાય. ૬ નાણાંકીય લેવડ-દેવડમાં ધ્યાન રાખવું. ૭ અકસ્માતથી સંભાળવું પડે. સ્ત્રીવર્ગે આરોગ્યની કાળજી રાખી કામકાજ કરવું. વિદ્યાર્થીવર્ગે અકસ્માતથી સંભાળવું.

મીન (દ.ચ.ઝ.થ.)

આપનું આ સપ્તાહ સારું પસાર થાય. આપના આ રૂકાવટ વિલંબમાં અટવાઈ પડેલા કામનો ધીરે ધીરે ઉકેલ આવતો જાય. આપના ગણત્રી ધારણા પ્રમાણેનું કામકાજ થવાથી કામ કરવાનો ઉત્સાહ રહે. જાહેરક્ષેત્રના કામમાં, સંસ્થાકીય કામમાં દોડધામ વ્યસ્તતા જણાય. સીઝનલ ધંધામાં લાભ ફાયદો મળી રહે. મહત્ત્વના નિર્ણય લેવામાં સરળતા રહે. સંતાનના પ્રશ્ને આપની ચિંતા-પરેશાની ઓછી થાય. તા. ૧ સીઝનલ ધંધામાં લાભ ફાયદો જણાય. ૨ સંતાનના પ્રશ્ને ચિંતા ઓછી થાય. ૩ મધ્યમ. ૪ કામકાજ અંગે દોડધામ શ્રમ જણાય. ૫ કામકાજમાં સાનુકુળતા મળી રહે. ૬ મિલન મુલાકાત થઇ શકે. ૭ માનસિક પરિતાપ રહે. સ્ત્રીવર્ગને પતિ-સંતાનનો સાથ સહકાર મળી રહે. વિદ્યાર્થીવર્ગને સાનુકુળતા રહે.

IT, હેલ્થકેર શેરોમાં ફોરેન ફંડોની તેજી

સેન્સેક્સ ૩૦૮ પોઈન્ટ વધીને ૭૪૪૬૦

(ગુજરાત સમાચાર પ્રતિનિધિ) મુંબઈ, શુક્રવાર

કોર્પોરેટ પરિણામોની સીઝનમાં સારા પરિણામોની સાથે કેટલીક કંપનીઓના નબળા પરિણામોની અસર અને વૈશ્વિક મોરચે ગૂગલની પેરન્ટ આલ્ફાબેટના નબળા રિઝલ્ટ છતાં ચાઈનામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નો ફુગ્ગો ફૂટવાના અહેવાલોએ એઆઈ કંપનીઓના શેરોમાં કડાકો બોલાઈ જતાં ભારતીય શેર બજારોમાં આજે આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ શેરોની આગેવાનીએ તેજી રહી હતી. આઈટી શેરો સાથે ફંડોએ હેલ્થકેર-ફાર્મા શેરોમાં ફંડો લેવાલ રહ્યા હતા. ક્રુડ ઓઈલના ભાવ ફરી બેથી અઢી ટકા વધી આવ્યા સામે અમેરિકી ડોલર સામે રૂપિયો ૩૧ પૈસા મજબૂત રહેતાં બજાર પર પોઝિટીવ અસર જોવાઈ હતી. જો કે સ્મોલ, મિડ કેપ શેરોમાં ફરી મોટું ધોવાણ થયું હતું. સેન્સેક્સ ૩૦૮.૪૮ પોઈન્ટ વધીને ૭૪૪૬૦.૦૫ બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ ૧૧૬.૩૫ પોઈન્ટ વધીને ૨૩૦૫૩.૧૦ બંધ રહ્યો હતો.

આઈટી ઈન્ડેક્સ ૪૬૧ ઉછળ્યો

ચાઈનામાં એઆઈની તેજીનો ફુગ્ગો ફૂટી જતાં આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેક્નોલોજી કંપનીઓ માટે હકારાત્મક પરિબળે ફંડોની આજે આઈટી શેરોમાં ફરી તેજી થઈ હતી. ઈન્ફોસીસ રૂ.૩૮.૫૫ વધીને રૂ.૧૧૯૨, એચસીએલ ટેક્નોલોજી રૂ.૧૬.૫૦ વધીને રૂ.૧૨૮૨, ટીસીએસ રૂ.૧૫.૫૦ વધીને રૂ.૨૪૯૬ રહ્યા હતા. બીએસઈ આઈટી ઈન્ડેક્સ ૪૬૦.૭૧ પોઈન્ટ વધીને ૩૦૬૬૬.૧૩ બંધ રહ્યો હતો.

હેલ્થકેર શેરોમાં ફંડોની ખરીદી

હેલ્થકેર-ફાર્મા શેરોમાં ફંડોએ આજે સતત મોટાપાયે ખરીદી કરી હતી. અપોલો હોસ્પિટલ રૂ.૨૦૨ વધીને રૂ.૮૪૦૦, ફોર્ટિસ હેલ્થકેર રૂ.૧૬.૨૫ વધીને રૂ.૭૬૯.૨૦, સિપ્લા રૂ.૨૩ વધીને રૂ.૧૩૨૦, ટોરન્ટ ફાર્મા રૂ.૭૧.૦૫ વધીને રૂ.૪૬૩૫.૧૫, અજન્તા ફાર્મા રૂ.૫૨.૫૫ વધીને રૂ.૩૫૧૨.૪૦, અલકેમ રૂ.૭૫ વધીને રૂ.૫૧૨૫, ઓરોબિન્દો ફાર્મા રૂ.૨૨.૨૦ વધીને રૂ.૧૬૭૭.૮૦ રહ્યા હતા. બીએસઈ હેલ્થકેર ઈન્ડેક્સ ૪૭૪.૦૮ પોઈન્ટ ઉછળીને ૫૦૧૬૮.૩૭ બંધ રહ્યો હતો.

કેપિટલ ગુડ્ઝ ઈન્ડેક્સ તૂટ્યો

પાવર-કેપિટલ ગુડ્ઝ શેરોમાં ફંડોનું આજે ફરી હેમરિંગ થતાં ભાવો પટકાયા હતા. ફંડોએ આજે ઈન્ટલાઈન શેરોમાં મોટું પ્રોફિટ બુકિંગ કર્યાની ચર્ચા હતી. કિર્લોસ્કર એન્જિન રૂ.૨૮.૯૦ ઘટીને રૂ.૧૭૯૯.૫૦, ભેલ રૂ.૧૪.૬૦ ઘટીને રૂ.૩૮૭.૩૫, ભારત ડાયનામિક્સ રૂ.૩૫ ઘટીને રૂ.૧૭૭૫ રહ્યા હતા. બીએસઈ કેપિટલ ગુડ્ઝ ઈન્ડેક્સ ૧૪૪૩.૫૮ પોઈન્ટ ગબડીને ૬૮૦૦૯.૯૫ બંધ રહ્યો હતો.

ઓટો શેરોમાં પ્રોફિટ બુકિંગ

તહેવારોની સીઝનમાં વાહનોની ખરીદીનો ઉત્સાહ આ વખતે મર્યાદિત જોવા મળી રહ્યો હોઈ આજે ફરી પ્રોફિટ બુકિંગ કરી હળવા થવાનું પસંદ કર્યું હતું. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા રૂ.૫૬ ઘટીને રૂ.૨૮૪૪, મધરસનસુમી રૂ.૩.૦૫ ઘટીને રૂ.૧૫૯.૫૫, ટીવીએસ મોટર રૂ.૭૦ ઘટીને રૂ.૪૨૦૦, અપોલો ટાયર રૂ.૬.૬૫ ઘટીને રૂ.૩૭૯.૩૦ રહ્યા હતા. બીએસઈ ઓટો ઈન્ડેક્સ ૫૨૫.૪૦ પોઈન્ટ ઘટીને ૫૫૯૬૯.૧૦ બંધ રહ્યો હતો.

બેંકેક્સ ઈન્ડેક્સ ઘટયો

બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં પણ ફંડો સપ્તાહના અંતે હળવા થયા હતા. ઈન્ડસઈન્ડ બેંક રૂ.૨૮.૪૦ તૂટીને રૂ.૮૪૦, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા રૂ.૧૯ ઘટીને રૂ.૯૬૧, ફેડરલ બેંક રૂ.૪.૭૫ ઘટીને રૂ.૩૪૨.૬૫, બેંક ઓફ બરોડા રૂ.૩ ઘટીને રૂ.૨૩૮.૫૦ રહ્યા હતા. બીએસઈ બેંકેક્સ ઈન્ડેક્સ ૩૦૩.૨૩ પોઈન્ટ ઘટીને ૬૧૪૧૫.૨૫ બંધ રહ્યો હતો.

FIIની રૂ.૩૫૯૯ કરોડની ખરીદી

ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો-એફપીઆઈઝ, એફઆઈઆઈઝની આજે શુક્રવારે કેશ સેગ્મેન્ટમાં રૂ.૩૫૯૮.૫૪ કરોડના શેરોની ચોખ્ખી ખરીદી કરી હતી. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો-ડીઆઈઆઈની આજે રૂ.૮૭.૫૧ કરોડના શેરોની ચોખ્ખી વેચવાલી રહી હતી.

રોકાણકારોની સંપતિ ઘટી

શેરોમાં આજે સેન્સેક્સ, નિફ્ટી બેઝ્ડ તેજી સામે સ્મોલ, મિડ કેપ શેરોમાં વ્યાપક કડાકો બોલાઈ જતાં રોકાણકારોની સંપતિ એટલે કે બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું એક્ત્રિત માર્કેટ કેપિટલાઈઝેશન આજે એક દિવસમાં રૂ.૩.૦૬ લાખ કરોડ ધોવાઈને રૂ.૪૭૪.૩૭ લાખ કરોડ રહ્યું હતું.

કામકાજના અંતે નિફ્ટી ૧૧૬ પોઈન્ટ વધીને ૨૩૦૫૩

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો નફો ૩૪ ટકા ઉછળીને રૂ.૨૯,૫૫૦ કરોડ

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ તા.૩૦

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે ઓઈલ ટુ કેમિકલ્સ બિઝનેસમાં અસાધારણ કામગીરી થકી ૩૦, સપ્ટેમ્બર ૨૦૨૬ના પૂરા થયેલા બીજા ત્રિમાસિક અને પ્રથમ અર્ધવાર્ષિકના અનપેક્ષિત ફેન્ટાસ્ટિક પરિણામ જાહેર કર્યા છે. કોન્સોલિડેટેડ ધોરણે કંપનીનો ત્રિમાસિક ચોખ્ખો નફો ગત વર્ષના સમાનગાળાના રૂ.૨૨,૦૯૨ કરોડની તુલનાએ ૩૩.૮ ટકા વધીને રૂ.૨૯,૫૫૦ કરોડ થયો છે.

ઓટુસી બિઝનેસમાં ઈબીટા નફો ૬૭.૯ ટકા વધીને રૂ.૨૫,૨૦૩ કરોડ હાંસલ કર્યો : રિલાયન્સ રિટેલનો નફો ઘટ્યો

જ્યારે કુલ આવક રૂ.૨,૮૩,૫૪૮ કરોડની તુલનાએ ૨૭.૮ ટકા વધીને રૂ.૩,૬૨,૨૬૮ કરોડ થઈ છે. આ સાથે ઈબીટા ૨૩.૮ ટકા વધીને રૂ.૬૨,૪૦૯ કરોડ હાંસલ કર્યો છે. બોર્ડ ઓફ ડિરેક્ટર્સે રૂ. ૧૫ હજાર કરોડ સુધીના લિસ્ટેડ, સિક્યોર્ડ અથવા અનસિક્યોર્ડ, રિડીમેબલ, નોન-કન્વેર્ન્ટેબલ, ડિબેન્ચર પ્રાઈવેટ પ્લેસમેન્ટ ધોરણે એક અથવા એકથી વધુ તબક્કામાં ઈશ્યુ કરવાના ઠરાવને મંજુરી આપી છે.

કંપનીએ ખાસ ઓઈલ ટુ કેમિકલ્સ (ઓટુસી) સેગમેન્ટમાં પ્રોત્સાહક કામગીરી હાંસલ કરી છે. આ સેગ્મેન્ટમાં કંપનીની આવક રૂ.૧,૬૦,૫૫૮ કરોડની તુલનાએ ૪૪.૨ ટકા વધીને રૂ.૨,૩૧,૬૦૧ કરોડ નોંધાવી છે. જ્યારે ઈબીટા રૂ.૧૫,૦૦૮ કરોડથી ૬૭.૯ ટકા વધીને રૂ.૨૫,૨૦૩ કરોડ હાંસલ કર્યો છે.

રિલાયન્સ રિટેલ વેન્ચર્સ લિમિટેડે બીજા ત્રિમાસિકમાં નબળી કામગીરી નોંધાવી છે. કંપનીનો ચોખ્ખો નફો ગત વર્ષના સમાનગાળાના રૂ.૩૪૬૯ કરોડની તુલનાએ ૨૪.૫ ટકા ઘટીને રૂ.૨૬૧૯ કરોડ થયો છે. જ્યારે કુલ આવક રૂ.૮૬,૧૬૯ કરોડથી ૬.૪ ટકા વધીને રૂ.૯૧,૭૧૬ કરોડ નોંધાવી છે.

ઓઈલ એન્ડ ગેસ એક્સપ્લોરેશન એન્ડ પ્રોડક્શન સેગ્મેન્ટમાં કંપનીનો ત્રિમાસિક ઈબીટા રૂ.૫૦૦૨ કરોડથી બે ટકા ઘટીને રૂ.૪૯૦૧ કરોડ અને આવક રૂ.૬૦૫૮ કરોડથી ૦.૬ ટકા વધીને રૂ.૬૦૨૦ કરોડ થયા છે. જિયો સ્ટાર બિઝનેસની ત્રિમાસિક આવક રૂ.૭૨૩૨ કરોડથી ૯.૮ ટકા વધીને રૂ.૭૯૪૪ કરોડ અને ચોખ્ખો નફો રૂ.૧૩૨૨ કરોડથી ૧૩.૨ ટકા ઘટીને રૂ.૧૧૪૭ કરોડ થયા છે.

કંપનીએ પ્રથમ અર્ધવાર્ષિક એપ્રિલ થી સપ્ટેમ્બર ૨૦૨૬માં ચોખ્ખા નફામાં રૂ.૫૦,૦૦૦ કરોડનો આંક પાર કરીને રૂ.૪૩,૯૦૩ કરોડની તુલનાએ વદીને રૂ.૫૨,૨૫૧ કરોડ નેટ નફો મેળવ્યો છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર મુકેશ અંબાણીએ જણાવ્યું હતું કે, વૈશ્વિક બજારમાં અસ્થિરતા અને જીઓપોલિટીકલ ટેન્શન હોવા છતાં રિલાયન્સે પોતાના વિવિધ બિઝનેસોમાં સારૂ પ્રદર્શન કર્યું છે. ઓટુસી બિઝનેસમાં મજબૂત કામગીરી કરી છે. જિયો હવે માત્ર ટેલીકોમ કંપની નથી, પરંતુ ટેકનોલોજી, ડિજિટલ પ્લેટફોર્મ અને ડીપ-ટેક ક્ષેત્રમાં પણ આગળ વધી રહી છે.

શેરોના ધમાકેદાર લિસ્ટિંગ બાદ પ્રથમ પરિણામ

જિયો પ્લેટફોર્મ્સનો ત્રિમાસિક નફો ૧૪% વધીને રૂ.૮૩૮૯ કરોડ થયો

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ તા.૩૦

જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડના મેગા આઈપીઓ અને ધમાકેદાર લિસ્ટિંગ સાથે અનેક વિક્રમો સર્જયા બાદ આજે કંપનીએ તેના પ્રથમ પરિણામ જાહેર કર્યા છે. ૩૦, સપ્ટેમ્બર ૨૦૨૬ના પૂરા થયેલા બીજા ત્રિમાસિકના પ્રોત્સાહક પરિણામ જાહેર કર્યા છે. કોન્સોલિડેટેડ ધોરણે કંપનીનો ચોખ્ખો નફો ગત વર્ષના સમાનગાળાના રૂ.૭૩૭૯ કરોડની તુલનાએ ૧૩.૭ ટકા વધીને રૂ.૮૩૮૯ કરોડ થયો છે.

આ રિઝલ્ટ ફાઈવ-જી નેટવર્કની મજબૂતી દર્શાવે છે : આકાશ અંબાણી



કંપનીની કુલ આવક રૂ.૪૨,૬૫૨ કરોડની તુલનાએ ૩.૩ ટકા વધીને રૂ.૪૭,૪૮૫ કરોડ થઈ છે. ઈબીટા ૧૬.૬ ટકા વધીને રૂ.૨૧,૮૭૯ કરોડ અને ઈબીટા માર્જિન ૨૫૦ બેઝિઝ પોઈન્ટ વધીને ૫૪.૧ ટકા હાંસલ કર્યું છે. જિયો પ્લેટફોર્મ્સના મેનેજિંગ ડિરેકટર આકાશ એમ. અંબાણીએ પરિણામ વિશે જણાવ્યું હતું કે, એક લિસ્ટેડ કંપની તરીકે અમે નવા યુગમાં પ્રવેશ કરી રહ્યા છીએ. આ ત્રિમાસિકના પરિણામો અમારા ફાઈવ-જી નેટવર્કની મજબૂતાઈ અને બ્રોડબેન્ડ અને ડિજિટલ સર્વિસિઝના વધતા વ્યાપને દર્શાવે છે. અમે અમારા તમામ હિતધારકો માટે લાંબાગાળે મૂલ્યનું સર્જન કરવા માટે પ્રતિબદ્ધ છીએ.

સપ્ટેમ્બર માસમાં ક્રેડિટ કાર્ડસ મારફતના ખર્ચમાં ૬ ટકાનો નોંધપાત્ર ઘટાડો જોવાયો

મુંબઈ, તા. ૩૦

ગયા વર્ષના સપ્ટેમ્બરના ઊંચા સ્તરને પરિણામે વર્તમાન વર્ષના સમાન મહિનામાં ક્રેડિટ કાર્ડસ મારફતના ખર્ચમાં વાર્ષિક ધોરણે ૫.૯૦ ટકા ઘટાડો થઈ રૂપિયા ૨.૦૪ ટ્રિલિયન રહ્યો છે. ફેબ્રુઆરી ૨૦૨૧ બાદ પહેલી જ વખત વાર્ષિક ધોરણે ઘટાડો જોવા મળ્યો હોવાનું રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના ડેટા જણાવે છે.

ફેબ્રુઆરી ૨૦૨૧ બાદ પહેલી વાર વાર્ષિક ધોરણે ઘટાડો જોવાયો

ગયા વર્ષના સપ્ટેમ્બરમાં ગુડસ એન્ડ સર્વિસીઝ ટેકસ (જીએસટી)માં ઘટાડા તથા તહેવારોની વહેલી મોસમને કારણે ક્રેડિટ કાર્ડસનો ઉપયોગ ઊંચો રહ્યો હતો.

વર્તમાન વર્ષમાં નવરાત્રી ઓકટોબરમાં જયારે દિવાળી નવેમ્બરમાં આવી છે.

સપ્ટેમ્બરમાં ઓનલાઈન ખરીદીમાં કાર્ડ મારફતની ચૂકવણીનો આંક વાર્ષિક ધોરણે ૧૨.૫૦ ટકા ઘટી રૂપિયા ૧.૨૬ ટ્રિલિયન રહ્યો છે જ્યારે પોઈન્ટ ઓફ સેલ ખાતે આ આંક ૭.૨૦ ટકા વધી રૂપિયા ૭૭૭૫૦ કરોડ રહ્યાનું પણ રિઝર્વ બેન્કના ડેટા જણાવે છે.

દરમિયાન રિઝર્વ બેન્કના ડેટા પ્રમાણે સપ્ટેમ્બરમાં બેન્કો દ્વારા કુલ ૧૨.૬૦ લાખ ક્રેડિટ કાર્ડસનો ઉમેરો કરાયો છે.

સપ્ટેમ્બરમાં જારી થયેલા ક્રેડિટ કાર્ડસની સંખ્યા ૨૦૨૬માં કોઈ એક મહિનાની બીજી મોટી સંખ્યા છે. તહેવારો પહેલા ક્રેડિટ કાર્ડસ જારી કરવાની આક્રમક નીતિને કારણે આ વધારો જોવા મળ્યો હોવાનું રિઝર્વ બેન્કના સુત્રોએ જણાવ્યું હતું.

ક્રેડિટ કાર્ડસની એકંદર સંખ્યા ૧૨.૫૩ કરોડ પહોંચી ગઈ છે. તહેવારોની મોસમ દરમિયાન ઈ-કોમર્સ દ્વારા કરાતી વિવિધ ઓફરોનો લાભ લેવા પણ ક્રેડિટ કાર્ડસ માટેની માગમાં વધારો થતો જોવા મળે છે.

સેવા ક્ષેત્રના ઉત્પાદન વૃદ્ધિ દરમાં મજબૂત ગતિએ સુધારા તરફી ચાલ

અમદાવાદ, તા. ૩૦

ટ્રાયલ ઈન્ડેક્સ ઓફ સર્વિસિસ પ્રોડક્શન હેઠળ આવરી લેવાયેલા ૧૯ ક્ષેત્રોમાંથી ૧૧ ક્ષેત્રોમાં જુલાઈની સરખામણીએ ઓગસ્ટમાં ઝડપી વૃદ્ધિ નોંધાતા, ભારતના સેવા ક્ષેત્રના ઉત્પાદનમાં મજબૂત ગતિએ વધારો ચાલુ રહ્યો છે. જોકે, આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય હજુ સુધી આ ઈન્ડેક્સ માટે એકંદર વિકાસ દર પ્રકાશિત કરતું નથી, અર્થશાસ્ત્રીઓએ એવો અંદાજ લગાવ્યો છે કે ૧૯ ક્ષેત્રોનું ઉત્પાદન ઓગસ્ટમાં ૧૪% વધ્યું છે, જે જુલાઈમાં ૧૩.૫% હતું. ઈન્ડેક્સ હેઠળના ૧૯ ક્ષેત્રો પૈકી ૧૩ ક્ષેત્રોમાં ઓગસ્ટમાં વાર્ષિક ધોરણે બેવડા અંકમાં વૃદ્ધિ જોવા મળી છે, જ્યારે જુલાઈમાં આવા ૧૦ ક્ષેત્રો હતા.

૧૯ ક્ષેત્રોનું ઉત્પાદન ઓગસ્ટમાં ૧૪% વધ્યું

જૂન ૨૦૨૬થી આ ઈન્ડેક્સ દ્વારા બેવડા અંકની વૃદ્ધિની ગતિ દર્શાવવામાં આવી રહી છે, જેમાં ઓગસ્ટ ૨૦૨૬ સુધીના ત્રણ મહિના દરમિયાન સરેરાશ ૧૩.૬% નો વિકાસ જોવા મળ્યો છે. એકંદર જીડીપીમાં સેવા ક્ષેત્રના મહત્વને ધ્યાનમાં લેતા, આ પ્રવાહ ૨૦૨૬-૨૭ના બીજા ક્વાર્ટરમાં જીડીપીમાં મજબૂત વૃદ્ધિની સંભાવના દર્શાવે છે.

અર્થશાસ્ત્રીઓના જણાવ્યા મુજબ, ઓગસ્ટ મહિનાના આ ઈન્ડેક્સના આંકડા સેવા ઉત્પાદનમાં મજબૂત ગતિ દર્શાવે છે. સેવા ક્ષેત્ર એ ભારતમાં આર્થિક પ્રવૃત્તિઓનું મુખ્ય ચાલક બળ છે. હાલમાં આ ઈન્ડેક્સ હેઠળ આવરી લેવાયેલા ૧૯ ક્ષેત્રો ઔપચારિક સેવા ક્ષેત્રના આશરે ૬૦% હિસ્સાનું પ્રતિનિધિત્વ કરે છે.

રિટેલ વેપારમાં ઓગસ્ટમાં સૌથી વધુ ૧૯.૯% ની વૃદ્ધિ જોવા મળી હતી, ત્યારબાદ રિયલ એસ્ટેટ અને રિપેરિંગ સેવાઓ આવે છે, જેમાં બંને ક્ષેત્રોમાં ૧૭.૬% નો વધારો થયો હતો.

વિશ્વના ઓઈલ ઉદ્યોગમાં માસ્ટર સ્ટ્રોક

નીતિન સાંડેસરાએ ૬૦ કરોડ ડોલરમાં ઈટાલીની કંપની ખરીદી

(પ્રતિનિધિદ્વારા) વડોદરા, શુક્રવાર

ગ્લોબલ બિઝનેસ જગતમાં મૂળ ભારતીય ઉદ્યોગપતિ નીતિન સાંડેસરા અને સાંડેસરા પરિવારની માલિકીની સ્ટર્લિંગ ઓઈલ એક્સપ્લોરેશન એન્ડ એનર્જી પ્રોડક્શન કંપની લિમિટેડે ઈટાલીની પાવર એન્ડ એનર્જી જાયન્ટ કંપની એની (Eni) ની નાઈજીરિયન સહાયક કંપની AENRનું ૬૦ કરોડ ડોલરમાં ટેકઓવર (અધિગ્રહણ) કર્યું છે.

Sterling Oil દ્વારા નાઈજીરિયામાં એની (Eni) ની સહાયક કંપની AENRને રૂા.૫૭૦૦ કરોડમાં હસ્તગત કરાઈ

ઈટાલીની કંપની એની દ્વારા તા. ૨૬ ઓક્ટોબરે જાહેર કરાયેલા સત્તાવાર નિવેદન મુજબ, Sterling Oil (સ્ટર્લિંગ ઓઈલ)ની સહાયક કંપની એપેક્સ ગ્લોબલ એનર્જી લિમિટેડ સાથેનો આ સોદો તમામ જરૂરી નિયમ મુજબની મંજૂરીઓ મળ્યા બાદ પુરો થયો છે. ટેકઓવર કરાયેલી આ કંપની AENR રેનેસાં સંયુક્ત સાહસ' (જોઈન્ટ વેન્ચર)માં મહત્વનો હિસ્સો ધરાવે છે, જે નાઈજીરિયાના જમીની ઓઈલ અને ગેસ પ્રોજેક્ટ્સ સાથે સીધી જોડાયેલી છે અને સ્ટર્લિંગ ઓઈલને નાઈજીરિયાના ક્ષેત્રમાં ટોચનું સ્થાન અપાવે છે.

આ સંપૂર્ણ પરિવારની માલિકીની અને દેવામુક્ત કંપનીનું સંચાલન નીતિન સાંડેસરા અને ચેતન સાંડેસરા સંભાળે છે, જેણે ૨૦૦૬માં નાઈજીરિયામાં પ્રવેશ કર્યો હતો અને હાલ તે ઓઈલ માઈનિંગ લીઝ ચલાવી રહી છે.

ડોલર સામે રૂપિયામાં સ્પ્રિંગ જેવો ઉછાળો ફોરેક્સ, ગોલ્ડ રિઝર્વમાં નોંધાયેલો ઘટાડો

મુંબઈ, શુક્રવાર

મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ ઝડપી તૂટી રૂ.૯૫ની અંદર ઉતરી જતાં રૂપિયામાં સ્પ્રીંગ જેવો ઉછાળો જોવા મળ્યો હતો. ડોલરના ભાવ રૂ.૯૫.૨૬ વાળા આજે સવારે રૂ.૯૫.૨૧ ખુલ્યા પછી ઉંચામાં ભાવ રૂ.૯૫.૨૯ થયા પછી નીચામાં ભાવ રૂ.૯૪.૯૩ થઈ રૂ.૯૪.૯૫ બંધ રહ્યા હતા. ડોલરના ભાવ આ જે ૩૧ પૈસા તૂટી જતાં ડોલર સામે રૂપિયો ૦.૩૩ ટકા ઉછળ્યો હતો.

ફોરેક્સ ભાવ	
ડોલર	રૂા. ૯૪.૯૫
પાઉન્ડ	રૂા. ૧૨૭.૫૧
યુરો	રૂા. ૧૦૬.૩૩
યેન	રૂા. ૦.૬૦
બ્રેન્ટ ક્રૂડ	૧૧૭ ડોલર

ભારતમાં ફોરેક્સ રિઝર્વમાં વધુ ૧.૨૦ અબજ ડોલરનો ઘટાડો થયો છે. ફોરેક્સ રિઝર્વ ઘટી ૭૧૯.૭૪ અબજ ડોલર થયું હતું. ગોલ્ડ રિઝર્વ તાજેતરમાં ૨.૬૦ અબજ ડોલર ઘટી ૧૦૩.૧૫ અબજ ડોલર થયાનું રિઝર્વ બેન્કે જણાવ્યું હતું.

પાઉન્ડ તથા યુરો ઉંચકાયા

મુંબઈ બજારમાં બ્રિટીશ પાઉન્ડના ભાવ વધીને ૧૨૭.૫૧ રહ્યા હતા. યુરોના ભાવ ૨૬ પૈસા વધી રૂ.૧૦૬.૩૩ રહ્યા હતા. ચીનની કરન્સી ૦.૨૧ ટકા ઘટી હતી જ્યારે જાપાનની કરન્સી ૦.૧૩ ટકા ઉંચકાઈ હતી. વિશ્વ બજારમાં ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ આજે ૦.૩૬ ટકા ઘટીને ૧૦૧.૬૭ રહ્યાના નિર્દેશો મળ્યા હતા.

ફ્લેક્સિબલ પેકેજિંગ મટિરિયલ્સના ઉત્પાદન સાથે સંકળાયેલી

વેદાંત પોલી ફેબ્સનો IPO બે નવેમ્બરના રોજ ખુલશે : NSE Emerge પર લિસ્ટિંગ

પશ્ચિમ બંગાળ સ્થિત વેદાંત પોલી ફેબ્સ લિમિટેડ વિવિધ વ્યવસાયો માટે ફ્લેક્સિબલ પેકેજિંગ મટિરિયલ્સના ઉત્પાદન સાથે સંકળાયેલી છે. કંપની વધારાની જરૂરિયાતો પૂરી કરવા, લોનની સંપૂર્ણ કે આંશિક ચુકવણી કરવા, પ્લાન્ટ અને મશીનરીની ખરીદી માટે એનએસઈ ઈમર્જ પ્લેટફોર્મ પર તેનો આઈપીઓ લાવી રહી છે. આ આઈપીઓ ૨ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ખુલશે અને ૪ નવેમ્બરએ બંધ થશે.

કંપની બિઝનેસ-ટુ-બિઝનેસ સપ્લાયર તરીકે કાર્ય કરે છે અને ફૂડ એન્ડ બેવરેજીસ તથા કન્ઝ્યુમર ગુડ્સ જેવા ઉદ્યોગોની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે વિવિધ ફિલ્મસ, પ્રિન્ટેડ લેમિનેટ્સ તેમજ દૂધ અને તેલના પાઉચ સહિતના વિવિધ પ્રકારના પેકેજિંગ ઉત્પાદનો ઓફર કરે છે.

નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ક્વાર્ટરમાં, કંપનીએ રૂ. ૩,૦૪૯.૧૬ લાખની કુલ આવક અને રૂ. ૩૪૭.૮૧ લાખનો કરબાદ નફો નોંધાવ્યો હતો. નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં, કંપનીએ આશરે ૧૧.૪૮% નો કરબાદ નફાનો માર્જિન પ્રાપ્ત કર્યો હતો.

કંપની રૂ. ૮૮થી રૂ. ૯૪ પ્રતિ શેરના ભાવે (પ્રાઈસ બેન્ડ) રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ૬૦,૩૦,૦૦૦ ઈક્વિટી શેર બહાર પાડી રહી છે. અને રિટેલ રોકાણકારોએ ઓછામાં ઓછા બે લોટ માટે અરજી કરવી પડશે.

જાહેર નોટિસ

જત- જી-અમદાવાદ, તા-ઘાટલોડીયા, મોજે-બોપલની સીમના બ્લોક નં-૪૨૨/બ ની બીનખેતીની જમીન પર આવેલ ન્યુ કાલીન્દી કર્ણાવતી કો.ઓ.હા.સો.લી. ની 'સન સીટી' નામની યોજનાના સેક્ટર-૭ ના ફલેટ નંબર-એલ/૧૦૩ ની ૧૧૫ સમ ચો.વાર (સુપર બિલ્ટઅપ) ના બાંધકામવાળી મિલક્ત વિજયકુમાર ભીખુભાઈ અલગોતર ની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની હોવાનુ જણાવી સદર મિલક્ત અંગેના તેઓના ટાઈટલ સર્ટીફીકેટની માંગણી કરેલ છે, જો સદર મિલક્ત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, દાવો, લોન, વાંધો, ધિરાણ, વિગેરે કાંઈપણ હોય તો તે અંગેની લેખીત જાણ દિન-૭ (સાત)માં પ્રમાણિત પુરાવા સાથે રજી.એ.ડી. થી કરવી. ત્યારબાદ, કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, દાવો, વાંધો વિગેરે નથી અને હોય તો તે જતા (વેવ) કરેલ છે તેમ સમજી હું ટાઈટલ સર્ટીફીકેટ આપીશ, જેની નોંધ લેશો.

Girish Vithlani (Advocate)
13, First Floor, Abhinandan Complex, Opp. TRP, Bopal, Ahmedabad. (M): 98983 46164

જાહેર નોટિસ

જી-અમદાવાદ તા-સાણંદના મોજે-મોટી દેવતીની સીમના સર્વે નં-૨૮૪/૪ ની બીનખેતીની જમીન ઉપર આવેલ `SERENITY PROXIMUS' - સ્કીમમાં આવેલ સબ પ્લોટ નં- AB-5A ની ૨૬૨ ચો.મી સુપર બિલ્ટઅપ ખુલ્લી જમીનના માલિકો Oza Hemangini Nakul Oza Kaushal Nakul એ સદર જમીનના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ તથા તમામ પ્રકારના બોજા મુકત હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સદરહુ જમીન ઉપર કોઈપણ બેંક, સંસ્થા કે વ્યકિતનો લાગભાગ, હકક-દાવો, ગીરો, બોજો, હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને લેખીત પુરાવાઓ સાથે નીચેના સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો મુદત વિત્યે સદરહું જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો બોજો, હકક-દાવો કે અધિકાર નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેવું સમજી સદરહુ જમીન અંગે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ અમો આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની નોંધ લેવી.
અમદાવાદ.
તા- ૩૦/૧૦/૨૦૨૬

સતીષ એચ.પુજારા (એડવોકેટ & નોટરી)
એફ.એફ/૫, હરે-ક્રિષ્ના કોમ્પલેક્ષ, સેલ્સ ઈન્ડીયા ની સામે, બોપલ, અમદાવાદ.
મો.નં. ૯૦૩૩૦૩૩૮૯૦,

જાહેર નોટિસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જણાવવાનું કે રજીસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ : ગાંધીનગર, સબ-ડિસ્ટ્રિક્ટ : ગાંધીનગર ઝોન-૧ ના મોજે વાવોલ ગામના રેવન્યુ સર્વે નંબર : ૨૦૮ ની ૧૩૨૨ ચો.મીટર (સીટી સર્વે નંબર : NA૨૦૮, શીટ નંબર : NA૯૯ ક્ષેત્રફળ ૮૫૯ ચો.મીટર) અને રેવન્યુ સર્વે નંબર : ૨૧૩/૨ ની ૩૧૪૨ ચો.મીટર (સીટી સર્વે નંબર : NA૨૧૩/૨, શીટ નંબર : NA૯૯ ક્ષેત્રફળ ૨૦૪૩ ચો.મીટર) મળી કુલ ૪૪૬૪ ચો.મીટર જમીનને ટી.પી. સ્કિમ નંબર : ૧૩ (વાવોલ)માં આવરી લઈ ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર : ૧૪૩ ની કુલ ૨૯૦૨ ચો.મીટર બિનખેતીની જમીન ઈકબાલભાઈ હુસેનભાઈ શેખ વિગેરેની માલીકી, કબજા, ભોગવટાની અને અન્ય કોઈના કોઈ પણ જાતના બોજા સિવાયની આવેલી હોવાનું જણાવી અમારી પાસે સદર જમીનના રાઈટ, ટાઈટલ્સ ક્લિયર અને માર્કેટેબલ હોવા બાબતના સર્ટિફિકેટની માંગણી કરેલ છે. તો મજકુર જમીન ઉપર કોઈપણ વ્યક્તિ, બેંન્ક, સંસ્થા કે મંડળીનો કોઈપણ જાતનો હક્ક, હિત, હિસ્સો, ખોરાકી, પોષાકી કે ભરણપોષણનો હક્ક કે બોજો આવેલ હોય તો તેવા હક્ક કે બોજાની લેખિત જાણ આધાર-પુરાવા સહિત આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ માં અમોને રજીસ્ટર્ડ એ.ડી. થી નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો કોઈનો કોઈપણ જાતનો હક્ક કે બોજો આવેલ નથી અને આવેલ હોય તો તે જતો યાને Wave કરેલ છે, તેમ સમજી મુદત વિતેથી ટાઈટલ ક્લિયર સર્ટિફિકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહિ જેની નોંધ લેશો.
તારીખ : ૩૦/૧૦/૨૦૨૬,
ગાંધીનગર.

મારી મારફતે :
ઈન્દ્રજીત જી. દવે (એડવોકેટ)
ઓફિસ : એ-૫૦૪, પાંચમો માળ, પ્રમુખ આનંદ મોલ, રિલાયન્સ ક્રોસ રોડ, ધોળાકુવા, ગાંધીનગર-૩૮૨૪૨૧.
રેસી.: એ-૫૦૧, નિલકંઠ વાટીકા ફ્લેટ, અક્ષરતિલક બંગલોઝ પાસે, ઉવારસદ, ગાંધીનગર-૩૮૨૪૨૨.
મો.: ૯૮૨૪૩ ૪૩૭૮૩.

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ સબડીસ્ટ્રીક્ટ અમદાવાદ તાલુકો સાણંદના મોજે ગામ-શેલાના બ્લોક/સર્વે નં. ૩૨૦/અ૩ વાળી જમીન કે જેનું કુલ ક્ષેત્રફળ ૦-૫૯-૬૯ હે.આર.ચો.મી કે જેનો ટાઉન પ્લાનીગ સ્કીમમાં સમાવેશ થતા તેનો ટી.પી સ્કીમ નં. ૧ ના ફાઈનલ પ્લોટ નં. ૫૨/૩ બિનખેતીની ૩૫૮૨ ચો.મી. ની જમીન ઉપર શેલડીયા કન્સ્ટ્રકશન દ્વારા એક સ્કીમ બનાવવામાં આવેલ છે જે સ્કીમ શેલડીયા સર્વાના નામથી ઓળખાય છે. અને તે સ્કીમમાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપર આવેલ શોપ નં. ૧૫ કે જેનો કાર્પેટ એરિયા ૫૧.૫૪ ચો.મી વાળી મિલકત તથા શોપ નં. ૧૬ કે જેનો કાર્પેટ એરિયા ૪૨.૧૧ ચો.મી વાળી મિલકત શેલડીયા કન્સ્ટ્રકશનના નામે ચાલે છે. અને તેવી મિલકત તમામ પ્રકારના બોજાઓમાંથી મુક્ત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને સદરહુ મિલકતના ટાઈટલ કલીયર સર્ટીફીકેટ/અભિપ્રાયની માંગણી કરેલ છે. સદર મિલકત અંગે કોઈપણ શખ્સનો બાનાચીઠ્ઠી, વેચાણ, ગીરો, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, ભરણપોષણ, ઈઝમેન્ટ, વારસાઈ હક્ક કે હિસ્સો હિત કે અન્ય કોઈપણ પ્રકારે હક્ક પોષાતો હોય તો લેખિત પુરાવાની સર્ટીફાઈડ નકલ સહીત દિન.-૭(સાત) માં રજીસ્ટર્ડ પોસ્ટ એડીથી નીચેના સરનામે જાણ કરવી અને જો તે પ્રમાણે કરવામાં કસુર યા વિલંબ થશે તો ઉપરોક્ત મિલકત પરત્વે હરકોઈ શખ્સના કોઈ હક્કો આવેલા નથી અગર આવેલા હોય તો મિલકતના માલિકની તરફેણમાં જતા કરેલા છે તેમ સમજી ઉપરોકત મિલકતનું ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટ/અભિપ્રાય કાઢી આપવામાં આવશે અને અમારા અસીલ સદરહુ મિલકતનું વેચાણ પૂરું કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં જેની જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી. (નોધ- પુરાવા વગરના વાંધા ધ્યાને લેવામાં આવશે નહિ.)
અમદાવાદ
તારીખ:૩૦/૧૦/૨૦૨૬

રણજીત કે. ઠાકોર (એડવોકેટ)
જયેશ સી. ઠાકોર (એડવોકેટ)
મિલન એ.ઠાકોર (એડવોકેટ)
સુરજ સી. ઠાકોર (એડવોકેટ)
ઓફીસ- ૪૦૧, ચોથો માળ, ડ્રીમ રાઈસ, હેતાર્થ પાર્ટી પ્લોટ પાસે, સાયન્સ સીટી રોડ, સોલા અમદાવાદ-૩૮૦૦૬૦. મો.નંબર-૯૫૫૮૪૮૭૧૮૨, ૯૦૯૯૫૬૭૭૦૭

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૮ (સોલા) તાલુકા ઘાટલોડીયાનાં ગામ મોજે ખોડીયારની સીમનાં ખાતા નં.૯૯૨ નાં બ્લોક નં. ૨૭૫ ની હે ૦-આરે ૮૮-૦૨ ચો. મી. એટલે કે ૮૮૦૨ સ. ચો. મી. ની જુની શરતની ખેતીની જમીન પૈકી હે ૦-આરે ૨૩-૭૮ ચો. મી. એટલે કે ૨૩૭૮ સ. ચો. મી. ની જુની શરતની ખેતીની જમીન (૧) દક્ષાબેન મહેશકુમાર જાની, (૨) તેજસબેન તે મહેશકુમાર જાનીની દિકરી તે હેમાંગ પટેલની પત્ની, (૩) કૃપાબેન મહેશકુમાર જાનીની દિકરી તે ધ્વનીશકુમાર પટેલનાં પત્ની, (૪) ધ્રૂમન મહેશકુમાર જાની, (૫) ડાહ્યાભાઈ ગીરધરલાલ મોદી, (૬) વસુમતિબેન ડાહ્યાભાઈ મોદી, (૭) ભાવેશ ડાહ્યાભાઈ મોદી તથા (૮) સુનિલ ડાહ્યાભાઈ મોદીની કુલ સંયુક્ત માલિકી તથા કબજા ભોગવટાની તથા અન્ય તમામ પ્રકારનાં બોજા રહીત હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ ક્લિયર, માર્કેટેબલ તથા બોજા રહીત હોવા બદલનાં પ્રમાણપત્રની માંગણી કરેલ છે તો ઉપરોક્ત જમીન ઉપર અન્ય કોઈ શખ્સનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન - ૭ (સાત) માં અમોને તે બદલનાં દસ્તાવેજી પુરાવા સહિત લેખીતમાં જાણ નીચેનાં સરનામે રજી. એ. ડી. પોસ્ટ થી કરવી. જો તેમ કરવામાં નહિ આવે તો ઉપરોક્ત જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો કે દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમજ સમજી અમો ટાઈટલ્સ ક્લીયરન્સનું સર્ટીફીકેટ આપીશુ અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી.
તા. ૩૦/૧૦/૨૦૨૬

ડી. વી. દેસાઈ એન્ડ કંપની
એડવોકેટસ
વતી હિતેષ ડી. દેસાઈ (એડવોકેટ)
રાજેશ ડી. દેસાઈ (એડવોકેટ)
પંક્તિ હિતેષ દેસાઈ (એડવોકેટ)
પ્રિયંકા રાજેશ દેસાઈ (એડવોકેટ)
દીપ રાજેશ દેસાઈ (એડવોકેટ)
૨૬/એ, નારાયણનગર સોસાયટી, ચંદ્રનગર છ રસ્તા પાસે, પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭
ટે.નં. ૨૬૬૨૧૭૯૩/૨૬૬૪૨૦૨૦

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રીક્ટ અમદાવાદ રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીક્ટ સાણંદ તથા તાલુકા સાણંદના મોજે ગામ શેલાની સીમના બ્લોક/સર્વે નંબર-૩૭૬/૧ (જુના બ્લોક/સર્વે નંબર-૩૭૬ તથા ૨૭૮/૧)ના ડ્રાફ્ટ ટી. પી. સ્કીમ નંબર-૧ (શેલા) ના ફાઈનલ પ્લોટ નંબર-૧૦૩/૧ ની બીનખેતીની જમીન ઉપર ``HR ELISEO" ના નામે ઓળખાય છે અને તે યોજનાના બ્લોક-બી ના પાંચમા માળ ઉપર આવેલ ફ્લેટ નંબર-બી/૫૦૨ ક્ષેત્રફળ ૧૩૦.૯૯ સમચોરસમીટર (કાર્પેટ એરીયા) તથા ૮.૦૪ સમચોરસમીટર (બાલ્કની એરીયા) તથા ૩.૫૪ સમચોરસમીટર (વોશ એરીયા)ના બાંધકામવાળી મિલકત HR SPACECON LLP a Limited Liablity Partnership Firm, તેના વતી અને તરફથી તેના ભાગીદાર શ્રી રોનિલ પ્રતિક શાહ એ સદરહુ મિલકત સદરહુ પેઢીની માલિકીની અને કબજા ભોગવટાની તથા તમામ પ્રકારના બોજાઓથી મુક્ત આવેલ હોવાનું જણાવી અમારી પાસે સદરહુ મિલકતના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સો કે જેમનો ઉપરોક્ત મિલકતમાં ખોરાકી, પોશાકી કે અન્ય કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો ચાર્જ કે બોજો કે લિયન ચાર્જ પોષાતા હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં નીચેના સરનામે રજી. એ.ડી. દ્વારા લેખિત પુરાવા સહિત જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો ઉપરોક્ત મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો પોષાતો નથી અને પોષાતો હોય તો તે જતો યાને કે વેઈવ (WAIVE) કરેલ છે તેમ સમજી મુદત વિત્યે સદરહુ મિલકતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરવામાં આવશે જેની આથી ગંભીર નોંધ લેવી.
તારીખ-૩૦/૧૦/૨૦૨૬

હિરેન રાવલ એન્ડ એસોસીએટસ
એડવોકેટસ
વિનીત એચ. રાવલ (એડવોકેટ)
સૃષ્ટિ એચ. રાવલ (એડવોકેટ)
૫૦૬, વિનસ બેનેસીયા, પકવાન-૨ ડાઈનીંગ હોલ પાસે, બોડકદેવ, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૦ ૦૫૪ ફોન : ૦૭૯ - ૨૬૮૭૩૮૮૧ મોબાઈલ નંબર - ૯૮૨૪૬ ૪૪૫૪૩

જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ અમદાવાદ રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૧૧ (અસલાલી) ના દશક્રોઈ તાલુકાના ગામ મોજે અસલાલીની સીમમાં આવેલ બ્લોક/સર્વે નંબર-૧૪૫૧/૦૦૨/પૈકી ૨ (જુના સર્વે નંબર-૧૩૭૧) ની ૨૨૧૬ ચો.મી. બીનખેતીની જમીન (૧) વિધિત બળદેવભાઈ પટેલ (૩૩ પૈસાના ભાગીદાર) (૨) અર્પિત જયપ્રકાશ પટેલ (૨૫ પૈસાના ભાગીદાર) (૩) નવીનચંદ્ર નટવરભાઈ પટેલ (૨૨ પૈસાના ભાગીદાર) (૪) ગીતાબેન સવજીભાઈ હરસોડાની દીકરી તે અશોકભાઈ પટેલની પત્ની (૧૬ પૈસાના ભાગીદાર) નાઓની સંયુકત માલીકી કબજા ભોગવટાની આવેલી છે જે રેવન્યુ રેકર્ડમાં તેઓના નામે ચાલી આવતી હોવાનુ જણાવી તેમજ તમામ પ્રકારના બોજારહીત હોવાનુ જણાવી તેઓએ અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સો, વ્યકિત, પેઢી, બેંક, નાણાકીય સંસ્થા કે અન્ય કોઈપણ કે જેઓ વેચાણ, વારસો, ભેટ, લાયસન્સ, કબજો, ગીરો, લીયન, ચાર્જ, ભરણપોષણ, ઈઝમેન્ટ, ફાઈનાન્સર તરીકે કે બાનાખતનો કરાર, પાવર ઓફ એટૅની, કબજા કરાર, સમજુતી કરાર, ડેવલપમેન્ટના હકકો, હુકમનામું કે અન્ય કોઈપણ લખાણ હેઠળ કે કોર્ટ કાર્યવાહી હેઠળ કે કુટુંબના સભ્ય કે વારસદાર તરીકે કે બીજી કોઈપણ રીતે ઉપરોકત મીલકત પર હકક, દાવો કે અલાખો ધરાવતા હોય તેમણે તેમની લેખિત જાણ પુરાવાની સર્ટીફાઈડ નકલ સાથે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) ની અંદર નીચેના સરનામે રજીસ્ટર્ડ એ.ડી થી કરવી. જો તેમ કરવામાં નહી આવે તો ઉપરોકત મીલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક હિસ્સો પોષાતો નથી અને પોષતો હોય તો તે જતો યાને કે વેવ કરેલ છે તેમ સમજી મુદત વિત્યે ઉપરોકત મીલકતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની આથી નોંધ લેવી.
તા. ૩૧/૧૦/૨૦૨૬

કેયુર વી. રાઠોડ, એડવોકેટ
વિનય રાઠોડ એસોસીએટસ,
૪૨૦, શ્યામ બિઝનેશ હબ, મુકેશ ઈન્ડસ્ટ્રીઝની બાજુમાં, ઈસનપુર, અમદાવાદ. મો.નં.-૯૮૨૪૦૪૨૬૪૪ / ૯૯૨૫૦ ૦૦૫૩૮

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવાનું કે, જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૩ (મેમનગર) નાં તાલુકા સાબરમતીનાં મોજે ગામ છદાવાડનાં ટી.પી.સ્કીમ નં. ૩ નાં ફાઈનલ પ્લોટ નં. ૭૫૮/૧૬ વાળી બીનખેતીની જમીન ઉપર શીખીધ્વજ ઓનર્સ એસોસીએશન આવેલ છે (જે રજી. નં. એન.ટી.સી.જી. ૯૮૮૨ થી તારીખ ૧૨.૦૩.૧૯૯૭ નાં રોજ રજીસ્ટર્ડ થયેલ એન.ટી.સી. છે.) કે જે શીખીધ્વજ તરીકે પણ ઓળખાય છે, જેમાં આવેલ યુનીટો પૈકી ત્રીજા માળ ઉપર આવેલ ફ્લેટ નંબર ૩૦૨ ની આશરે ૧૩૩ સ.ચો.વાર યાને ૧૧૧.૨૦ સ.ચો.મી. સુપર બીલ્ટઅપ એરીયા વાળી મીલકત તથા એસોસીએશનની કુલ જમીનમાં પોષાતા વણ વહેંચાયેલ વરાડે પડતા હક્ક-હિસ્સા સહિતની મિલકત તથા એસોસીએશનનાં સભ્યપદ અને શેર સર્ટીફીકેટનાં હક્કો વાળી મીલકત (૧) અશોકકુમાર પોપટલાલ સલોત (૨) મલય અશોકકુમાર સલોતને મુળ એસોસીએશન દ્વારા તા. ૧૮.૧૦.૧૯૯૯ નાં રોજ એલોટમેન્ટ લેટર તથા તા. ૦૫.૧૧.૧૯૯૯ નાં રોજનાં શેર સર્ટીફીકેટથી સભ્ય બનાવી સદરહુ મીલકત આપેલ, ત્યારબાદ અશોકકુમાર પોપટલાલ સલોતનું તા. ૩૦.૦૭.૨૦૧૮ નાં રોજ અવસાન થતા સદરહુ મીલકત પરત્વે તેમનાં હિસ્સા હિન્દુ સક્સેશન એક્ટ અન્વયે તેમના સીધીલીટીનાં કાયદેસરનાં વારસો યાને કે (૧) હંસાબેન - પત્નિ (૨) ભાવિન - પુત્ર (૩) મલય - પુત્ર ને પ્રાપ્ત થયેલ ત્યારબાદ હંસાબેન તથા ભાવિનભાઈએ તેમનાં સદરહુ મીલકત પરત્વેનાં તમામ હક્કો મલય અશોકકુમાર સલોતની તરફેણમાં રજી. હક્ક હક્ક કમીનાં દસ્તાવેજ નંબર - ૬૧૯૫ થી તા. ૦૭.૦૫.૨૦૨૬ નાં રોજ જતા કરેલ અને ત્યારથી સદરહુ મીલકત મલય અશોકકુમાર સલોતની કુલ સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટાની આવેલ છે અને સદરહુ મીલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો દર, દાવો, અલાખો, હક્ક, હિત, હિસ્સો કે લાગભાગ નથી તેમ જણાવીને તેઓએ સદરહુ મીલકત અમારા અસીલને વેચાણ આપવાનુ નક્કી કરેલ છે અને અમારા અસીલ સદરહુ મીલકત એચ.ડી.એફ.સી. બેંકમાંથી લોન લઈ ખરીદી રહ્યા હોઈ તેઓએ સદરહુ મીલકતનાં ટાઈટલ ક્લીયર અને બોજા રહીત હોવા બાબતનાં સર્ટીફીકેટની અમારી પાસે માંગણી કરેલ છે. - આથી સદરહુ મીલકત પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિસ્સો, વાંધો, તકરાર, હોયતો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમોને તે બદલના દસ્તાવેજી પુરાવા સહીત લેખીત જાણ અમોને નીચેના સરનામે કરવી., જો તેમ નહી કરવામાં આવે તો સદરહુ મીલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર નથી અને હોય તો તે જતો યાને વેઈવ કરેલ છે તેમ સમજી અમો સર્ટીફીકેટ આપીશું, ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી, જેની સ્પષ્ટ નોંધ લેવી.
અમદાવાદ.
તારીખ: ૩૧.૧૦.૨૦૨૬

દેવાંગ એચ. દવે - એડવોકેટ
૫૧૨-૫૧૪, માઈલસ્ટોન બિલ્ડીંગ, ટી.વી.ટાવર સામે, ડ્રાઈવઈન રોડ, થલતેજ, અમદાવાદ. મો. ૯૯ ૭૯ ૩૯૯ ૬૯૯

દિલ્હીની વાત

(૧૭મા પાનાનું ચાલુ)

અને કેન્દ્રો વચ્ચે પરસ્પર તાલમેલ બનાવી રાખવા માટેની વ્યવસ્થા હાલમાં છે જ. સરકારીયા કમિશનની ભલામણ પર ૧૯૯૦માં પહેલી વખત ઇન્ટર સ્ટેટ કાઉન્સિલ બનાવવામાં આવી હતી.

પંજાબ જીતવા ભાજપની સ્ટ્રેટજી પશ્ચિમ બંગાળ જેવી

પંજાબમાં આવતા વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. આ ચૂંટણી પહેલા ભાજપે મોટો દાવ રમ્યો છે. ભાજપે આ ચૂંટણીમાં પશ્ચિમ બંગાળની વિનિંગ ફોર્મ્યુલાનો ઉપયોગ કરવાનું નક્કી કર્યું છે. પંજાબમાં સરકારી કર્મચારીઓની ડિમાન્ડ જોઈને સરકાર બનાવ્યા પછી ૬૩ ટકા સુધી મોંઘવારી ભથ્થું આપવાનું વચન ભાજપે આપ્યું છે. પશ્ચિમ બંગાળમાં પણ ભાજપે ૭મું વેતનપંચ લાગુ કરવાનું અને ડીએ આપવાનું વચન આપ્યું હતું. બંગાળમાં ભાજપની આ ફોર્મ્યુલા કામ કરી ગઈ હતી અને ત્યાના સરકારી કર્મચારીઓ ભાજપ તરફી થઈ ગયા હતા. બંગાળમાં ભાજપે પહેલી કેબિનેટ મીટીંગમાં સરકારી કર્મચારીઓનો પગાર ૨૦ ટકા વધારી દીધો હતો. થોડા દિવસો પહેલા પંજાબના સરકારી કર્મચારીઓએ પણ ડીએ વધારવાની માંગણી કરીને હડતાળ પાડી હતી.

પશ્ચિમ બંગાળના પુસ્તકોમાં ભાજપના એજન્ડા પ્રમાણે ફેરફાર

પશ્ચિમ બંગાળમાં સત્તા પર આવ્યા પછી હવે ભાજપ સરકાર બીજા શાસીત રાજ્યોની જેમ પાઠ્ય પુસ્તકોથી માંડીને રાજ્યની પોલીસીમાં પણ ફેરફાર કરી રહી છે. હિન્દુ રાષ્ટ્રવાદી નેતા ડો. શ્યામાપ્રસાદ મુખર્જીની જીવન કથનીનો સમાવેશ પાઠ્યપુસ્તકોમાં કરવામાં આવ્યો છે. આ ઉપરાંત મોગલ શાસન તેમજ માર્ક્સવાદી વિચારધારાને લગતા કેટલાક પ્રકરણ પાઠ્ય પુસ્તકમાંથી બાદ કરવામાં આવ્યા છે. હવે પશ્ચિમ બંગાળના પાઠ્ય પુસ્તકોમાં પાણીની જગ્યાએ જળ અને અબ્બાની જગ્યાએ બાબા શબ્દનો ઉપયોગ કરવામાં આવશે. સરકારના આ પગલાની ટીકા વિરોધીઓ કરી રહ્યા છે. તેઓ પૂછી રહ્યા છે કે શ્યામાપ્રસાદ મુખર્જીની અંગ્રેજો સાથેની સાંઠગાંઠ વિશે આ પુસ્તકમાં ઉલ્લેખ કરવામાં આવશે? બાબા શબ્દ મૂળભૂત રીતે ફારસી, અરબી અને તૂર્કી ભાષા પરથી લેવામાં આવ્યો છે, તો આવા સુધારાનો અર્થ શું?

મુખ્ય ચૂંટણી કમિશનર સામે વિરોધપક્ષોનો મહાભિયોગ કાર્યક્રમ મોકુફ

આજે કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જૂન ખડગેના રહેઠાણએ વિરોધપક્ષોના નેતાઓ મળવાના હતા. ઈન્ડિયા ગઠબંધનના નેતાઓ મળીને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ પ્રતિકાત્મક 'જન મહાભિયોગ' કાર્યક્રમ કરવાના હતા. ભૂતપૂર્વ લોકસભા પ્રમુખ મીરા કુમાર કાર્યવાહીની અધ્યક્ષક્તા કરતે અને ખડગે પ્રસ્તાવ લાવવાના હતા. રાહુલ ગાંધી કાર્યક્રમનું સમાપન સંબોધન કરવાના હતા. વિરોધપક્ષના બીજા નેતાઓ એસઆઈઆર અને મતદાન યાદી સાથે જોડાયેલા પ્રશ્નો ઉઠાવવાના હતા. આ કોઈ વાસ્તવીક બંધારણીય મહાભિયોગની પ્રક્રિયા નહોતી, પરંતુ એક પ્રકારનું નાટ્યાત્મક આયોજન હતું. જોક ખરાબ હવામનને કારણે આ કાર્યક્રમ મોકુફ રાખવામાં આવ્યો છે. ભાજપના નેતા સુશિલકુમાર સિંહએ આ કાર્યક્રમની ટીકા કરી હતી. એમણે કહ્યું હતું કે, કોંગ્રેસ પ્રમુખના ઘરે મોક પાર્લામેન્ટનું આયોજન કરવું એ દેશની લોકશાહીનું અપમાન છે.

ઉત્તર પ્રદેશની સાથે દિલ્હીમાં પણ ઠંડક પ્રસરી

દિલ્હી-એનસીઆરથી લઈને ઉત્તર પ્રદેશ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડનું હવામાન બદલાઈ ગયું છે. ગુરુવારે રાતથી શરૂ થયેલો વરસાદ અને વાવાઝોડા અર્નબની અસર મેદાની વિસ્તારોમાં પણ દેખાઈ રહી છે. દિલ્હીમાં પણ ગરમી ઓછી થઈને ઠંડક પ્રસરી છે. પહાડી વિસ્તારોમાં અચાનક પડેલા બરફને કારણે લોકો ફસાઈ ગયા હતા. ઉત્તર પ્રદેશમાં પણ કેટલાક વિસ્તારોમાં પડેલા ભારે વરસાદને કારણે મુશ્કેલી થઈ છે. દિલ્હીમાં વરસાદ પડવાને કારણે એકક્યુઆઈ પણ ઓછો થયો છે. કાશીથી અયોધ્યા અને ગોરખપુરથી મેરઠ સુધી હવામાન બદલાયું છે. કેટલાક જિલ્લાઓમાં તેજ પવનની સાથે વરસાદ પડ્યો તો કેટલાક પ્રદેશોમાં વાદળોને કારણે ગરમી ઓછી થઈ ગઈ હતી. ઉત્તરાખંડના કેદારનાથ યાત્રા સ્થળે સફેદ બરફની ચાદર ઓઢાઈ ગઈ હતી.

આઝમ ખાનની ધરપકડ કરવા માટે પોલીસ કોર્ટમાં

ઈડીએ દાખલ કરેલી એફઆઈઆર પછી પોલીસે સમાજવાદી પાર્ટીના નેતા આઝમ ખાનની ધરપકડ કરવા માટે એમપી-એમએલએ કોર્ટમાં અરજી કરી છે. આ અરજી પર સુનાવણી સોમવારે થશે. આ પહેલા ઈડીએ ૧૩મી ઓક્ટોબરે અજીમનગર થાણામાં સપા નેતા આઝમ ખાન અને જોહર ટ્રસ્ટ વિરુદ્ધ ભ્રષ્ટાચારની વિવિધ કલમો હેઠળ કેસ દાખલ કર્યો હતો. કેસની તપાસ ટાંડાના સીઈઓ પંકજ પંથ કરી રહ્યા છે. પોલીસ હવે આ કેસમાં આઝમ ખાનની અટકાયત કરીને એમની પૂછપરછ કરવા માંગે છે. આઝમ ખાન અને એમના કુટુંબીઓના જોહર ટ્રસ્ટની તપાસ પછી ઈડીએ જોહર યુનિવર્સિટીની સંપત્તિ કબજે કરી હતી. હવે એમની નજીકની વ્યક્તિઓની મિલકતોની તપાસ પણ શરૂ કરી દેવામાં આવી છે.

ઈઝરાયલમાં આરબોની શું ભૂમિકા

ઈઝરાયલમાં આરબ સંપ્રદાયના લોકોની વસ્તી અને રાજકીય પ્રતિનિધિત્વનો ઈતિહાસ ખૂબ અગત્યનો છે. દેશની સ્થાપના પછી આરબ સંપ્રદાયની સ્થિતિમાં ઘણા ફેરફાર થયા છે. ૧૯૪૭ની ૨૯મી નવેમ્બરે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ પ્રસ્તાવ ૧૮૧ પ્રસાર કર્યો હતો. આ પ્રસ્તાવ પ્રમાણે પેલેસ્ટાઇનને બે રાજ્યોમાં વહેંચવામાં આવ્યું હતું એક યહુદી અને બીજુ આરબ રાજ્ય. જેરૂસલમને આંતરરાષ્ટ્રીય પ્રશાસન હેઠળ રાખવામાં આવ્યું હતું. યહુદીઓએ આ આયોજન સ્વિકારી લીધું હતું પરંતુ પેલેસ્ટાઇન અને આરબોએ આ આયોજનનો વિરોધ કર્યો હતો ત્યાર પછી યહુદી અને આરબ વચ્ચે સંઘર્ષ શરૂ થયો હતો. ઈઝરાયલની સ્થાપના પછી ઈઝરાયલમાં રહેતા આરબોને નાગરીકતા મળી છે. એમની પાસે મતદાનનો અધિકાર પણ છે. ઈઝરાયલમાં આરબોની વસ્તી ૨૧.૧ ટકા છે. ઈઝરાયલની રાષ્ટ્રીય ચૂંટણીમાં આરબ મતદારની સંખ્યા ૨૦ ટકા હોવાથી કેટલેક અંશે તેમની ભૂમિકા છે, પરંતુ કોઈપણ વિરોધ પક્ષ આરબોના સમર્થિત પક્ષ સાથે ગઠબંધન કરવાની હીંમત કરી શકે એમ નથી.

હોર્મુઝમાં

(૧૭મા પાનાનું ચાલુ)

રહી છે. મીડિયા રિપોર્ટ મુજબ પનામાના ધ્વજવાળુ ઓઈલ ટેન્કર લુઈસ-૧ ઓમાનના દરિયા કિનારેથી પસાર થઈ રહ્યું હતું ત્યારે એક નાની બોટમાં બે સમુદ્રી સુરંગોથી ટેન્કર પર હુમલો કરાયો હતો, જેમાં ટેન્કરના એન્જિનરૂમમાં આગ લાગતા થોડા સમય માટે ટેન્કર નિષ્ક્રિય થઈ ગયું હતું.

જોકે, ક્રૂએ આગ પર નિયંત્રણ મેળવી લીધું હતું અને થોડા સમય પછી ટેન્કરે તેનો પ્રવાસ પુનઃ શરૂ કર્યો હતો. ફેબ્રુઆરીમાં અમેરિકા-ઈરાન વચ્ચે યુદ્ધ શરૂ થયા પછી ઓઈલ ટેન્કર પર આ પ્રકારની ડિવાઈસથી હુમલાની આ પહેલી ઘટના હતી.

અમેરિકાના ઉત્તર ડાકોટામાં ગાંધીજીની પૂર્ણ કદની પ્રતિમા

(પીટીઆઈ) ન્યુયોર્ક/સિએટલ,તા.૩૦

અમેરિકાના ઉત્તર ડાકોટાના પાટનગર બિસ્માર્કના પીસ પાર્કમાં મહાત્મા ગાંધીની પૂર્ણ કદની પ્રતિમાનું અનાવરણ કરાયું છે. ઉત્તર ડાકોટામાં આ પ્રથમ ગાંધી - પ્રતિમા છે.

બાપૂના સત્ય અને અહિંસાના સંદેશના ફેલાવા માટેના ભારતીય - અમેરિકી નાગરિકોના જૂથના પ્રયાસોને આ રીતે એક મોટી સિધ્ધિ મળી છે.

પ્રતિમા સાથે ગોઠવવામાં આવેલી તકતીમાં લખવામાં આવ્યું છેઃ 'ભારતીય જનતા તરફથી ઉત્તર ડાકોટાની જનતાને'.

બિટકોઈન

(૧૭મા પાનાનું ચાલુ)

સોલાનામાં પણ ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. ઈથેરિયમ ૩ ટકા ગગડીને બે મહિનાના નીચા સ્તરે ૨,૧૭૮ ડોલર પહોંચ્યો હતો જ્યારે બીએનબી ટોકન ૬.૧ ટકા તૂટીને ૭૦૯.૭૦ ડોલર થયો હતો.

બાયનાન્સના ખુલાસા છતાં ક્રિપ્ટોસ માર્કેટમાં ભારે વેચવાલી ચાલુ રહી હતી. ક્રિપ્ટોસમાં લેણ વાળાઓનું લિક્વિડેશન પણ આવી પડયું હતું જેને પગલે ભાવ પર ઘટાડા તરફી વધુ દબાણ આવ્યુ હતું. બીજી બાજુ ફુગાવા, ક્રુડ તેલના ઊંચા ભાવ તથા વૈશ્વિક ઈક્વિટી બજારમાં નબળાઈએ પણ સપ્તાહ અંતે ક્રિપ્ટોસમાં નબળાઈ ફરી વળી હતી. ક્રિપ્ટો કરન્સીઝની વૈશ્વિક માર્કેટ કેપ પણ નોંધપાત્ર ઘટી ૨.૬૧ ટ્રિલિયન ડોલર પર આવી ગઈ હતી.

સ્ટેમ સેલથી

(૧૭મા પાનાનું ચાલુ)

છે, પરંતુ તેની સારવારમાં સંશોધકોને સફળતા મળી નથી. નેચર મેડિકલ જર્નલમાં પ્રસિદ્ધ થયેલા રિપોર્ટથી દુનિયામાં પાર્કિસન્સના દર્દીઓને રાહત મળે તેવી આશા જાગી છે. જાપાનના ક્યોટો યુનિવર્સિટીના સંશોધકોએ ગયા મહિને સાત દર્દીઓના દિમાગમાં લેબમાં બનેલા સ્ટેમ સેલનું ઈમ્પ્લાન્ટ કર્યું હતું. તેનાથી દિમાગમાં ફરીથી ડોપામાઈન બન્યું હતું. લેબમાં બનેલા ઈન્ડસ્યૂડ પ્લુરિપોટેન્ટ સ્ટેમને આઈપીએસના ટૂંકા નામે સંશોધકોએ ઓળખાવ્યું હતું. આ લેબમાં બનેલા સ્ટેમ સેલને દિમાગમાં મૂકવાથી ડોપામાઈનનું લેવલ ફરીથી ઊંચું આવી શક્યું હતું. પાર્કિસન્સના દર્દીઓમાં ડોપામાઈન બનાવતા સેલ્સ ધીમે ધીમે નાશ પામે છે. જો ટેકનિકથી ફરીથી ડોપામાઈન બની શકે તો પાર્કિસન્સને કાબૂ કરવામાં કે પછી તેની સારવાર કરવામાં સફળતા મળે તેમ છે.

સંશોધકોએ ૫૦થી ૬૯ વર્ષની વયના સાત દર્દીઓ પર આ પરીક્ષણ કર્યું હતું. તેની માઈનોર સાઈડ ઈફેક્ટ થઈ હતી, પરંતુ હવે સંશોધકો એના પર નજર રાખી રહ્યા છે કે વધારે કોઈ સાઈડ ઈફેક્ટ થાય છે કે નહીં. વળી, આ સ્ટેમ સેલ કેટલો સમય કામ આપે છે તેના પર પણ નજર રહેશે. ૫૦ વર્ષની જે મહિલાની સારવાર થઈ છે તે હોસ્પિટલમાંથી રજા મેળવીને કામ પણ કરવા માંડી છે. તેના રિપોર્ટ પર ક્યોટો યુનિવર્સિટીના સંશોધકો નજર રાખશે. હજુ સામાન્ય લોકો માટે આ ઈલાજ ઉપલબ્ધ બનશે નહીં. જાપાનની સરકારે મર્યાદિત સંખ્યામાં તેની પરવાનગી આપી છે. સુમિતોમો ફાર્મા અને ક્યોટો હોસ્પિટલના સંયુક્ત પ્રોજેક્ટના ભાગરૂપે આ ટ્રાયલ થશે. કંપની ૨૦૨૯માં ૨૦થી ૩૦ લોકો પર ક્લિનિકલ ટ્રાયલ કરવા ધારે છે. તે પછી આ દવાનું ભવિષ્ય નક્કી થશે.

દેશમાં વૃદ્ધોની હેલ્થ સર્વિસ પાછળ બે વર્ષમાં રૂ. ૫,૬૬૮ કરોડ ખર્ચાયા

નવી દિલ્હી, તા.૩૦

૭૦થી વધુ વર્ષના વૃદ્ધો માટેની હેલ્થ કવરેજ સ્કીમ આયુષ્યમાન વય વંદનામાં ૨૩.૪૬ લાખ સત્તાવાર હોસ્પિટલ એડમિશન છેલ્લા બે વર્ષ દરમિયાન નોંધાયા હતા અને રુ. ૫,૬૬૮.૮૦ કરોડનો ખર્ચ સરકારે કર્યો હતો. તેમા મોતિયાની સર્જરી સૌથી વધુ પાયા પર થતી સર્જરી તરીકે ઉભરી આવી હોવાનું સત્તાવાર આંકડા દર્શાવે છે.

હોસ્પિટલમાં કુલ ૨૩.૪૬ લાખ એડમિશનમાંથી સૌથી વધુ ૪.૭૧ લાખ લોકોએ મોતિયાની સારવાર કરાવી

પીએમ મોદીએ ૨૯ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ લોન્ચ કરેલી યોજનામાં આયુષ્યમાન ભારત પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજનાના લાભ ૭૦થી વધુ વયના બધા જ સીનિયર સિટિઝન માટે લંબાવવામાં આવ્યા હતા, પછી તેનો સામાજિક-આર્થિક દરજ્જે ભલે ગમે તે હોય.

આ સ્કીમ હેઠળ ૨૦ ઓક્ટોબર ૨૦૨૬ સુધીમાં મોતીયાના ૪.૭૧ લાખ ટ્રીટમેન્ટ થઈ ચૂકી છે. આમ આ સ્કીમ હેઠળ કુલ સત્તાવાર ટ્રીટમેન્ટમાં ૨૦.૧ ટકા હિસ્સો મોતિયાનો હતો, જ્યારે જ્યારે ક્રોનિક હેમોડિલેસિસની લગભગ ૨.૯૦ લાખ ટ્રીટમેન્ટ હતી, એમ આરોગ્ય મંત્રાલયે તેના નિવેદનમાં જણાવ્યું હતું.

સત્તાવાર સારવારને મૂલ્યના સંદર્ભમાં જોઈએ તો પરક્યુટેન્યુઅસ ટ્રાન્સલુમિનલ કોરોનરી એન્જિયોપ્લાસ્ટી (પીટીસીએ) અજેનો ઉપયોગ સાંકડી થયેલી ધમની ઉકેલવા થાય છે તેણે સૌથી વધુ હિસ્સો મેળવતા તેની પાછળ અંદાજે રુ. ૬૪૯ કરોડ ખર્ચવામાં આવ્યા હતા.

બાયનાન્સના

(૧૭મા પાનાનું ચાલુ)

ડોલરનું ફંડ ફ્રીઝ કરી રહી છે અને કાયદાકીય એજન્સીઓ સાથે મળીને કામ કરી હી છે. આ સમયમાં બધા જ ડિપોઝીટ અને વિથડ્રોલને અસ્થાયીરૂપે અટકાવી દેવાયા છે.

એનાલિસ્ટ્સ અને અમેરિકન બ્લોક ચેઈન એજન્સીઓ ટીઆરએમ લેબ્સ અને ચેનાલીસીસ મુજબ આ ઐતિહાસિક હેકિંગ પાછળ ઉત્તર કોરિયાના હેકર્સનો હાથ હોઈ શકે છે.

તપાસના પ્રારંભિક પરિણામો મુજબ આ સમગ્ર હુમલાની શરૂઆત બાયનાન્સના જ એક એન્જિનિયરના હેક થયેલા લેપટોપથી થઈ. લેપટોપ મારફત હેકર્સે કંપનીની આંતરિક સિસ્ટમમાં ઘૂસણખોરી કરી અને ગેરકાયદે રીતે અબજો ડોલર કાઢી લીધા.

સૂત્રો મુજબ ભારતીય સમય મુજબ ગુરુવારે અડધી રાત પછી ૧.૩૫ કલાકે હેકર્સે ૨૦ મિનિટમાં જ ૧૦ બ્લોકચેઈનમાં ક્રિપ્ટોકરન્સી ટ્રાન્સફર કરી દીધી. આ ચોરી પાછલા રેકોર્ડથી લગભગ ચાર ગણી મોટી છે. આ પહેલા ફેબ્રુઆરી ૨૦૨૫માં બાયબીટ હેકમાં ૧.૫ અબજ ડોલરની ચોરી થઈ હતી, જેને એફબીઆઈએ પણ ઉત્તર કોરિયન જૂથ સાથે જોડી હતી.

બાયનાન્સમાં હેકિંગના પગલે સ્ટેબલકોઈન જાહેર કરનારી કંપનીઓ ટીથર અને સર્કલે આ ઘટનાના સંબંધમાં ગુરુવારે તેમના ફંડ ફ્રીઝ કરી દીધા છે. સર્કલના સહસંસ્થાપક અને મુખ્ય કાર્યકારી અધિકારી જેરેમી એલેયરે એક્સ પર કહ્યું, તેમની કંપનીએ કાયદાકીય એજન્સીઓ સાથે મળીને ૮૦ કરોડ ડોલરથી વધુની રકમ ફ્રીઝ કરી છે. ટીથરના મુખ્ય કાર્યકારી પાઓલો અર્દોઈનોએ કહ્યું કે, કંપનીએ એક્સચેન્જે સંભવિત હેક સાથે સંકળાયેલી ૧.૫ અબજ ડોલરથી વધુની રકમ ફ્રીઝ કરી દીધી છે.

ચાંગપેંગ એક્સ પર અન્ય એક યુઝરની પોસ્ટ શૅર કરતા કહ્યું, સિંગાપોર પોલીસ મુજબ સિંગાપોરમાં લેઝરની સપ્લાય ચેઈન પર પણ અસર થઈ છે. એવું લાગે છે કે આ સુરક્ષા ભંગ ફ્રન્ટ-એન્ડ પર થયેલો એક ઈન્જેક્શન અટેક છે. ચાંગપેંગે ૨૦૧૭માં બાયનેન્સની સ્થાપના કરી હતી. ૨૦૨૩માં તેમણે પ્લેટપોર્મ પર મની લોન્ડરિંગ રોકવામાં નિષ્ફળ રહેવા સંબંધિ ગંભીર આરોપમાં પોતાનો દોષ સ્વીકારી સીઈઓ પદેથી રાજીનામું આપી દીધું હતું. ૨૦૨૫માં પ્રમુખ ટ્રમ્પે તેમને માફી આપી હતી.

એઆઈ અને સેમીકંડક્ટરમાં ભારે વેચવાલીએ રોકાણકારોની કમર તોડી, ટેકનોલોજી શેરોવાળો સ્ટાર ૫૦ ઈન્ડેક્સ તૂટ્યો

ચીનના બજારમાં

(૧૭મા પાનાનું ચાલુ)

છે. શેરબજાર સળંગ ઘટીને ૨૦ ટકા સુધી તૂટે તો તેને બજારનો મંદીમાં પ્રવેશ કહે છે. ચીનનું ઉત્પાદન અને નિકાસ મજબૂત છે, પરંતુ દેશની અંદર લોકોને બરોબરનો મોંઘવારીનો માર વાગ્યો છે. તેના લીધે તેઓએ ખર્ચમાં ઘટાડો કર્યો છે. આવામાં રોકાણકારોને ચિંતા છે કે સ્થાનિક માંગ નબળી છે તો કંપનીઓ માટે વેચાણ વધારવુ અને કિંમતો વધારી નફો કરવો અત્યંત મુશ્કેલ બની જાય છે. તેથી રોકાણકારોએ વેચવાલી જારી રાખી છે.

તેના કારણે વેચાણ તો જારી રહી શકે છે, પરંતુ દરેક વેચાણ પર થતો નફો ઘટી શકે છે. તેની સીધી અસર બેન્કિંગ, ઈલેક્ટ્રિક વ્હીકલ અને ટેકનોલોજી સેક્ટર જેવા સેક્ટરની મોટી-મોટી કંપનીઓ પર પડી શકે છે. ચીનના ત્રીજા ત્રિમાસિક સમયગાળાના પરિણામોએ બજારને નિરાશ કર્યુ. ચીનની કંપનીઓને બજારના અંદાજ કરતાં નવ ટકા ઓછો નફો થયો છે. આમ કંપનીઓ બજારની અપેક્ષા પર નબળી ઉતરી છે.

ચીનના ટેકનોલોજી અને એઆઈ શેરોએ રોકાણકારોની કમર તોડી નાખી છે. રોકાણકારો તે પરખી રહ્યા છે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે એઆઈ પર કંપનીઓનો મોટો ખર્ચ ભવિષ્યમાં પૂરતી કમાણી આપશે કે નહીં. હવે કમાણી અસ્પષ્ટ હોવાથી રોકાણકારો તેમા વેચવાલી કરી રહ્યા છે.

ટેકનોલોજી શેરોવાળા સ્ટાર ૫૦ ઈન્ડેક્સમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. એઆઈ અને સેમીકંડક્ટર કંપનીઓ દબાણ હેઠળ છે. અમેરિકામાં ટેક શેરોમાં આવેલી વેચવાલીએ પણ એશિયાઈ બજારો પર દબાણ વધાર્યુ છે. સરકારે રાહતનું પગલું લીધું છે, પરંતુ તે રોકાણકારોની અપેક્ષા કરતાં ઓછું છે. ચીનનુ ઈકોનોમી ત્રીજા ક્વાર્ટરના અંતે ૪.૫ ટકાના દરે વૃદ્ધિ પામ્યું, પરંતુ આ વૃદ્ધિ છતાં લોકોનો શેરબજારમાં ભરોસો પરત નથી ફર્યો. ચીનના બજારની આ સ્થિતિના પગલે વિદેશી રોકાણકારો ભારતમાં આવી શકે છે.

ચારધામ

(૧૭મા પાનાનું ચાલુ)

હતુ. ઉલ્લેખનીય છે કે ૨૦૧૫થી ૨૦૨૫ દરમિયાન ચારધામમાં હેલિકોપ્ટરની કુલ નવ દુર્ઘટના બની છે. તેમા આઠ અકસ્માતો અને એક ગંભીર અકસ્માત છે. ૨૦૨૨થી તો ઉત્તરાખંડમાં દર વર્ષે કમસેકમ એક અકસ્માત તો થાય જ છે. ગયા વર્ષે ચાર હેલિકોપ્ટર અકસ્માત થયા હતા. તેમા બે ગંભીર હતા. ગયા વર્ષે એક જ વર્ષમાં સૌથી વધુ અકસ્માત થયા હતા, એમ એએઆઈબીએ જણાવ્યું હતું. બદ્રીનાથ ટેમ્પલ ઉત્તરાખંડમાં ચારધામ યમુનોત્રી, ગંગોત્રી અને કેદારનાથ પૈકીનું એક છે.

ભૂતાનમાં ફ્લડને કારણે મોટો સોલાર પ્રોજેક્ટ નાશ, અનેક રોડ પણ ધોવાયા, કોઈ જાનહાની નહીં પણ ભારે નુકસાન

ભૂતાનમાં

(૧૭મા પાનાનું ચાલુ)

ભયજનક સપાટી વટાવી દીધી હતી, ખાસ કરીને સંકોશ નદીમાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી. તેથી અનેક ગામડા ખાલી કરવા પડ્યા હતા.

ભૂતાનની મો છૂ નદીમાં ફ્લેશ ફ્લડ આવ્યું જે બાદમાં ભારતમાં વહેતી નદીઓ સુધી પહોંચ્યું હતું. બંગાળના અલીપુરદ્વારમાં ૧૫૦૦૦ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવા પડ્યા હતા. અનેક જિલ્લાઓમાં એલર્ટના સાયરન વાગ્યા હતા.

સંકોશ નદીના તમામ વિસ્તારોને ખાલી કરી દેવાની લોકોને સુચના આપવામાં આવી છે. હજુસુધી આ ઘટનામાં કોઈ જાનહાનીના અહેવાલો નથી. બીજી તરફ ભૂતાનમાં આ ફ્લેશ ફ્લડને કારણે સોલર પ્રોજેક્ટ ઠપ થઈ ગયો હતો જ્યારે રોડ ધોવાઈ ગયા હતા.

ઓડિશામાં અર્નબ વાવાઝોડાને કારણે ભૂસ્ખલનમાં ત્રણના મોત

બીજી તરફ અર્નબ વાવાઝોડાની અસર ઓડિશામાં પણ જોવા મળી હતી, કંધમાલ જિલ્લામાં વાવાઝોડાને કારણે ભુસ્ખલન થતા એક જ પરિવારના ત્રણ લોકોના મોત નિપજ્યા હતા.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે રજી.ડીસ્ટ્રીકટ મહેસાણા સબડીસ્ટ્રીકટ મહેસાણા ના તાલુકા : કડીમાં આવેલ મોજે ગામ : ચાંદરડાની સીમના સર્વે/બ્લોક નં. ૬૧ (જુના સ.નં. ૪૩/૧) ની ૨૯૧૮ ચો.મી.જમીન, આકાર : ૦.૭૦, ખાતા નં. ૮૫૩ વાળી ખેતીવિષયક જમીન (૧) મુન્નાસિંહ જશુજી રાણા (૨) ભાવુજી ઉર્ફે ધનશ્યામજી ઝીલુજી ડાભી ની સંયુકત કબજા માલીકી, ભોગવટાની આવેલ છે તેવું જણાવી ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે તો કોઈપણ વ્યકિત, પેઢી, સંસ્થા, નાણાકીય સંસ્થા કે ખાનગી કે કો.ઓ. બેંક કે રાષ્ટ્રીયકૃત બેંક કે અન્ય કોઈએ ધીરાણ આપેલ હોય કે લોન આપેલ હોય કે અન્ય કોઈપણ રીતે નાણાકીય લેવડ દેવડ કરેલ હોય કે તેમનો મોર્ગેજ લીયન, ચાર્જ, બોજો કે અન્ય કોઈ હકક રહેલો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન : ૭ મા તેમના વાંધાઓની જાણ લેખીત પુરાવા સાથે અમોને નીચેના સરનામે રજી. એ.ડી. થી કરવી. જો તેમ કરવામા નહી આવે તો કોઈનો કોઈપણ પ્રકારનો હકક, દાવો નથી. તેમ સમજી ઉપરોકત ઈસમને ટાઈટલ કલીયર સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી.

:લિ. BRAHMBHATT & ASSOCIATES
પ્રો.કમલ જી. બ્રહમભટ્ટ (એડવોકેટ)
૧૩, સીમંધર કોમ્પલેક્ષ, રામનગર, સાબરમતી, અમદાવાદ
(મો)૯૦૩૩૦૯૧૭૭૬

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદ, સબ ડિસ્ટ્રીકટ અમદાવાદ ના તાલુકો - સાંણદના મોજેઃ ઝોલાપુરની સીમના બ્લોક/સર્વે નંબર:૮૭૧ના ખાતા નંબર -૧૯૦ થી નોંધાયેલી જમીન કે જેનો આકાર રૂા.૬.૯૪ પૈસા, જેનું ક્ષેત્રફળ કુલ હે.આરે. ૨-૧૦-૪૪ ચો.મી. ખેતીની જમીન જે જમીન ના માલીક ૧) બબાભાઈ દેવસીભાઈ પટેલ ૨) કમુબેન ધરમશીભાઈ પટેલ ૩) સમુબેન વિભાભાઈ કો પટેલ ૪) વિઠલભાઈ કાળાભાઈ પટેલ ૫) માતમભાઈ ઝીણાભાઈ કોળી પટેલ તથા અન્ય ની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની તથા તમામ પ્રકારના બોજાઓથી સંપુર્ણપણે મુકત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે માટે સદરહું જમીનના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી અમારી પાસે કરેલ છે.સદરહુ જમીનમાં કોઈ પણ વ્યકિત, સંસ્થા કે બેંક કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત-હિસ્સો, ચાર્જ-બોજો, તકરાર, દાવો-ફરીયાદ, વિગેરે સીધી કે આડકતરી રીતે હકક,હિત સંબધ હોઈ તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૭ માં અમોને પુરાવા સહિત લેખિતમાં નીચે જણાવેલ સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદ્દત વિત્યે સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત-હિસ્સો, ચાર્જ-બોજો, દાવો-ફરીયાદ, વિગેરે સીધી કે આડકતરી રીતે હકક,હિત સંબધ નથી અને હોય તો જતો કર્યો છે યાને છોડી દીધો છે એમ માની સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે.

તા.૩૧.૧૦.૨૦૨૬

A.A.DESAI (ADVOCATE)
C-301,Colonned-1 Iskon-Ambli Road,Iskon,Ahmedavad-380015
M-8320513247

જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ મહેસાણા સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા કડીનાં મોજે ગામ બાવલુની સીમનાં ખાતા નં.૧૮૩૮ ની રી-સર્વે પ્રમાણેનાં નવા સર્વે/બ્લોક નં.૧૫૪ (રી-સર્વે અગાઉનાં જુના સર્વે/બ્લોક નં.૧૬૨/અ) વાળી હે.આરે.ચો.મી. : ૨-૨૪-૪૬, આકાર રૂા.૫-૯૫ પૈસા વાળી ખેતરની ખેતીની જમીન, (૧) જ્યંતિભાઈ ભગવાનભાઈ (ભવાનભાઈ) પટેલ તથા (૨) રજનીકાંતભાઈ ભગવાનભાઈ (ભવાનભાઈ) પટેલએ તેઓની કુલ સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારનાં બોજાઓથી મુક્ત નાકરજી હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. સબબ ઉપરોકત જમીન પરત્વે હરકોઈ શખ્સનો હરકોઈ પ્રકારનો બોજો યા હકક- દાવો આવેલ હોય તો લેખિત પુરાવાની સર્ટીફાઈડ નકલ સહિત દિન-૭ માં નીચેના સરનામે સ્પીડ પોસ્ટ દ્વારા જાણ કરવી, જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો ઉપરોકત જમીન પરત્વે હરકોઈ શખ્સનાં કોઈ હકકો આવેલ નથી અગર આવેલ હોય તો જમીનનાં માલિકની તરફેણમાં જતાં કરેલ છે તેમ સમજી ઉપરોકત જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ કાઢી આપવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

તા.૩૧/૧૦/૨૦૨૬
અમદાવાદ

મોદી લૉ એસોસીએટ્સ
મૌલીક દિલીપભાઈ મોદી
એડવોકેટ

અમદાવાદ ઓફીસ :
૬૦૯-૬૧૪, છઠ્ઠો માળ, 'બી' બ્લોક, શીલ્પ કોર્પોરેટ પાર્ક, એરોન સ્પેકટ્રાની બાજુમાં, રાજપથ રંગોલી રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ટે.નં.:૪૦૦૭૨૮૨૮/૪૦૦૭૧૯૨૮
ગાંધીનગર ઓફીસ :
વેસ્ટ-૫૧૨, પાંચમા માળે, સિધ્ધરાજ ઝેડ સ્કવેર, ધી લેન્ડમાર્કની સામે, કુડાસણ, તા.જી. ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૪૨૧
ટે.નં. : ૯૫૧૦૦ ૬૭૪૫૩

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, ડિસ્ટ્રીકટ ગાંધીનગર તાલુકે ગાંધીનગરના મોજે શેરથાની સીમમાં આવેલ બ્લૉક નં.-૯૮૫ (જુનો બ્લૉક નં.-૧૩૭૧) ની ૧૩૦૮ ચોરસમીટર તથા બ્લૉક નં.-૯૮૬ (જુનો બ્લૉક નં.-૧૩૭૨) ની ૨૭૩૫ ચોરસમીટર વાળી જમીનો રાજેશકુમાર રમેશભાઈ પટેલ, રહેવાસી-૮, ઓરનેટપાર્ક વિભાગ-૧, સિંધુભવન રોડ, થલતેજ, અમદાવાદ, જયસુખભાઈ ઉર્ફે જયેશભાઈ રવજીભાઈ ડોબરીયા, રહેવાસી-૯, ઓરનેટપાર્ક વિભાગ-૧, સિંધુભવન રોડ, થલતેજ, અમદાવાદ અને જગદીશભાઈ ભગવાનજીભાઈ ચંદારાણા, રહેવાસી-૨૭, ગ્રીનફિલ્ડ સોસાયટી, સિંધુભવન રોડ, થલતેજ, અમદાવાદનાએ પોતાની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તથા તમામ પ્રકારના બોજાઓથી સંપૂર્ણપણે મુક્ત હોવાનું જણાવી અમારી પાસે સદરહુ જમીનો અંગે ટાઈટલ ક્લીઅરન્સ સર્ટિફિકેટની માંગણી કરેલ છે. તો સર્વે શખ્સો કે જે જમીનોમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક હીસ્સો, બોજો કે અલાખો વિગેરે ધરાવતાં હોય તો તેમણે તે અંગેની લેખિત જાણ દિન-૭ (સાત) માં તે અંગેના તમામ લેખિત પુરાવાઓ સહિત નીચેનાં સરનામે કરવી, જો તેમ કરવામાં નહીં આવે તો સદરહુ જમીનોમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક હિસ્સો, બોજો કે અલાખો નથી અને જો હોય તો તે જતો કરેલ છે તેમ માની સદરહુ જમીનો અંગે ટાઈટલ ક્લીઅરન્સ સર્ટિફીકેટ આપી દેવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં તે જાણવું.

આજ તારીખ-૩૦/૧૦/૨૦૨૬

શાંતિલાલ એન્ડ કંપની, (અમદાવાદ)
એડવોકેટ્સ, સોલિસીટર એન્ડ IMMIGRATION LAW
ઠે. ૮૦૧, પ્રેસિડેન્ટ હાઉસ, સી.એન. વિદ્યાલય સામે, આંબાવાડી, અમદાવાદ -૩૮૦૦૦૬. ટેલી નં.-૨૬૫૬૧૬૭૫

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદ, સબ ડિસ્ટ્રીકટ અમદાવાદ ના તાલુકો - બાવળાના મોજેઃ કાવીઠાની સીમના બ્લોક/સર્વે નંબરઃ ૧૪૬૫ (જુનો બ્લોક/સર્વે નંબરઃ ૬૭૬ અ/૨૩ પૈકી) ના ખાતા નંબર -૧૧૦૬ થી નોંધાયેલી જમીન કે જેનો આકાર રૂા.૩.૮૫ પૈસા, જેનું ક્ષેત્રફળ કુલ હે.આરે.૦-૪૪-૫૧ ચો.મી. ખેતીની જમીન જે જમીન ના માલિક ૧) ભલાજી શકરાજી ઠાકોર ૨) અરજણભાઈ શકરાભાઈ ઠાકોર ૩) દિનેશભાઈ શકરાભાઈ ઠાકોર ૪) અરવિંદભાઈ શકરાભાઈ ઠાકોર ની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની તથા તમામ પ્રકારના બોજાઓથી સંપુર્ણપણે મુકત હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે માટે સદરહું જમીનના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી અમારી પાસે કરેલ છે.સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત, સંસ્થા કે બેંક કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત-હિસ્સો, ચાર્જ-બોજો, તકરાર, દાવો-ફરીયાદ, વિગેરે સીધી કે આડકતરી રીતે હકક,હિત સંબધ હોઈ તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૭ માં અમોને પુરાવા સહિત લેખિતમાં નીચે જણાવેલ સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદ્દત વિત્યે સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત-હિસ્સો, ચાર્જ-બોજો, દાવો-ફરીયાદ, વિગેરે સીધી કે આડકતરી રીતે હકક,હિત સંબધ નથી અને હોય તો જતો કર્યો છે યાને છોડી દીધો છે એમ માની સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે.

તા.૩૧.૧૦.૨૦૨૬

A.A.DESAI (ADVOCATE)
C-301,Colonned-1 Iskon-Ambli Road,Iskon,Ahmedavad-380015
M-8320513247

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદ સબ-ડિસ્ટ્રીક્ટ તથા તાલુકા બાવળાનાં મોજે - ઝેકડા ગામની સીમના રી-સર્વે/બ્લોક નં. ૩૨૬ (જુના સર્વે નં. ૧૧૩) ની કુલ ૧૬૫૧૮ ચોરસમીટર પૈકી પશ્ચિમ દિશા તરફની ૫૫૦૦ ચોરસમીટર બિનખેતીની જમીન નાઝમીન મકસુદ અહેમદ વ્હોરાના દિકરી તે સોહીલમહમદના પત્ની (૫૦ ટકાના ભાગીદાર) તથા નુસરતબેન અકબરભાઈના દિકરી તે અહેમદભાઈના પત્ની (૫૦ ટકાના ભાગીદાર)ની કુલ સંપૂર્ણ સંયુકત માલિકી અને કબજા ભોગવટાની અને બોજા રહીત વેચાણને પાત્ર હોવાનું જણાવી સદરહું જમીન પરત્વેનાં ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલનાં પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલ છે તો સદરહું જમીન ઉપર જો અન્ય કોઈપણ વ્યક્તિ, બેન્ક, મંડળી, પેઢી કે સંસ્થા ઈત્યાદીનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક, હિત, હિસ્સો દાવો કે બોજો હોય તો તેઓએ આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલનાં પુરાવાની સર્ટીફાઈડ નકલ સહીત લેખિત જાણ નીચેના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. થી કરવી. (પુરાવા સિવાયનાં વાંધા ધ્યાને લેવામાં આવશે નહીં) જો તેમ કરવામાં નહીં આવે તો સદરહું જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક, હિત, હિસ્સો દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી અમો સદરહું જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરી આપીશું. જેની નોંધ લેવી.

તા. ૩૦-૧૦-૨૦૨૬

મનોજ કે. સિંધવ, એડવોકેટ
૩૦૧-૩૦૨, ઈલાઈટ, સપથ હેક્ષાની સામે, સોલા ઓવર બ્રીજની બાજુમાં, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦, ઓફીસ ફોન નં. ૦૭૯-૩૫૮૫ ૯૩૧૪

જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ ગાંધીનગર સબ ડીસ્ટ્રીકટ ગાંધીનગર (ઝોન-૩) તથા તાલુકા ગાંધીનગરનાં મોજે ગામ વલાદની સીમનાં ખાતા નં.૩૦૫૪ ની રી-સર્વે પ્રમાણેનાં નવા સર્વે/બ્લોક નં.૧૫૫૮ (રી-સર્વે અગાઉનાં જુના સર્વે/બ્લોક નં.૭૪૪/૪) વાળી હે.આરે.ચો.મી. : ૦-૫૮-૬૮, આકાર રૂા.૩=૪૫ પૈસા વાળી ખેતરની ખેતીની જમીન, (૧) બળદેવભાઈ છગનભાઈ દેસાઈ તથા (૨) પરેશ રાજેન્દ્રભાઈ દેસાઈએ તેઓની કુલ સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારનાં બોજાઓથી મુક્ત નાકરજી હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. સબબ ઉપરોકત જમીન પરત્વે હરકોઈ શખ્સનો હરકોઈ પ્રકારનો બોજો યા હકક- દાવો આવેલ હોય તો લેખિત પુરાવાની સર્ટીફાઈડ નકલ સહિત દિન-૭ માં નીચેના સરનામે સ્પીડ પોસ્ટ દ્વારા જાણ કરવી, જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો ઉપરોકત જમીન પરત્વે હરકોઈ શખ્સનાં કોઈ હકકો આવેલ નથી અગર આવેલ હોય તો જમીનનાં માલિકની તરફેણમાં જતાં કરેલ છે તેમ સમજી ઉપરોકત જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ કાઢી આપવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

તા.૩૧/૧૦/૨૦૨૬
અમદાવાદ

મોદી લૉ એસોસીએટ્સ
મૌલીક દિલીપભાઈ મોદી
એડવોકેટ

અમદાવાદ ઓફીસ :
૬૦૯-૬૧૪, છઠ્ઠો માળ, 'બી' બ્લોક, શીલ્પ કોર્પોરેટ પાર્ક, એરોન સ્પેકટ્રાની બાજુમાં, રાજપથ રંગોલી રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૯.
ટે.નં.:૪૦૦૭૨૮૨૮/૪૦૦૭૧૯૨૮
ગાંધીનગર ઓફીસ :
વેસ્ટ-૫૧૨, પાંચમા માળે, સિધ્ધરાજ ઝેડ સ્કવેર, ધી લેન્ડમાર્કની સામે, કુડાસણ, તા.જી. ગાંધીનગર, ગુજરાત - ૩૮૨૪૨૧
ટે.નં. : ૯૫૧૦૦ ૬૭૪૫૩

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે ડીસ્ટ્રીકટ અમદાવાદ તાલુકે ધોળકાના મોજે ગામ ચંડીસરની સીમના ખાતા નં.૧૪૧૯, બ્લોક/સર્વે નં.૧૪૧/૭પૈકી, ક્ષેત્રફળ હે.આરે.ચો.મી, ૦-૨૦-૨૩, આકાર રૂા.૫.૧૯ પૈસાવાળી જમીન અજયસિંહ નવલસંગ સિસોદીયા રહે.ચંડીસર, તા.ધોળકા, જિ.અમદાવાદ નાઓની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની આવેલી છે. અને તે જમીન વેચાણ આપવા સારૂ તમામ બોજા રહીત હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. એ રીતની ઉપરોકત ખેતી ની જમીનો ઉપર કોઈનો કોઈપણ જાતનો લાગભાગ હક હિસ્સો, હિત, સબંધ, બોજો બેન્કલોન, ચાર્જ હોય તો તે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને લેખીત પુરાવા સહીત નીચેના સરનામે જાણ કરવી તેમ કરવામાં કસુર થશે તો મુદત વિતે મજકુર ખેતીની જમીનો ઉપર કોઈપણ જાતનો બોજો નથી અને હોય તો તે વેવ યાને જતો કરેલ સમજી મજકુર ખેતીની જમીન અંગે ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટ ઈસ્યુ કરીશુ. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહી તેની નોંધ લેવી.

તા.૩૦-૧૦-૨૦૨૬

હિતેષ એચ. પટેલ (એડવોકેટ)
રહે.નાગરવાડા, ધોળકા, તા.ધોળકા, જી.અમદાવાદ. મો.૮૪૬૦૪૪૪૩૨૩

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, (૧) રામભાઈ છોટાલાલ તથા (૨) શરદકુમાર રામભાઈ પટેલ, બંને રહેવાસી-અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીકટ અને તાલુકા માંડલના ગામ મોજે સીતાપુરની સીમના રી-સર્વે અનુસારના સર્વે/બ્લોક નંબર-૨૫૭(જુના સર્વે/બ્લોક નંબર-૧૦૮૭ કે જેના જુના સર્વે/બ્લોક નંબર-૬૨૭/૧ તથા ૬૨૮/૧)ના ખાતા નંબર-૭૧૧ની હે-આરે-ચોમી ૧-૬૮-૨૯ યાને કે ૧૬૮૨૯ ચોરસમીટરની ખેતીની જમીન તેમની સંપૂર્ણ, સંયુકત, સહિયારી માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારા અસીલે સદરહુ જમીન અંગેના ઉપરોક્ત જમીનમાલિકના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને અમારા અસીલે રજુ કરેલ ઉપરોક્ત જમીનમાલિકનું સંમતિપત્ર તેમજ અમારા અસીલની સુચના અને સંમતિ અનુસાર આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન હોય કે સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૨૦(વીસ)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન કે કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ જમીનના ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું તથા અમારા અસીલ સદરહુ જમીનના વેચાણની કાર્યવાહી પુર્ણ કરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખ ૩૦-૧૦-૨૦૨૬

હિતેષ એમ. રાવલ
એડવોકેટ,
એચ. એમ. રાવલ એન્ડ કંપની,
એડવોકેટ્સ,
ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફલોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

આગ સામે તકેદારી જરૂરી, પણ યાત્રીઓની સુવિધાનું શું?

ટ્રેનમાં રાત્રે મોબાઈલ ચાર્જિંગ બંધ કરવાના રેલવેના નિર્ણયથી વિવાદ

નવી દિલ્હી, તા.૩૦

રેલવે મંત્રાલયે આગની ઘટનાઓ અટકાવવા માટે રાત્રે ૧૧થી સવારે પાંચ કલાક સુધી ટ્રેનોમાં મોબાઈલ અને લેપટોપના ચાર્જિંગ પોઈન્ટ બંધ રાખવાનો આદેશ આપ્યો છે. જો કે, રેલવેના નિષ્ણાંતો અને નિવૃત્ત અધિકારીઓએ આ નિર્ણયનો વિરોધ કર્યો છે. તેમના મતે મુસાફરોને અસુવિધા આપવાની બદલે વીજળીની વ્યવસ્થામાં સુરક્ષાના યોગ્ય પગલા લેવા જોઈએ.

નિષ્ણાંતોના મતે મોબાઈલ ઈ-ટિકિટ અને સુરક્ષા માટે જરૂરી, શોટ સર્કિટ રોકવા ફ્યુઝ બેસાડવાની સલાહ

રેલવે બોર્ડના ભૂતપૂર્વ સભ્ય સુબોધ જૈનના જણાવ્યા મુજબ આગ લાગવાનું મુખ્ય કારણ મોબાઈલ ચાર્જિંગ નહિ, પણ સોકેટ, વાયરિંગ અને ઈલેક્ટ્રિક સર્કિટમાં ખામી છે. વધુ વીજપ્રવાહ થાય ત્યારે આપમેળે જ વીજ પૂરવઠો બંધ કરી દે તેવા ફ્યુઝ અને સર્કિટ બ્રેકર લગાવવા જોઈએ. લેપટોપ ચાર્જિંગ શક્ય ન હોય તો યુએસબી પોર્ટની સુવિધા પણ આપી શકાય.

નિષ્ણાંતોએ નવેમ્બર ૨૦૨૩માં નવી દિલ્હી-દરભંગા હમસફર ટ્રેનના કોચમાં લાગેલી આગ વિશે રેલવે સુરક્ષા કમિશનરના અહેવાલનો ઉલ્લેખ કર્યો હતો. તેમાં જૂના એલએચબી કોચમાં ચાર્જિંગ, લાઈટ અને પંખાના સર્કિટમાં યોગ્ય ક્ષમતાના ફ્યુઝ લગાવવાની ભલામણ કરવામાં આવી હતી. જો કે, આ કામગીરી વિશે હજી સ્પષ્ટ માહિતી મળી નથી.

પ્રવાસીઓના સંગઠનોના મતે આજના સમયમાં મોબાઈલ અત્યંત આવશ્યક છે.

કોને બાયોમેટ્રિક્સ કરાવવું તે ઓસ્ટ્રેલિયા નક્કી કરશે

ઓસ્ટ્રેલિયામાં વિઝા માટે હવેથી બાયોમેટ્રિક્સ જરૂરી

નવી દિલ્હી, તા. ૩૦

ઓસ્ટ્રેલિયા જવાની તૈયારી કરી રહેલા ભારતીય વિદ્યાર્થી અને વર્કરોએ હવે વિઝા માટે અરજી કરવા દરમિયાન ફિંગરપ્રિન્ટ અને ચહેરાની તસ્વીર એટલે કે બાયોમેટ્રિક્સ આપવા પડશે. બાયોમેટ્રિક્સને લઈને નવો નિયમ લાગુ થઈ ચૂક્યો છે.

વિઝિટર વિઝા, વર્ક વિઝા, સ્ટુડન્ટ વિઝા, પરમેનન્ટ માઈગ્રન્ટ થતાં બધાને આ નિયમ લાગુ પડશે

બાયોમેટ્રિક્સનો નવો નિયમ અમલમાં આવતા તેના અધિકાર ક્ષેત્રમાં ઓસ્ટ્રેલિયા આવતા જતા ભારતના મોટાભાગના લોકો આવી જશે. પછી તે વિઝિટર વિઝા પર જતાં હોય, સ્ટુડન્ટ વિઝા પર જતાં હોય, વર્કર વિઝા પર જતાં હોય કે પરમેનન્ટ માઈગ્રન્ટ તરીકે ઓસ્ટ્રેલિયા જવા માટે અરજી કરતાં હોય તે બધાએ બાયોમેટ્રિક્સ આપવા પડશે.

જો કે તેનો અર્થ એવો પણ નથી કે દરેક ભારતીય અરજદારે બાયોમેટ્રિક્સ આપવું પડશે. ઓસ્ટ્રેલિયાના હાઈ કમિશને સ્પષ્ટ કર્યુ છે કે આ નિયમ સંપૂર્ણપણે વ્યક્તિગત પરિસ્થિતિઓ પર આધારિત હશે. અરજદાર પ્રક્રિયા પૂરી કરશે તો ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ તેની સૂચના આપશે.

ઉત્તર પશ્ચિમ રેલવે

ઓપન ઈ-ટેન્ડર નોટિસ
(સિંગલ સ્ટેજ બે પેકેટ સિસ્ટમ ઈપીસી મોડ આધાર ઉપર)

ચીફ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, પ્રોજેક્ટ, ઉત્તર પશ્ચિમ રેલવે, જયપુર ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ઓપન ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. ટેન્ડર ધારકો ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય પહેલા તેમના અસલ/સુધારેલ ઓફરને ઓનલાઈન સુપ્રત કરે. **ઈ-ટેન્ડર નોટિસ નંબર EL-PROJ-PSI-AII-EPC-04 કામનું નામ સ્થળ સાથે :** ઉત્તર પશ્ચિમ રેલવેના અજમેર ડિવિઝનમાં ચિત્તોડગઢ (COR) - ઉદયપુર (UDZ) વિભાગમાં 2x25 KV ટ્રેકશન સિસ્ટમ (સ્કોટ કનેકટેડ ટ્રાન્સફોર્મર)ને 132/55 KV ટ્રેકશન સબસ્ટેશન, સેક્સનિંગ પોસ્ટ (SPs) અને સબ સેક્સનિંગ પોસ્ટ (SSPs) ની ડિઝાઈન પુરૂ પાડવું, નિર્માણ, ટેસ્ટિંગ અને કાર્યરત કરવું. **કામની અંદાજિત કિંમતઃ** રૂા.156,21,40,142.90, ભરવાની અર્નેસ્ટ રકમઃ રૂા.3,12,42,800.00, **પૂર્ણતાનો સમયગાળોઃ** 540 દિવસ, **ઓનલાઈન ઈ-ટેન્ડર સુપ્રતિની બંધ તારીખ અને સમયઃ** 29.12.2026 (15.00 કલાક), વેબસાઈટ વિગતો જ્યાં ઈ-ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાશેઃ **www.ireps.gov.in.**
નોંધઃ- મેન્યુઅલ ટેન્ડરનો સ્વિકાર કરાશે નહિ.
1556-PH/26
અમને ફોલો કરો :

Celebrate Diwali
Khanvel
RESORT
SILVASSA

કાશ્મીરના શોપિયાં જિલ્લામાં આતંકી ફંડિંગ મોડ્યૂલનો પર્દાફાશ

શ્રીનગર,તા.૩૦

જમ્મુ-કાશમીરના શોપિયાં જિલ્લામાં ટેરર ફાઈનાન્સિંગ મોડ્યૂલનો ભાંડો ફૂટતા પોલીસને મોટી સફળતા મળી છે.

તોયબા અને ટીઆરએફ માટે ફંડ એકઠું કરનારા ૧૦ આતંકીઓની ધરપકડ

શોપિયાં પોલીસે આજે શુક્રવારે આતંકી ગતિવિધિઓ સાથે સંડોવાયેલા શંકાસ્પદ નાણાકીય નેટવર્કોની ઊંડી તપાસ પછી કેન્દ્ર શાસિત પ્રદેશમાં કાર્યરત 'ટેરર ફાઈનાન્સિંગ' મોડ્યૂલનો પર્દાફાશ કર્યો છે. પોલીસે આ મામલે અત્યાર સુધીમાં ૧૦ લોકોને ગિરફતાર કર્યા છે. આ આરોપીઓ આતંકવાદીઓના ટેકેદારો હોવાનું જણાવાય છે. આ અંગે શોપિયાં પોલીસ મથકે સંબંધિત કાયદાકીય કલમો અંતર્ગત પ્રથમદર્શી કેસ નોંધાયો છે. તપાસ દરમિયાન જાણ થઈ કે વિભિન્ન પેમેન્ટ પ્લેટફોર્મ મારફતે કરાયેલી શંકાસ્પદ ઓનલાઈન નાણાકીય લેવડ-દેવડનું પૃથ્થકરણ કરવામાં આવ્યું. એની મારફતે નાણાની લેવડ-દેવડના કેટલાક તબક્કાનો ખ્યાલ આવ્યો. તપાસમાં આવા લોકોનું એક મોટું નેટવર્ક જણાઈ આવ્યું છે કે જે 'ટેરર ફાઈનાન્સિંગ'માં સંડોવાયું હતું અને જેનો સંબંધ અલગ-અલગ જેલોમાં પુરાયેલા ત્રાસવાદીઓ અને એમના ટેકેદારો સાથે હતો. પ્રારંભિક તપાસથી માહિતી મળી છે કે, આરોપી આમજનતા પાસેથી ગુપ્ત રૂપે ભંડોળ ભેગું કરી રહ્યા હતા અને સ્થાપિત નાણાકીય માધ્યમોની મારફતે આ નાણાને લશ્કર-એ-તૈયબા (એલઈટી) અને ધ રેજિસ્ટન્સ ફ્રન્ટ (ટીઆરએફ)ની ત્રાસવાદી ગતિવિધિઓ માટે મોકલી રહ્યા હતા. આ ભંડોળનો ઉપયોગ આતંકી ગતિવિધિઓની આગેકૂચ માટે લોજિસ્ટિક સહાય (જેમ કે સ્માર્ટફોન મેળવી આપવો) પૂરી પાડવામાં પણ કરાઈ રહ્યો હતો. આ મોટા નેટવર્કની માહિતી મેળવવા, અન્ય નાણાકીય સંબંધોની તપાસ માટે અને આ મોડ્યૂલ સાથે સંડોવાયેલા અન્ય લોકોની ઓળખ માટે વધુ તપાસ થઈ રહી છે.

યુવતી ભારત ક્યારે પાછી આવી ગઈ તેની પરિવારને જાણ જ ન હતી

લંડન ભણવા ગયેલી યુવતી પુણેના ફ્લેટમાં મૃત હાલતમાં મળી આવી

મુંબઈ તા.૩૦

લંડનમાં ભણવા ગયેલી પરંતુ પરિવારને જાણ વિના જ ભારતમાં આવી રહેવા લાગેલી ૩૪ વર્ષીય યુવતી પુણેમાં ભાડાંના ફ્લેટમાં મૃત હાલતમાં મળી આવી હતી.

લંડનમાં સંપર્ક કપાયા બાદ પરિવારે બેન્ક સ્ટેટમેન્ટ ચેક કર્યાં ત્યારે ફૂડ ડિલિવરી ઓર્ડર્સ પરથી તે ભારતમાં હોવાની જાણ થઈ

છત્રપતિ સંભાજીનગરની મુગ્ધા દેશમુખ જુલાઈ ૨૦૨૫માં એમબીએ કરવા માટે લંડન ગઈ હતી. ત્યાં તે પાર્ટટાઈમ નોકરી પણ કરી હતી. પરિવારજનો સાથે તે કોલ્સ અને મેસેજ દ્વારા સંપર્કમાં હતી.

જોકે, ગત ૨૪મી ઓક્ટોબરે તેનો ફોન બંધ થઈ ગયો હતો. તે પછી પિતા અવિનાશ દેશમુખે સ્થાનિક પોલીસને આ બાબતે જાણ કરી હતી.

પરિવારે લંડનમાં મુગ્ધાની એક મિત્રનો સંપર્ક કર્યો હતો. તેણે પણ કહ્યું હતું કે પોતે ૨૨મી ઓક્ટોબરે છેલ્લે મુગ્ધા સાથે વાત કરી હતી. બાદમાં આ મિત્રએ લંડન પોલીસને જાણ કરી હતી. પોલીસે તપાસ બાદ તેને કહ્યું હતું કે મુગ્ધા ગત ઓગસ્ટમાં જ યુકે છોડી ભારત પરત જતી રહી છે.

આ વાતની જાણ થતાં મુગ્ધાના પરિવારે ભારતીય દૂતાવાસનો સંપર્ક કરી તેમની મદદ માગી હતી. દરમિયાન થોડા દિવસો પહેલાં જ મુગ્ધાના પિતાએ તેના બેંક સ્ટેટમેન્ટ પણ તપાસ્યા હતાં. તેમાં ૮ થી ૨૫ ઓક્ટોબર દરમિયાન ફૂડ ડિલિવરી અને ઓનલાઈન સર્વિસ પ્લેટફોર્મ પર અનેક ટ્રાન્ઝેક્શન જોવા મળ્યા હતા. એક ટ્રાન્ઝેક્શન છત્રપતિ સંભાજીનગરના ઉસ્માનપુરા વિસ્તારમાંથી થયું હતું. તેના પરથી પરિવારને શંકા ગઈ હતી કે મુગ્ધા કદાચ ભારતમાં જ છે. ત્યારબાદ પરિવારે છત્રપતિ સંભાજીનગર ક્રાઈમ બ્રાન્ચનો સંપર્ક કર્યા હતો.

છત્રપતિ સંભાજીનગર પોલીસે પુણે નજીકના પિંપરી ચિંચવડમાં ગહુંજેના લોઢા બેલમોન્ડો કોમ્પ્લેક્સમાં મુગ્ધાનું લોકેશન શોધી કાઢ્યું હતું . પોલીસે ચાવી બનાવનારની મદદથી ફ્લેટમાં પ્રવેશ કર્યો ત્યારે અંદર તે મૃત હાલતમાં મળી આવી હતી.પાસ દરમિયાન, પોલીસને જાણવા મળ્યું કે મુગ્ધાએ એપ્રિલમાં એપાર્ટમેન્ટ ભાડે લીધું હતું, પરંતુ ઓગસ્ટમાં યુકે છોડ્યા પછી જ ત્યાં રહેવાનું શરૂ કર્યું હતું, તેના શરીર પર ઈજાના કોઈ નિશાન જોવા મળ્યાં ન હતાં.

મહિલાએ માહિતી ચીન મોકલી હોવાની અમેરિકન ગુપ્તચર એજન્સીને શંકા

ચીનની મહિલા જાસૂસે એનવીડિયાના વડાને છેતરીને ગુપ્ત માહિતી તફડાવી

(પીટીઆઈ) ન્યૂયોર્ક, તા.૩૦

અમેરિકાની ટોચની ટેક્નોલોજી કંપની એનવીડિયાના સીઈઓ જેન્સેન હુઆંગ હની ટ્રેપનો શિકાર બન્યા છે. ચીનની એક બિઝનેસ વુમન એલિસ હુઆંગે જેન્સેન હુઆંગ સાથે ગાઢ સંબંધો કેળવ્યા અને એનવીડિયાની અત્યાધુનિક એઆઈ ચીપ્સ તથા અન્ય ગુપ્ત માહિતી ચીન મોકલતી હતી તેવો દાવો અમેરિકન ગુપ્તચર સંસ્થાઓએ કર્યો હોવાનું ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલમાં જણાવાયું છે. જોકે, ચીને આ અહેવાલોને નકારી કાઢ્યા છે.

મેગાસ્પીડ માત્ર ગ્રાહક, સંવેદનશીલ વેપાર રહસ્ય, રાષ્ટ્રીય સુરક્ષાની ગુપ્ત માહિતી આપી જ નથી : એનવીડિયાએ આરોપો ફગાવ્યા

અમેરિકન ઈન્ટેલિજન્સ મુજબ એલિસ હુઆંગ સિંગાપુર સ્થિત ક્લાઉડ ડેટા સેન્ટર કંપની 'મેગાસ્પીડ'માં ટોચના મેનેજમેન્ટ પદ પર કામ કરતી હતી. અમેરિકન વાણિજ્ય વિભાગ છેલ્લા કેટલાક સમયથી મેગાસ્પીડ કંપનીની તપાસ કરી રહ્યો હતો. અમેરિકન અધિકારીઓ દ્વારા ચીન પર લગાવાયેલા આકરા પ્રતિબંધો છતાં એલિસ હુઆંગ એનવીડિયાની એડવાન્સ એઆઈ ચીપને ગેરકાયદેરૂપે બેઈજિંગ સુધી પહોંચાડવાનું કામ કરતી હોવાનો આક્ષેપ કરાયો છે.

પ્રમુખ ટ્રમ્પને આ અંગે એક વર્ષ પહેલા એલિસ હુઆંગ અંગે જાણ કરાઈ હતી, પરંતુ તેમણે કોઈ કાર્યવાહી કરી નહોતી. અધિકારીઓને ટાંકીને ન્યૂયોર્ક ટાઈમ્સે કહ્યું છે કે ટ્રમ્પ એનવીડિયાના વિકસતા કારોબારને નુકસાન પહોંચાડવા માગતા નહોતા. તેમનું માનવું હતું કે, એનવીડિયા અમેરિકન અર્થતંત્ર અને શેરબજારને મદદ કરી રહી છે. સાથે જ ટ્રમ્પ ચીન સાથે વેપાર સંબંધો પર પણ નકારાત્મક અસર થાય તેમ ઈચ્છતા નહોતા. અમેરિકન એજન્સીના કેટલાક વરિષ્ઠ અધિકારીઓને શંકા છે કે એલિસ હુઆંગ ચીન માટે ગુપ્ત માહિતી એકત્ર કરતી હોવા અંગે એનવીડિયાના પ્રમુખ જેન્સેન હુઆંગ અજાણ નહીં હોય. એલિસ અંગેની તપાસ શરૂ થયા બાદ જેન્સેન હુઆંગે મેગાસ્પીડના દૈનિક સંચાલનમાં તેમની ભૂમિકા મર્યાદિત કરી દીધી હતી.

ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ અમેરિકન સરકાર ૨૦૨૪ના અંતથી મેગાસ્પીડની તપાસ કરી રહી હતી. એજન્સીને શંકા હતી કે કંપની દક્ષિણપૂર્વ એશિયામાં ડેટા સેન્ટર્સ મારફત એનવીડિયાની અત્યાધુનિક ચીપ્સના એક્સેસ મેળવીને ચીનને મદદ કરી રહી છે. મેગાસ્પીડે ડેટા સેન્ટર્સ બનાવવા એનવીડિયાની ચીપ્સ ખરીદી છે અને અલિબાબા સહિત ચીનની કંપનીઓને કમ્પ્યુટિંગ કેપેસિટી રેન્ટ પર આપે છે. અમેરિકન તપાસકારોને શંકા છે કે મેગાસ્પીડે એનવીડિયાની એડવાન્સ્ડ ચીપ મેળવીને ગેરકાયદે રીતે ચીન મોકલી છે.

બીજીબાજુ એનવીડિયાના પ્રવક્તા જોન રિજોએ કહ્યું કે, જેન્સેનના એલિસ હુઆંગ સાથેના સંબંધો અસામાન્ય નથી. ગ્રાહકો સાથે મુલાકાત કરવી એ સીઈઓના કામનો ભાગ છે.

વસતી ગણતરી ૨૦૨૭નો કાર્યક્રમ જાહેર

દેશમાં ૨૫ જાન્યુ.થી ૨૮ ફેબ્રુ. સુધી વસતી ગણતરી હાથ ધરાશે

(પીટીઆઈ) નવી દિલ્હી, તા.૩૦

દેશમાં વસતી ગણતરીની તારીખોની જાહેરાત કરી દેવાઈ છે. સરકારના જણાવ્યા મુજબ વસતી ગણતરીનું કામ ૨૫ જાન્યુઆરીથી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી ચાલશે. બરફથી ઢંકાયેલા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો તથા ચૂંટણી યોજાવાની છે તેવા રાજ્યો સિવાયના રાજ્યોમાં વસતી ગણતરીનું કામ હાથ ધરાશે તેમ સેન્સસ કમિશનરે શુક્રવારે જણાવ્યું હતું.

૧૦ જાન્યુ.થી ૨૪ જાન્યુઆરી ૨૦૨૭ સુધી સેલ્ફ એન્યુમરેશનમાં વ્યક્તિ જાતે જ માહિતી આપી શકશે

સત્તાવાર નોટિફિકેશન મુજબ વસતી ગણતરી માટે રેફરન્સ તારીખ ૧ માર્ચ, ૨૦૨૭ રાખવામાં આવી છે. એટલે કે ૧ માર્ચ, ૨૦૨૭ના આધારે નાગરિકોની માહિતી અને આંકડા નોંધવામાં આવશે. ચૂંટણી રાજ્યો મણિપુર, ગોવા, ઉત્તર પ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ તથા હિમાચ્છાદિત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો લદ્દાખ, હિમાચલ પ્રદેશ તથા જમ્મુકાશ્મીર સિવાયના બધા જ રાજ્યોમાં ઘરે-ઘરે વસતી ગણતરી પ્રક્રિયા ૨૫ જાન્યુઆરીથી હાથ ધરાશે અને ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી ચાલશે. ત્યાર પછી ૧ માર્ચથી ૫ માર્ચ ૨૦૨૭ સુધી રિવિઝનલ રાઉન્ડ હાથ ધરાશે. એટલે કે અગાઉ એકત્ર કરાયેલી માહિતીની ફરીથી ચકાસણી કરાશે.

જોકે, સત્તાવાર રીતે વસતી ગણતરી પ્રક્રિયા શરૂ થાય તે પહેલાં ૧૦ જાન્યુઆરીથી ૨૪ જાન્યુઆરી ૨૦૨૭ સુધી સેલ્ફ એન્યુમરેશન થશે, જેમાં વ્યક્તિ પોતે જ પોતાની માહિતી ભરી શકશે. કેન્દ્ર સરકારે વસતી ગણતરીની પ્રક્રિયા માટે રૂ. ૧૧,૭૧૮ કરોડનું બજેટ ફાળવ્યું છે. પ્રત્યેક ૧૦ વર્ષે હાથ ધરવામાં આવતી વસતી ગણતરી પ્રક્રિયા ૨૦૨૧માં થવાની હતી, પરંતુ કોરોના મહામારી અને ત્યાર પછી ૨૦૨૪ની લોકસભા ચૂંટણીના કારણે ૨૦૨૭ સુધી મુલતવી રાખવામાં આવી હતી.

SBI ભારતીય સ્ટેટ બેંક

Gandhinagar Railway and Urban Development Corporation Limited (GARUD)
Block No. 3, 3rd Floor, E1-Wing, Karmayogi Bhavan, Sector 10 A, Gandhinagar-382010 (Gujarat)
Online tender Notice No. 936 of 2026-2027
Gandhinagar Railway and Urban Development Corporation (GARUD), **Invites Tender from Reputed Firms / Agencies for Appointment of a licensee for Two Number of Shops at Gandhinagar Capital Railway Station, Gandhinagar (Gujarat)** Bidders are requested to visit **www.garud.org.in** (Tender) for eligibility criteria, downloading the tender document and more details. The last date of submission of tender will be **16.11.2026 upto 1600 Hrs.**
Joint Managing Director
GARUD
Date : 30.10.2026 Email : garud.gandhinagar@gmail.com

GOVERNMENT OF MEGHALAYA
EDUCATION DEPARTMENT
No. EDN.124/2026/29 Dated Shillong, the 30th September, 2026
PUBLIC NOTICE
Conduct of examinations and academic progression of existing enrolled students of CMJ University, Meghalaya
With reference to the UGC letter D.O. No. 8-21/2010(CPP-I/PU)/78587, dated 02-09-2026, the office of the Administrator, under the Government of Meghalaya, is directed to inform all students of CMJ University as follows: **"All students presently studying Diploma, Undergraduate and Postgraduate programmes at the University may be allowed to appear in examinations conducted under the supervision of an external agency/third party, under the overall responsibility of the State Education Department".**
Therefore, students are required to complete the form to submit their personal details for the examination using the QR code provided. Failure to submit the details will hinder the examination process, as these details are needed to arrange examinations with third-party institutions. The form link will remain active to accept responses until **01-11-2026.**
Link - https://forms.gle/3aMvMVWX2DxnNSzv5
Sd/-
Administrator of CMJ University, Meghalaya & Joint Secretary to the Govt. of Meghalaya
Education Department
MIPR No.: 1769
Dated: 30-09-2026

JIO PLATFORMS LIMITED
www.jio.com

સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

પ્લેયર ઓફ ધ મેચ ફિલિપ્સના ૪૯ બોલમાં ૧૦ છગ્ગા, ૬ ચોગ્ગા સાથે ૧૦૭ રન

ચોથી ટી-૨૦માં હારતાં ન્યુઝીલેન્ડની ભૂમિ પર ભારતની સળંગ ૧૦ મેચની અજેયકૂચ અટકી

ઓકલેન્ડ, તા.૩૦

પ્લેયર ઓફ ધ મેચ ફિલિપ્સે ૧૦ છગ્ગા અને છ ચોગ્ગા સાથે ૪૯ બોલમાં ૧૦૭ રન તેમજ બ્રેસવેલે ૨૫ બોલમાં ૬૫ રન ફટકારતાં ન્યુઝીલેન્ડે તેના ટી-૨૦ ઈતિહાસનો સર્વોચ્ચ ૨૫૯/૭ સ્કોર ખડકીને ભારતને શ્રેણીની ચોથી મેચમાં ૮૭ રનથી હરાવ્યું હતુ. આ સાથે ટીમ ઈન્ડિયાની ન્યુઝીલેન્ડની સામે સળંગ પાંચ વિજયની કૂચ અટકી ગઈ હતી. આ સાથે ન્યુઝીલેન્ડે પાંચ ટી-૨૦ની શ્રેણીમાં જીતનું ખાતું ખોલાવ્યું હતુ. જોકે ટીમ ઈન્ડિયા શ્રેણીમાં ૩-૧થી વિજયી સરસાઈ ધરાવે છે. આ સાથે ન્યુઝીલેન્ડની ભૂમિ પર ભારતની સળંગ ૧૦ ટી-૨૦ની અજેય કૂચ અટકી હતી. આ ૧૦માંથી નવ મેચ ભારત જીત્યું હતુ અને એક ટાઈ થઈ હતી. છેલ્લે ભારત ૨૦૧૯માં ન્યુઝીલેન્ડમાં ટી-૨૦ મેચ હાર્યું હતુ.

ન્યુઝીલેન્ડની ભૂમિ પર ટીમ ઈન્ડિયાની સળંગ ૧૦ ટી-૨૦ મેચની વિજયકૂચનો પણ હવે અંત આવી ગયો છે. ભારતીય બોલરોનો દેખાવ સાવ સાધારણ સ્તરનો રહ્યો હતો અને ટોપ ઓર્ડરના બેટ્સમેનો પણ ફ્લોપ રહ્યા હતા. તિલકે ૩૫ અને નમન ધીરે ૨૮ રન સાથે લડત આપવાનો પ્રયાસ કર્યો હતો. આ અગાઉ ભારત ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ન્યુઝીલેન્ડ સામે વિશાખાપટ્ટનમમાં રમાયેલી ટી-૨૦માં ૫૦ રનથી હાર્યું હતુ.

ભારતના ટી-૨૦માં રનની રીતે સૌથી નાલેશીભરી હાર

માર્જિન	હરિફ	સ્થળ	તારીખ
૧૨૫	ઈંગ્લેન્ડ	નોટિંગહામ	૦૭.૦૭.૨૬
૮૭	ન્યુઝીલેન્ડ	ઓકલેન્ડ	૩૦.૧૦.૨૬
૮૦	ન્યુઝીલેન્ડ	હેમિલ્ટન	૦૬.૦૨.૧૯

ફિલિપ્સની આક્રમક બેટિંગ : બ્રેસવેલનો સપોર્ટ

ભારતે સતત ચોથો ટોસ જીતીને ન્યુઝીલેન્ડને બેટિંગમાં ઉતાર્યું હતુ. સેઈફેર્ટ અને મિચેલ ૩૪ના સ્કોરે આઉટ થયા હતા. એલન (૩૧) સાથે મળીને ફિલિપ્સે ૩૧ બોલમાં ૫૯ રન જોડ્યા હતા. ફિલિપ્સે ૩૧ બોલમાં ૫૦ અને ત્યાર બાદના ૫૦ રન માત્ર ૧૫ રન જ ફટકાર્યા હતા. તેણે ૪૯ બોલની ઈનિંગમાં ૧૦ છગ્ગા અને છ ચોગ્ગા સાથે ૧૦૭ રન નોંધાવ્યા હતા. તેણે બ્રેસવેલ (૨૫ બોલમાં ૬૫) સાથે પાંચમી વિકેટમાં ૪૧ બોલમાં ૧૧૫ રન જોડ્યા હતા. બ્રેસવેલે છ છગ્ગા અને ચાર ચોગ્ગા ફટકાર્યા હતા.

ધીરનું ફિલિપ્સને જીવતદાન

અક્ષર પટેલે નાંખેલી ઈનિંગની ૧૫મી ઓવરમાં બ્રેસવેલે સળંગ બે ચોગ્ગા બાદ છગ્ગો અને ચોગ્ગો ફટકાર્યો હતો. આ ઓવરમાં આખરી બોલ પર સ્વિચ હિટ ફટકારવા જતાં ફિલિપ્સે કેચ ઉછાળ્યો હતો. જે નમન ધીર ઝડપી શક્યો નહતો અને ફિલિપ્સને ૫૮રને જીવતદાન મળ્યું હતુ.

નિતિશની ઓવરમાં સળંગ ચાર છગ્ગા

ન્યુઝીલેન્ડની ઈનિંગની ૧૬મી ઓવરમાં નિતિશ કુમારે કુલ ૩૨ રન આપ્યા હતા. આ ઓવરમાં સિંગલ બાદ નોબોલ પર ફિલિપ્સે ચોગ્ગો ફટકાર્યો હતો. આ પછી બે રન લીધા બાદ ફિલિપ્સે આખરી ચાર બોલ પર સળંગ ચાર છગ્ગા ફટકાર્યા હતા.

ન્યુઝીલેન્ડની ભૂમિ પર ટીમ ઈન્ડિયા ૨૦૧૯ પછી પહેલીવાર ટી-૨૦ હાર્યું

ઓકલેન્ડ : ચોથી ટી-૨૦ની હાર સાથે ભારતીય ટીમને ન્યુઝીલેન્ડની ભૂમિ પર યજમાન ટીમ સામે સાત વર્ષ બાદ ક્રિકેટના સૌથી ટૂંકા ફોર્મેટમાં હાર સહન કરવી પડી હતી. જ્યારે ભારતની ન્યુઝીલેન્ડની ભૂમિ પર સળંગ ૧૦ ટી-૨૦ની અજેય કૂચ પણ અટકી ગઈ હતી. આ અગાઉ ભારત ન્યુઝીલેન્ડની ભૂમિ પર યજમાન ટીમ સામે ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૧૯માં હેમિલ્ટનમાં રમાયેલી મેચમાં ચાર રનથી હાર્યું હતુ. જે પછી ન્યુઝીલેન્ડમાં ભારત સળંગ ૧૦ વન ડે રમ્યું તેમાંથી નવ જીત્યું હતુ. આ નવ વિજયમાં બે સુપર ઓવરની જીત પણ સામેલ છે. જ્યારે એક મેચ ડકવર્થને સહારે ટાઈમાં પરિણમી હતી.

ન્યુઝીલેન્ડે આખરી આઠ ઓવરમાં ૧૪૬ રન ફટકાર્યા

ન્યુઝીલેન્ડના ટી-૨૦માં સર્વોચ્ચ સ્કોર

સ્કોર	હરિફ	તારીખ
૨૫૯/૭	ભારત	૩૦.૧૦.૨૬
૨૫૪/૫	સ્કોટલેન્ડ	૨૯.૦૭.૨૨
૨૪૩/૫	વિન્ડિઝ	૦૩.૦૧.૧૮

મયંકની ૩ વિકેટ પણ ઈકોનોમી ૧૨ની

ભારત તરફથી મયંક યાદવે ત્રણ વિકેટ ઝડપી હતી. જોકે તેની ઈકોનોમી ૧૨ રહી હતી. તેણે ચાર ઓવરમાં ૪૮ રન આપ્યા હતા. અર્ષદીપ (પ્રતિ ઓવર ૯.૫૦ રન) સિવાય અન્ય પાંચ બોલરોની ઈકોનોમી ૧૨ કે તેથી વધુની રહી હતી.

ભારતના ટોપ ઓર્ડરનો ધબડકો : ૮૯/૬

૨૬૦ના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલા ભારતના ટોપ ઓર્ડરનો ધબડકો થયો હતો. ડફીએ પહેલી જ ઓવરમાં સેમસન (૪) અને કિશન (૦)ની વિકેટ ઝડપી સપાટો બોલાવ્યો હતો. ભારતે ૮૯ના સ્કોર સુધી પહોંચતા છ વિકેટ ગુમાવી દીધી હતી. અભિષેક ૨૭, શ્રેયસ ૨૨, અક્ષર ૭ અને નિતિશ ૨૧ રને આઉટ થયા હતા.

તિલક યાદવનો સંઘર્ષ

તિલક યાદવે ૩ છગ્ગા સાથે ૩૫ રન નોંધાવતા સંઘર્ષ કર્યો હતો. તેણે ધીર (૧૩ બોલમાં ૨૮) સાથે ૩૨ અને પ્રિન્સ યાદવ (૧૮*) સાથે ૩૭ રન જોડ્યા હતા. જોકે ડફીએ ૨૩ રનમાં ચાર તેમજ સાન્ટનર-ફિશરે ૨-૨ વિકેટ ઝડપતાં ન્યુઝીલેન્ડ જીત્યું હતુ.

એક દેશમાં હરિફ ટીમ સામે સૌથી વધુ ટી-૨૦ જીત

(આઈસીસી ફુલ મેમ્બર)

જીત	દેશ-હરિફ	યજમાન	સમયગાળો
૧૧	ભારત-શ્રીલંકા	ભારત	૨૦૧૬-૨૩
૧૦	ભારત-ન્યુઝીલેન્ડ	ન્યુઝીલેન્ડ	૨૦૨૦-૨૬
૦૯	ન્યુઝીલેન્ડ-બાંગ્લાદેશ	ન્યુઝીલેન્ડ	૨૦૧૦-૨૨

ન્યુઝીલેન્ડ

	રન	બોલ	૪	૬
સેઈફેર્ટ કો.પ્રિન્સ બો.મયંક	૩	૫	૦	૦
એલન કો.અભિષેક બો.અક્ષર	૩૧	૧૭	૨	૨
મિચેલ એલબી બો.મયંક	૨૪	૯	૨	૨
ફિલિપ્સ કો.અભિષેક બો.નિતિશ	૧૦૭	૪૯	૬	૧૦
જેકોબ્સ કો.અર્ષદીપ બો.મયંક	૭	૭	૦	૦
બ્રેસવેલ એલબી બો.પ્રિન્સ	૬૫	૨૫	૪	૬
સાન્ટનર કો.નિતિશ બો.અર્ષદીપ	૫	૬	૦	૦
નેથન સ્મિથ અણનમ	૬	૩	૧	૦
મિલ્ને અણનમ	૧	૧	૦	૦
વધારાના (લેગબાય ૧, નોબોલ ૨, વાઈડ ૭)	૧૦			
કુલ (૨૦ ઓવરમાં સાત વિકેટે)	૨૫૯			

વિકેટનો ક્રમ: ૧-૫ (સેઈફેર્ટ ૦.૬), ૨-૩૪ (મિચેલ ૨.૫), ૩-૯૩ (એલન ૭.૬), ૪-૧૧૨ (જેકોબ્સ ૧૦.૪), ૫-૨૨૭ (બ્રેસવેલ ૧૭.૨), ૬-૨૪૬ (સાન્ટનર ૧૮.૬), ૭-૨૫૨ (ફિલિપ્સ ૧૯.૨).

બોલિંગ: મયંક યાદવ ૪-૦-૪૮-૩, અર્ષદીપ ૪-૦-૩૮-૧, પ્રિન્સ ૪-૦-૪૯-૧, નિતિશ રેડ્ડી ૪-૦-૬૪-૧, અક્ષર પટેલ ૩-૦-૪૩-૧, નમન ધીર ૧-૦-૧૬-૦.

ભારત

	રન	બોલ	૪	૬
સેમસન કો.સેઈફેર્ટ બો.ડફી	૪	૨	૧	૦
અભિષેક કો.સાન્ટનર બો.ફિશર	૨૭	૧૫	૩	૧
કિશન કો.એન્ડ બો.ડફી	૦	૩	૦	૦
શ્રેયસ બો.મિલ્ને	૨૨	૧૧	૪	૦
અક્ષર કો.એન્ડ બો.સાન્ટનર	૭	૯	૧	૦
નિતિશ રેડ્ડી કો.બ્રેસવેલ બો.સાન્ટનર	૨૧	૧૦	૦	૨
તિલક કો.સેઈફેર્ટ બો.ફિશર	૩૫	૩૫	૧	૩
ધીર કો.સ્મિથ બો.ડફી	૨૮	૧૩	૨	૨
અર્ષદીપ કો.જેકોબ્સ બો.ડફી	૦	૧	૦	૦
પ્રિન્સ અણનમ	૧૮	૧૭	૨	૧
મયંક અણનમ	૩	૪	૦	૦
વધારાના (લેગબાય ૩, વાઈડ ૪)	૭			
કુલ (૨૦ ઓવરમાં નવ વિકેટે)	૧૭૨			

વિકેટનો ક્રમ: ૧-૪ (સેમસન ૦.૨), ૨-૪ (કિશન ૦.૫), ૩-૫૦ (અભિષેક ૪.૩), ૪-૫૬ (શ્રેયસ ૫.૩), ૫-૮૬ (નિતિશરેડ્ડી ૮.૧), ૬-૮૯ (અક્ષર ૮.૪), ૭-૧૨૧ (ધીર ૧૧.૨), ૮-૧૨૧ (અર્ષદીપ ૧૧.૩), ૯-૧૫૮ (તિલક ૧૮.૪).

બોલિંગ: ડફી ૪-૦-૨૩-૪, મિલ્ને ૪-૦-૩૫-૧, નેથન સ્મિથ ૪-૦-૪૭-૦, ફિશર ૪-૦-૪૦-૨, સાન્ટનર ૪-૦-૨૪-૨.

ન્યુઝીલેન્ડે તેના ઈતિહાસનો સર્વોચ્ચ ૨૫૯/૭ સ્કોર ખડક્યો : ભારત ૧૭૨/૯નો સ્કોર કરી શકતાં ૮૭ રનથી હાર્યું : ડફીની ચાર વિકેટ : અર્ષદીપ ૧૫૦ વિકેટ ઝડપનારો પ્રથમ ભારતીય

ભારતીય મહિલા કુસ્તીના ૩૯ વર્ષના ઈંતજારનો અંત

મનીષા ભાનવાલા વર્લ્ડ કુસ્તી ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતનારી પ્રથમ ભારતીય મહિલા

૫૯ કિગ્રાની ફાઈનલમાં અમેરિકાની એબીગૅલ નિટ્ટેને ૮-૬થી હરાવી

અસ્તાના, તા.૩૦

ભારતની ૨૯ વર્ષની પહેલવાન મનીષા ભાનવાલાએ કઝાકિસ્તાનના અસ્તાનામાં ચાલી રહેલી વર્લ્ડ કુસ્તી ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીતવાની સાથે ઈતિહાસ રચી દીધો હતો. મનીષા ભારતની સૌપ્રથમ મહિલા વર્લ્ડ ચેમ્પિયન પહેલવાન બની ગઈ છે. આ સાથે વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ માટેના ભારતીય મહિલા કુસ્તીના ૩૯ વર્ષના ઈંતજારનો પણ અંત આવી ગયો છે.

મનીષા ભાનવાલાએ ૫૯ કિગ્રા વજન વર્ગની ફ્રિસ્ટાઈલ કુસ્તીની ફાઈનલમાં અમેરિકાની એબીગૅલ નિટ્ટેને ૮-૬થી પછડાટ આપીને ઐતિહાસિક સિદ્ધિ મેળવી હતી. મનીષા અગાઉ ભારતની ત્રણ મહિલા પહેલવાન વર્લ્ડ ચેમ્પિયનશિપની ફાઈનલ સુધી તો પહોંચી હતી, પણ તેઓને સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો.

ભારતની માત્ર બીજી વર્લ્ડ ચેમ્પિયન પહેલવાન

કુસ્તીની વર્લ્ડ ચેમ્પિયનશિપના ઈતિહાસમાં મનીષા ભાનવાલા ભારતની માત્ર બીજી વર્લ્ડ ચેમ્પિયન પહેલવાન બની છે. અગાઉ ૨૦૧૦માં ભારતનો પુરુષ પહેલવાન સુશીલ કુમાર વર્લ્ડ ચેમ્પિયન બન્યો હતો. તે ભારતીય કુસ્તી ઈતિહાસનો સૌપ્રથમ વર્લ્ડ ચેમ્પિયન પહેલવાન છે. તેણે ૬૬ કિગ્રાની ફ્રિસ્ટાઈલ કુસ્તીમાં મોસ્કોમાં યોજાયેલી વર્લ્ડ ચેમ્પિયનશિપમાં આ સિદ્ધિ મેળવી હતી.

ભારત માટે ચોથી ફાઈનલીસ્ટ ભાગ્યશાળી

વર્લ્ડ કુસ્તી ચેમ્પિયનશિપના ઈતિહાસમાં અત્યાર સુધી ભારતની ત્રણ મહિલા પહેલવાન ફાઈનલમાં પ્રવેશી હતી પણ તેઓ સિલ્વર મેડલ જીતી શકી હતી. અગાઉ ૨૦૨૧માં ભારતની અંશુ મલિકે ૫૭ કિગ્રા વજન વર્ગની ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો અને તે સિલ્વર જીતી હતી. હાલમાં ચાલી રહેલી વર્લ્ડ કુસ્તી ચેમ્પિયનશિપમાં ભારતની નીલમ સિરોહી (૫૦ કિગ્રા) અને કાજલ ધોચાક (૭૬ કિગ્રા) પણ સિલ્વર મેડલ જીત્યા હતા.

આખરી ત્રણ મિનિટમાં ૭ પોઈન્ટ જીતી બાજી પલ્ટી

અમેરિક હરિફ સામે મનીષા ભાનવાલાની શરૂઆત સારી રહી નહતી. શરૂઆતના તબક્કામાં મનીષા ૧-૫થી પાછળ ફેંકાઈ હતી. જોકે તેણે આખરી ત્રણ મિનિટમાં કમાલ કરતાં બાજી પલ્ટી નાંખી હતી અને સાત પોઈન્ટ જીતવાની સાથે ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો.



ફાઈનલ સુધીની સફર પર નજર

મનીષાએ રાઉન્ડ ઓફ ૧૬ના મુકાબલામાં કેનેડાની લૌરેન્સ બેયુરગાર્ડની સામે ૬-૨થી વિજય મેળવ્યો હતો. કેનેડિયન પહેલવાન ૨૦૨૫ની ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલવિજેતા હતી. આ પછી ક્વાર્ટર ફાઈનલમાં મનીષાએ મોંગોલિયાની ભૂતપૂર્વ ઓલિમ્પિયન ખુરેલખુગીન બોલોર્ટુયા સામે ૬-૦થી વિજય મેળવ્યો હતો. સેમિ ફાઈનલમાં તેણે કઝાકિસ્તાનની અલ્તીન શાગાયેવાને 'વિન બાય ફોલ'થી એક તરફી મુકાબલામાં હરાવી ગોલ્ડ મેડલ મુકાબલા માટે ક્વોલિફાય કર્યું હતું.

એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતની જીતની હેટ્રિક

ભારતની પુરુષ હોકી ટીમ ૪-૧થી જાપાનને હરાવી સેમિ ફાઈનલમાં

જાલંધર : ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતીય પુરુષ હોકી ટીમે જીતનો સિલસિલો આગળ ધપાવતા જાપાનને ૪-૧થી મહાત આપી હતી અને ઘરઆંગણે ચાલી રહેલી એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીની સેમિ ફાઈનલમાં સ્થાન નિશ્ચિત કરી લીધું હતુ. ભારતને હજુ બે મેચ રમવાની છે, જેમાં ટીમનો સામનો ૧લી નવેમ્બરે મલેશિયા સામે અને બીજી નવેમ્બરે સાઉથ કોરિયા સામે થવાનો છે. જાલંધરમાં ચાલી રહેલી એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી હોકી ટુર્નામેન્ટમાં ભારતીય ટીમે કારકિર્દીની ૧૫૦મી મેચ રમી રહેલા અભિષેકના બે અને હરમનપ્રીત સિંઘ અને વિષ્ણુકાંતના એક-એક ગોલની મદદથી જીત હાંસલ કરી હતી. જાપાને એકમાત્ર ગોલ પેનલ્ટી સ્ટ્રોકની મદદથી ફટકાર્યો હતો. આજે રમાયેલી અન્ય મેચમાં મલેશિયાની ટીમે ૬-૧થી બાંગ્લાદેશની ટીમને હરાવી હતી. જ્યારે સાઉથ કોરિયાએ ચીનને ૨-૧થી આંચકો આપ્ય હતો. ટુર્નામેન્ટમાં ભારતીય ટીમે અગાઉ પ્રથમ મચમાં ૧૩-૦થી બાંગ્લાદેશને હરાવ્યું હતુ. જ્યારે ટીમ ઈન્ડિયાએ ચીન સામે ૫-૨થી જીત હાંસલ કરી હતી.

રિકલટોનના ૧૦૧ અને મુલ્ડરના ૧૧૫

નિર્ણાયક ટેસ્ટ : સાઉથ આફ્રિકાએ ઓસ્ટ્રેલિયાને ૨૮૮ રનનો પડકાર આપ્યો

રિકલટોન અને મુલ્ડર વચ્ચે છઠ્ઠી વિકેટની ૧૫૪ રનની ભાગીદારી

કેપ ટાઉન, તા. ૩૦

સાઉથ આફ્રિકાએ ઓસ્ટ્રેલિયાને ત્રીજી અને આખરી નિર્ણાયક ટેસ્ટ જીતવા માટે ૨૮૮ રનનો પડકાર આપ્યો છે. આવતી કાલે મેચનો આખરી દિવસ છે. સાઉથ આફ્રિકાએ બીજી ઈનિંગમાં ૧૪૦ રને ૪ વિકેટના સ્કોરથી આગળ રમતા ઓસ્ટ્રેલિયાને હતાશ કર્યું હતું.

રિકલટોને ૨૧૯ બોલમાં ૧૦૧ રનની યાદગાર ઈનિંગ રમી મુલ્ડર જોડે ૧૫૪ રનની છઠ્ઠી વિકેટની ભાગીદારી નોંધાવી હતી. તે પછી ઓસ્ટ્રેલિયાએ વળતી લડત આપતા રિકલટોન, જાન્સેન (૦) અને હાર્મર (૧) અને કોએટ્ઝી (૧)ની વિકેટ ઝડપતા સ્કોર પાંચ વિકેટે ૩૩૫થી નવ વિકેટે ૩૫૧ રન થયો હતો. મુલ્ડરે ૧૧૫ રન નોંધાવી અમૂલ્ય યોગદાન આપ્યું હતું. તે છેલ્લો આઉટ થયો હતો. રબાડા જોડે તેણે આખરી વિકેટની ૩૬ રનની ભાગીદારી નોંધાવી હતી. ઓસ્ટ્રેલિયાના ફાસ્ટ બોલર સ્ટાર્કે ત્રણ, કમિન્સ અને લાયને બે બે અને હેઝલવુડે ૧ વિકેટ ઝડપી હતી.

કેપ્ટન તરીકે રોહિત શર્માની ફરી નિયુક્તિ થાય તેવી ચર્ચા

મુંબઈ ઈન્ડિયન્સે ધરખમ ફેરફાર કરતા આખી કોચિંગ ટીમ જ બદલી નાખી

ઉથપ્પા બેટિંગ કોચ, મેક્લેનાઘન અને ટી. દિલીપ સપોર્ટ સ્ટાફમાં સામેલ

મુંબઈ, તા. ૩૦

આઈ. પી. એલ. ની ૨૦૨૭ની સીઝન પહેલાં પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સે પોતાના કોચિંગ અને ટીમ મેનેજમેન્ટમાં ધરખમ ફેરફાર કર્યા છે. મહેલા જયવર્દનેની જગ્યાએ કિરોન પોલાર્ડને હેડ કોચ બનાવવાથી શરૂ થયેલી આ પ્રક્રિયામાં હવે રોબિન ઉથપ્પા, મિચેલ મેક્લેનાઘન, ટી. દિલીપ અને ધવલ કુલકર્ણીને પણ નવી જવાબદારીઓ સોંપવામાં આવી છે. બીજી તરફ, ટીમની કેપ્ટન્સી ફરી એકવાર રોહિત શર્માને સોંપવામાં આવે તેવી ચર્ચાએ ક્રિકેટ જગતમાં ભારે ઉત્સુકતા જગાવી છે.

આજે મુંબઈ ઈન્ડિયન્સના નવા કોચિંગ ગ્રૂપની જાહેરાત કરવામાં આવી હતી. તેમાં ભારતના ભૂતપૂર્વ બેટ્સમેન રોબિન ઉથપ્પાને બેટિંગ કોચ, ન્યૂઝીલેન્ડના ભૂતપૂર્વ ઝડપી બોલર મિચેલ મેક્લેનાઘનને બોલિંગ કોચ,



ટી. દિલીપને ફિલ્ડિંગ કોચ અને મુંબઈના ભૂતપૂર્વ ઝડપી બોલર ધવલ કુલકર્ણીને ડેવલપમેન્ટ બોલિંગ કોચ બનાવવામાં આવ્યા છે. બોલિંગ વિભાગમાં સૌથી મહત્ત્વનો ફેરફાર લસિથ મલિંગાના સ્થાને મિચેલ મેક્લેનાઘનની નિમણૂક છે. ન્યૂઝીલેન્ડના આ ડાબોડી ઝડપી બોલર ૨૦૧૫થી ૨૦૨૦ દરમિયાન મુંબઈ ઈન્ડિયન્સ સાથે અગ્રણી મેચ વિનર બોલર તરીકે જોડાયેલા હતા. આ સમયગાળામાં ટીમે આઈ. પી. એલ. ટાઈટલ જીત્યાં હતાં.

ફિલ્ડિંગ કોચ તરીકે ટી. દિલીપને જવાબદારી સોંપાઈ છે. ટી. દિલીપ ભારતની ટી ૨૦ વર્લ્ડ કપ વિજેતા ટીમમાં ફિલ્ડિંગ કોચ રહી ચુક્યા છે. કોચિંગ સ્ટાફમાં આટલા મોટા ફેરફારો બાદ હવે કેપ્ટનની જાહેરાત થશે. રોહિત શર્મા આ માટે લગભગ નિશ્ચિત છે. એવું મનાય છે કે રોહિતે શરૂઆતમાં યુવા બેટ્સમેન તિલક વર્માનું નામ કેપ્ટન્સી માટે સૂચવ્યું હતું, પરંતુ ફ્રેન્ચાઈઝીએ તેમને જ ફરી નેતૃત્વ સંભાળવા વિનંતી કરી હતી. એવી પણ ચર્ચા છે કે હાર્દિક પંડ્યા મુંબઈમાં જ રહે તો રોહિતના નેતૃત્વ હેઠળ રમવા માટે તે તૈયાર છે તેવા સંકેત તેણે આપ્યા છે. જોકે હાર્દિકની અન્ય ફ્રેન્ચાઈઝી સાથે ટ્રેડ થવાની અટકળો પણ ચાલી રહી છે.

પ્રથમ ટેસ્ટમાં બાંગ્લાદેશનો બીજી ઈનિંગમાં ધબડકો

મિરપુર : વેસ્ટ ઈન્ડિઝે પ્રથમ ટેસ્ટના ત્રીજા દિવસે જોરદાર બોલિંગ પ્રદર્શન કરતા બાંગ્લાદેશ મુસીબતમાં મુકાયું છે. બાંગ્લાદેશના પ્રથમ ઈનિંગમાં ૨૭૨ રનના જવાબમાં વેસ્ટ ઈન્ડિઝ ૨૪૫ રનમાં ઓલ આઉટ થઈ ગયું હતું અને બાંગ્લાદેશને ૨૭ રનની સરસાઈ મળી હતી. જો કે બાંગ્લાદેશે બીજી ઈનિંગમાં ૭૯ રને છ વિકેટ ગુમાવી છે. ચેઝે ત્રણ અને પ્રથમ ઈનિંગમાં પાંચ વિકેટ ઝડપનાર વારીકેને બે વિકેટ લીધી છે. અગાઉ નાયીમ હસને ચાર વિકેટ ઝડપતા વેસ્ટ ઈન્ડિઝ ૨૪૫માં સમેટાયું હતું. ચંદરપોલે ૫૬, કેમ્પબેલે ૫૪ રન કર્યા હતા.

આજે ત્રિકોણીય વન ડે જંગની ફાઈનલમાં શ્રીલંકા વિ. પાકિસ્તાન, બપોરે ૧.૩૦થી મેચ

યોકોવિચ ૧૫ વર્ષ પછી બાસેલમાં રમવા ઉતર્યો હતો

બાસેલ ઓપન : યોકોવિચનો બીજા રાઉન્ડમાં જ સ્ટ્રફ સામે પરાજય

સ્ટ્રુફ આ અગાઉ યોકોવિચ સામે આઠેય મેચમાં હાર્યો હતો

બાસેલ, તા. ૩૦

સ્વિટ્ઝર્લેન્ડના બાસેલમાં રમાઈ રહેલી સ્વિસ ઈન્ડોર ટેનિસ ટુર્નામેન્ટમાં જર્મનીના જાન-લેન્નાર્ડ સ્ટ્રફે યોકોવિચને હરાવીને મોટો અપસેટ સર્જ્યો છે.

બીજી રાઉન્ડની આ મેચમાં સ્ટ્રફે ૬-૭ (૪), ૭-૫, ૭-૬ (૫)થી વિજય મેળવ્યો હતો. બે કલાક અને ૩૬ મિનિટ સુધી ચાલેલી આ રસાકસીભરી મેચમાં અંતે ૪૭મા ક્રમાંકના સ્ટ્રફે ૧૨મા ક્રમાંકના યોકોવિચને પરાજય આપ્યો હતો. આ પરાજય એટલા માટે પણ આશ્ચર્યજનક છે કે સ્ટ્રફ આ અગાઉ યોકોવિચ સામે રમાયેલી આઠેય મેચ હારી ચૂક્યો હતો. નવમી મેચમાં તેણે આખરે વિજય મેળવ્યો.

આ તેની કારકિર્દીની યાદગાર જીતોમાંની એક બની છે. યોકોવિચ આ ટુર્નામેન્ટમાં ૧૫ વર્ષના લાંબા ગાળા બાદ પાછો ફર્યો હતો. યોકોવિચની સિઝનની આખરી ટુર્નામેન્ટ એટીપી ફાઈનલ્સમાં પ્રવેશવાની આશા ધુંધળી બની છે.

હાયલો ઓપન : સિંધુ અને લક્ષ્ય ક્વાર્ટર ફાઈનલમાં

સારબ્રુકેન (જર્મની), તા.૩૦

ભારતની ડબલ ઓલિમ્પિક મેડલિસ્ટ પી.વી. સિંધુએ ડેનમાર્કની એમાલિયા સ્ચલ્ઝને ૨૧-૧૨, ૨૧-૧૦થી હરાવીને હાયલો ઓપન બેડમિંટન ટુર્નામેન્ટમાં અંતિમ ચારમાં પ્રવેશ મેળવ્યો હતો. હવે સિંધુનો મુકાબલો ભારતની અનમોલ ખરબ સામે થશે. જેણે છઠ્ઠો સીડ ધરાવતી ઉન્નતી હૂડાને ૨૧-૧૭, ૧૮-૨૧, ૨૧-૧૬થી પરાજીત કરી હતી. લક્ષ્ય સેન ફિનલેન્ડના કૅલ કોલ્જોનેનને ૨૧-૧૧, ૨૧-૧૩થી પરાજીત કરી સેમિ ફાઈનલમાં પ્રવેશ્યો હતો. હવે તે ટોમા જુનિયર પોપોવ સામે ટકરાશે.

ભારતની એશિયા કપ અંડર-૧૯ની ટીમમાં સૌરાષ્ટ્રના બે અને ગુજરાતના એક ક્રિકેટરની પસંદગી

મોહિત ઉલ્વા | કાવ્ય પટેલ | આર્યન સવસાણી

નવી દિલ્હી : એસીસી એશિયા કપ અંડર-૧૯ વન ડે ટુર્નામેન્ટ માટેની ભારતીય ટીમમાં સૌરાષ્ટ્રના મોહિત ઉલ્વા અને આર્યન સવસાણીની સાથે ગુજરાતના કાવ્ય પટેલની પસંદગી કરવામાં આવી છે. આ ટીમમાં દિગ્ગજ ક્રિકેટર વિરેન્દ્ર સેહવાગનો પુત્ર આર્યવીર અને રાહુલ દ્રવિડનો પુત્ર અન્વય પણ સામેલ છે. અંડર-૧૯ મેન્સ એશિયા કપ ઓમાનના મસ્કત ખાતે રમાવાનો છે. ભારતને ગ્રૂપ-એમાં પાકિસ્તાન, નેપાળ અને યુએઈ સાથે સ્થાન મળ્યું છે. ભારત ૬ નવેમ્બરે નેપાળ સામે, ૮ નવેમ્બરે પાકિસ્તાન સામે અને ૧૦ નવેમ્બરે યુએઈ સામે રમશે.

કોમનવેલ્થ કબડ્ડીમાં ભારતની પુરુષ અને મહિલા ટીમ ફાઈનલમાં પ્રવેશી : આજે ટાઈટલ જંગ

અમદાવાદ : ભારતની પુરુષ ટીમે ૫૬-૨૭થી બાંગ્લાદેશની ટીમને હરાવીને અમદાવાદમાં ચાલી રહેલી પ્રથમ કોમનવેલ્થ કબડ્ડી ચેમ્પિયનશિપની ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો હતો. હવે આવતીકાલે તારીખ ૩૧મીએ રમાનારી ફાઈનલમાં ભારતની પુરુષ ટીમની ટક્કર શ્રીલંકા-કેન્યાની મેચના વિજેતા સામે થશે. પુરુષોની ફાઈનલ રાત્રે ૯.૦૦થી રમાશે. અગાઉ ભારતની મહિલા ટીમ સેમિ ફાઈનલમાં ૩૯-૧૪થી શ્રીલંકાને પરાસ્ત કર્યું હતુ. હવે આવતીકાલે સાંજે ૭.૩૦ વાગ્યાથી શરૂ થનારી મહિલાઓની ફાઈનલમાં ભારતની ટીમ યુગાન્ડા સામે ટકરાશે. યુગાન્ડાએ અન્ય સેમિ ફાઈનલમાં કેન્યાને ૨૩-૨૧થી હરાવ્યું હતુ.

વિયેના ઓપન : ગ્રીક્સપૂર હરાવ્યા બાદ ઝ્વેરેવ રેન્કિંગમાં ટોચનું સ્થાન મેળવશે

વિયેના : સિઝનના અંતે વર્લ્ડ નંબર વનનું સ્થાન નિશ્ચિત કરી ચૂકેલા જર્મનીનો ટેનિસ સ્ટાર ઝ્વેરવ હાલ રેન્કિંગમાં બીજા ક્રમે છે. તેણે વિયેનામાં ચાલી રહેલી એટીપી ટુર્નામેન્ટમાં નેધરલેન્ડના ગ્રીક્સપૂરને ૬-૪, ૭-૫થી હરાવીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો હતો. આ સાથે હવે સોમવારે જ્યારે એટીપી રેન્કિંગમાં અપડેટ થશે, ત્યારે ઝ્વેરેવ મેન્સ સિંગલ્સ ટનિસમાં ટોચના ખેલાડી તરીકેનું સ્થાન મેળવી લેશે. સ્પેનના અલકારાઝે ૬-૧, ૭-૬(૧૩-૧૧) થી જ્યોર્જીયાના બાસિલાશ્વિલીને અને તે અમેરિકાના પોલને ૬-૪, ૭-૬ (૭-૨)થી હરાવી સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. મેડ્વેડેવે ૬-૨ ,૬-૩થી મેનારિનોને હરાવીને સિઝનની આખરી ટુર્નામેન્ટ - એટીપી ફાઈનલ્સમાં ક્વોલિફાય કર્યું હતુ. બેરેટ્ટીની સામેની મેચમાંપ-૨થી પાછળ પડ્યા બાદ ઈજાગ્રસ્ત કોબોલી ખસી ગયો હતો. હવે બેરેટ્ટીની અને ડે મિનાઉર વચ્ચે ટક્કર જોવા મળશે.

આજથી ઈન્ડિયા-એ અને ન્યુઝીલેન્ડ-એની બીજી ટેસ્ટ

ક્રાઈસ્ટચર્ચ : ન્યુઝીલેન્ડ પ્રવાસમાં આવતીકાલથી ઈન્ડિયા-એ અને ન્યુઝીલેન્ડ-એ વચ્ચે બીજી અન ઓફિશિઅલ ટેસ્ટ મેચનો પ્રારંભ થશે. પ્રસિધ ક્રિશ્ના ઈજાના કારણે રમી શકે તેમ ન હોવાથી સિરાજને તેના સ્થાને ટીમમાં તક મળી શકે તેમ છે. જ્યારે પડિક્કલે પ્રથમ મેચમાં શાનદાર ફોર્મ દેખાડ્યું હતુ અને તે બીજી મેચમાં પણ મોટી ઈનિંગ રમીને આત્મવિશ્વાસ બતાવશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે. ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ૧૯મી નવેમ્બરથી બે ટેસ્ટની શ્રેણી શરૂ થવાની છે. બુમરાહ અને પંતને ત્રીજી અને આખરી મેચમાં ઉતારવામાં આવે તેવી શક્યતા છે.

જર્મનીમાં ૧૮૬૦ના દાયકાનો બ્રિજ

હાલ, ભલે મોર્ડન આર્કિટેક્ચરની વાત થતી હોય પરંતુ, જોવા તો કાચથી ભરપૂર બિલ્ડિંગ્સ જ જોવા મળે છે. પરંતુ, પહેલાની વાત અલગ હતી. ટેકનોલોજીના અભાવ વચ્ચે પણ તે સમયના આર્કિટેક્ટ મજબૂત કામ કરતા હતા. આ જર્મન બ્રિજની વાત જ લઈ લો. ૧૮૬૦ના દાયકામાં તૈયાર કરવામાં આવ્યો હતો. ડેવિલ્સ બ્રિજ આજની તારીખમાં પણ અડીખમ છે. તેની સુંદરતા પડછાયામાં જોવા મળે છે. જે એક સુંદર આકૃતિ રજૂ કરે છે. એવી આકૃતિ જે તેને કુદરત સાથે જોડે છે.

એક જ દિવસમાં માર્કેટ વેલ્યુએશન ધડામ

એઆઈની અસર : ગૂગલના શેર્સમાં રૂપિયા ૪૨ લાખ કરોડનો કડાકો

કેલિફોર્નિયા, તા.૩૦

એઆઈની વધતી સ્પર્ધા વચ્ચે હવે એઆઈ બનાવનારી કંપની ગૂગલના બિઝનેસને પણ અસર થવા લાગી છે. ગૂગલની પેરેન્ટ કંપની આલ્ફાબેટના શેરમાં ૧૨.૬ ટકાનો જંગી ઘટાડો જોવા મળ્યો હતો. એક જ દિવસમાં કંપનીની માર્કેટ વેલ્યુમાંથી રૂ. ૪૨ લાખ કરોડનું ધોવાણ થયું હતું. કંપનીના એઆઈ આધારિત સર્ચ સમરી ફીચરની અસર જાહેરાતની કમાણી પર પડી રહી હોવાના સંકેતો અને એઆઈ પાછળ થઈ રહેલા અબજો ડોલરના ખર્ચે રોકાણકારોની ચિંતા વધારી છે.

એઆઈ સર્ચ સમરીને કારણે ગૂગલની પરંપરાગત સર્ચ એડવર્ટાઈઝિંગને નુકસાન થતું હોવાના સંકેતો મળ્યા

ગૂગલના સર્ચ એન્જિનમાં એઆઈ આધારિત સમરી દ્વારા યુઝરને વેબસાઈટની લિંક પર ક્લિક કર્યા વિના જ તેમના પ્રશ્નોના જવાબ મળી જાય છે. આ પહેલા યુઝર કોઈપણ માહિતી મેળવવા માટે સર્ચ કરતા અને વિવિધ વેબસાઈટ્સ પર ક્લિક કરતા હતા. આ પ્રક્રિયામાં ગૂગલને સર્ચ રિઝલ્ટની સાથે જાહેરાતો બતાવીને આવક થતી હતી. પરંતુ, એઆઈ સીધો જવાબ આપી દેતા યુઝર્સની વેબસાઈટ પર જવાની જરૂરિયાત ઘટી છે. ગૂગલ માટે આ સૌથી મોટો પડકાર છે કારણ કે, સર્ચ અને જાહેરાતો તેના બિઝનેસનો મુખ્ય આધાર છે.

બીજી તરફ, ચેટજીપીટી અને ક્લોડ જેવા એઆઈ ચેટબોટ્સ પણ માહિતી મેળવવા માટે ગૂગલના વિકલ્પ તરીકે લોકપ્રિય બની રહ્યા છે. જેના કારણે ગૂગલે એઆઈ સ્પર્ધામાં ટકી રહેવા રોકાણ કરવું પડી રહ્યું છે. બીજી તરફ, તેની પોતાની એઆઈ ટેકનોલોજી પરંપરાગત સર્ચ બિઝનેસના મોડલને બદલી રહી છે.

મરજીથી બંધાયેલા સંબંધોમાં રેપની ફરિયાદ સુપ્રીમે રદ કરી

સંમતિથી બંધાયેલા શારીરિક સંબંધો તૂટતા રેપના આરોપનું ચલણ વધ્યું : સુપ્રીમ

નવી દિલ્હી, તા. ૩૦

સંમતિથી એકબીજાની સાથે સંબંધોમાં જોડાયા પછી જ્યારે આ સંબંધો નિષ્ફળ રહે ત્યારે રેપના કેસો કરવામાં આવે છે જે અંગે ચિંતા વ્યક્ત કરતા સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે સંમતિથી બંધાયેલા સંબંધો જ્યારે તૂટી જાય છે ત્યારે તેને રેપ તરીકે ચીતરવા યોગ્ય નથી. આ પ્રકારના કેસોનું વધવુ ચિંતાજનક છે તેમ પણ સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું હતું.

રેપ બહુ ગંભીર આરોપ, શારીરિક શોષણ - બળજબરીના ખોટા કેસમાં તેનો ઉપયોગ ન થવો જોઈએ : સુપ્રીમની ટકોર

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બી. વી. નાગરત્ના અને આર. મહાદેવનની બેંચે રેપ અને ચીટિંગના એક કેસમાં કેરળના આરોપીને છોડી મુકતી વખતે આ અવલોકન કર્યું હતું અને કહ્યું હતું કે તાજેતરમાં તૂટેલા સંબંધોને બાદમાં ગુનાના મામલામાં ફેરવી નાખવાના મામલા વધી રહ્યા છે. કાયદો ઘડનારાઓનો હેતુ પણ સંબંધો તૂટ્યા બાદ તે ગુનામાં ફેરવાઈ જાય તેવો નહોતો. રેપ જેવા ગંભીર ગુનાઓને ખરેખર શારીરિક શોષણ થયું હોય કે બળજબરીથી સંબંધ બાંધવામાં આવ્યો હોય તે માટે સીમિત રાખવા જોઈએ. સુપ્રીમે સ્પષ્ટતા કરી હતી કે અસફળ સંબંધોને આપમેળે રેપમાં ના ફેરવી શકાય.

આ સમગ્ર મામલો કેરળ સાથે સંકળાયેલો છે, ફરિયાદી મહિલાનો દાવો છે કે આરોપીએ પોતાના પ્રથમ લગ્નની વાત મારાથી છૂપાવી હતી અને મારી સાથે બીજા લગ્ન કર્યા હતા બાદમાં મારી સાથે કાયદેસર લગ્ન કરવાના વચનો આપીને શારીરિક સંબંધ બાંધ્યા હતા. મારી સાથે છેતરપિંડી કરીને મારી સંમતિ લેવામાં આવી હતી. બાદમાં મહિલાએ આરોપીની સામે રેપ, વિશ્વાસઘાત વગેરે આરોપ લગાવ્યા હતા. ફરિયાદ મુજબ બન્ને ૧૯૯૬થી ૨૦૦૩ સુધી મૈસૂરમાં લગ્ન કરીને સાથે રહ્યા હતા. પોતાની સામેની કાર્યવાહી સામે હાઈકોર્ટમાં કરાયેલી અપીલ રદ થતા બાદમાં સુપ્રીમમાં મામલો પહોંચ્યો હતો જ્યાં આરોપીને આરોપોથી મૂક્ત કર્યો હતો.

મથુરાની ચૂંટણીમાં હેમા માલિની સામે હેમા માલિની જેવો ઘાટ

અલાસ્કામાં સેનેટરની ચૂંટણીમાં ડેનિયલ સુલિવાન સામે ડેનિયલ સુલિવાન !

(પીટીઆઈ) વૉશિંગ્ટન, તા. ૩૦

ભારતમાં ચૂંટણી વખતે એક જ બેઠક પર એક નામના અનેક ઉમેદવારો ઉભા રાખવાની કોઈ નવાઈ નથી. ગુજરાતથી માંડીને કેટલાય રાજ્યોમાં આવા કિસ્સા બની ચૂક્યા છે. છેલ્લે ૨૦૧૯માં વાયનાડની બેઠક પરથી રાહુલ ગાંધી સામે રાહુલ ગાંધી નામના ઉમેદવારને ઉભો રખાયો હતો. ૨૦૨૪માં મથુરામાં ભાજપના હેમા માલિની સામે હેમા માલિની નામના ઉમેદવારને ઉભાં કરાયા હતા. હવે આ વ્યૂહ અમેરિકામાં પણ અપનાવાઈ રહ્યો છે.

સીટિંગ રિપબ્લિકન સેનેટર સુલિવાન સામે ડેમોક્રેટિક પાર્ટીએ એ જ નામના ઉમેદવાર પાસે અપક્ષ ઉમેદવારી કરાવી તેનાથી ટ્રમ્પ લાલઘૂમ

અમેરિકામાં મિડ-ટર્મ ચૂંટણીમાં ઉમેદવારી નોંધાઈ ગઈ છે. ચારેબાજુ બધા રાજ્યોમાં પૂરજોશ પ્રચાર ચાલી રહ્યો છે. આવી સ્થિતિ વચ્ચે અલાસ્કામાં સેનેટરની ચૂંટણીમાં ચર્ચાસ્પદ ઘટના બની છે. અલાસ્કામાં ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીની સીટિંગ સેનેટર ડેનિયલ સુલિવાન ફરીથી ઉભા રહ્યા છે. તેની સામે ડેમોક્રેટિક પાર્ટીએ મેરી પેટલોટાને ઉમેદવાર બનાવ્યા છે. આ બંને વચ્ચે બરાબરની સ્પર્ધા જામે એવી શક્યતા વચ્ચે ડેનિયલના મત કાપવા માટે એક ત્રીજા ઉમેદવારે ફોર્મ ભર્યું છે. એ ઉમેદવારનું નામ પણ ડેનિયલ સુલિવાન છે. આ ત્રીજા નંબરના ઉમેદવાર ડેનિયલ સુલિવાન નિવૃત્તિ શિક્ષક છે.

ડોનાલ્ડ ટ્રમ્પે આ મુદ્દે પોસ્ટ કરી હતી કે ભ્રષ્ટ ડેમોક્રેટ્સ ચૂંટણીમાં ભ્રષ્ટાચાર આચરે છે. ટ્રમ્પે આરોપ લગાવ્યો હતો કે ડેમોક્રેટિક પાર્ટીએ જ ડેનિયલના નામથી મતદારોને ભ્રમિત કરવા માટે આ ઉમેદવારને ઉભો કર્યો છે. ટ્રમ્પે તાત્કાલિક જસ્ટિસ ડિપાર્ટમેન્ટને કહીને આ ઘટનામાં તપાસનો આદેશ પણ આપ્યો છે. જોકે, બેલેટ પેપરમાં નામ આવી ગયું હોવાથી ઉમેદવાર હટે તેવી શક્યતા નહીંવત છે. વળી, રાજ્યોની ચૂંટણીનું તંત્ર રાજ્યના વહીવટમાં હોવાથી પણ ફેડરલ ગવર્નરમેન્ટની મર્યાદા બની જશે.

આ ઘટનાએ ભારે ચર્ચા જગાવી છે. અમેરિકન મીડિયામાં પણ આ બે ડેનિયલ સુલિવાનના નામના અહેવાલો પ્રસિદ્ધ થઈ રહ્યા છે. સોશિયલ મીડિયામાં ડેનિયલ વર્સિસ ડેનિયલના મીમ્સ પણ વાયરલ થઈ રહ્યા છે.

૧૦ નવે.એ સેનેટની બેઠક પહેલા કાવાદાવા ખેલાશે

ઈઝરાયેલમાં ત્રિશંકુ સંસદ : સત્તા માટે જબરદસ્ત ખેંચતાણ

જેરુસલેમ,તા.૩૦

ઈઝરાયેલની ચૂંટણીમાં પરિણામ બતાવે છે કે પીએમ નેતન્યાહુની લિકુડ પાર્ટીવાળા બ્લોકે ૫૩ બેઠક મેળવીને તેમની બહુમતી ગુમાવી છે અને હવે સપ્તાહો સુધી વિવિધ પક્ષો સાથે તીવ્ર વાટાઘાટો ચાલવાની છે. તેમા અત્યંત કટ્ટરવાદી યહુદી પક્ષોથી લઈને બિનસાંપ્રદાયિક આરબ આગેવાની હેઠળના પક્ષ પણ છે.

પોતાને સત્તા ન મળે તો વિપક્ષને પણ સત્તા પર ન બેસવા દેવાની નેતન્યાહુની તૈયારી

બેન્જામીન નેતન્યાહુ માટે આશ્વાસન લેવા માટે એટલું જ છે કે તેમણે બહુમતી ગુમાવી છે તો વિપક્ષને પણ બહુમતી મળી નથી. વિપક્ષના તેમનાથી પાંચ બેઠક ઓછી એટલે કે ૪૮ બેઠક મળી છે. આ સંજોગોમાં સરકાર રચવા માટે પહેલું આમંત્રણ હંમેશા નેતન્યાહુને મળવાનું છે તે હકીકત છે. હવે ગડી આઈઝનકોટની આગેવાની હેઠળના વિપક્ષે જો સત્તા મેળવવી હોય તો આરબ રાજકીય પક્ષનું સમર્થન મેળવવું પડે, હવે આઈઝનકોટ પોતે પણ નેતન્યાહુ જેવા જ કટ્ટર યહૂદી અને આરબ પક્ષના સમર્થનના વિરોધી છે. તેથી તે શું ફક્ત સત્તા માટે જ તેમનું સમર્થન મળવશે તે શક્ય નથી, કારણ કે આરબ પક્ષો તેમને ગાઝા અને લેબનોનનમાં યુદ્ધ બંધ કરવાની શરત વગર સમર્થન આપશે પણ નહીં.

નેતન્યાહુ આ વાત પર જ મુસ્તાક છે. તેમને વિશ્વાસ છે કે જો વિપક્ષ આરબ પક્ષના સમર્થનથી સરકાર બનાવી લેશે તો પણ તે ટકશે નહી.

અગાઉ ૨૦૧૯થી ૨૦૨૨માં આવું બની ચૂક્યુ છે અને તેના લીધે ઈઝરાયેલમાં ત્રણ વર્ષમાં પાંચ વર્ષ ચૂંટણી આવી હતી. આ સંજોગોમાં વિપક્ષમાંથી કોઈ એક જૂથ છૂટુ પડીને નેતન્યાહુને સમર્થન આપી શકે છે અથવા તો પછી આગામી વર્ષના પ્રારંભમાં નવેસરથી ચૂંટણી યોજાઈ શકે છે. નેતન્યાહુ તો તેના માટે પણ તૈયાર છે. ઈઝરાયેલના પ્રમુખ ઈસાક હેરઝોગે વિનંતી કરી છે કે રાજકીય પક્ષો પરિપક્વતા બતાવીને સરકાર બનાવે, જેથી ફરીથી ચૂંટણી ન આવે.

ઓવરસ્પીડ સામેની પેનલ્ટી પર ગડકરીની બ્રેક

એક્સપ્રેસવે ઉપર ૧૨૦ની સ્પીડ સુધી દંડ ન ફટકારો : ગડકરી

નવી દિલ્હી, તા.૩૦

કેન્દ્રીય માર્ગ અને પરિવહન તથા હાઈવે મંત્રાલયના પ્રધાન નીતિન ગડકરીએ જણાવ્યું છે કે તેમણે સત્તાવાળાઓને સૂચના આપી છે કે એક્સપ્રેસવે પર પ્રતિ કલાક ૧૨૦ કિ.મી.ની ઝડપે દોડતા વાહનોને ચલણ જારી ન કરે. તેમનું આ નિવેદન ત્યારે આવ્યું છે જ્યારે હાઈવે પર ઓવરસ્પીડ સામે ચલણ જારી કરાયા છે.

અમુક સંજોગોમાં ૧૪૪ કિ.મી.ની સ્પીડ હોય તો પણ દંડ ન ફટકારવા સૂચના

તેમણે જણાવ્યું હતું કે ૨૦ ટકા સુધી વધુ ઓવરસ્પીડથી ચલાવતા મોટરકાર ચાલકો સામે ઓવરસ્પીડિંગ ચલણ જારી ન કરવા જોઈએ. બહુ જ વધારે સ્પીડ હોય તો જ તેના માટે પેનલ્ટી જારી કરવી જોઈએ.

કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીઝ ખાતે બોલતા ગડકરીએ જણાવ્યું હતું કે આ સૂચના આપવાનું ધ્યેય એક્સપ્રેસવે જેવા કે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર વાહન ચલાવતા ચાલકોને બિનજરુરી નોટિસો આપવાનું ટાળવાનું છે. જ્યાં હાલમાં સ્પીડની રેન્જ પ્રતિ કલાક ૧૦૦થી ૧૨૦ કિ.મી.ની છે.

ગડકરીએ ઉમેર્યુ હતું કે કેટલાક લોકોને વધારે સ્પીડ બદલ નોટિસ મળી છે. મેં સૂચના આપી છે કે પ્રતિ કલાક ૧૨૦ કિ.મી. સુધીની સ્પીડ માટે નોટિસ આપવામાં ન આવે. આ ઉપરાંત જો વાહન ચાલકની સ્પીડ પ્રતિ કલાક ૧૨૦થી પણ વધારે હોય, પણ રસ્તો ખાલી હોય તો તથા તે જોખમી રીતે ચલાવતો ન હોય તો તેને પણ પેનલ્ટી ફટકારવી ન જોઈએ. તેનો કહેવાનો સીધો અર્થ એવો થાય કે પ્રતિ કલાક ૧૪૪ કિ.મી. સુધીની ઝડપ માટે કોઈ ચલણ ન હોવું જોઈએ. આમ એક્સપ્રેસ વે પર સ્પીડને લઈને નિયમોના અમલમાં થોડી હળવાશ રાખવાનું તેમણે જણાવ્યું હતું.

પીએનબીના ગ્રાહકોના ખાતાઓમાંથી ૧૦ કરોડથી વધુ રૂપિયા ગાયબ !

ગાજિયાબાદ,તા.૩૦

ગ્રેટર નોઈડાની પંજાબ નેશનલ બેન્કમાં ગ્રાહકોના ખાતાઓમાંથી લગભગ ૧૦.૨૪ કરોડ રૂપિયાની ગોલમાલ થઈ છે.

સીબીઆઈએ કેસ નોંધ્યો : ગોલમાલમાં બેન્કના સ્ટાફની ભૂમિકાની તપાસ કરાશે

બેન્કની દીપાંશી નામની કર્મચારીએ અન્ય અધિકારીઓના યૂઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરીને લગભગ ત્રણ વર્ષો સુધી ગ્રાહકોના પૈસા પોતાના સહયોગીઓના ખાતાઓમાં ટ્રાન્સફર કર્યા. સીબીઆઈની ગાજિયાબાદસ્થિત ભ્રષ્ટાચાર વિરોધી શાખાએ ૨૯ ઓક્ટોબરે પ્રથમદર્શી અહેવાલ નોંધ્યો છે.

અત્યાર સુધી બેન્કના ૩૭ ખાતાધારક નોએડા પોલીસમથકે ફરિયાદ કરી ચૂક્યા છે. પોલીસે પણ અગાઉ પ્રથમદર્શી અહેવાલ નોંધ્યો છે. શરૂઆતના તબક્કામાં લગભગ ૨૨ કરોડ રૂપિયા ગુમ થયા હોવાની માહિતી મળી હતી, પરંતુ બેન્કની ફરિયાદમાં ૧૦.૨૪ કરોડ રૂપિયા ચ્યાઉં થયા હોવાનો ઉલ્લેખ છે.

બેન્કની ફરિયાદમાં જણાવાયાનુસાર સંગીતા નામની ગ્રાહકે ૧૬ સપ્ટેમ્બરે એની પાસબૂકને અપડેટ કરાવી ત્યારે એના ખાતામાં અજાણી ત્રણ લેવડ દેવડ થઈ હોવાનો ખ્યાલ આવ્યો. બેન્કની મહિલા કર્મચારી દીપાંશીએ આ લેવડદેવડ સાચી હોવાનું ઠસાવવાની કોશિશ કરી, પરંતુ બેન્કમાંથી એને લગતા વાઉચર અને સંમતિવાળા દસ્તાવેજ મળ્યા નહિ.

દીપાંશીએ પૂછપરછમાં અશુતોષ પાઠક નામની અન્ય વ્યક્તિની સૂચનાથી પૈસા તબદીલ કરાયા હોવાનું તથા વાઉચરનો નાશ કરાયો હોવાની વાતનો સ્વીકાર કર્યો. બેન્કના વરિષ્ઠ શાખા મેનેજર નિશાન તિર્કી સહિત છ અધિકારીઓના સીબીએસ યુઝર આઈડીનો ખોટો ઉપયોગ કરવામાં આવ્યો.

તેલંગણામાં મહિલાના સાહસથી મંગળસુત્ર તફડાવનાર ઝડપાયા

તેલંગાણાના સંગારેડ્ડી જિલ્લામાં એક મહિલાએ મંગળસૂત્ર તફડાવનાર બે યુવકોનો સાહસપૂર્વક સામનો કર્યો હતો. જેના પગલે બન્ને ચોર પકડાઈ ગયા હતા. રસ્તો પૂછવાના બહાને ચેન સ્નેચરોએ ચેન છીનવીને ભાગવાની કૌશીશ કરી હતી પરંતુ તેને ઝડપી લેવામાં આવે છે.ચોર મોટર સાયકલ પર ભાગવાની કૌશીશ કરે છે પરંતુ ગ્રામજનોની મદદથી તેને પકડી પાડીને ફટકારવામાં આવ્યો હતો. સંગારેડ્ડીમા બે યુવકો કસ્તમ્મા નામની મહિલાને રસ્તો પુછવાના બહાને ઊભી રાખે છે બન્ને યુવકો તેની નજીક જાય છે અને મહિલાએ પહેરેલ મંગળસુત્ર ખેંચીને ભાગવાની કોશીશ કરે છે.

ઉત્તર કોરિયાની હથિયારોની રેસ

વિશ્વમાં હથિયારોની રેસ આગળ વધી રહી છે. અનેક દેશોની જનતાને બે ટંક ખાવા નથી મળી રહ્યું અને વિશ્વના ટોચના નેતાઓ પોતાનું વર્ચસ્વ જમાવવા માટે ડિફેન્સ સેક્ટર પાછળ લખલૂટ ખર્ચ કરી રહ્યા છે. ચીને તો જાણે ઉત્તર કોરિયાને ડરાવવાની ફ્રેન્ચાઈઝી આપી હોય તેવું લાગી રહ્યું છે. ઉત્તર કોરિયામાં કોઈ એવી મોટી ઈન્ડસ્ટ્રી નથી કે નથી તેની ઈકોનોમી એવી સદ્ધર કે, હથિયારો પાછળ મોટાપાયે ખર્ચ કરી શકે. તેમ છતાં તેઓ મોર્ડન ટેકનોલોજી સાથેની મિસાઈલ્સ અને ડ્રોન્સ સાથે પડોશી દેશ દક્ષિણ કોરિયાને ડરાવી રહ્યા છે. વિશ્વના રાજકારણમાં ઉત્તર કોરિયાનો કિમ જોંગ ઉન ઘણાનો પ્રેરણાસ્ત્રોત બન્યો છે. કિમ જોંગ ઉને દેશ પ્રગતિ કરે ન કરે પરંતુ, હથિયારો મારફતે વર્ચસ્વ સ્થાપિત કરવાનું નવું રાજકીય મોડલ રજૂ કર્યું છે.

વરસાદને કારણે સાંકેતિક મહાભિયોગ પ્રક્રિયા એક દિવસ માટે મુલતવી

આજે જ્ઞાનેશ કુમાર સામે વિપક્ષનો 'મોક મહાભિયોગ', આવતી કાલે રેલી

નવી દિલ્હી, તા. ૩૦

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ જાહેરાત કરતા કહ્યું હતું કે દિલ્હીમાં વરસાદને કારણે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે જાહેર મહાભિયોગ પ્રક્રિયાને મુલતવી રાખવામાં આવી છે અને હવે ૩૧મી ઓક્ટોબરના આ પ્રક્રિયા હાથ ધરાશે. કોંગ્રેસ સાંસદે કહ્યું હતું કે વરીષ્ઠ નેતાઓને વરસાદમાં બેસાડવા ઠીક ન હોવાથી એક દિવસ પુરતા મુલતવી રાખેલ છે.

એક નવેમ્બરના લોકોને રામ લીલા મેદાન આવતા રોકવા સરકાર પુરા પ્રયાસો કરી રહી છે : રાહુલનો દાવો

કોંગ્રેસ નેતાએ કહ્યું હતું કે ૩૧મી તારીખે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના જાહેરમાં મહાભિયોગને હાથ ધરવામાં આવશે જ્યારે ૧ નવેમ્બરના રોજ દિલ્હીના રામ લીલા મેદાનમાં રેલી યોજવામાં આવશે, કેન્દ્ર સરકાર હાલ લોકશાહીનો નાશ કરી રહી છે જેના વિરોધમાં આ બન્ને કાર્યક્રમ યોજવામાં આવશે. અમારા આ કાર્યક્રમોને નિષ્ફળ બનાવવા માટે સરકાર દ્વારા તમામ પ્રયાસો થઈ રહ્યા છે, લોકોને રામ લીલા મેદાન સુધી પહોંચતા રોકવા માટે સરકાર તેમને દિલ્હી આવતા જ રોકી રહી છે. પરંતુ સરકાર કેટલા લોકોને રામ લીલા મેદાન આવતા રોકશે?

હવે ૩૧મી ઓક્ટોબરના કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના ઘરની લોન પર જ્ઞાનેશ કુમાર સામે મોક મહાભિયોગ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે, જેના અધ્યક્ષ લોકસભાના પૂર્વ સ્પીકર મીરા કુમાર રહેશે. જે દરમિયાન ઈન્ડિયા ગઠબંધનના નેતાઓ પણ હાજર રહેશે. ખડગે જ્ઞાનેશ કુમાર સામે સાંકેતિક મહાભિયોગ પ્રસ્તાવ રજુ કરશે. જ્યારે ૧ નવેમ્બરના રોજ દિલ્હીના મિન્ટો રોડથી રામલીલા મેદાન સુધી માર્ચ કાઢવામાં આવશે. જ્યારે દિલ્હી સેન્ટ્રલના ડીસીપી રોહિત રાજબીરે કહ્યું હતું કે રેલીમાં ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરનારાઓ પર પોલીસ નજર રાખી રહી છે.

બે ડઝનથી વધુ પોલીસ કર્મીઓનું ઓપરેશન

દિવા-મુમ્બ્રાથી બે કરોડના ડ્રગ્સ સાથે બે નાઈજીરિયન પકડાયા

મુંબઈ તા. ૩૦

થાણેના દિવા-મુમ્બ્રા વિસ્તારમાંથી પોલીસે બે નાઈજીરીયન નાગરિકોની ધરપકડ કરી છે અને તેમની પાસેથી ૨.૨ કરોડ રૂપિયાની કિંમતના મેફેડ્રોન અને કોકેન જપ્ત કર્યા છે.

તલોજાના કેસની તપાસમાં મેફેડ્રોન અને કોકેન જપ્ત, છ મોબાઈલ ફોન પણ કબ્જે લેવાયા

એન્ટી નાર્કોટિક્સ સેલના સિનિયર ઈન્સ્પેક્ટર સંદીપ નિગડેના જણાવ્યા અનુસાર, નવી મુંબઈના તલોજા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ડ્રગ કેસમાં તપાસના ભાગ રૂપે, તેમણે બે નાઈજીરીયનોની ધરપકડ કરી હતી. બે ડઝનથી વધુ પોલીસ કર્મચારીઓની મદદથી કરવામાં આવેલા આ ઓપરેશનમાં આરોપીઓ દ્વારા ઉપયોગમાં લેવાયેલ બે કિલોથી વધુ મેફેડ્રોન, ૩૧૬.૫ ગ્રામ કોકેન અને છ મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યા હતા.

ગુજરાત સમાચાર APPOINTMENTS

RECRUITMENT
Fast expanding surgical Manufacturing company at ODHAV requires
• PRODUCTION CHEMIST
• QC CHEMIST
• ENGINEER (MECHANICAL)
• SALES COORDINATOR
• SENIOR ACCOUNTANT
Min. 5 Years Experience require for All post
HR M.: 92745 90289

REQUIRED
REAL ESTATE SALES COORDINATOR
Female Candidate | Min. 3 Years Experience with Realtors Firm
ARCUS REALTORS
M.: 9510340047

URGENT REQUIREMENT
PARKER PRECIOUS METALS LLP (Bullion Industry)
REQUIRES
• Custom Admin........(Import and Export)
Experience: Minimum 2 - 3 years • Location: C.G. Road, Ahmedabad
Email: backofficepbpl@gmail.com • Contact: 77109 97957

AMCO BANK
The Ahmedabad Mercantile Co-operative Bank Ltd.
(Multi State Scheduled Bank)
H.O. "Amco House," Nr. Stadium Circle, Navrangpura, Ahmedabad-380 009
Ph: (079) 26426582/84/88 • www.amco.bank.in
VACANCY
Applications are invited for following Posts for our Branches.
CHARTERED ACCOUNTANTS - 04 POST
Qualification: Chartered Accountant (CA), Age: Below 30 years, Experience: Freshers / experience for Crdit/Advances/ Audit Department in Private / Public Sector / Co-Op. Banks / Financial Institute (incl. CA firm).
CLERKS – 12 POST (For Ahmedabad Branches)
Qualification : Graduate or Post Graduate (from any recognized University), Age : Up to 28 years, Experience : Fresher can also apply. Preference will be given to the Banking experience candidate.
Eligible candidates may send their application with post applied for within 7 days from the date of publication of advertisement at above mentioned address in sealed cover by Post / Courier to the Asst. General Manager, H.R. Department along with self certified copy of educational qualifications, details of practical work experience, experience certificate alongwith Present & Expected Salary.
Date: 31/10/2026 Chief Executive Officer

ધી મહેસાણા અર્બન કો-ઓપ. બેંક લિ., મહેસાણા
(મલ્ટી-સ્ટેટ શિડ્યુલ્ડ બેંક)

જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સીલેન્સ
PRINCIPAL
જોઈએ છે
M.Sc., M.Com., M.A. Any Post Graduate + B.Ed.
Salary : Best in Education Sector.
We may offer higher Salary to deserving Candidate.
જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઓફ એક્સીલેન્સ
Mo.: 9825458295 02667-222264
Email: info@kjit.org • www.kjit.org

દસ લાખ હાથીઓના સામ્રાજ્યનું પાટનગર : લુઆંગ પ્રબાંગ



દક્ષિણ-પૂર્વ એશિયાના દેશ લાઓસમાં આવેલું લુઆંગ પ્રબાંગ વિશ્વનાં એવા ઐતિહાસિક શહેરોમાંનું એક છે, જ્યાં ભૂતકાળ આજે પણ જીવંત જોવા મળે છે. મેકોંગ અને નામ ખાન નામની બે નદીઓ વચ્ચે આવેલા આ શહેરને તેની ઐતિહાસિક, ધાર્મિક અને સ્થાપત્યની વિશેષતાઓને કારણે ૧૯૯૫માં UNESCOની વર્લ્ડ હેરિટેજ લિસ્ટમાં સામેલ કરવામાં આવ્યું હતું. **દસ લાખ હાથીઓના સામ્રાજ્યનું પાટનગર :** લુઆંગ પ્રબાંગનો ઈતિહાસ ૧૪મી સદી સુધી પહોંચે છે. વર્ષ ૧૩૫૩માં રાજા ફા ન્ગુમે લેન ઝાંગ નામના શક્તિશાળી લાઓ સામ્રાજ્યની સ્થાપના કરી હતી. લેન ઝાંગનો અર્થ 'દસ લાખ હાથીઓનું સામ્રાજ્ય' થાય છે. લુઆંગ પ્રબાંગ આ સામ્રાજ્યનું પાટનગર હતું. ૧૬મી સદીમાં રાજા સેત્થાથિરાથે પાટનગર વિએન્ટિયનમાં ખસેડ્યું હતું. શહેરનું નામ પણ પવિત્ર 'ફ્રા બેંગ' બુદ્ધ પ્રતિમા પરથી પડ્યું છે. જે કંબોડિયાના ખ્મેર સામ્રાજ્ય તરફથી ભેટમાં મળી હતી. **લાઓ અને ફ્રેન્ચ સ્થાપત્યનો સંગમ :** આ શહેરને UNESCOની યાદીમાં સ્થાન મળવાનું મુખ્ય કારણ તેનું અનોખું સ્થાપત્ય છે. અહીં પરંપરાગત લાઓ શૈલીનાં લાકડાનાં મકાનો, સોનેરી છતવાળાં બૌદ્ધ મંદિરો અને ૧૯મી તથા ૨૦મી સદી દરમિયાન બનેલી ફ્રેન્ચ શાસનકાળની ઈમારતો એકસાથે જોવા મળે છે. આ ઉપરાંત, શહેરનો કુદરતી માહોલ, નદીઓ, પર્વતો અને જૂની વસાહતો પણ તેની ઐતિહાસિક ઓળખનો ભાગ છે. **ગુફાઓમાં હજારો બુદ્ધ પ્રતિમાઓ :** શહેરની આસપાસ આવેલાં પાક ઓઉ ગુફાઓ પણ પ્રવાસીઓ માટે ખાસ આકર્ષણ છે. મેકોંગ નદીના કિનારે આવેલી ચૂનાના પથ્થરની ગુફાઓમાં હજારો બુદ્ધ પ્રતિમાઓ જોવા મળે છે. બીજી તરફ, કુઆંગ સી ધોધ તેના કુદરતી વાદળી-લીલા પાણીના કુંડ માટે જાણીતો છે. જંગલોની વચ્ચે આવેલા આ ધોધમાં પાણી અનેક સ્તરેથી નીચે પડે છે, જે તેને અદભુત કુદરતી સૌંદર્ય આપે છે. **મંદિરો અને હસ્તકલાનો અનોખો વારસો :** શહેરનું ૧૬મી સદીમાં બનેલું વાટ શિએંગ થોંગ મંદિર તેની ઢળતી છત અને રંગીન કાચની મોઝેક કળા માટે જાણીતું છે. અહીં માઉન્ટ ફૌસી નામની ટેકરી પરથી આખા શહેર અને બંને નદીઓનો સુંદર નજારો જોવા મળે છે. સાંજ પડતાં શહેરનો મુખ્ય માર્ગ હસ્તકલાના બજારમાં ફેરવાઈ જાય છે. જ્યાં હેન્ડલૂમનાં કપડાં, ચાંદીનાં ઘરેણાં અને સ્થાનિક કારીગરો દ્વારા બનાવેલી વસ્તુઓ વેચાય છે. લુઆંગ પ્રબાંગની વિશેષતા માત્ર તેનાં જૂનાં મંદિરો કે ઈમારતોમાં નથી, પરંતુ અહીં આજે પણ જીવંત રહેલી પરંપરાઓમાં છે. આધુનિકતાની વચ્ચે પોતાની ઐતિહાસિક ઓળખ જાળવી રાખતું આ શહેર પ્રવાસીઓને જાણે ભૂતકાળની સફર કરાવતું હોય તેવો અનુભવ આપે છે.

લાઓસના સિટીને ૧૯૯૫માં UNESCOએ વર્લ્ડ હેરિટેજ લિસ્ટમાં સામેલ કર્યું હતું : ફ્રેન્ચ સ્થાપત્યની છાપ સિટીની ઓળખ છે

આધુનિકતા વચ્ચે પણ લુઆંગ પ્રબાંગમાં ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાઓ જીવંત છે : ગુફાઓમાં હજારો બુદ્ધ પ્રતિમાઓ સ્થાપિત કરાઈ છે

ટી સીરિઝના ભૂષણ કુમાર પ્રોડ્યૂસ કરશે

ઋષભ શેટ્ટીની છત્રપતિ શિવાજી મહારાજ પરની ફિલ્મ બે ભાગમાં બનશે

મુંબઈ, તા. ૩૦

ફિલ્મમેકર ભૂષણ કુમારે 'ધ પ્રાઈડ ઓફ ભારતઃ છત્રપતિ શિવાજી મહારાજ' નામનીફિલ્મ બે ભાગમાં બનાવવા માટે 'કાંતારા' ફેમ ઋષભ શેટ્ટી અને ફિલ્મનિર્દેશક સંદીપસિંહ સાથે હાથ મિલાવ્યા છે. આ જાહેરાત કરતી વખતે ભૂષણ કુમારે ઋષભ શેટ્ટીને તેમના કામની શરૂઆતના પ્રતીક તરીકે શિવાજી મહારાજનું સો વર્ષ જુનું પેઈન્ટિંગ ભેટ આપ્યું હતું.

બે ભાગમાં બનનારી આ ફિલ્મમાં ૧૭મી સદીના શાસક શિવાજી મહારાજના જીવનના મહત્વના યુદ્ધો અને તેમની સ્વરાજ્યની સંકલ્પનાને વણી લેવામાં આવશે. ફિલ્મનું નિર્દેશન સંદીપ સિંહ કરશે જ્યારે શિવાજી મહારાજની ભૂમિકા ઋષભ શેટ્ટી ભજવશે તેમ મનાય છે. આ ફિલ્મનું શૂટિંગ ૨૦૨૭ની શરૂઆતથી ચાલુ કરી દેવામાં આવશે. હાલ ફિલ્મનું પ્રિ-પ્રોડક્શનનું કામ ચાલુ છે.

સંદિપ સિંહના ડિરેક્ટશન હેઠળની ફિલ્મનું શૂટિંગ આવતાં વર્ષમાં શરૂ થશે

ફિલ્મ આવતાં વર્ષે રજૂ કરવાનો મોહિત સૂરીનો પ્લાન

સૈયારાની જોડી અનિત અને અહાનની નવી રોમેન્ટિક ફિલ્મનું શૂટિંગ શરુ

મુંબઈ, તા. ૩૦

૨૦૨૫ની હીટ રોમેન્ટિક ફિલ્મ 'સૈયારા'ની જોડી અહાન પાંડે અને અનીત પડ્ડાએ તેમની નવી રોમેન્ટિક ફિલ્મનું શૂટિંગ શરૂ કરી દીધું છે. આ ફિલ્મને ૨૦૨૭માં રજૂ કરવામાં આવશે.



વિખ્યાત સિનેમેટોગ્રાફર અનિલ મહેતાએ ફિલ્મના શૂટિંગને શરૂ કર્યું ત્યારે તેમની સાથે ફિલ્મના હીરો અને હિરોઈન સેટ પર હાજર જણાયા હતા. 'સૈયારા'ની સિનેમેટોગ્રાફી પણ અનિલ મહેતાએ જ કરી હતી. 'સૈયારા'ની જોરદાર બાદ મોહિત સૂરીની આ ફિલ્મ પાસે દર્શકો મોટી અપેક્ષાઓ રાખી રહ્યાં છે.

યશરાજ ફિલ્મ્સ માટે આ ફિલ્મનું નિર્દેશન મોહિત સૂરી કરી રહ્યા છે. ફિલ્મના અન્ય કળાકારો તથા ફિલ્મનું નામ હજી નક્કી થયાં નથી. 'સૈયારા' ૨૦૨૫માં સૌથી વધારે કમાણી કરનારી લવસ્ટોરી બની રહી હતી. અહાન પાંડે અને અનીત પડ્ડાની જોડીની આ બીજી ફિલ્મ છે.

ફિલ્મનું ટાઈટલ હજુ જાહેર નથી કરાયું, અન્ય કલાકારોની ઘોષણા પણ બાકી

ઈબ્રાહિમે પલકને છોડી દીધી હોવાની ચર્ચા

પલક તિવારી અને ઈબ્રાહિમ અલી ખાનનું ૩ વર્ષનાં ડેટિંગ બાદ બ્રેક અપ

મુંબઈ, તા. ૩૦

સૈફ અલી ખાન અને અમૃતાસિંહના પુત્ર ઈબ્રાહિમે ટીવી એક્ટ્રેસ શ્વેતા તિવારીની પુત્રી પલક તિવારી સાથે ત્રણ વર્ષ ડેટિંગ કર્યા બાદ બ્રેક અપ કરી નાંખ્યું હોવાનું જાણવા મળ્યું છે. જો કે, ઈબ્રાહિમ કે પલકે આ મામલે કશો ફોડ પાડ્યો નથી. પરંતુ, ચર્ચા એવી છે કે ઈબ્રાહિમે જ બ્રેક અપનો નિર્ણય કર્યો છે.

પચ્ચીસ વર્ષનો ઈબ્રાહિમ અલી ખાન અને ૨૬ વર્ષની પલક તિવારી ત્રણ વર્ષથી એકમેકને ડેટ કરતાં હતા. આ મહિનાની

શરૂઆતમાં જ તેઓ બંને રણથંભોરમાં ટાઈગર સફારીની મોજ માણવા સાથે ગયા હતા. અચાનક બ્રેક અપ થયું છે પણ બંનેમાંથી કોઈ આ મામલે ફોડ પાડીને વાત કરતાં નથી તેનું કારણ એવું છે કે ઈબ્રાહિમનો એક સેલેબ ટોક શો આવી રહ્યો છે. ઈબ્રાહિમના અપિયરન્સ પર બ્રેક અપના સમાચારની કોઈ પ્રતિકૂળ અસર ન પડે તે માટે હાલ બંને જણાં ચૂપ હોવાનું મનાય છે. એક ચર્ચા મુજબ પલક અને ઈબ્રાહિમ સાથે એક ફોટોશૂટ કરવાનાં હતાં તે હવે કેન્સલ કરી દેવામાં આવ્યું છે.

બંને સાથે ફોટોશૂટ કરવાનાં હતાં તે કેન્સલ થયું ગયા મહિને જ રણથંભોર સાથે ફરવા ગયાં હતાં

રંગીલાના ડિરેક્ટર વધુ એક કાનૂની વિવાદમાં

રામગોપાલ વર્માને ૩૦ કરોડનું દેવું ચૂકવી દેવા નોટિસ

મુંબઈ, તા. ૩૦

ફિલ્મમેકર રામ ગોપાલ વર્માને ૩૦ ઓક્ટોબર શુક્રવાર સુધીમાં ૨૯.૬૭ કરોડ રૂપિયાની લેણી રકમ ચૂકવી આપવા માટે નોટીસ જારી કરવામાં આવી છે. જો સમયસર આ રકમ ચૂકવવામાં નહીં આવે તો વર્મા સામે કાનુની પગલાં ભરવાની ધમકી એક નોટીસમાં અપાઈ છે. કંપનીએ ૧૫ ઓક્ટોબરે કાનુની નોટિસ વર્માને મોકલી આપી હતી.

ઈક્લાટન્ટ ફિલ્મ્સે ૧૦ એપ્રિલ ૨૦૧૦માં રામ ગોપાલ વર્મા સાથે કરાર કર્યો હતો. આ કરાર અનુસાર વર્માએ ૧૧.૩૮ કરોડ રૂપિયાની લેણી રકમ ચૂકવવાની હતી જે બાબતે બોમ્બે હાઈકોર્ટ દ્વારા પણ ૧૭ એપ્રિલ ૨૦૧૩માં આદેશ આપવામાં આવ્યો હતો. કંપનીએ વ્યાજ પેટે ૧૧.૩૮ કરોડ રૂપિયા ઉમેરી કુલ ૨૯.૬૭ કરોડ રૂપિયા ચૂકવી આપવા નોટીસ આપી હતી.

રામગોપાલ સાથે કોઈપણ પ્રોજેક્ટમાં આગળ વધવા ઈચ્છનારાઓને ચેતવણી

ડોલર પાવર : મીડટર્મ ચૂંટણી માટે કુલ ૨.૭૭ અબજ ડોલરનું માત્ર ૫૦ મોટા દાતાઓ દ્વારા દાન કરાયું

અમેરિકન ચૂંટણી અબજો ડોલરની 'મફત રેવડી'નો અખાડો

વિશ્વની સૌથી શક્તિશાળી લોકશાહી ગણાતા સંયુક્ત રાજ્ય અમેરિકાની ચૂંટણીઓ માત્ર જનાદેશ કે વૈચારિક યુદ્ધ પૂરતી સીમિત નથી રહીત વાસ્તવમાં તે વિશ્વનું સૌથી મોટું, જટિલ અને રહસ્યમય નાણાકીય અખાડો બની ચૂકી છે. વ્હાઈટ હાઉસની ગાદી કે કેપિટોલ હિલની સત્તા સુધી પહોંચવાનો માર્ગ બેલેટ પેપર પર મત અંકિત થાય તે પહેલાં અબજો ડોલરના વ્યવહારોમાંથી પસાર થાય છે. ૩ નવેમ્બરે જ્યારે અમેરિકામાં મીડટર્મ ચૂંટણી થવાની છે અને ટ્રમ્પની વિશ્વસનિયતા દાવ ઉપર લાગી છે ત્યારે સમજવા જેવું એ પણ છે કે, તેની પાછળ ધનકૂબેરોના અબજો ડોલર પણ દાવ ઉપર લાગ્યા છે.

અમેરિકન ચૂંટણી ભંડોળની પાયાની વ્યવસ્થાને સમજવા માટે ફેડરલ ઈલેક્શન કમિશનના કાયદાકીય માળખાને અને તેના ઐતિહાસિક પરિવર્તનોને ઓળખવા પડે. વર્ષો પહેલાં ચૂંટણીમાં ભ્રષ્ટાચાર અને કોર્પોરેટ પ્રભાવને રોકવા માટે નિયમો અત્યંત કડક રાખવામાં આવ્યા હતા. કોઈપણ સામાન્ય નાગરિક પોતાના પસંદગીના ઉમેદવારને સીધેસીધું દાન આપે તો તેના પર કાનૂની મર્યાદા લાદવામાં આવી હતી, જે મુજબ કોઈ એક વ્યક્તિ ચૂંટણી દીઠ વધુમાં વધુ $૩,૫૦૦ જેવી મર્યાદિત રકમ જ પ્રત્યક્ષ રીતે ઉમેદવારના સત્તાવાર ખાતામાં જમા કરાવી શકે. જોકે, ચૂંટણીનો પ્રચાર ટેલિવિઝન, રેડિયો, વિશાળ રેલીઓ અને ખાસ કરીને અત્યાધુનિક ડિજિટલ સ્પેસ સુધી વિસ્તરતાં ઉમેદવારો માટે આ મર્યાદિત રકમ ઊંટના મોંમાં જીરા સમાન બની ગઈ. સત્તાના આકાંક્ષીઓને અબજો ડોલરની જરૂર હતી અને આ જરૂરિયાતને સંતોષવા કાયદાકીય છટકબારીઓનો પાયો નંખાયો.

આ વ્યવસ્થામાં સૌથી મોટો ભૂકંપ વર્ષ ૨૦૧૦માં આવ્યો, જ્યારે યુએસ સુપ્રીમ કોર્ટે પોતાનો સીમાચિહ્નરૂપ સિટીઝન્સ યુનાઈટેડ વર્સિસ ચુકાદો સંભળાવ્યો. સર્વોચ્ચ અદાલતે બંધારણના પ્રથમ સુધારા હેઠળ વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્યની એવી વ્યાખ્યા કરી કે રાજકીય પ્રચાર પાછળ ખર્ચવામાં આવતા નાણાં પણ એક પ્રકારનું મુક્ત ભાષણ છે. આ ચુકાદાએ કોર્પોરેશનો, ધનિક ઉદ્યોગપતિઓ અને મજૂર યુનિયનો માટે ચૂંટણીઓમાં અમર્યાદિત નાણાં રેડવાના દરવાજા કાયમ માટે ખોલી નાખ્યા. આ કાનૂની ક્રાંતિમાંથી જન્મ થયો એક નવા રાક્ષસી તંત્રનો, જેને આપણે 'સુપર પીએસી' એટલે કે સુપર પોલિટિકલ એક્શન કમિટીઝ તરીકે ઓળખીએ છીએ.

સામાન્ય પોલિટિકલ એક્શન કમિટી અને સુપર પીએસી વચ્ચેનો તફાવત જમીન-આસમાન જેટલો છે. સામાન્ય પીએસીમાં દાન સ્વીકારવાની નિશ્ચિત મર્યાદાઓ હોય છે અને તે ઉમેદવાર સાથે સીધો સંપર્ક રાખી શકે છે. બીજી તરફ, સુપર પીએસી ઉમેદવાર કે તેના પક્ષના સત્તાવાર પ્રચાર સાથે 'સીધું સંકલન' નથી કરી શકતા તેવો કાગળ પર નિયમ છે, પરંતુ બદલામાં તેમને કોઈપણ વ્યક્તિ, કંપની કે ટ્રસ્ટ પાસેથી અમર્યાદિત રકમ એકત્ર કરવાની અને તેને મનફાવે તેમ ખર્ચવાની પૂર્ણ સ્વતંત્રતા મળે છે. સુપર પીએસી ઉમેદવારના પ્રચાર માટે કરોડો ડોલરની ટેલિવિઝન જાહેરાતો ખરીદે છે, વિરોધી ઉમેદવારના ચરિત્ર હનન માટે આક્રમક ઝુંબેશ ચલાવે છે, મતદારોના ડેટા એનાલિટિક્સ માટે અલ્ગોરિધમ્સ તૈયાર કરાવે છે અને ગ્રાઉન્ડ લેવલ પર સેંકડો કેનવાસર્સની સેના ઊભી કરે છે. વ્યવહારમાં ઉમેદવાર અને સુપર પીએસી વચ્ચે માત્ર એક પાતળી કાગળની દીવાલ હોય છે, જેની પાછળ અબજો ડોલરનું અંધાધૂંધ રોકાણ રમતું રહે છે. તાજેતરના ચૂંટણી ચક્રના સત્તાવાર આંકડાઓનું વિશ્લેષણ કરીએ તો આંખો પહોળી થઈ જાય તેવું ચિત્ર સામે આવે છે. આ ચૂંટણીમાં ટોચના ૫૦ અતિ-ધનવાન દાતાઓ અને પ્રભાવશાળી સંગઠનો દ્વારા જ આશરે ૨.૭૭ અબજ ડોલર જેટલી જંગી રકમ ચૂંટણીના મેદાનમાં ઠાલવવામાં આવી છે. આ પૈકી લગભગ ૬૦ ટકા હિસ્સો, એટલે કે આશરે ૧.૬૭ અબજ ડોલર જેટલું પ્રચંડ ભંડોળ રિપબ્લિકન પાર્ટી અને તેની વિચારધારા સાથે જોડાયેલા સંગઠનોના ખાતામાં ગયું છે. તેની સરખામણીએ ડેમોક્રેટિક પાર્ટી અને ઉદારવાદી જૂથોને લગભગ ૩૦ ટકા હિસ્સો મળ્યો છે, જે આશરે ૮૩.૨ કરોડ ડોલર થાય છે. બાકી બચેલો આશરે ૧૦ ટકા હિસ્સો, જે લગભગ ૨૬.૪ કરોડ ડોલર છે, તે એવા દાતાઓ અને જૂથો તરફથી આવ્યો છે જેઓ બંને પક્ષોને સમાંતર દાન આપે છે અથવા તો ચોક્કસ ઉદ્યોગોના હિતોના રક્ષણ માટે દ્વિપક્ષીય અભિગમ અપનાવે છે.

આ ચૂંટણી ચક્રમાં વ્યક્તિગત દાનવીરોની યાદીમાં વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ અને ટેક ઉદ્યોગપતિ એલોન મસ્ક નિર્વિવાદપણે સૌથી મોટા ખેલાડી તરીકે ઊભરી આવ્યા છે. મસ્કે અમેરિકન ચૂંટણીના ઈતિહાસમાં કોઈપણ એક વ્યક્તિ દ્વારા આપવામાં આવેલું અત્યાર સુધીનું સૌથી મોટું યોગદાન આપીને નવો વિક્રમ સ્થાપ્યો છે. તેમણે રિપબ્લિકન પક્ષ અને કન્ઝર્વેટિવ મૂવમેન્ટને આગળ ધપાવવા માટે એકલા હાથે ૪૪.૬ કરોડ ડોલરથી પણ વધુ રકમનું દાન કર્યું છે. મસ્કે પોતાની આગવી 'અમેરિકા પીએસી' સ્થાપી અને પેન્સિલવેનિયા, મિશિગન, વિસ્કોન્સિન જેવા મહત્વપૂર્ણ બેટલગ્રાઉન્ડ રાજ્યોમાં મતદારોને રિપબ્લિકન તરફ વાળવા માટે ટેકનોલોજી, નાણાં અને વ્યક્તિગત સોશિયલ મીડિયા પ્લેટફોર્મની આખી તાકાત જોતરી દીધી. મસ્કનું આ પગલું માત્ર સામાન્ય દાન નહોતું, પરંતુ અમેરિકાની ભાવિ ઉદ્યોગ નીતિઓ, નિયમનકારી તંત્ર અને અંતરિક્ષ સંશોધન ક્ષેત્રે પોતાના સામ્રાજ્યને અભયદાન અપાવવાની સુઆયોજિત વ્યુહરચના ગણાય છે.

મસ્ક ઉપરાંત રિપબ્લિકન છાવણીને આર્થિક ઓક્સિજન પૂરું પાડનારાઓમાં અનેક અબજોપતિઓ મોખરે રહ્યા છે. પેકિંગ મટિરિયલના વિશાળ ઉદ્યોગપતિ એલિઝાબેથ અને રિચાર્ડ ઉઈહલીને કન્ઝર્વેટિવ સુપર પીએસીમાં આશરે ૧૫ કરોડ ડોલર ઠાલવ્યા છે. ટ્રેડિંગ અને રોકાણ ક્ષેત્રના દિગ્ગજ જેફ અને જેનીન યાસે સ્કૂલ ચોઈસ અને નિયમનમુક્ત અર્થતંત્રના સમર્થનમાં ૧૧ કરોડ ડોલરથી વધુનું દાન કર્યું છે. વધુમાં, સિલિકોન વેલીના ટોચના વેન્ચર કેપિટલિસ્ટ માર્ક એન્ડ્રીસન અને બેન હોરોવિટ્ઝે પરંપરાગત ટેક-લિબરલ વિચારધારાથી અલગ થઈને રિપબ્લિકન પક્ષને લાખો ડાલ્લરનું ફંડ આપ્યું છે. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય અમેરિકામાં ક્રિપ્ટોકરન્સી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર લાદવામાં આવતા સરકારી નિયંત્રણોને અટકાવવાનો અને મુક્ત બજારને પ્રોત્સાહન આપવાનો છે.

ડેમોક્રેટિક પાર્ટી ભલે કુલ આંકડામાં રિપબ્લિકન કરતાં પાછળ રહી ગઈ હોય, પરંતુ તેના આર્થિક સ્તંભો પણ ઓછા પ્રભાવશાળી નથી. આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચાસ્પદ રહેલા અબજોપતિ ફિલાન્થ્રોપિસ્ટ અને ઓપન સોસાયટી ફાઉન્ડેશન્સના ચેરમેન જ્યોર્જ સોરોસ ડેમોક્રેટ્સના સૌથી મોટા આર્થિક ટેકેદાર સાબિત થયા છે. સોરોસે વ્યક્તિગત અને પોતાના પારિવારિક ટ્રસ્ટ મારફતે ૧૦.૨ કરોડ ડોલરથી વધુ રકમ ડેમોક્રેટિક સુપર પીએસીમાં આપી છે, જેનો ઉપયોગ નાગરિક અધિકારો, ન્યાયતંત્ર સુધારા અને ઉદારવાદી મૂલ્યોના પ્રચાર માટે થયો છે. આ ઉપરાંત ન્યૂયોર્કના પૂર્વ મેયર અને મીડિયા મુઘલ માઈકલ બ્લૂમબર્ગે લગભગ ૮.૪ કરોડ ડોલરનું દાન આપીને ડેમોક્રેટિક ઉમેદવારોને મજબૂત કર્યા છે. પ્રોફેશનલ નેટવર્કિંગ પ્લેટફોર્મ લિંકડઈનના સહ-સ્થાપક રીડ હોફમેન અને તેમના પત્ની મિશેલ યી દ્વારા આશરે ૪.૧ કરોડ ડોલરથી વધુની નાણાકીય સહાય પૂરી પાડવામાં આવી છે.

આ ચૂંટણીમાં આવેલા ૨.૭૭ અબજના દાનમાંથી આશરે ૧.૬૭ અબજ ડોલર જેટલું પ્રચંડ ભંડોળ રિપબ્લિકન પાર્ટી અને ટ્રમ્પને મળ્યું છે. તેની સરખામણીએ ડેમોક્રેટિક પાર્ટી અને ઉદારવાદી જૂથોને લગભગ ૩૦ ટકા હિસ્સો મળ્યો છે, જે આશરે ૮૩.૨ કરોડ ડોલર થાય છે. બાકી બચેલો આશરે ૧૦ ટકા હિસ્સો, જે લગભગ ૨૬.૪ કરોડ ડોલર છે, જે એવા દાતાઓ અને જૂથો તરફથી આવ્યો છે જેઓ બંને પક્ષોને સમાંતર દાન આપે છે : મસ્કે એકલા હાથે ૪૪.૬ કરોડ ડોલરથી પણ વધુ રકમનું દાન કર્યું છે. મસ્કે પોતાની આગવી 'અમેરિકા પીએસી' સ્થાપી અને પેન્સિલવેનિયા, મિશિગન, વિસ્કોન્સિન જેવા મહત્વપૂર્ણ બેટલગ્રાઉન્ડ રાજ્યોમાં મતદારોને રિપબ્લિકન તરફ વાળવા માટે ટેકનોલોજી, નાણાં અને વ્યક્તિગત સોશિયલ મીડિયા પ્લેટફોર્મની આખી તાકાત જોતરી દીધી. આ ઉપરાંત એલિઝાબેથ અને રિચાર્ડ ઉઈહલીને કન્ઝર્વેટિવ સુપર પીએસીમાં આશરે ૧૫ કરોડ ડોલર ઠાલવ્યા છે : જ્યોર્જ સોરોસે વ્યક્તિગત અને પોતાના પારિવારિક ટ્રસ્ટ મારફતે ૧૦.૨ કરોડ ડોલરથી વધુ રકમ ડેમોક્રેટિક સુપર પીએસીમાં આપી છે. આ ઉપરાંત ન્યૂયોર્કના પૂર્વ મેયર અને મીડિયા મુઘલ માઈકલ બ્લૂમબર્ગે લગભગ ૮.૪ કરોડ ડોલરનું દાન આપીને ડેમોક્રેટિક ઉમેદવારોને મજબૂત કર્યા છે

ન્યૂઝ ફોકસ

અમેરિકન ચૂંટણીમાં ડાર્ક મની સૌથી મોટું અને મજબૂત પાસું બની રહે છે

અમેરિકન ચૂંટણી ફંડિંગના આ આખા માળખામાં સૌથી ઘાતક અને ચિંતાજનક પાસું ડાર્ક મનીનું છે. ડાર્ક મની એટલે એવા નાણાં જેનો સ્ત્રોત જાહેર જનતા માટે સાવ અજાણ્યો અને ગુપ્ત રહે છે. અમેરિકન કરવેરા કાયદાની કલમ ૫૦૧(બ)(૪) હેઠળ નોંધાયેલી સંસ્થાઓ, જેમને સામાજિક કલ્યાણ સંગઠનો ગણવામાં આવે છે, તેમને કાયદાકીય રીતે પોતાના દાતાઓના નામ, સરનામાં કે ઓળખ જાહેર કરવાની કોઈ ફરજ હોતી નથી. આ છટકબારીનો દુરુપયોગ કરીને મોટા કોર્પોરેટ ગૃહો અને અબજોપતિઓ પહેલાં આ ગુપ્ત સંગઠનોમાં કરોડો ડોલર જમા કરાવે છે. ત્યારબાદ આ સંગઠનો તે નાણાં સુપર પીએસીને ટ્રાન્સફર કરે છે અથવા તો જાતે જ મતદારોને પ્રભાવિત કરતી જાહેરખબરો ચલાવે છે. જ્યારે ટીવી કે મોબાઈલ સ્ક્રીન પર કોઈ આક્રમક રાજકીય જાહેરાત આવે છે, ત્યારે સામાન્ય મતદાર માત્ર તે સંગઠનનું આકર્ષક નામ વાંચી શકે છે, પરંતુ તે જાહેરાત પાછળ અસલમાં કોનું કાળું નાણું કે સ્વાર્થ છુપાયેલો છે તે જાણી શકતો નથી. આ ડાર્ક મની નેટવર્કમાં બંને પક્ષો સમાન રીતે સંડોવાયેલા છે. રિપબ્લિકન તરફી મોરચે 'વન નેશન' નામના ગુપ્ત સંગઠને ૧૩.૩ કરોડ ડોલરથી વધુ અને 'અમેરિકન એક્શન નેટવર્ક' દ્વારા ૬.૪ કરોડ ડોલરથી વધુની રકમ ખર્ચવામાં આવી છે. આ સંસ્થાઓ રિપબ્લિકન સેનેટરો અને સાંસદોની જીત સુનિશ્ચિત કરવા માટે પડદા પાછળ કામ કરે છે. બીજી તરફ, ડેમોક્રેટિક તરફી છાવણીમાં 'મેજોરિટી ફોરવર્ડ' સંગઠને ૧૦.૨ કરોડ ડોલરથી વધુ અને 'હાઉસ મેજોરિટી ફોરવર્ડ' દ્વારા આશરે ૯.૪૦ કરોડ ડોલરનું ભંડોળ ચૂંટણી પ્રચારમાં વહાવવામાં આવ્યું છે. હાર્વર્ડ યુનિવર્સિટીના જાણીતા બંધારણીય નિષ્ણાત અને પ્રોફેસર લોરેન્સ લેસિગ આ પરિસ્થિતિનું કટાક્ષમય વર્ણન કરતા જણાવે છે કે આ નાણાં માત્ર મતદારો માટે 'ડાર્ક' એટલે કે અંધારામાં છે; જે રાજકારણીઓ આ નાણાંના સહારે સત્તા પર બેસે છે તેમને તો સ્પષ્ટ ખબર હોય છે કે અસલ ચેક કોણે સાઈન કર્યા હતો. પરિણામે, ચૂંટાયા પછી તે રાજકારણી સામાન્ય જનતા કરતાં પોતાના ગુપ્ત દાતાઓના હિતોનું રક્ષણ કરવા માટે વધુ બંધાયેલા રહે છે.

ક્રિપ્ટો કરન્સી એક્સચેન્જ પર ઈતિહાસનો સૌથી મોટો સાયબર હુમલો, માત્ર ૨૦ મિનિટમાં હેકિંગથી હોબાળો

દુનિયાની સૌથી મોટી ક્રિપ્ટો ચોરી

બાયનાન્સના ૬૩૦ કરોડ ડોલર સાફ

(પીટીઆઈ) લોસ એન્જેલસ, તા.૩૦

દુનિયાના સૌથી મોટા ક્રિપ્ટોકરન્સી પ્લેટફોર્મ બાયનાન્સ પર ઈતિહાસનો સૌથી મોટો સાયબર હુમલો થયો હતો. હેકર્સે ગુરુવારે મોડી રાતે માત્ર ૨૦ મિનિટમાં અંદાજે ૬૩૦ કરોડ ડોલરથી વધુ (અંદાજે રૂ. ૫૨,૦૦૦ કરોડ)ની ડિજિટલ એસેટ્સ સાફ કરી નાંખી. ક્રિપ્ટો એક્સચેન્જ બાયનાન્સે શુક્રવારે આ માહિતી જાહેર કરતાં વૈશ્વિક સ્તરે ભારે હોબાળો મચી ગયો હતો અને રોકાણકારોને નાણાં ગુમાવવાનો ડર સતાવી રહ્યો છે. જોકે, કંપનીએ દાવો કર્યો છે કે યુઝર્સના નાણાં સંપૂર્ણપણે સુરક્ષિત છે. પરંતુ એક્સચેન્જ પર ક્રિપ્ટો જમા કરાવવા અને ઉપાડવા પર અસ્થાયીરૂપે પ્રતિબંધ મૂકી દેવાયો છે. સાથે હેકિંગની આ ઘટના સંબંધિત ૩૦૦ કરોડ ડોલર ફ્રીઝ કરી દીધા છે.

ક્રિપ્ટો એક્સચેન્જે ભાગીદાર કંપનીઓની મદદથી ૩૦૦ કરોડ ડોલર ફ્રીઝ કર્યા : ડિપોઝીટ-વિથડ્રોલ પર અસ્થાયીરૂપે પ્રતિબંધ

દુનિયાના સૌથી મોટા ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જ બાયનાન્સે હજુ સુધી સ્પષ્ટરૂપે એ બાબતની પુષ્ટી નથી કરી કે ફંડની ચોરી થઈ છે કે નહીં. કંપનીને કેટલું નુકસાન થયું છે તે હજુ પણ સ્પષ્ટ નથી, સમાચારોથી માહિતગાર છે અને સક્રિયરૂપે તપાસ કરી રહી છે. યુઝર્સના ફંડ સંપૂર્ણપણે સુરક્ષિત છે. સુરક્ષા ટીમો બધી સંબંધિત માહિતીની સમીક્ષા કરી રહી છે.

ઉત્તર કોરિયાના હેકર્સે ૨૦ મિનિટમાં જ ૧૦ બ્લોકચેઈનમાં ક્રિપ્ટોકરન્સી ટ્રાન્સફર કર્યાનો દાવો

બાયનાન્સના એન્જિનિયરના હેક લેપટોપ મારફત કંપનીની આંતરિક સિસ્ટમમાં ઘૂસણખોરી કરાઈ

પરંતુ સંસ્થાપક ચાંગપેંગ ઝાઓએ કહ્યું કે, એવું લાગે છે કે આ એક હેકિંગની ઘટના છે. યુઝર્સને 'કૌભાંડથી સાવધ' રહેવાની ચેતવણી આપતા બાયનાન્સે કહ્યું, અમારી ટીમો સુરક્ષા સાથે સંકળાયેલી સંભવિત સમસ્યાના

એક્સચેન્જે ઉમેર્યું કે, બાયનાન્સ બધા જ નુકસાનની ભરપાઈ કરશે. તકેદારીના ભાગરૂપે અમારી ટીમ સુરક્ષા તપાસ કરી રહી છે ત્યાં સુધી ભાગીદાર કંપનીઓની મદદથી અંદાજે ૩૦૦ કરોડ

(અનુસંધાન ૧૨મે પાને)

ક્રિપ્ટો કરન્સીસમાં ગભરાટભરી વેચવાલી

બિટકોઈન તૂટીને ૭૭૦૦૦ ડોલરની અંદર છ સપ્તાહના તળીયે

મુંબઈ, તા. ૩૦

ક્રિપ્ટો એક્સચેન્જ બાયેનાન્સમાં ૬૩૦ કરોડ ડોલરના હેકિંગના અહેવાલને પગલે ક્રિપ્ટોકરન્સીઝ માર્કેટમાં શુક્રવારે જંગી વેચવાલી થઈ હતી. મુખ્ય ક્રિપ્ટો બિટકોઈન ૭૭૦૦૦ ડોલરની સપાટીની અંદર સરકી ગયો હતો. બિટકોઈનની પાછળ અન્ય ક્રિપ્ટોસમાં પણ ધોવાણ જોવા મળ્યું હતું.

સંસ્થાકીય રોકાણકારો દ્વારા પણ ગભરાટભરી વેચવાલી જોવા મળી હતી. બિટકોઈન નીચામાં ૭૬૪૫૦ ડોલર અને ઉપરમાં ૮૧૭૫૦ ડોલર થઈ મોડી સાંજે ૭૭૭૦૭ ડોલર કવોટ થતો હતો. બિટકોઈનની પાછળ અન્ય ક્રિપ્ટોસ એકસઆરપી, એથરમ,

(અનુસંધાન ૧૨મે પાને)

ઈથેરિયમ બે મહિનાના નીચા સ્તરે ૨,૧૭૮ ડોલર, બીએનબી ટોકન પણ પાંચ ટકા તૂટ્યો

ઈટાલીમાં મેલોની સરકાર વિરૂદ્ધ જનઆક્રોશ

ઈટાલીમાં જ્યોર્જિયા મેલોની સરકાર વિરૂદ્ધ પ્રદર્શનો ઉગ્ર બન્યા છે. વધતી મોંઘવારી અને શિક્ષણના કથળતા સ્તર વિરૂદ્ધ જનતા રસ્તા પર ઉતરી હતી. રોમ, મિલાન, નેપલ્સ, ટ્યુરિન, બોલોગ્ના અને જિનોઆ સહિતના શહેરોમાં રેલીઓ યોજાઈ હતી. વિદ્યાર્થીઓ, કામદારો, ખેડૂતો અને ટ્રેડ યુનિયનોએ મેલોની સરકાર વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. પ્રદર્શનકારીઓની માંગ હતી કે, મકાનના ભાડા, વીજળી સહિતની જીવનજરૂરી સેવાઓના ખર્ચમાં રાહત આપવામાં આવે. યુદ્ધ અને હથિયારો પાછળ નાણા ખર્ચવાને બદલે શિક્ષણ, આરોગ્ય અને સામાન્ય લોકોની જરૂરિયાતો પર વધુ ધ્યાન આપવું જોઈએ. ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક અઠવાડિયાથી ઈટાલીમાં વિદ્યાર્થીઓ મેલોની સરકાર વિરૂદ્ધ મેદાને ઉતર્યા છે. વિદ્યાર્થીઓના આંદોલનમાં અન્ય નાગરિકો પણ જોડાતા મેલોની સરકાર મુશ્કેલીમાં મૂકાઈ છે.

ચીનના શેરબજારના ઈતિહાસમાં પહેલી વખત બનેલી ઘટના

ચીનના બજારમાં ૨૦૦૫ પછીનો સૌથી મોટો કડાકો : રૂ. ૩૨૯ લાખ કરોડ ધોવાયા

બૈજિંગ,તા.૩૦

વૈશ્વિક બજારની સાથે-સાથે ચીનના શેરબજારમાં પણ ઘટાડો રોકાઈ રહ્યો નથી. ચીનના શેરબજારનો મુખ્ય ઈન્ડેક્સ સીએસઆઈ ૩૦૦ સળંગ ૧૨માં અઠવાડિયે ઘટાડા સાથે બંધ આવ્યો છે. ચીનના શેરબજારના ઈતિહાસમાં આવું પહેલી વખત થયું છે. ૩૦ ઓક્ટોબરના બંધ ભાવના આધારે આ ઈન્ડેક્સ ૨૦૦૫માં શરૂ થયા પછી સૌથી લાંબા સાપ્તાહિક ઘટાડાના તબક્કામાં છે. ચીનમાં મેની ટોચે બજાર પહોંચ્યા પછી ચાલતી વેચવાલીના લીધે ૩.૫ લાખ કરોડ ડોલર એટલે કે ૩૨૯ લાખ કરોડ રુપિયા સાફ થઈ ગયા છે.

ચીનના બજારનો મુખ્ય ઈન્ડેક્સ સીએસઆઈ ૩૦૦ સળંગ ૧૨મા અઠવાડિયે ઘટાડા સાથે બંધ આવતા બજાર મંદીમાં પ્રવેશ્યું

આંતરરાષ્ટ્રીય નિષ્ણાતોએ જણાવ્યું હતું કે સતત ઘટાડાનું કારણ ફક્ત નબળી કિંમતો જ નથી. રોકાણકારો ચીનની સ્થાનિક માંગ, કંપનીઓના નફા, પ્રોપર્ટી બજાર અને ટેક કંપનીઓ પર કરવામાં આવેલા ભારે ખર્ચને લઈને ચિંતિત છે. સરકારી મદદની આશા પણ બજારને સંભાળી શકવામાં નિષ્ફળ ગઈ છે.

સીએસઆઈ ૩૦૦ શાંઘાઈ અને શેનઝેન એક્સ્ચેન્જમાં લિસ્ટેડ ૩૦૦ મોટી કંપનીઓનો મુખ્ય બેન્ચમાર્ક ઈન્ડેક્સ છે. તે ૨૩ ઓક્ટોબર સુધી સળંગ ૧૧ અઠવાડિયા સુધી ઘટ્યો હતો. ૩૦ ઓક્ટોબરે ખતમ થયેલા સપ્તાહે પણ ઈન્ડેક્સ ઘટીને બંધ આવ્યો હતો. આમ તેમા બાર સપ્તાહથી ઘટાડો જારી છે. ઈન્ડેક્સ ટોચ પરથી ૨૦ ટકા ઘટી ચૂક્યો

(અનુસંધાન ૧૨મે પાને)

સતત બીજા દિવસે ઓઈલ ટેન્કર પર હુમલો

હોર્મુઝમાં ટેન્કર પર ડ્રોન બોટ એટેક : ૨૭ ભારતીયોનો બચાવ

દુબઈ, તા.૩૦

પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન યુદ્ધમાં તણાવ વધી રહ્યો છે ત્યારે દરિયાઈ યુદ્ધ નવા તબક્કામાં પ્રવેશી રહ્યું છે. ઈરાને શુક્રવારે પનામા ધ્વજવાળા ઓઈલ ટેન્કર એમટી લુઈસ-૧ પર પહેલી વખત ડ્રોન બોટથી હુમલો કરતા તેના એન્જિનરૂમમાં આગ લાગી ગઈ હતી. જોકે, આ હુમલા સમયે જહાજ પર સવાર ૨૭ ભારતીય નાવિકોનો આબાદ બચાવ થયો હતો.

જહાજના એન્જિન રૂમમાં લાગેલી આગ પર કાબૂ મેળવાયા પછી ટેન્કરે પ્રવાસ ચાલુ રાખ્યો

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકામાં મધ્યવર્તી ચૂંટણી પછી ફરી એક વખત ઈરાન પર હુમલો કરવાની તૈયારી કરી રહ્યા હોવાના અહેવાલ છે ત્યારે ઈરાને શુક્રવારે હોર્મુઝની ખાડીમાં સતત બીજા દિવસે ઓઈલ ટેન્કર પર હુમલો કર્યો હતો.

ભારતમાં કેન્દ્રીય જહાજ મંત્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું હતું કે, ગુરુવારે લાઈબેરિયાના ધ્વજવાળા એક વિશાળ ક્રૂડ કેરિયર એમટી અરઝાનાહ પર હુમલો થયો હતો. આ જહાજ પર બે ભારતીય નાવિકો સવાર હતા. બે દિવસમાં થયેલા બે હુમલામાં બે જહાજ પર કુલ ૨૯ ભારતીયો ક્રૂ તરીકે હાજર હતા. જોકે, તમામનો આબાદ બચાવ થયો છે.

જહાજ મંત્રી સોનોવાલે કહ્યું કે, સરકાર સ્થિતિ પર નજર રાખી રહી છે અને ભારતીય ક્રૂની સુરક્ષા માટે જહાજ મેનેજમેન્ટ કંપનીઓ સાથે સંકલન કરી

(અનુસંધાન ૧૨મે પાને)

દર્દીઓને કેવી સાઈડ ઈફેક્ટ થાય છે તેના પર વૈજ્ઞાનિકોની નજર

સ્ટેમ સેલથી ડોપામાઈનનું સર્જન થતાં પાર્કિન્સનની સારવારમાં ઉજળી આશા

ટોક્યો, તા. ૩૦

જાપાનની ક્યોટો યુનિવર્સિટીની હોસ્પિટલમાં એક મહત્ત્વપૂર્ણ પ્રયોગ સફળ થયો છે. જો આ ટ્રીટમેન્ટ ધાર્યા પ્રમાણે સફળ થશે તો સેંકડો પાર્કિસનના દર્દીઓને મોટી રાહત થશે. ડોપામાઈન બનાવતા સ્ટેમ સેલને ઈમ્પ્લાન્ટ કરીને દર્દીઓના દિમાગમાં નવેસરથી ડોપામાઈન બનાવવામાં સફળતા મળી છે. આ પ્રયોગના તારણો નેચર મેડિકલ જર્નલમાં પ્રસિદ્ધ થયા છે. આ પ્રયોગથી સંશોધકોને પાર્કિસન્સની સારવારની ઊંડી આશા બંધાઈ છે.

પાર્કિસન્સનો અત્યારે દુનિયામાં કોઈ સચોટ ઈલાજ નથી. પાર્કિસન્સના શરૂઆતી લક્ષણોને કાબૂ કરી શકાય

(અનુસંધાન ૧૨મે પાને)

જાપાનના વૈજ્ઞાનિકોએ લેબમાં બનેલા સ્ટેમ સેલને સાત દર્દીના મગજમાં ટ્રાન્સપ્લાન્ટ કરીને પ્રાયોગિક સફળતા મેળવી

બપોરે સવા વાગે ટેક ઓફ થયેલું હેલિકોપ્ટર ૨:૨૦ વાગે ક્રેશ

ચારધામ હેલિકોપ્ટર દુર્ઘટનામાં કર્ણાટકના છ જણનાં મોત નીપજ્યા

ચમોલી(ઉત્તરાખંડ) તા.૩૦

ઉત્તરાખંડના જોશીમઠમાં બદ્રીનાથથી દહેરાદૂન પરત ફરતુ હેલિકોપ્ટર જોશીમઠ નજીક વરસાદના કારણે તૂટી પડતા કર્ણાટકના છના મોત થયા છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. ટ્રાન્સ ભારત એવિયેશન પ્રાઈવેટ લિમિટેડના બેઠેલા છ જણની ઓળખ કેપ્ટન હિમાંશુ, પ્રતાપ, અરુણ, શંકર ગૌડા, સુધીર કે અને એચ`સ નટરાજ તરીકે થઈ છે. આ હેલિકોપ્ટર જોશીમઠમાં જેપી પાવર હાઉસ જોડે બપોરે ૨:૨૦ વાગે તૂટી પડ્યુ હતુ. ચંબોલીનું તંત્ર, પોલીસ એસડીઆરએફ, આર્મી અનએ આઈટીબીપીએ રાહત-બચાવની કામગીરી કરી હતી.

બદ્રીનાથથી દહેરાદૂન જવા નીકળેલું હેલિકોપ્ટર જોશીમઠ નજીક જ ભારે વરસાદ- ખરાબ હવામાનના લીધે તૂટી પડ્યું

સીએમ પુષ્કર ધામીએ જણાવ્યું હતું કે તેઓ સ્થિતિ પર ચાંપતી નજર રાખી હ્યા છેઅને તેમા ગંભીર ઈજા પામનારાઓને તાત્કાલિક એરલિફ્ટ કરીને ઉચ્ચસ્તરીય મેડિકલ ફેસિલિટી ખાતે મોકલવા સૂચના આપી હતી.

ઉત્તરાખંડ સિવિલ એવિયેશન ડેવલપમેન્ટ ઓથોરિટી (યુકાડા)એ જણાવ્યું હતું કે ટ્રાન્સ ભારત એવિયેશન પ્રાઈવેટ લિમિટેડનું હેલિકોપ્ટર વીટી-એચસીએક્સ બદ્રીનાથથી દહેરાદુનમાં સહસ્ત્રધારા જઈ રહ્યુ હતુ. તે બપોરે

૧:૧૫ વાગે ઉડ્યુ હતુ અને ૨:૨૦ વાગે ગુમ થયુ હતુ.

યુસીએડીએ તેના નિવેદનમાં જણાવ્યું હતું કે હેલિકોપ્ટરે જોશમીઠ ખીણમાં ઉડતી વખતે સંપર્ક ગુમાવ્યુ હતો, તે જ સમયે ટ્રેકિંગ સિસ્ટમ પરથી હેલિકોપ્ટર અદ્રશ્ય થઈ ગયુ હતુ. તેના લીધે તેનું લોકેશન નિશ્ચિત થઈ શક્યું ન

(અનુસંધાન ૧૨મે પાને)

બેધડક -મંજુલ

વિપક્ષ હારે ત્યારે ઉજવણી કરવાની આપણી ફરજ છે... ગમે તેમ તો પણ આપણે પત્રકારો છીએ !

દિલ્હીની વાત

ઈન્ટર સ્ટેટ કાઉન્સિલ શું છે?

નવીદિલ્હી, તા. ૩૦

કોંગ્રેસ સાંસદ શશી થરૂરએ કેન્દ્ર સરકારની ઈન્ટર સ્ટેટ કાઉન્સિલ ફરીથી સક્રિય કરવાની માંગણી કરી છે. એમનો આરોપ છે કે મોદી સરકાર સિમાંકન બીલ પસાર કરવા તિકડમબાજી કરી રહી છે, પરંતુ ભારતીય સંઘના માળખા પ્રમાણે આ માટે રાજ્યોને પણ વિશ્વાસમાં લેવાની જરૂર પડે. આ માટે ઈન્ટર સ્ટેટ કાઉન્સિલની વ્યવસ્થા પહેલેથી ઉપલબ્ધ છે. શશી થરૂરના કહેવા પ્રમાણે સિમાંકન માટે ઈન્ટર સ્ટેટ કાઉન્સિલને ફરીથી જીવીત કરવાની જરૂર છે. સિમાંકન જેવા પ્રશ્ને ફક્ત સંસદમાં નિર્ણય લઈ શકાય નહીં. રાજ્યો સાથે વિચાર વિમર્શ કરવો જરૂરી છે. ઈન્ટર સ્ટેટ કાઉન્સિલ વ્યવસ્થાની વાત આર્ટીકલ ૨૬૩માં કરવામાં આવી છે. એ પ્રમાણે સમાનહીત સાથે સંકળાયેલા મુદ્દાઓ માટે રાજ્યો

(અનુસંધાન ૧૨મે પાને)

તિબેટ-નેપાળ બાદ વધુ એક પાડોશી દેશમાં કુદરતનો કેર ભારત માટે જોખમી

ભૂતાનમાં ગ્લેશિયર તળાવ ફાટતા ફ્લેશ ફ્લડ, બંગાળમાં ૧૫૦૦૦ને ખસેડાયા

કોલકાતા, તા. ૩૦

તિબેટ-નેપાળ બાદ હવે ભૂતાનમાં પણ ગ્લેશિયર તળાવ ફાટવાને કારણે પૂર ઝડપે ભારતની તરફ પાણી વહી રહ્યું છે. જેને કારણે કેટલાક રાજ્યો એલર્ટ થઈ ગયા છે. ખાસ કરીને આસામ અને પશ્ચિમ બંગાળમાં પૂરનો ખતરો વધી ગયો છે. અનેક લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવી રહ્યા છે. જ્યારે ઓડિશામાં અર્નબ વાવાઝોડાને કારણે ત્રણ લોકોના મોત નિપજ્યા છે.

ભારતના પાડોશી દેશ ભૂતાનના લેમથાંગમાં ગ્લેશિયર તળાવ ફાટતા ફ્લેશ ફ્લડ આવ્યું હતું, જે પૂર ઝડપથી ભારત તરફ આગળ વધી રહ્યું છે. જેને પગલે ભૂતાનની નજીક આવેલા ભારતીય રાજ્યો પશ્ચિમ બંગાળ અને આસામ બન્નેને એલર્ટ રાખવામાં આવ્યા છે. ખાસ કરીને ભૂતાનની નદીઓ પસાર થાય છે તે વિસ્તારોમાં તંત્ર સતર્ક થઈ ગયું છે. પશ્ચિમ બંગાળના અલીપુરદ્વાર જિલ્લાના સંકોશ નદીના કાંઠેથી ગામડાઓમાંથી આશરે ૧૫ હજાર લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

ભૂતાનમાં ગુરુવારે રાત્રે આ ગ્લેશિયલ તળાવ ફાટ્યું હતું જેને કારણે ભારત તરફ વહેતી નદીઓએ

(અનુસંધાન ૧૨મે પાને)

બંગાળ-આસામની નદીઓમાં ફ્લેશ ફ્લડનું એલર્ટ, અનેક ગામડા ખાલી કરાવાયા, રેસ્ક્યૂ માટે ટીમો તૈનાત



37 લાખ ભારતીયોએ
TATA ની પ્રસ્તુતી
નાના અને તૂટેલા આભૂષણોનું એક્સચેંજ કરો
લગ્ન, તહેવાર અને વિશેષ પ્રસંગો માટે એક્સચેન્જ
કોઇ પણ છુપી કપાત નહીં
જીત તમારી. જીત ભારતની.
TANISHQ
WIN-WIN EXCHANGE
ફ્લેટ 0% કપાત* કોઇ પણ જ્વેલર પાસેથી ખરીદેલા (18 કેરટ અને વધુ) જૂનાં સોનાનાં એક્સચેન્જ પર
ગોલ્ડ રેટ પ્રોટેક્શન- અગાઉથી બુક કરાવો અને સોનાના વધતા ભાવ સામે સુરક્ષા મેળવો*
Talk to our jewellery expert to know more 1800 2966 677 Buy online at tanishq.co.in or Download our App *Conditions apply.

આ તહેવારોમાં સૌથી સ્વીટ ડીલ
croma
A TATA Enterprise
FESTIVAL OF DREAMS
11 નવેમ્બર સુધી
55" Sony 4K Bravia 3II TV
એમ આર પી ₹1,49,900*
સેલ પ્રાઇસ ₹89,990*
LG Frost Free Refrigerator 288L
એમ આર પી ₹50,990*
સેલ પ્રાઇસ ₹34,990*
Redmi Note 17 256GB
એમ આર પી ₹39,999*
સેલ પ્રાઇસ ₹25,999*
LG Washing Machine 8KG
એમ આર પી ₹30,990*
સેલ પ્રાઇસ ₹18,990*
Rush to Croma Store | croma.com | TATA NEU
₹31,000* સુધી કેશબેક
Now Open @ Ahmedabad | Anand | Sanand | Gandhinagar | 80+ Stores across Gujarat